સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 35 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ વદ -૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com
■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૩૦ ઑગસ્ટ ૨૦૨૬, (૧૮ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૪



TRAVEL EXPERTS INDIA
VIETNAM 7N/8D
EXPERIENCE HALONG BAY WITH CRUISE
BOOK TODAY & AVAIL A DISCOUNT OF 5,000
COST PER PERSON ₹ 1,39,999
30 NOV 2026
INCLUSIONS: ROUND-TRIP AIRFARE, TRAVEL VISA, 4-STAR HOTEL, DAILY MEALS, ALL TRANSFERS, ALL SIGHTSEEINGS
*T&C apply
9820889896 / 98207 29401


# એવરેસ્ટ, લાલજી ગોધૂના હિંગ પાવડર પર પ્રતિબંધ


the ultimate OLD GOLD UPGRADE
TODAY'S GOLD RATE ₹ 14,418/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


નવી દિલ્હીઃ ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયા (એફએસએસએઆઇ)એ એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ અને લાલજી ગોધૂને હિંગ પાઉડર વેચતા રોકતો શનિવારે આદેશ આપ્યો હતો. આ બન્નેનો હિંગ પાઉડર હલકી ગુણવત્તાવાળો હોવાથી પ્રતિબંધ મુકાયો હોવાનું કહેવાય છે.

એફએસએસએઆઇની વૅબસાઇટ પર સંબંધિત માહિતી અપાઇ હતી.

ફૂડ ઑથોરિટીએ એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડને વિવિધ પ્રકારના હિંગ પાઉડર વેચતા તાત્કાલિક રોકવાનો આદેશ આપ્યો હતો.

નિયામકે જણાવ્યું હતું કે હિંગ પાઉડરના નમૂનાની પ્રાઇમરી ફૂડ લેબોરેટરીના ફૂડ એનાલિસ્ટ દ્વારા કરાયેલી તપાસમાં તે 'ખોટી રીતે બ્રાન્ડિંગ' કરાયેલા અને હલકી ગુણવત્તાવાળા હોવાનું માલૂમ પડ્યું હતું.

ફૂડ પ્રોડક્ટ્સ ઍન્ડ ફૂડ એડિટિવ્સ રેગ્યુલેશન્સ, ૨૦૧૧ની જોગવાઇ મુજબ 'આલ્કોહોલ સોલ્યુબલ એક્સ્ટ્રેટ' પાંચ ટકાથી ઓછું નહિ રાખવાનું સ્ટાન્ડર્ડ છે, પરંતુ આ કિસ્સામાં તે 'શૂન્ય' ટકા હોવાનું જાણવા મળ્યું હતું.

તેણે જણાવ્યું હતું કે પીળા હિંગ પાઉડરમાં આલ્કોહોલિક એક્સ્ટ્રેટ ૩.૯ ટકા અને કાળા હિંગ પાઉડરમાં ૪.૪ ટકા હોવાનું માલૂમ પડ્યું હતું અને તેથી તેઓને હલકી ગુણવત્તાવાળું હોવાનું ગણવામાં આવી છે.

નિયામકે કંપનીને એક્શન પ્લાન સુપરત કરવા સૂચના આપી હતી. ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ (જુઓ પાનું ૨) ▸▸

## નેપાળના પૂરગ્રસ્ત વિસ્તારો પર ભયંકર વરસાદનો ખતરો

### પ્રલયનો મરણાંક વધીને ૬૬૯, અઢી હજારથી વધુ હજી ગુમઃ ભારતની ૧૧ સભ્યની ટીમ નેપાળમાંઃ મોદીની ખાસ સરાહના કરી નેપાળ સરકારે



**વહારે આવ્યું ડ્રૉનઃ** નેપાળમાં જળપ્રલય પછી અનેક વિસ્તારોમાં હજી પહોંચી નથી શકાયું પણ ત્યાં ડ્રૉન દ્વારા મદદ પહોંચાડાઈ રહી છે. આ તસવીર છે નુવાકોટ જિલ્લાના દેવીઘાટની જ્યાં ડ્રૉન દ્વારા રાહત સામગ્રી પહોંચાડવામાં આવી હતી. (એજન્સી)

કાઠમંડુઃ શનિવારે વધુ મૃતદેહો મળતા મધ્ય નેપાળમાં આવેલા પૂરપ્રલયનો મરણાંક વધીને ૬૬૯ થયો હતો. આ પ્રલયને પગલે હજી અઢી હજાર લોકો લાપતા છે. દરમિયાન નેપાળના હવામાન ખાતાએ શનિવારે પૂરગ્રસ્ત વિસ્તારમાં ગાજવીજ સાથે વધુ વરસાદની આગાહી કરતા બચાવ ઑપરેશન ખોરવાઈ જાય એવી સંભાવના છે.

શોધ અને બચાવ કાર્ય યુદ્ધના ધોરણે ચાલતુ હોવાથી આઠ અસરગ્રસ્ત જિલ્લામાંથી મૃતદેહો મળ્યા હતા. નેપાળ-તિબેટ સરહદ પર ગ્લેસિયર તૂટી જતાં હિમ-ખડકની ભેખડો ધસી પડી હતી. ભૂસ્ખલનને લીધે કાદવ અને કાટમાળે નીચે આવતા બુધવારે મધ્ય નેપાળમાં નગરો અને ગામોને ધમરોળી નાખ્યાં હતાં. આમાં મધ્ય નેપાળના મહત્ત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચ્યું હતું અને જળવિદ્યુતના સ્ટેશનો પૂરમાં વહી ગયાં હતાં.

નેપાળ પોલીસે કહ્યું હતું કે આઠ જિલ્લામાંથી અત્યાર સુધી ભોટેકોશી પૂરમાં ભોગ બનેલાના ૬૬૯ મૃતદેહ (જુઓ પાનું ૨) ▸▸

## સરકાર જ કૌભાંડમાં ફસાયેલી છેઃ મુરલી મનોહર જોશી

### 'ઉચ્ચ ડિગ્રીવાળાને પણ સારી નોકરી નથી મળતી'

નવી દિલ્હીઃ ભાજપના વરિષ્ઠ નેતા ડૉ. મુરલી મનોહર જોશીએ એક ઇન્ટરવ્યૂમાં આક્ષેપ કર્યો હતો કે હાલની સરકાર જ કૌભાંડમાં ફસાયેલી છે. બૅન્કોમાં અને વેપારમાં કૌભાંડ થાય છે, તો પછી શિક્ષણ ક્ષેત્રે પણ થવાના જ. ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી પણ વિદ્યાર્થીઓને સારી નોકરી નથી મળતી.

તેમણે સવાલ કર્યા હતા કે વાજપેયીજીના સમયમાં પરીક્ષાના પેપર શું કામ ફૂટતાં નહોતાં? સરકાર શાળા શરૂ કરે છે, પણ પૂરતા શિક્ષકો જ નહિ હોવાથી વિદ્યાર્થીઓ શું કરે? નવી કૉલેજો શરૂ કરાય છે, પણ તેમાંથી ભણીને બહાર આવતા યુવાનો માટે નોકરી ક્યાં છે?

ડૉ. મુરલી મનોહર જોશીએ જણાવ્યું હતું કે લાંચ આપીને નોકરી મેળવતા શિક્ષકોને વિદ્યાર્થીઓ જુએ છે અને તેના પરથી ગેરરીતિ કરતા શીખે છે. હાલના સંજોગમાં વિદ્યાર્થીઓને, ખાસ કરીને ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રની પરિસ્થિતિ માટે દોષ દઇ ન શકાય.

ભાજપના ભૂતપૂર્વ પ્રમુખે જણાવ્યું હતું કે શિક્ષણ માટેનું બજેટ ઘટી રહ્યું છે. સરકારી શાળાઓ બંધ (જુઓ પાનું ૨) ▸▸

## એનડીએ સરકારમાં ક્વૉટા મામલે તિરાડઃ પાસવાન અને માંઝી વચ્ચે ઘમસાણ

નવી દિલ્હીઃ એનડીએ સરકારમાં બે પ્રધાનો એકમેક સાથે શિંગડા ભેરવે એ વિરલ બાબત છે. શનિવારે કેન્દ્રના પ્રધાન ચિરાગ પાસવાને તેમના સાથીપ્રધાન જિતનરામ માંઝીનું રાજીનામું માગ્યું હતું. માંઝીના પક્ષ હિન્દુસ્તાન અવામ મોરચા (સેક્યુલર) (એચએએમ)એ અનામત નીતિની સમીક્ષા માગતા પાસવાને તેમનું રાજીનામું માગ્યું હતું. આને લીધે એનડીએની ફાટફૂટ જાહેરમાં દેખાઈ છે. દિલ્હીના જંતર મંતરમાં અનામતના ક્વૉટાવિરોધી પ્રદર્શનો થયા એનાથી અનામત પ્રથા પાછી કેન્દ્રસ્થાને આવી ગઈ છે ત્યારે આ બે પ્રધાનો વચ્ચે જાહેર યુદ્ધ ચાલુ થયું હતું.

માંઝીના મોરચાએ હાલની અનામત સિસ્ટમમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે સબ-ક્વૉટાની હિમાયત કરતા આ બે પ્રધાનો વચ્ચેની હુંસાતુંસી જાહેરમાં દેખાઈ હતી. માંઝીના પુત્ર અને બિહારના (જુઓ પાનું ૨) ▸▸

## ફૂડ પેકેટ પર વધુ ફૅટ, ખાંડ, નમકની વિગત લાલ રંગથી લખવાની દરખાસ્ત રજૂ

### ફૂડ ઑથોરિટીએ સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું નોંધાવ્યું

નવી દિલ્હીઃ ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયા (એફએસએસએઆઇ)એ સર્વોચ્ચ અદાલતમાં જણાવ્યું હતું કે પેકેટમાંના ફૂડમાં વધુ સેચ્યુરેટેડ ફૅટ તેમ જ ઉમેરાયેલી ખાંડ અને નમક હોય, તો તેની ચેતવણી આપતી વિગત ફ્રંટ-ઑફ-પેકના લેબલ પર લાલ રંગથી લખવાની દરખાસ્ત અમે (સરકાર સમક્ષ) રજૂ કરી છે.

તેણે સર્વોચ્ચ અદાલતમાં નોંધાવેલા સોગંદનામામાં જણાવ્યું હતું કે જે ફૂડ પ્રૉડક્ટ્સમાં મોટી માત્રામાં સેચ્યુરેટેડ ફૅટ, ખાંડ અને નમક હોય, તેઓ માટે પૅકેટ પર લાલ રંગથી ચેતવણી સાદી ભાષામાં મોટા અક્ષરથી દેખાય એવી જગ્યાએ લખવાનું ફરજિયાત બનાવવાની (જુઓ પાનું ૨) ▸▸

## ભારતને ગલવાનમાં 'પાઠ ભણાવવા' નીકળેલા ચીનના જનરલને પાણીચું

### ભારત સામે બે વખત લડનારા ચીનના લશ્કરી દળના વડાને ત્રણ હોદ્દા પરથી બરતરફ કરાયા

બેઇજિંગઃ ભારતીય લશ્કરને 'પાઠ ભણાવવાના હેતુસર' ૨૦૧૭માં ડોક્લામ અને ૨૦૨૦માં ગલવાન ખાતે તેની સામે લડનારી ચીનના લશ્કરની ટુકડીના વડા ઝાઓ ઝોન્ગક્વીને તેમના ટોચના રાજકીય હોદ્દા સહિત ત્રણ હોદ્દા પરથી બરતરફ કરાયા હતા.

ચીનના પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)ના વેસ્ટર્ન થિયેટર કમાંડના વડા જનરલ ઝાઓ ઝોન્ગક્વીને ચીનની ટોચની રાજકીય સલાહકાર સમિતિમાંથી હટાવાયા હતા.

વડા જનરલ ઝાઓ ઝોન્ગક્વીને ભારતને 'પાઠ ભણાવવા' ૨૦૧૭માં ડોક્લામ અને ૨૦૨૦માં ગલવાન ખીણ પ્રદેશ ખાતે ચીનના લશ્કરને ભારતના સૈનિકોની સાથે લડવાનો આદેશ આપ્યો હતો.

ચીનના પીપલ્સ લિબરેશન આર્મીનું પશ્ચિમનું કમાંડ ભારત સાથેની સરહદ પરના તિબેટ અને શીન્જિયાંગ તેમ જ સીમાના અન્ય વિસ્તારની સુરક્ષા સંભાળે છે.

ભૂતપૂર્વ જનરલ ઝાઓ ઝોન્ગક્વીને ચાઇનીસ પીપલ્સ પોલિટિકલ કન્સલ્ટેટિવ કૉન્ફરન્સના સભ્યપદેથી અને અન્ય બે હોદ્દા પરથી દૂર કરાયા હતા. બેઇજિંગે જનરલ ઝાઓ ઝોન્ગક્વીને હોદ્દા પરથી શું કામ દૂર કરાયા, તે અંગે કોઇ ખુલાસો નહોતો કર્યો અને તેમની સામે કોઇ તપાસ યોજવાની પણ જાહેરાત નહોતી કરી.

ચીનના પ્રમુખ શી જિન્પિંગે અત્યાર સુધીમાં ચીનના પીપલ્સ લિબરેશન આર્મીના ૧૦૧ વરિષ્ઠ અધિકારીને હોદ્દા પરથી દૂર કર્યા હતા.

ચીને જનરલ ઝાઓ ઝોન્ગક્વી ઉપરાંત જનરલ ઝાંગ યોઉક્સિયા અને જનરલ લિઉ ઝેન્લીને પણ સ્ટેટ સેન્ટ્રલ મિલિટરી કમિશનમાંથી હટાવ્યા હતા.

શી જિન્પિંગે ૨૦૧૨થી શરૂ કરેલી ભ્રષ્ટાચાર-વિરોધી ઝુંબેશમાં અનેક ઉચ્ચ અધિકારીને પાણીચું અપાયું હતું (જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પની મહાકાય ડીલઃ વેનેઝુએલાના ૬૫ અબજ બેરલ ઑઇલ પર હવેથી અમેરિકાનું નિયંત્રણ

વૉશિંગ્ટનઃ અમેરિકાએ દક્ષિણ અમેરિકાના દેશ વેનેઝુએલાના ૬૫ અબજ બેરલના તેલના ભંડાર પર નિયંત્રણ મેળવવા એ દેશ સાથે કરાર કર્યો છે, એવો દાવો પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શુક્રવારે કર્યો હતો

ટ્રમ્પે સોશ્યલ મીડિયાની પોસ્ટમાં આ કરારની જાહેરાત કરી હતી. તેમણે લખ્યું હતું કે આ કરારની ચર્ચા દેશના વિદેશપ્રધાન માર્કો રુબિયો, સંરક્ષણમંત્રી પેટ હેગસેથ અને વેનેઝુએલાનાં હંગામી પ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝ વચ્ચે થઈ હતી. અમેરિકાએ વેનેઝુએલા સાથે કરાર કર્યો છે. આ વિશ્વના ઇતિહાસમાં સૌથી મોટી તેલની ડિલ છે. વેનેઝુએલાની પ્રેસ ઑફિસે તત્કાળ ટિપ્પણીની વિનંતીનો જવાબ આપ્યો નહોતો.

અમેરિકાના લશ્કરે ટ્રમ્પના હુકમથી વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં વિદેશીઓને નવી મુસીબતઃ નોકરી છૂટી તો ૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ નહીં

વૉશિંગ્ટનઃ અમેરિકામાં છેલ્લા નવ વર્ષથી નોકરી ગુમાવનાર વિદેશી નોકરિયાતોને નવો માલિક શોધવા કે તેમના વસાહતીનો દરજ્જો બદલવા ૬૦ દિવસનો સમય મળતો હતો. હવે એ સંરક્ષણ બારી પણ રદ થવાની હિલચાલ થઈ રહી છે.

એક અહેવાલ પ્રમાણે ડિપાર્ટમેન્ટ ઑફ હોમલૅન્ડ સિક્યોરિટી (ડીએચએસ) આ ૬૦ દિવસના ગ્રેસ પિરિયડ બંધ કરવાની દરખાસ્તને વાઈટ હાઉસના ચાવીરૂપ સમીક્ષામાં બહાલી મળી ગઈ છે. હવે આ દરખાસ્ત જાહેર થાય એવી સંભાવના છે.

જો આ દરખાસ્તનો અમલ થશે તો એની સૌથી મોટી માઠી અસર ભારતના હજારો પ્રોફેશનલ સહિતના એચ-વનબી વિઝાધારકો પર પડશે. ભારતના વ્યવસાયિકો એચ-વનબી વિઝાના મોટા લાભાર્થી છે. જોકે આ નિયમનો હજી અમલ થયો નથી અને એની અંતિમ વિગતો હજી જાહેર કરાઈ નથી.

૨૦૧૭માં આ ગ્રેસ પિરિયડ આપવાનું શરૂ થયું હતું. આનાથી વિદેશી નોકરિયાતો અને તેમના આશ્રિતોને તેમની વિઝાની સત્તાવાર મુદત પૂરી ન થઈ હોય તો તેમને નોકરી છુટી જાય તો વધુ ૬૦ દિવસ રહેવાની છૂટ મળતી હતી. આ સમયગાળામાં નોકરિયાતો નવો રોજગાર શોધતા હતા અથવા નવા માલિકને શોધતા હતા જે તેને સ્પોન્સર કરે અથવા તો વસાહતીનો દરજ્જો બદલવાની અરજી કરી શકતા હતા.

આ છૂટ એચ-વનબી, એલ-વન, ઓ-વન, ઈ-વન, ઈ-ટુ, ઈ-થ્રી, એચ-વનબી વન અને ટીએન વિઝાધારકો જેવી અનેક (જુઓ પાનું ૨) ▸▸

## સજજન કુમારને શ્રદ્ધાંજલિ આપનાર ત્રણ ભાજપી સાંસદને ખખડાવ્યા નીતિન નબીને

નવી દિલ્હીઃ ભાજપ અધ્યક્ષ નીતિન નબીને શનિવારે દિલ્હીના ત્રણ પાર્ટી સાંસદો કમલજીત સેહરાવત, રામવીર સિંહ બિધુડી અને યોગેન્દ્ર ચંદોલિયાને બોલાવ્યા હતા અને ભૂતપૂર્વ કોંગ્રેસ સાંસદ સજ્જન કુમારના નિધન બાદ તેના ઘરે જઇને શોક વ્યક્ત કરવા અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

અત્રે નોંધનીય છે કે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના કેસમાં બે આજીવન કેદની સજા ભોગવી રહેલા કુમારનું ૨૦ ઓગસ્ટના રોજ સફદરગંજ હોસ્પિટલમાં નિધન થયું હતું. ભાજપના સાંસદ સેહરાવત, બિધુડી અને ચંદોલિયા તાજેતરમાં શોક વ્યક્ત કરવા માટે કુમારને ઘરે ગયા હતા. પાર્ટીના એક સૂત્રએ જણાવ્યું કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીને આજે આ ત્રણ સાંસદોને બોલાવ્યા હતા અને સજ્જન કુમારના ઘરે જવા અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

ભાજપના નેતા અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ એચએસ ફૂલકાએ આ મુદ્દે કડક વલણ અપનાવવા (જુઓ પાનું ૨) ▸▸

## કૅનેડામાં વર્ક પરમિટના અરજદારોને હવેથી ૯૦ દિવસનો સમય મળશે

ઓન્ટેરિયોઃ કૅનેડામાં અભ્યાસ પૂર્ણ કરીને કામચલાઉ વર્ક પરમિટ પર નોકરી કરી રહેલા યુવાનો માટે એક મોટા અને રાહતના સમાચાર છે. કૅનેડાના ઇમિગ્રેશન વિભાગે સમવર્તી પ્રક્રિયા(કંકરન્ટ પ્રોસેસ) હેઠળ ઇન-કેનેડા વર્ક પરમિટ એક્સટેન્શનનો સમયગાળો ૬૦ દિવસથી વધારીને ૯૦ દિવસ કરી દીધો છે.

કૅનેડામાં વિદેશી કર્મચારીઓ પાસે હવે ટેમ્પરરી ફોરેન વર્કર પ્રોગ્રામ(ટીએફડબ્લ્યુપી) હેઠળ વર્ક પરમિટ માટે અરજી કર્યા પછી સકારાત્મક અથવા તટસ્થ લેબર માર્કેટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ (એલએમઆઇએ)ના પુરાવા આપવા માટે ૬૦ના બદલે ૯૦ દિવસનો સમય રહેશે.

નવા નિયમો અનુસાર જે યુવાનોની વર્ક પરમિટ સમાપ્ત થવા જઇ રહી છે અને તેમના એમ્પ્લોયર દ્વારા તેમના માટે લેબર માર્કેટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ(એલએમઆઇએ) અરજી પહેલાથી જ સબમિટ કરવામાં આવી છે, તેમને હવે વર્ક પરમિટ વિસ્તારની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ૩૦ દિવસનો વધારાનો સમય એટલે કે કુલ ૯૦ દિવસનો સમય મળશે. નિષ્ણાંતોનો મત છે કે આ ૯૦ દિવસના (જુઓ પાનું ૨) ▸▸

## આ જગત આખું શામળિયાનું રૂપઃ ભાગવત

### ન્યૂ યૉર્કની મુલાકાતે ગયેલા સંઘના વડાની તસવીર ટાઇમ્સ સ્ક્વૅર પર ચમકી

ન્યૂ યોર્કઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે ગઈ કાલે ન્યૂ યોર્ક સ્થિત એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, દુનિયા કોઈ બજાર નથી પરંતુ કૃષ્ણનું કે શામળિયાનું રૂપ છે. આ સમગ્ર વિશ્વ કૃષ્ણમય છે અને આપણે કૃષ્ણની ચેતનાને જાગૃત કરવાની જરૂર છે.

મોહન ભાગવતે કહ્યું, દુનિયામાં વિવિધતા, સંઘર્ષ અને અલગ-અલગ પરિસ્થિતિઓ હોવા છતાં મૂળભૂત રીતે બધું જ કૃષ્ણ છે.

ભગવદ્ ગીતાના ઉપદેશોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે જીવનથી ભાગવું ન જોઈએ, પરંતુ પોતાના કર્તવ્ય પર અડગ રહીને તેને પૂરું કરવું જોઈએ અને દરેક બાબતમાં દિવ્યતાને ઓળખવી જોઈએ.

સંઘ પ્રમુખે જણાવ્યું કે આપણે બધા સામૂહિક રીતે ઈશ્વરની સેવામાં જોડાયેલા છીએ તે ભાવ સાથે તેઓ ઉપસ્થિત લોકોને અભિનંદન આપે છે. તેમણે કહ્યું કે ભક્તિ સેન્ટર આવતા લોકોને આ પવિત્ર સ્થળે વારંવાર આવવાનો મોકો મળે છે, જેના કારણે કૃષ્ણ ચેતના સાથે તેમનો સતત જોડાણ જળવાઈ રહે છે. ■



**વેલકમ...:** ન્યૂ યૉર્કની મુલાકાતે ગયેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતને આવકારતી મોટી સ્લાઈડ ટાઇમ્સ સ્ક્વેરની જાયન્ટ એલઇડી સ્ક્રીન પર શનિવારે મુકાઈ હતી.

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૩૦-૮-૨૦૨૬ થી તા. ૫-૯-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સિંહ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મિથુન રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. માર્ગી બુધ સિંહ રાશિમાં અતિચારી ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર કન્યા રાશિમાંથી તા. ૨જીએ તુલામાં આવે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મીન રાશિમાં રહે છે. તા. ૧લીએ મેષ રાશિમાં, તા. ૩જીએ વૃષભમાં, તા. પાંચમીએ મિથુન રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના સાપ્તાહિક દૈનિક વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે તા. ૩, ૫ શુભ જણાય છે. પ્રવાસ માટે આ સપ્તાહ શુભ જણાય છે. મિલકતના નિર્ણયો તા. ૧લી, પાંચમીએ લઈ શકશો. નવા કારોબારનો પ્રારંભ આ સપ્તાહમાં શક્ય છે. મહિલાઓને તા. પાંચમીએ પરિવારના કામકાજ પૂર્ણ કરવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને શાળા–કોલેજના અભ્યાસમાં સફળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના સાપ્તાહિક દૈનિક વેપારમાં અનુકૂળતા જણાશે. નોકરી માટે તા. ૩૦, ૩૧, ૪ શુભ જણાય છે. વાહન, સ્થાવર મિલકતની ખરીદી માટે સાવધાની દાખવવી જરૂરી છે. પ્રવાસ આ સપ્તાહમાં સફળ બની રહેશે. ભાઈ–બહેનો સાથેના મહિલાઓના વ્યવહાર સુમેળભર્યા જણાશે. જૂના મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નિત્ય અભ્યાસમાં નિયમિતતાનો અનુભવ થશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારનું કામકાજ સફળ જણાશે. તા. ૩૦, ૩૧, ૧ નોકરીના કામકાજ માટે શુભ જણાય છે. નોકરીના નિર્ણયો લેવા માટે સફળ રહેશો. સપ્તાહના પ્રવાસ એકંદરે અનુકૂળ બની રહેશે તથા કુટુંબીજનો સાથેના નાણાં વ્યવહાર પણ શુભ પુરવાર થશે. આર્થિક મૂંઝવણોનો ઉકેલ આવે. મહિલાઓને નવા કામકાજના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓનો આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસ સફળ થતો જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં ૅરબજારના કામકાજમાં બેધ્યાનપણું આવે તેમ છે. નોકરી માટે તા. ૧, ૨, ૫ શુભ ફળદાયી જણાય છે. કુટુંબના સભ્યો સાથેના નાણાં વ્યવહાર આ સપ્તાહમાં પૂર્ણ થાય તથા કુટુંબના કારોબારમાં પણ પ્રગતિ જળવાઈ રહેશે. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. જીવનસાથીનો સહયોગ મહિલાઓને કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. લાંબા અંતરના પ્રવાસ પણ સફળ પુરવાર થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અધ્યયન માટે સફળ નિર્ણયો લઈ શકશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં ઉત્સાહ અને નાણાં લાભ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૨, ૩, ૫ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો ઉપયોગી થશે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પણ સંપન્ન થતાં જણાશે. નાણાંનાં આયોજનો સફળ બની રહેશે. મહિલાઓને કુટુંબીજનોનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ અભ્યાસ માટે જરૂરી સાધન સવલતો પ્રાપ્ત કરશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં સફળતા જણાશે. નોકરી માટે તા. ૩૦, ૩૧, ૫, શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો સાથેના સંબંધો જળવાઈ રહેશે. પ્રવાસમાં સફળતા અનુભવશો. નાણાં વ્યવહાર જળવાઈ રહેશે. નાણાંની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબના સભ્યો સાથેના પ્રાસંગિક વ્યવહારિક કામકાજમાં અનુકૂળતા જણાશે. કિંમતી ચીજોની ખરીદી પણ શક્ય જણાય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયન માટે અપેક્ષિત માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૩૦, ૩૧, ૩, શુભ ફળદાયી જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. કોર્ટ–કાનૂની સવાલોનો ઉકેલ આવશે. કુટુંબના સભ્યો સાથેના નાણાં વ્યવહાર પણ આ સપ્તાહમાં સંપન્ન થશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણમાં સફળતા મેળવશો. નોકરી માટે તા. ૩૧, ૨, ૩, શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાઈ રહેશે. કારોબારમાં નાણાં વ્યવહારમાં સતર્કતા દાખવવી જરૂરી જણાય છે તથા જૂનાં નાણાં વ્યવહાર પણ સંપન્ન થશે. મહિલાઓને પરિવાર માટે કિંમતી ચીજોની ખરીદી માટે સફળતા જણાશે. મહિલાઓનું સ્વાસ્થ્ય જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયન માટે નવી તકો પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બનતા જણાશે. તા. ૩૦, ૧, ૨માં ધાર્યા મુજબની નોકરીમાં સફળતા મેળવશો. નોકરીના મિત્રોમાં એકવાક્યતા અને સંપ જળવાઈ રહેશે. કાર્યક્ષેત્રે પરિશ્રમ છતાંય હસ્તગત કાર્યો પૂર્ણ કરવા માટે સફળતા મેળવશો. કારોબારની પ્રવૃત્તિઓમાં આત્મવિશ્વાસ અને કાર્યદક્ષતા ઉપયોગી પુરવાર થશે. મહિલાઓ પરિવારજનોમાં યશસ્વીપણું અનુભવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની તક પ્રાપ્ત થાય.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં સાવધાની દાખવવી જરૂરી છે. વાયદાના વેપારમાં સતર્કતા દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૩૦, ૩૧, ૪, ૫ શુભ જણાય છે. સપ્તાહમાં અણધાર્યા નાણાં લાભ શક્ય જણાય છે. પરંતુ નાણાં ખર્ચનાં સાધનો પણ અધિક જણાય છે. કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળ ગોચરફળ જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીના ક્ષેત્રે સફળ તકો પ્રાપ્ત થતી જણાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવીન અભ્યાસની તકો પ્રાપ્તા કરશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારના કામકાજનો પ્રારંભ કરી શકશો. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ સંપન્ન થશે. તા. ૧, ૨, ૩ ધાર્યા મુજબની અનુકૂળતાઓ નોકરીના ક્ષેત્રે દર્શાવે છે. નવા કારોબારનો પ્રારંભ થાય. રાજકીય પ્રવૃત્તિઓ સફળ પુરવાર થશે. સપ્તાહમાં નાણાં વ્યવહાર સચવાઈ રહેશે. નાણાં આવકની વૃદ્ધિ પણ થશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા સંબંધો નિર્માણ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનમાં એકાગ્રતા જાળવવામાં સફળતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારનું કામકાજ પ્રારંભી શકશો તથા નવા રોકાણ પણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૩૧, ૧, ૩ શુભ જણાય છે. નોકરીમાં યશસ્વીપણું અનુભવશો. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. કુટુંબીજનો સાથેના આર્થિક વ્યવહાર પણ પૂર્ણ થશે. મહિલાઓને સહપરિવાર પ્રવાસ સફળ થતો જણાશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં યશસ્વીપણું અનુભવશો. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર શરદઋતુ, રવિવાર, તા. ૩૦-૮-૨૦૨૬

ભારતીય દિનાંક ૮, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ વદ –૨

જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ વદ – ૨

પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬

પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬

પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫

મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮

મીસરી રોજ ૧૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮

નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૭–૪૪ સુધી (તા. ૩૧) પછી, રેવતી

ચંદ્ર મીનમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા. ટા.

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતી : બપોરે ક. ૧૩–૦૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૩૨ (તા. ૩૧)

ઓટઃ સવારે ક. ૦૬–૫૦, રાત્રે ક. ૧૯–૧૭

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – દ્વિતિયા. આદિત્ય પૂજન, પંચક, ભદ્રા પ્રારંભ ૨૧–૧૬, સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુનીમાં ૨૮–૦૦, વાહન ગદર્ભ (સંયોગિયું છે.)

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

શ્રાવણ મહિમાઃ આજ રોજ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, કરવું. ગાયત્રી જાપ, પૂજા, હવનનો મહિમા છે તથા આજરોજ ગૌ પૂજન કરવું, શિવપૂજા ઉપરાંત સૃષ્ટિમાં રહેલ પંચતત્ત્વનું પૂજન પણ કરવું. શિવજી સર્વ સૃષ્ટિમાં, સર્વ તત્ત્વોમાં અણુ–અણુમાં રહેલા છે. શિવતત્ત્વ એ જ પંચતત્ત્વ છે. શિવની પૂજા એ પંચતત્ત્વની પૂજા સમાન જ છે. શિવજીની પૂજા કરવાથી ભક્તિમય સ્વભાવ, શિવમય સ્વભાવ બનવાથી જીવનમાં સરળતા સાદગીના ગુણો પ્રાપ્ત થાય છે.

મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા,સૂર્ય–શનિ દેવતાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, અહિર્બુધન્ય દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ–અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા–કળશ પતાકા ચઢાવવી, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, દસ્તાવેજ, દુકાન–વેપાર, નોકરી, પ્રયાણ મધ્યમ, નવા વસ્ત્ર, આભૂષણ, બાળકને નામકરણ દેવદર્શન, અન્નપ્રાશન, આભૂષણ નિર્માણ, સીમંત સંસ્કાર, ધાન્ય ભરવું, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, નિત્ય થતાં ઘર–ખેતર જમીન, મકાન પશુ લેવડદેવડના કામકાજ.

આચમનઃ ચંદ્ર–નેપ્ચૂન યુતિ સંગીતપ્રિય

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–નેપ્ચૂન યુતિ

ગ્રહગોચરઃ સૂર્ય–સિંહ મંગળ–મિથુન, માર્ગી બુધ–સિંહ, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૩૦-૮-૨૦૨૬ થી તા. ૫-૯-૨૦૨૬

રવિવાર, શ્રાવણ વદ–૨, વિ. સં. ૨૦૮૨, તા. ૩૦મી ઓગસ્ટ, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૭–૪૪ સુધી (તા. ૩૧) પછી, રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. આદિત્ય પૂજન, પંચક, ભદ્રા પ્રારંભ ૨૧–૧૬, સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુનીમાં ૨૮–૦૦, (સંયોગિયું છે.) વાહન ગદર્ભ, સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

સોમવાર, શ્રાવણ વદ–૩, તા. ૩૧મી, નક્ષત્ર રેવતી મધ્યરાત્રિ પછી ક. ૨૭–૨૩ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭–૨૩ સુધી (તા. ૧), પછી મેષ રાશિ પર જન્માક્ષર. કાજલી ત્રીજ, શિવપૂજન, શિવમુષ્ટિ (મગ), બોળચોથ, બહુલા ચતુર્થી (મ. પ.), સંકષ્ટી ચતુર્થી (ચંદ્રોદય ક. ૨૦.૫૦), ઈદે મૌલાદ (મુસ્લિમ), પંચક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૭–૨૩, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮–૨૯. શુભ દિવસ.

મંગળવાર, શ્રાવણ વદ–૪, તા. ૧લી સપ્ટેમ્બર, નક્ષત્ર અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૨૬–૪૧ સુધી (તા. ૨), પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. ચતુર્થી. મંગળાગૌરી પૂજન, પંચમી ક્ષય તિથિ છે. માધવ દેવ તિથિ (આસામ). શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, શ્રાવણ વદ–૬, તા. ૨જી નક્ષત્ર ભરણી મધ્યરાત્રે ક. ૨૫–૪૨ સુધી (તા. ૩) પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં સવારે ક. ૦૭–૨૫ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. બુધ પૂજન, રાંધણ છઠ્ઠ, હળછઠ્ઠ, કલ્કિ જયંતી, બલરામ જયંતી, ભદ્રા ક. ૨૮–૨૬થી. ખાતમુહૂર્ત, સામાન્ય દિવસ.

ગુરુવાર, શ્રાવણ વદ–૭, તા. ૩જી, ૨૦૨૬, નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રે ક. ૨૪–૨૮ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. શીતલા સપ્તમી, બૃહસ્પતિ પૂજન, ભદ્રા ક. ૧૫–૨૬ સુધી, ખાતમુહૂર્ત, સામાન્ય દિવસ.

શુક્રવાર, શ્રાવણ વદ–૮, તા. ૪થી, નક્ષત્ર રોહિણી રાત્રે ક. ૨૩–૦૩ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, જીવંતિકા પૂજન, જન્માષ્ટમી, શ્રી કૃષ્ણ જયંતી ઉપવાસ, નિશિથકાલ ૨૪–૧૪ થી ૨૫.૦૦, મન્વાદિ, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ખાતમુહૂર્ત, શુભ દિવસ.

શનિવાર, શ્રાવણ વદ–૯, તા. પાંચમી, નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૨૧–૩૦ સુધી પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં સવારે ક. ૧૦–૧૭ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. મારુતિ પૂજન, પીપળાનું પૂજન, ગોપાળકાલા દહીંહંડી, ગોગા નવમી, શિક્ષક દિન, શુક્ર દર્શન પશ્ચિમમાં. શુભ કાર્ય વર્જ્ય છે. ■

# ટેરર-ફ્રી પ્રદેશના ભારતના વિઝનને એસસીઓમાં રજૂ કરશે વડા પ્રધાન

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે એસસીઓ સમિટમાં હાજરી આપવા માટે ઉઝબેકિસ્તાન અને કિર્ગિઝ રિપબ્લિકની બે દેશની મુલાકાતે રવાના થયા ત્યારે તેમણે કહ્યું કે તેઓ સંગઠન માટે ભારતના વિઝનને આગળ વધારવા અને આતંકવાદની હાલાકીથી મુક્ત પ્રદેશ માટે સાથી સભ્યો સાથે કામ કરવા માટે આતુર છે. શનિવારે મોડી સાંજે મોદી ઉઝબેકિસ્તાનના તાશ્કંદ પહોંચ્યા હતા.

મોદી ઉઝબેકિસ્તાન પછી કિર્ગિઝ રિપબ્લિકના બિશ્કેકમાં (૩૦ ઓગસ્ટ-૧ સપ્ટેમ્બર) સમિટમાં હાજરી આપશે.

તેમણે એમ પણ કહ્યું કે તેમને વિશ્વાસ છે કે તેમનો પ્રવાસ મધ્ય એશિયામાં ભારતની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવશે અને પ્રદેશ સાથે સભ્યતાનું જોડાણ વધુ ગાઢ બનાવશે.

પોતાના પ્રસ્થાન નિવેદનમાં, મોદીએ કહ્યું કે આ પ્રવાસ શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિના સહિયારા પ્રયાસને આગળ વધારશે, જે વિશ્વ સાથે ભારતના જોડાણના કેન્દ્રમાં રહેલા મૂલ્યો છે.

મોદીએ કહ્યું કે તેઓ તાશ્કંદ સ્ટેટ યુનિવર્સિટી ઓફ ઓરિએન્ટલ સ્ટડીઝ ખાતે શાસ્ત્રી મેમોરિયલ અને મહાત્મા ગાંધી સેન્ટરની પણ મુલાકાત લેશે, જે આપણા બંને દેશને જોડતા ગાઢ સાંસ્કૃતિક અને લોકો-થી-લોકોના સંબંધોને શ્રદ્ધાંજલિ છે.

# કોર્ટના આદેશનું ઉલ્લંઘનઃ મમતા સામે એફઆઈઆર

કોલકાતાઃ કોલકાતામાં તૃણમૂલ કોંગ્રેસ છાત્ર પરિષદની સ્થાપના દિવસની રેલી દરમિયાન કોલકાતા હાઇ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવા બદલ પશ્ચિમ બંગાળનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનરજી અને ટીએમસીના આયોજકો સામે એફઆઇઆર નોંધવામાં આવ્યો છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર મમતા બેનરજીએ ટીએમસીના આયોજકો સાથે મળીને ૨૮ ઓગસ્ટના રોજ આયોજિત કાર્યક્રમ દરમિયાન ગુનાઇત કાવતરું ઘડયું અને સમર્થકોને ઉશ્કેર્યા હતા. આ કેસ ૨૮ ઓગસ્ટના રોજ હેસ્ટિંગ્સ પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતા(બીએનએસ)ની કલમ ૬૧(૨), ૨૨૩, ૧૨૫(એ) અને ૨૮૫ હેઠળ નોંધવામાં આવ્યો હતો. આ એફઆઇઆર સબ-ઇન્સ્પેક્ટર અપુ વૈદ્યની ફરિયાદ પર દાખલ કરવામાં આવી હતી.

ફરિયાદ મુજબ હાઇ કોર્ટે કેથેડ્રલ રોડના એક ભાગમાં સ્થાપના દિવસના કાર્યક્રમની પરવાનગી આપી હતી. જોકે પોલીસનો આરોપ છે કે ટીએમસીના કાર્યકરો અને સમર્થકોએ બીજા ભાગમાં પણ કબજો જમાવ્યો હતો. જેના લીધે વાહનોની અવરજવરમાં અવરોધ ઊભો થયો હતો.

પોલીસે વધુમાં જણાવ્યું કે ટોળાએ બેરિકેડ્સ હટાવી દીધા હતા. તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તહેનાત કર્મચારીઓ સાથે ઝપાઝપી કરી હતી. જેના કારણે કેથેડ્રલ રોડ પર અંધાધૂંધી સર્જાઇ હતી. ફરિયાદમાં આ કાર્યક્રમ હાઇ કોર્ટ દ્વારા આપવામાં આવેલા સમય કરતાં વધુ સમય સુધી ચાલ્યો હોવાનો આરોપ પણ મૂકવામાં આવ્યો છે.

# પેટ્રોલમાં ઇથેનોલની ટકાવારીની માહિતી ફરજિયાત કરોઃ સુપ્રીમમાં સોમવારે સુનાવણી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટ ૩૧ ઓગસ્ટના રોજ ઇથેનોલ સાથે સંબંધિત એક અરજી પર સુનાવણી કરવા માટે તૈયાર છે. જેમાં કેન્દ્ર સરકાર અને પેટ્રોલિયમ કંપનીઓને પેટ્રોલ પંપોના દરેક નોઝલ પર ઇથેનોલની ચોક્કસ ટકાવારીનું પ્રમાણ દર્શાવવાનો નિર્દેશ આપવાની માગ કરવામાં આવી છે. આ અરજી પર ન્યાયાધીશ એમ. એમ. સુંદ્રેશ અને પ્રસન્ના બી. વરાલેની ખંડપીઠ સુનાવણી કરશે. આ અરજી નરેન્દ્ર કુમાર ગોસ્વામી દ્વારા દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં એવી પણ માંગ કરવામાં આવી છે કે ગ્રાહકને આપવામાં આવતા ઇંધણના દરેક બિલ કે પાવતી ઉપર પણ વેચવામાં આવેલા પેટ્રોલમાં હાજર ઇથેનોલની ટકાવારી સ્પષ્ટ અને સરળ ભાષામાં લખેલી હોવી ફરજિયાત થવું જોઇએ.આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે સરકારે એક નિર્ધારિત સમય મર્યાદાની અંદર સત્તાવાર ડેટાબેસ તૈયાર કરીને પ્રકાશિત કરવો જોઇએ.

## પહેલા પાનાનું ચાલુ

### ભારતને

અને તેઓની સામે તપાસ યોજવાનો આદેશ આપ્યો હતો.

ભારત સાથે ૨૦૧૭માં ડોકલામ ખાતે ૭૨ દિવસ ચાલેલી મડાગાંઠ માટે જનરલ ઝાઓ ઝોન્ગક્વી જવાબદાર હોવાનું કહેવાય છે.

જનરલ ઝાઓ ઝોન્ગક્વીએ જ ૨૦૨૦માં 'ભારતને પાઠ ભણાવવા' ગલવાન ખાતે ભારતીય સૈનિકો સામે લડવા ચીનના સૈનિકોને આદેશ આપ્યો હતો.

ડોકલામ ખાતે ભારત અને ચીનના સૈનિકો વચ્ચેની અથડામણ ૨૦૧૭ના ફેબ્રુઆરીમાં શરૂ થઇ હતી. તે વખતે ચીનના લશ્કરે આ વિસ્તારમાં રસ્તો બાંધવાનું શરૂ કરતા ભારત અને ભુતાન ગુસ્સે થયા હતા. આ વિસ્તાર ભારત, ચીન અને ભુતાનની સરહદે આવેલો છે. આ ઘર્ષણ ૭૨ દિવસ ચાલ્યું હતું.

પૂર્વ લદાખમાં ૨૦૨૦ના મેમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થઇ હતી. સરહદ પરની લાઇન ઑફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ પર આવેલા અનેક પોઇન્ટ ખાતે અથડામણ થઇ હતી. ગલવાન ખીણ વિસ્તારમાં થયેલી અથડામણમાં ૨૦ ભારતીય સૈનિક શહીદ થયા હતા. (એજન્સી)

### અમેરિકામાં

કેટેગરીને અને તેમના આશ્રિતોને મળે છે. આ ખાસ કરીને એચ-વનબી નોકરિયાતો માટે અતિ મહત્ત્વનો છે, કારણ કે ઓચિંતો તેમને નોકરીમાંથી છૂટા કરવામાં આવે તો તેમને દેશ છોડવા સિવાય નિર્ણય લેવા છ મહિનાની બારી મળતી હતી.

જો આ દરખાસ્ત અમલમાં આવી તો વિદેશી કામદારો તેમના વિઝાની મુદત પહેલાં નોકરી ગુમાવે તો તેમને અને તેમના આશ્રિતોને તરત જ અમેરિકા છોડી દેવું પડશે.

યુએસ સિટિઝનશિપ ઍન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ તેમના દરજ્જામાં પડેલા વિક્ષેપને માફ કરવામાં પોતાનો વિશેષાધિકાર ન વાપરે તો તેને માટે દેશની અંદર માલિક બદલવો કે વસાહતીનો દરજ્જો બદલવો મુશ્કેલ બની જશે.

વિદેશી નોકરિયાતોમાં છટણી અને અનિશ્ચિતતાનો માહોલ છે ત્યારે આ સંભવિત ફેરફાર તેમની ચિંતા વધારશે. ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં સફળ એચવન–બી વિઝાધારકોમાં ૭૧ ટકા ભારતીયો છે. આને લીધે અમેરિકામાં રહેતા ભારતીયો અને તેમનાં કુટુંબો પર આ નવા નિયમની માઠી અસર પડશે. અમેરિકમાં બાવન લાખ ભારતીયો નોકરી કરે છે.

વાઈટ હાઉસના સલાહકાર અજય જેન ભુતોરિયાએ આ દરખાસ્તનો વિરોધ કર્યો હતો અને ગ્રેસ પરિયડ ૧૮૦ દિવસની કરવાની માગણી કરી હતી.

### સજજન કુમારને

બદલ નબીનની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે નેતૃત્વ આવું હોવું જોઇએ, કોંગ્રેસના આટલા વર્ષોના દંભ જેવું નહીં. ફૂલકાએ સોશિયલ મીડિયા પર કહ્યું કે આ મુદ્દે કડક વલણ અપનાવવા બદલ નિતિન નવીનનો આભાર.

ફૂલકાએ શુક્રવારે ભાજપના સાંસદો સેહરાવત, બિધુડી અને ચંદોલિયાની કુમારના ઘરની મુલાકાતની નિંદા કરી હતી અને તેમના બહિષ્કારની માગ કરી હતી.

### કૅનેડામાં

સમયગાળાને નવી વર્ક પરમિટ ન સમજવી જોઇએ.

જો કે આ સમયમર્યાદામાં વધારો દરેક માટે આપમેળે મળતી ૩૦ દિવસની રાહત નથી. આ માત્ર એવા અરજદારોને લાગુ પડે છે જે કેટલીક ચોક્કસ શરતોને પૂર્ણ કરે છે.

### એનડીએ

પ્રધાન સંતોષ કુમાર સુમને કહ્યું હતું કે અનામતના લાભ સૌથી પીડિત અને ઐતિહાસિક રીતે વંચિત કોમને મળે એ માટે એની સમીક્ષા થવી જરૂરી છે.

સુમને વધુમાં કહ્યું હતું કે અમે અનામત પ્રથાના અંતની માગણી નથી કરી રહ્યા. અને અનામતને વધુ ન્યાયી, અસરકારક અને તે વંચિતો સુધી પહોંચે એની વાત કરી રહ્યા છે.

બિહારના બે નેતાઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી આ અઠવાડિયાની શરૂઆતમાં ચાલુ થઈ હતી. માંઝીએ હાલની અનામત સિસ્ટમમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે સબ-ક્વોટા માગ્યા હતા. પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (એલજેપી) અને માંઝીનો મોરચો કેન્દ્રમાં તેમ જ બિહારમાં એનડીએના ઘટકપક્ષો છે. માંઝી દલિતના સૌથી પછાત મુશહર જૂથના છે.

તેમના મોરચાએ દાવો કર્યો હતો કે દલિત અનામતના લાભ પાસવાન અને રવિદાસ જેવી થોડી જ્ઞાતિઓને જ મળે છે, જ્યારે બીજી જ્ઞાતિઓને કોઈ પ્રતિનિધિત્વ મળતું નથી. મુશહર જ્ઞાતિનો કોઈ સભ્ય હજી સુધી સનદી અધિકારી બન્યો નથી.

સુપ્રીમ કોર્ટે આ વર્ષના મોટા ચુકાદામાં અનામત લાભ માટે વધુ જૂથોને સામેલ કરવા રાજ્યોને અનુસૂચિત જાતિ અને જનજાતિના પેટાજૂથ પાડવાની છૂટ આપી હતી.

ગયા મહિને સર્વોચ્ચ અદાલતમાં અનામતના લાભમાંથી સામાજિક અને આર્થિક રીતે અગ્રેસર લોકોની બાદબાકી કરવાની અરજી કરાઈ હતી. અરજીમાં દલીલ કરાઈ હતી કે સમૃદ્ધ કુટુંબો અનુસૂચિત જાતિ અને જનજાતિના અનામતના લાભ માટે ઈજારાશાહી કરી રહ્યા છે.

જોકે કેન્દ્ર સરકારે તેના સોગંદનામામાં કહ્યું હતું કે ક્રીમિ લેયરની સંકલ્પના અનુસૂચિત જાતિ કે જનજાતિને લાગુ ન પાડી સકા. આ સિદ્ધાંત ફક્ત પછાત જાતિને લાગુ પાડી શકાય.

ચિરાગ પાસવાને કહ્યું હતું કે જો માંઝી અને સુમન બન્નેને અનામતમાં સબ-ક્વોટા જોઈતા હોય તો તેમને પ્રધાનપદેથી રાજીનામું આપવું જોઈએ. જે લોકો અનામત પ્રથામાં ક્રીમિ લેયરની માગણી કરે છે એ લોકોએ પહેલાં અનામતના લાભ છોડવા જોઈએ. માંઝી ક્રીમિ લેયરમાં માનતા હોય તો તેમણે અને તેમના પુત્રે પ્રધાનના હોદ્દા છોડવા જોઈએ.

### એવરેસ્ટ, લાલજી

ઇન્ડિયાએ લાલજી ગોધૂની હિંગમાં પણ ભેળસેળવાળી અને હલકી ગુણવત્તાવાળી હોવાનો આક્ષેપ કર્યો છે અને તેના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે.

હિંગનો પાઉડર બનાવવા માટે વપરાતી વિવિધ કાચી હિંગમાં વધુ સ્ટાર્ચ હોવાનું જાણવા મળ્યું હોવાનું કહેવાય છે. હિંગમાં સ્ટાર્ચનું પ્રમાણ વજનના એક ટકાથી વધુ ન હોવું જોઇએ. લાલજી ગોધૂને પણ એક્શન પ્લાન સુપરત કરવા આદેશ અપાયો હતો. (એજન્સી)

### નેપાળના

મળ્યા છે. બચાવકારોને ચિતવાનમાંથી ૨૪૮, નવલપારસી પૂર્વમાંથી ૧૫૮, નવલપારસી પશ્ચિમમાંથી ૭૫ અને ગોરખામાંથી ૫૪ મૃતદેહ મળ્યા છે. ૧૬૩ વિદેશી સહિત અઢી હજાર લોકોનું સ્થળાંતર પૂરગ્રસ્ત વિસ્તારમાં હજી વરસાદ પડતાં નેશનલ ડિઝાસ્ટર ટીમે કર્યું હતું. ૧૧,૦૦૦ બચાવકારો શોધ કાર્યમાં લાગ્યા છે.

દરમિયાન ભારતની ૧૧ સભ્યની ટીમ નેપાળ સરકારની વિનંતીને માન આપીને નેપાળના ત્રિશુળી પહોંચી ગઈ છે. આમાં ડૉક્ટરો, ટનલ રેસ્કયૂ સ્પેશ્યાલિસ્ટનો સમાવેશ થાય છે.

તિબેટમાં રઝળી પડેલા મોટી સંખ્યામાં ભારતીય યાત્રાળુઓ શનિવારે નેપાળ પાછા ફરવાનું શરૂ કર્યું હતું. પૂરને લીધે જીરોન્ગ બોર્ડર પોસ્ટ તૂટી ગઈ છે આથી તેઓ વૈકલ્પિક બોર્ડર પોઈન્ટથી તિબેટથી નેપાળ પહોંચ્યા હતા. આમાં ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના ભૂતપૂર્વ ચેરમેન જી. સતીશ રેડ્ડીનો સમાવેશ થાય છે. રેડ્ડીએ કહ્યું હતું કે હું ઝાંગમુ બોર્ડર પોઈન્ટથી અનેક બસો અને વાહનોને નેપાળ જતા જોઈ રહ્યો છું.

નેપાળે પૂરમાં ભારતની મદદની સરાહના કરી હતી. નેપાળના નાણાં પ્રધાન સ્વર્ણીમ વાગલેએ ખાસ કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અતિશય ઉદાર ગણાવ્યા હતા. ભારતે ૫૭.૬ ટન રાહત સામગ્રી મોકલાવી છે. નેપાળ જાહેર અને ખાનગી ક્ષેત્ર તથા અનેક હસ્તીઓએ ડિઝાસ્ટર રિલીફ ફંડમાં લાખો રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. (એજન્સી)

### ટ્રમ્પની

પકડવાનું ઑપરેશન કર્યું હતું. તેમને અમેરિકામાં નાર્કો આંતકવાદ અને કેફીદ્રવ્યોની દાણચોરી ફેલાવાના આરોપસર અમેરિકા પકડીને લઈ આવવામાં આવ્યા હતા.

ઇરાન સાથેના યુદ્ધને લીધે અમેરિકામાં ગૅસના ભાવમાં ઉછાળો આવ્યો છે અને આને લીધે ટ્રમ્પ પર પ્રચંડ દબાણ છે. ઇરાન સાથેની તંગદિલી દૂર થવાના કોઈ સંકેત મળતા નથી. અમેરિકાએ ઈંધણના ભાવ ન વધે એ માટે તેના અનામત પેટ્રોલિયમ ભંડાર વાપરવાનું શરૂ કર્યું છે. ઑગસ્ટની શરૂઆતમાં આ ભંડાર ૩૦ કરોડ બેરલ થઈ ગયો હતો. ૨૦૨૬ની શરૂઆતની સરખામણીમાં આ ભંડાર ૧૦ કરોડ બેરલ ઘટી ગયો છે. હોર્મુઝની સામુદ્રધુનીમાંથી તેલ અને ગૅસનું પરિવહન બંધ થઈ ગયું છે. વિશ્વના ૨૦ ટકા ઈંધણનું પરિવહન આ જળમાર્ગથી થાય છે.

અમેરિકામાં ગૅસનો સરેરાશ ભાવ શુક્રવારે એક ગેલનદીઠ ૪.૦૯ અમેરિકન ડૉલર થઈ ગયો છે. ગયા વર્ષે આ જ સમયે આ ભાવ ૩.૨૧ અમેરિકન ડૉલર હતો.

ટ્રમ્પે તેની પોસ્ટમાં આ ડિલને ખાનગી ભાગીદારી ગણાવી હતી. વાઈટ હાઉસે આમાં ખાનગી ક્ષેત્રની કઈ કંપનીઓ સંડોવાયેલી છે એ લખ્યું નથી. અમેરિકાની મોટી કંપનીઓ વેનેઝુએલામાં રોકાણ કરવા તૈયાર નથી તેમને નુકસાન પામેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ચિંતા સતાવે છે. મદુરોની હકાલપટ્ટી બાદ ટ્રમ્પે બધી તેલ કંપનીઓના એક્ઝિક્યુટિવને વાઈટ હાઉસમાં બોલાવીને વેનેઝુએલામાં તેલ બિઝનેસમાં રોકાણ કરવાનો અનુરોધ કર્યો હતો. જોકે કંપનીઓ તેમના ભૂતકાળના અનુભવને લીધે રોકાણ કરતા ખચકાય છે. વેનેઝુએલાના હંગામી પ્રમુખ ડેસ્સીએ તેલના બિઝનેસનું ખાનગીકરણ કરવાની જાહેરાત કરી હતી. રુબિયોએ દાવો કર્યો છે કે વેનેઝુએલામાં અમેરિકાની તેલની કંપનીઓ ૧૦૦ અબજ ડૉલરનું રોકાણ કરશે અને આને લીધે અમેરિકામાં ગૅસના ભાવ ઘટશે. (એજન્સી)

### સરકાર જ

થઇ રહી છે. શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણ વધી રહ્યું છે. પરીક્ષાના પેપર ફૂટી જાય છે. ભ્રષ્ટાચાર મોટા પાયે ફેલાયેલો છે.

કેન્દ્રના માનવસંસાધન વિકાસ ખાતાના ભૂતપૂર્વ પ્રધાને જણાવ્યું હતું કે શિક્ષણ લીધા બાદ જો સારી નોકરી પણ ન મળે, તો તેવા શિક્ષણનો ફાયદો શું? દિલ્હીમાં માસ્ટર ઑફ આર્ટ્સ (એમએ) કરનારી એક વ્યક્તિ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં (ઓછા પગારે) કામ કરી રહી છે.

પીએચ.ડી થયેલી અન્ય વ્યક્તિએ પણ મ્યુનિસિપલ ઑફિસમાં (ઓછા વેતનથી) કામ કરવું પડે છે. બી.એડ. ડિગ્રીધારક એક વ્યક્તિ સફાઇ કામદાર તરીકે કામ કરે છે અને તેને રૂપિયા પચીસ હજારથી રૂપિયા ત્રીસ હજાર સુધીનો પગાર મળે છે. પરિસ્થિતિ કઇ દિશામાં જઇ રહી છે?

તેમણે જણાવ્યું હતું કે હાલમાં સરકારી નોકરી જ સલામત ગણાય છે અને તે મોટા ભાગે આજીવન આર્થિક સુરક્ષા પૂરી પાડે છે. શિક્ષણને રોજગારની સાથે જોડવાની જરૂર છે.

જોશીએ જણાવ્યું હતું કે પ્રધાનો, સરકારમાંના ઉચ્ચ હોદ્દેદારો અને ન્યાયતંત્રમાંના કોઇ મોટા અધિકારીઓને લોકો ભ્રષ્ટાચાર કરતા જુએ છે, ત્યારે સામાન્ય જનતા પણ માનવા લાગે છે કે આ જ (ભ્રષ્ટાચારનો) સાચો માર્ગ છે.

નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં કેન્દ્રમાં સત્તા સંભાળી, તે પછી જોશીને પક્ષના નવા રચાયેલા 'માર્ગદર્શક મંડળ'માં સ્થાન અપાયું હતું અને ધીરે ધીરે તેઓ સક્રિય રાજકારણથી દૂર થયા હતા.

### ફૂડ પેકેટ

દરખાસ્ત અમારા દ્વારા રજૂ કરાઇ છે.

સોગંદનામામાં જણાવાયું હતું કે જે ફૂડ પેકેટમાં સેચ્યુરેટેડ ફેટ, ખાંડ અને નમકમાંથી કોઇ પણ બે કે વધારે ચીજ નાખેલી હશે, તો તેના પેકેટ પર સંબંધિત જોખમની ચેતવણી ષટ્કોણ આકારના લાલ લેબલ પર લખવાની દરખાસ્ત છે.

ફૂડ સેફટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયાએ સર્વોચ્ચ અદાલતમાં જણાવ્યું હતું કે ફૂટ પેકેટના લાલ રંગના લેબલ પર 'હાઇ ફેટ', 'હાઇ શુગર' અને 'હાઇ સૉલ્ટ' તેમ જ / અથવા 'હાઇલી સ્વીટન્ડ બેવરિજ' લખવાનું ફરજિયાત બનાવવાની દરખાસ્ત રજૂ કરાઇ છે કે જેથી તે ખાનારી કે પીનારી વ્યક્તિને આરોગ્ય સામે રહેલા જોખમની જાણ થાય.

અગાઉ, પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ 'થ્રીએસ ઍન્ડ અવર હેલ્થ સોસાયટી' દ્વારા આ સંબંધમાં સર્વોચ્ચ અદાલતમાં કરેલી જાહેર હિતની અરજીને પગલે ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રનની બૅન્ચે ૧૩ ઑગસ્ટે ફૂડ સેફટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયાને આ સંબંધમાં સોગંદનામું નોંધાવવાનો આદેશ આપ્યો હતો.

આમ છતાં, ફૂડ ઑથોરિટી ફૂડ પ્રૉડક્ટ્સના પેકેટને લગતા આ નિયમમાંથી ઘી, ખાદ્ય તેલ, ગોળ જેવા ઉત્પાદનોને બાકાત રાખે એવી પૂરી શક્યતા છે. (એજન્સી)

# ગણેશોત્સવ નજીક, પણ વિઘ્નહર્તાને રસ્તા પર હજી ૪,000થી વધુ ખાડાનું વિઘ્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશોત્સવ નજીક આવી ગયો છે અને મુંબઈના મોટાભાગના ગણેશમંડળો પોતાની ગણેશમૂર્તિને લઈ જવાનું શરૂ કરી દીધું છે પણ મુંબઈના રસ્તા પરના ખાડાઓએ મંડળોની ચિંતામાં વધારો કર્યો છે. મુંબઈ મહાનગરપાલિકાએ ગણેશ આગમન અને વિસર્જનના રૂટ પર આવતા રસ્તાઓને ખાડામુક્ત કરવાનું આશ્વાસન આપ્યું હતું પણ તે ફક્ત કાગળ પર જ રહ્યું હોઈ ઑગસ્ટ મહિનામાં રસ્તા પર લગભગ ૪,૨૧૭ ખાડાઓની ફરિયાદ નોંધાઈ હતી. ઓછું હોય તેમ ગણેશોત્સવ નજીક આવવાની સાથે જ મુંબઈમાં ફરી વરસાદનું આગમન થયું હોઈ ખાડા પડવાનું પ્રમાણ વધવાની શકયતા નિર્માણ થઈ છે ત્યારે બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિએ રસ્તા પરના ખાડાઓની સંખ્યાને જોતા ભૂલેશ્વરચા રાજાની દુર્ઘટના જેવું પુનરાર્વતન થાય નહીં તેની ચિંતા સતાવી રહી છે.

ભૂલેશ્વરમાં બાવીસ ફૂટની ગણેશમૂર્તિ પડીને બેનાં મૃત્યુ થયાં બાદ ગણેશમૂર્તિના આગમન અને વિસર્જન રૂટ પરના રસ્તાઓની ચિંતા ગણેશમંડળોને સતાવી રહી છે. પાલિકાએ રસ્તા પરના ખાડા પૂરવાની શરૂઆત કરી દીધી હોવાનો દાવો કર્યો છે, છતાં જે મુંબઈ શહેર કરતા મુંબઈ ઉપનગરમાં હજી પણ મોટાભાગના રસ્તાઓ પર મોટી સંખ્યામાં ખાડાઓ હોવાની ફરિયાદ ઉપનગરના ગણેશમંડળોએ બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિ સમક્ષ કરી છે. મુંબઈના મોટાભાગના મંડળોની મોટી મૂર્તિઓ લગભગ મંડપમાં આવી ગઈ છે અને અમુક મંડળો પોતાની ગણેશ મૂર્તિઓ રવિવાર, ૨૯ ઑગસ્ટના લાવવાના છે. કારખાનામાંથી ખાડાવાળા રસ્તા, ગમે ત્યાં પાર્ક કરેલાં વાહનો, સ્પીડ બ્રેકર અને રસ્તા પરના અતિક્રમણને કારણે સાંકડા રસ્તા પરથી મોટી મૂર્તિઓને સુરક્ષિત રીતે મંડપમાં લઈ જવામાં મંડળોને નાકે દમ આવી ગયો છે.

પાલિકાના આંકડા મુજબ ઑગસ્ટ મહિનામાં ૪,૨૧૭ ખાડાઓની ફરિયાદ આવી હતી, તેમાંથી મોટાભાગના ખાડાઓ પૂરી દેવામાં આવ્યા છે. જોકે ગણેશમંડળોના દાવા મુજબ રસ્તા પર મોટી સંખ્યામાં હજી પણ ખાડા છે. તેમાં પાછું મેઘરાજા ફરી દસ્તક દેવાના હોવાની હવામાન વિભાગની આગાહીને પગલે આગામી દિવસોમાં રસ્તા પર ખાડા વધવાની શકયતા છે. તેથી વિઘ્નહર્તાના આગમન સમયે તો રસ્તા પર ખાડા હતા પણ તેમના વિસર્જન સમયે પણ રસ્તા પર ખાડા રહ્યા તો મુશ્કેલી વધી જશે એવી ચિંતા ગણેશ મંડળોને સતાવી રહી છે.

બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિના અધ્યક્ષ ઍડ. નરેશ દહિબાવકરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે રસ્તા પરના ખાડાને કારણે ભૂલેશ્વર જેવી દુર્ઘટના થાય નહીં તેની ચિંતા અમને પણ છે. જોકે એકાદ બે કિસ્સાને છોડીને મુંબઈના મોટાભાગના મંડળોની ગણેશમૂર્તિ મંડપમાં આવી ગઈ છે. ■

# દિવાળીમાં મ્હાડા આપશે ભાડાનાં ઘરો માટે નવા પોર્ટલની ભેટ

## દલાલોની ઝંઝટથી હવે મુક્તિ આપશે મ્હાડા

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાં ભાડાનાં મકાનોની વધતી જતી માગણીને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) દ્વારા મહત્ત્વનું પગલું લેવામાં આવ્યું છે. ભાડાનાં મકાનોના વિતરણ અને ભાડે આપવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે મ્હાડા દ્વારા ઓનલાઈન પોર્ટલ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ પોર્ટલ દિવાળીમાં લોન્ચ કરવાની યોજના છે. પોર્ટલ શરૂ થયા બાદ ભાડે મકાન આપવાની અને લેવાની પ્રક્રિયા ઓનલાઈન થઈ શકશે અને નાગરિકોને દલાલોની ઝંઝટમાંથી મુક્તિ મળવાની શક્યતા છે.

મુંબઈ મહાનગર પ્રદેશમાં હાલમાં આશરે ૨૫ ટકા એટલે કે ૧૪ લાખ ૧૨ હજાર પરિવારો ભાડાનાં મકાનોમાં રહે છે. નીતિ આયોગના અહેવાલ મુજબ મુંબઈ, પુણે, નાશિક અને નાગપુર જેવાં શહેરોમાં નવી પેઢી પોતાના મકાનની સરખામણીએ ભાડાના મકાનમાં રહેવાનું વધુ પસંદ કરી રહી છે. ભાડાના મકાનની વધતી માગણી વચ્ચે ભાડૂત અને મકાનમાલિક સાથે છેતરપિંડી તથા દલાલો દ્વારા આર્થિક હેરાનગતિના કિસ્સાઓને ધ્યાનમાં રાખીને આ ઓનલાઈન વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે.

પોર્ટલ તૈયાર કરવાની જવાબદારી મ્હાડાને સોંપવામાં આવી હતી. મ્હાડાએ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસને પોર્ટલ તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. મ્હાડાના ઉપાધ્યક્ષ સંજીવ જયસ્વાલે જણાવ્યું હતું કે આ આદેશ જારી થતાં જ પોર્ટલ તૈયાર કરવાની કામગીરી શરૂ થઈ ગઈ છે અને આશરે બે મહિનામાં પોર્ટલ બનીને તૈયાર થઈ જશે.

નવા પોર્ટલ પર મકાન ભાડે આપવાથી લઈને ભાડે લેવાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન કરવાની યોજના છે. પોલીસ સહિત જરૂરી વિવિધ 'નો ઓબ્જેશન સર્ટિફિકેટ' પણ પોર્ટલ મારફતે મેળવી શકાશે. આ ઉપરાંત ભાડાની વસૂલાત પણ ઓનલાઈન પદ્ધતિથી કરી શકાશે. ભાડા કરાર સહિતની પ્રક્રિયા એક જ પ્લેટફોર્મ પર થવાથી માનવીય હસ્તક્ષેપ ઘટશે અને ભાડૂત તથા મકાનમાલિક બંનેને સુવિધા મળશે. ■

# પીએનજી પાઇપલાઇનમાં ગળતર

મુંબઈઃ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં મુંબઈ-નાગપુર સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પરથી પસાર થતી પીએનજી (પાઇપ્ડ નેચરલ ગેસ) પાઇપલાઇનમાં શનિવારે સાંજે લીકેજ જોવા મળ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■


પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS® LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai





# હવે ફૂટપાથ પરના સ્ટોલ હટશેઃ બીએમસી

## મુંબઈની ૨૦૦ કિલોમીટર અંતરની ફૂટપાથ અતિક્રમણ મુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના રાહદારીઓ સુરક્ષિત રીતે ફૂટપાથ પર ચાલી શકે તે માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા 'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ' ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જે અંતર્ગત પહેલા તબક્કામાં ફક્ત એક મહિનાની અંદર જ ૨૦૦ ફૂટપાથમાંથી ૧૩૪ અતિક્રમણ મુક્ત કરી છે, જેમાં ગેરકાયદેસર અતિક્રમણ દૂર કરીને લગભગ ૧૯૭ કિ.મી. જગ્યા પાછી મેળવી છે. આ દરમ્યાન એક મોટી કાર્યવાહીમાં સળંગ બે દિવસ કાર્યવાહી કરીને ભાંડુપ રેલવે સ્ટેશન (પશ્ચિમ)ની આસપાસ આવેલી ફૂટપાથ પરથી ૯૪ અનધિકૃત સ્ટોલ પણ દૂર કર્યા છે, જેનાથી રાહદારીઓને ચાલવા ફૂટપાથ પુનઃ મળી હતી.

પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે પૂર્વ ઉપનગરમાં અત્યંત વ્યસ્ત ગણાતા ભાંડુપ સ્ટેશન બહાર મોટા પ્રમાણમાં ફૂટપાથ પર ઊભા થઈ ગયેલા અતિક્રમણને હટાવવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે ભાંડુપમાં ૧૪ ફૂટપાથમાંથી ૧૧ જગ્યાએ પહેલાથી જ કાર્યવાહી ચાલી રહી છે. પાલિકાની આ કાર્યવાહીથી ભાંડુપ રેલવે સ્ટેશનમાં પ્રવેશતા અને બહાર નીકળતા મુસાફરોને રાહત મળી છે. તેમ જ પીક અવર્સ દરમ્યાન રાહદારીઓ અને ટ્રાફિક જેમ હળવો કરવામાં મદદ મળી છે. નાગરિકો હવે સ્ટેશનથી લાલ બહાદુર શાસ્ત્રી રોડ તરફ અવરોધમુક્ત માર્ગનો ઉપયોગ કરી શકે છે.

આ કામગીરીમાં પાલિકાના ૧૦ ડમ્પર, ૫૦ થી વધુ પાલિકા અધિકારીઓ અને કર્મચારીઓ, ૧૦૦ કામદાર અને ૭૦ થી વધુ પોલીસ કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા હતા. પાલિકાએ ફૂટપાથ પર અનધિકૃત દુકાનો, સ્ટોલ, બાંધકામ અને સામગ્રી સંગ્રહ સામે ચેતવણી આપી છે, ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

પેડેસ્ટ્રિયન ફર્સ્ટ અભિયાનના પહેલા તબક્કા હેઠળ ૨૦૦ ફૂટપાથ પરથી અતિક્રમણ દૂર કરવાનો લક્ષ્યાંક છે, જેમાં ૧૩૪ પર કાર્યવાહી પહેલાથી જ ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૧,૪૫૯ સ્થળોએ અમલીકરણ હાથ ધરવામાં આવ્યું છે. શહેરવ્યાપી ઝુંબેશ તમામ ૨૬ પ્રશાસકીય વોર્ડમાં ચાલી રહી છે, જેનો હેતુ રાહદારીઓ માટે ફૂટપાથ પુનઃસ્થાપિત કરવાનો છે. ■

# ભાયખલાના એલેકઝાન્ડ્રા થિયેટરના રિઝર્વેશન બદલવા સામે ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની સુધાર સમિતિએ હજુ સુધી ભાયખલાના ૧,૦૦૫.૦૩ ચોરસ મીટરના એલેક્ઝાન્ડ્રા થિયેટરને રહેણાંક ઉપયોગ માટે અનામત રાખવા બાબતે નિર્ણય લીધો નથી ત્યારે કૉંગ્રેસ અને શિવસેના (યુબીટી)એ પાલિકાની સત્તાધારી પક્ષને ચેતવણી આપી છે. વિરોધપક્ષે એવી દલીલ કરી છે કે મુંબઈના ડીપી-૨૦૩૪ માં ૩,૦૯,૨૮૪.૦૮ ચોરસ મીટરની સિનેમા-થિયેટર માટે રિઝર્વ છે, જ્યાં હાલ ૧૧૯ સિનેમા-થિયેટર છે. જો એક વખત એક બંધ પડેલા થિયેટરનું રિઝર્વેશન રદ કરવામાં આવ્યું તો એ અન્ય બંધ થિયેટરો માટે એક ઉદાહરણ બની જશે એવો ડર પણ છે. સુધાર સમિતિમાં ૧૨ ઓગસ્ટના રોજ થિયેટરના રિઝર્વેશનને બદલવાનો પ્રસ્તાવ આવ્યો હતો, જેની સામે વિરોધપક્ષે વાંધા ઉઠાવતા તેને મુલતવી રાખવામાં આવ્યો હતો. તેથી હવે આગામી બેઠકમાં તે પાછો સમિતિમાં મંજૂરી માટે આવવાની શક્યતા છે.

સમિતિના અધ્યક્ષ સંધ્યા દોશીને લખેલા પત્રમાં કૉંગ્રેસના નગરસેવક અને સમિતિ સભ્ય મેહર હૈદરે આ પગલા પર સવાલ ઉઠાવ્યો છે. તેમના કહેવા મુજબ જો એક જર્જરિત ઇમારતનું પુનર્નિર્માણ અને બંધ સિનેમાનું આધુનિકીકરણ કરીને તેને ફરી શરૂ કરી શકાય છે, તો શા માટે અનામત સંપૂર્ણપણે રદ કરીને તેને રહેણાંક વિકાસ માટે માર્ગ સાફ કરવો જોઈએ? મેહર હૈદરે આ પ્રસ્તાવને રદ કરવાની માગણી કરી હતી એવી દલીલ કરી હતી કે ફક્ત થિયેટર બંધ રહેવાને કારણે સિનેમા રિઝર્વેશન રદ કરી શકાતું નથી. તેમણે ડીપી-૨૦૩૪ હેઠળના તમામ ૧૧૯ સિનેમા-થિયેટર રિઝર્વેશનની સ્થિતિ જાહેર કરવા, વધારાની એફએસઆઈ, વિકાસની સંભાવના અને પ્રસ્તાવિત સુધારાથી ઉદ્ભવતા સંભવિત ખાનગી નાણાકીય લાભોની વિગતો જાહેર કરવાની માગ કરી હતી. ■






# ગણેશોત્સવમાં લાલબાગ-પરેલને 'તિરુપતિ'ના રંગરૂપથી સજાવાશે

## મુંબઈના પ્રચલિત 'ચિંચપોકલી ચા ચિંતામણિ'ની ભવ્ય તિરુપતિ બાલાજી પ્રેરિત મૂર્તિ અને સ્વર્ણગિરી સ્થાપત્યના પ્રથમ દર્શનના પંડાલનું અનાવરણ



મુંબઈઃ મહારાષ્ટ્ર અને ખાસ કરીને મુંબઇમાં સહુની શ્રદ્ધા અને આસ્થાના પ્રતીક ગણેશોત્સવની ઉજવણીના પડઘમ વાગવાની શરૂઆત થઇ ગઇ છે. વિવિધ પંડાલોમાં ભગવાન શ્રી ગણેશજીની ધામધૂમથી આગતા સ્વાગતા માટે મુંબઇ ભક્તિના રંગે રંગાયું છે. મુંબઇના ઐતિહાસિક અને લોકપ્રિય ચિંચપોકલી સાર્વજનિક ઉત્સવ મંડળે શનિવારે લાલબાગ-પરેલ-ગિરણગાંવમાં મુંબઈના બીજા સૌથી જૂના સાર્વજનિક ગણપતિ- 'ચિંચપોકલી ચા ચિંતામણિ'ના ભવ્ય આગમન સોહલા આગમન સમારોહની ઢોલ-ત્રાસાના તાલે અને 'ચિંચપોકલી ચિંતામણી ચા વિજય અસો' ના ગગનભેદી મંત્રોચ્ચાર સાથે કરેલી રંગદર્શી ઉજવણીમાં બાપ્પાને તેમના ૧૦૭માં વર્ષમાં આવકારવા હજારો ભક્તો ભરપૂર ઉત્સાહના વાતાવરણમાં એકઠા થયા હતા.

વિશિષ્ટ થીમ્સના વારસાને આગળ વધારતા ચિંચપોકલી સાર્વજનિક ઉત્સવ મંડળે આ વર્ષે દક્ષિણ ભારતીય મંદિર સ્થાપત્યની ભવ્યતા પ્રેરિત એક વિશિષ્ટ અને કલાત્મક ડિઝાઇન તૈયાર કરી છે. તદનુસાર ચિંતામણિની પ્રતિમાને તિરુમાલાના તિરુપતિના ભગવાન વેંકટેશ્વર બાલાજીની રેખાઓ જેવી હૂબહૂ શણગારવામાં આવી છે, જેમાં ગરુડ, કીર્તિમુખ, શંખ, ચક્ર અને કપૂર તિલક જેવી પરંપરાગત મનભાવન પવિત્ર શણગાર રેખાઓ નજરે પડે છે. અહીંનો ભવ્યાતિભવ્ય પંડાલ હૈદરાબાદમાં શ્રી વેંકટેશ્વર મંદિર (સ્વર્ણગિરિ) અને ભુવનગિરિના સ્થાપત્ય વૈભવની આબેહૂબ પ્રતિકૃતિની અનુભૂતિ કરાવે છે, જે ઊંચા ગોપુરમ, પવિત્ર દીપસ્તંભ અને શિલ્પિત યાલી/વ્યાલા રક્ષક આકૃતિઓથી સભર છે એવી માહિતી ચિંચપોકલી સાર્વજનિક ઉત્સવ મંડળના પ્રમુખ રાજેન્દ્ર ડિચોલકરે આપી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ચાલુ વર્ષે પ્રતિભાશાળી કલાકારો, કુશળ કારીગરો અને આધુનિક ટેક્નોલોજીની મદદથી કારીગરોની કલાત્મક અને સર્જનાત્મક સૂઝબૂઝથી કલ્પના મુજબના વિચારબીજને જીવંત કરવામાં આવ્યું છે ત્યારે તે ચિંચપોકલી ચા ચિંતામણિના આશીર્વાદ પ્રાપ્ત કરવા આવતા તમામ ભક્તજનો માટે એક વિશિષ્ટ આકર્ષણ અને આનંદનો સ્રોત બનશે. ■

# રાજ્ય સરકારે આદિવાસી વિદ્યાર્થીઓની માગણીઓ સ્વીકારી, ભૂખ હડતાળ પાછી ખેંચવાની અપીલ

મુંબઈઃ ત્રણ શહેરમાં ભૂખ હડતાળ પર બેઠેલા આદિવાસી દેખાવકારોની બધી માગણી સરકારે સ્વીકારી લીધી હોવાની જાહેરાત મહારાષ્ટ્રના આદિજાતિ વિકાસ પ્રધાન અશોક ઉઈકેએ શનિવારે કરી હતી. આ માગણીઓ સરકારી સેવામાં અનુસૂચિત જનજાતિના ઉમેદવારોની ભરતી અને આદિવાસી બાળકો માટે રહેણાંક શાળાઓમાં સ્થિતિમાં સુધારો કરવા સંબંધિત હતી. ગઢચિરોલી જિલ્લામાં એક રહેણાંક શાળામાં સાપ કરડવાથી ત્રણ આદિવાસી છોકરીના મૃત્યુ બાદ પુણે, નાગપુર અને નાશિકમાં શરૂ કરવામાં આવેલું વિરોધ પ્રદર્શન આજે મોડી રાત્રે પાછું ખેંચી લેવામાં આવે તેવી શક્યતા છે. વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓએ રાજ્ય કૉંગ્રેસના નેતાઓ અને રાષ્ટ્રીય વિદ્યાર્થી સંઘ (એનએસયુઆઈ) સહિત અન્ય લોકોનો આંદોલનને ટેકો આપવા બદલ આભાર માન્યો હતો. મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ઉઇકેએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓના પ્રતિનિધિમંડળો સાથે ચર્ચા કર્યા પછી તેમની બધી માગણીઓ સ્વીકારી લીધી છે. મુખ્ય પ્રધાને તેમને ખાતરી પણ આપી છે કે ત્રણ મહિના પછી નિર્ણયોના અમલીકરણની સમીક્ષા કરવા અને કોઈ મુશ્કેલીઓ છે કે કેમ તે જોવા માટે ફરી એક બેઠક યોજવામાં આવશે. ભૂખ હડતાળ પર બેઠેલા વિદ્યાર્થીઓને વિરોધ પાછો ખેંચી લેવા અને ફરી ભણતર પર ધ્યાન કેન્દ્રિત કરવા તેમણે અપીલ કરી હતી. (પીટીઆઈ)■

# પોલીસ સબ-ઈન્સ્પેક્ટરે ટ્રેન સામે ઝંપલાવી જીવન ટૂંકાવ્યું

મુંબઈઃ ધસમસતી ટ્રેન સામે ઝંપલાવીને ૫૦ વર્ષના પોલીસ સબ-ઈન્સ્પેક્ટરે (પીએસઆઈ) જીવનનો અંત આણ્યો હોવાની ઘટના હિંગોલી શહેરમાં શનિવારની સવારે બની હતી.

અધિકારીના જણાવ્યા મુજબ કથિત આત્મહત્યા કરનારો અમોલ વિઠલરાવ ગંગલવાડ હિંગોલી પોલીસ કન્ટ્રોલ રૂમ સાથે સંકળાયેલો હતો. વરદી પહેરીને ઘરેથી નીકળેલા ગંગલવાડે સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ પૂર્ણાથી અકોલા તરફ જતી પેસેન્જર ટ્રેન સામે ખટકાળી બાયપાસ પાસે કૂદકો માર્યો હતો.ઘટના અંગે ટ્રેનના લોકોમોટિવ પાઈલટે તરત જ રેલવે અધિકારીને જાણ કરી હતી. રેલવે અધિકારીએ પોલીસને માહિતી આપતાં હિંગોલી સિટી પોલીસ સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)■


जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

જન્મે તેનું મૃત્યુ અને મૃત્યુ પામે તેનો જન્મ નિશ્ચિત છે
તેથી, જે અનિવાર્ય છે તેનો શોક કરવો વ્યર્થ છે
- ભગવદ્ ગીતા (અધ્યાય ૨, શ્લોક ૨૭)



રસિકભાઈ લ. મેસવાણી
૨૪ ઑક્ટોબર, ૧૯૩૮ – ૩૦ ઑગષ્ટ, ૧૯૮૫

સમય દુઃખને હળવું કરી શકે, પણ પ્રેમને તો વધુ ગાઢ જ બનાવે છે.
તમે આનંદની ઉજાણી કરીને અગણિત જિંદગીઓને સ્પર્શ્યા છો.
તમારી સાર્થક જિંદગીને અમે કૃતજ્ઞતાથી યાદ કરીએ છીએ.
અમારા અંતરમાં તમારી હયાતી નિરંતર ધબકી રહી છે.

પ્રેમાળ સ્મૃતિમાં
મેસવાણી અને અંબાણી પરિવાર
તથા સમસ્ત રિલાયન્સ પરિવારના તમામ સાથીઓ

Reliance Industries Limited
Growth is Life
www.ril.com

છેલ્લા પાનાનું ચાલુ

## મરાઠા આંદોલનકર્તા

ચકાસણી સમિતિને નાબૂદ કરવાની પણ માગ કરી જો સરકાર તમામ પડતર અનામત મુદ્દાઓનો ઉકેલ લાવવામાં નિષ્ફળ રહેશે તો મુંબઈમાં મુખ્ય પ્રધાનના નિવાસસ્થાન સુધી મોરચો લઈ જવાની ધમકી આપી હતી. જરાંગેએ અનેક આંદોલનોનું નેતૃત્વ કર્યું છે જેમાં માગ કરવામાં આવી છે કે લાયક મરાઠાઓને કુણબી તરીકે માન્યતા આપવામાં આવે. કુણબી એક કૃષિ સમુદાય છે જે અન્ય પછાત વર્ગ (ઓબીસી) શ્રેણી હેઠળ શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અનામતનો લાભ મેળવે છે. (પીટીઆઈ)

## એફડીએની

સસ્પેન્શન રદ કર્યું હતું. કથિત સ્વચ્છતા ઉલ્લંઘન અને અન્ય લોકોની કામગીરીની અનિયમિતતાઓને કારણે કામગીરી સ્થગિત કરવાના એફડીએના નિર્ણયને એમસીએ દ્વારા હાઇ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

ગુરુવારે હાથ ધરવામાં આવેલા નવા નિરીક્ષણમાં ૮૮ ટકા પાલન જોવા મળ્યું હોવા છતાં, એફડીએનું શરૂઆતમાં સસ્પેન્શન જાળવી રાખવામાં આવ્યું હતું કારણ કે એમસીએના નામે લાઇસન્સ નોંધાયેલા હોવા છતાં, રેસ્ટોરાં મેસર્સ શિર્કે ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સંચાલિત હતા. (પીટીઆઈ)

## બિહારના

કાશ્મીરી પંડિતોને ઉપહાસના વિષય ગણી શકાય નહીં એ આપણે સ્વીકારી લેવું જોઈએ. કોઈ વ્યક્તિ ઈરાદાપૂર્વક અપમાન કરી શકે પછી માફી માગી ન શકે. આમ કરવાથી તેમને દેશભરમાં વિનામૂલ્યે પ્રસિદ્ધિ મળી જાય છે.'

આ એપિસોડમાં અભિનેત્રી અને ટેલિવિઝન પર્સનાલિટી અર્ચના પૂરણ સિંહ અને સોશ્યલ મીડિયા પર્સનાલિટી ઓરહાન હતા.

## નવી મુંબઈમાં

વિસ્તારના પાંચ બીએલઓને સસ્પેન્ડ કરી દીધા છે, એવું રાયગડના કલેક્ટરે જણાવ્યું હતું.

આ મામલે ખારઘર પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને રિપ્રેઝન્ટેશન ઑફ ધ પિપલ ઍક્ટ હેઠળ પાટીલ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પાટીલને તાબામાં લેવાયો હતો. સ્ટાન્ડર્ડ લીગલ પ્રોસિઝર અનુસાર નોટિસ આપીને તેને છોડી મુકાયો હતો, એવું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

## નેપાળથી

લીધા છે. કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકારે અમને ઘરે પાછા ફરવામાં મદદ કરી અને અમે તેમના આભારી છીએ,'' મુંબઈ એરપોર્ટ પર પહોંચતા પરત ફરેલા એક પ્રવાસીએ કહ્યું. કૈલાશ માનસરોવર યાત્રાનો ભાગ રહેલા અન્ય એક પ્રવાસીએ તે ક્ષણને યાદ કરી જ્યારે તેમને અચાનક પૂરથી થયેલા વિનાશના પ્રમાણનો અહેસાસ થયો. અન્ય એક મહિલા પ્રવાસી માટે, સલામત પરત ફરવું એ દૈવી હસ્તક્ષેપથી ઓછું નહોતું. મહારાષ્ટ્ર સરકારે આ પહેલાં જણાવ્યું હતું કે ૨૬ ઓગસ્ટના અચાનક પૂર પછી નેપાળ-તિબેટ ક્ષેત્રમાં ફસાયેલા રાજ્યના ૪૦૪ લોકોમાંથી, અધિકારીઓએ ૩૩૮ લોકો સાથે સંપર્ક સ્થાપિત કર્યો છે અને તેમની સલામતીની પુષ્ટિ કરી છે, અને તેમાંથી ૩૭ લોકોને ભારત ખસેડવામાં આવી રહ્યા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે મુંબઈ સ્થિત રિચા ટુર્સ દ્વારા નેપાળ ગયેલા ૬૦ પ્રવાસીઓ હજુ પણ શોધી શકાતા નથી.

## વિદર્ભના

મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રના યાત્રાળુઓના એક જૂથમાં સામેલ હતા જેઓ પશુપતિનાથ મંદિરની યાત્રા માટે નેપાળ ગયા હતા.ખાપરેએ પીટીઆઈને જણાવ્યું હતું કે આ જૂથ ૧૯ ઓગસ્ટે ટ્રેન દ્વારા નેપાળ જવા રવાના થયું હતું અને ૨૧ ઓગસ્ટે પશુપતિનાથ મંદિર પહોંચ્યું હતું. તેમની યાત્રા પૂર્ણ કર્યા પછી તેઓ ૨૫ ઓગસ્ટે કાઠમંડુ પાછા ફર્યા હતા. બુધવારે રાસુવા અને મધ્ય નેપાળના અન્ય ભાગોમાં અચાનક પૂર આવતાં જાનહાનિ થઈ હતી અને વસાહતો, રસ્તાઓ, પુલો અને જળવિદ્યુત માળખાને વ્યાપક નુકસાન થયું હતું. (પીટીઆઈ)

## આજે મુંબઈ

એક્સપ્રેસ ટ્રેનોને વિદ્યાવિહાર ખાતે ડાઉન ફાસ્ટ લાઇન પર અને ત્યારબાદ ઠાણે ખાતે પાંચમી લાઇન પર વાળવામાં આવશે.

મેગાબ્લોકના કારણે ગોદાન એક્સપ્રેસ, નેત્રાવતી એક્સપ્રેસ, સોલાપુર-સીએસએમટી વંદે ભારત, પુણે-સીએસએમટી સિંહગઢ એક્સપ્રેસ, પુણે-સીએસએમટી ડેક્કન ક્વીન, પુણે-સીએસએમટી પ્રગતિ એક્સપ્રેસ, મેંગલુરુ-સીએસએમટી એક્સપ્રેસ, રાજગીર-એલટીટી જનતા એક્સપ્રેસ, કાકીનાડા પોર્ટ-એલટીટી એક્સપ્રેસ અને બનારસ-એલટીટી સુપરફાસ્ટ એક્સપ્રેસને વિલંબનો સામનો કરવો પડી શકે છે, જેના કારણે લાંબા અંતરની મુસાફરી કરનારા મુસાફરોને પણ અસર થવાની શક્યતા છે.

ટ્રાન્સ-હાર્બર માર્ગ પર થાણે-વાશી અને થાણે-નેરુળ વચ્ચે અપ અને ડાઉન લાઇન પર સવારે ૧૧.૧૦ વાગ્યાથી સાંજે ૪.૧૦ વાગ્યા સુધી મેગાબ્લોક રહેશે. આ સમય દરમિયાન થાણેથી વાશી, નેરુળ અને પનવેલ તરફ જતી તેમ જ પનવેલ, નેરુળ અને વાશીથી થાણે તરફ આવતી ટ્રાન્સ-હાર્બર લોકલ સેવાઓ રદ રહેશે. જોકે, બેલાપુર-ઉરણ માર્ગ પરની લોકલ સેવાઓ રવિવારના સમયપત્રક મુજબ ચાલુ રહેશે.

## મહારાષ્ટ્રના

આયોજન માટે પુણેની બિડ રજૂ કરવા માટે કેનેડાના મોંટ્રીયલ શહેર જઈ રહ્યા છે. મે મહિનામાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કરકસરનાં પગલાંની જાહેરાત કરી હતી, જેમાં તેમના કેબિનેટ સાથીદારોના કાફલામાં વાહનોની સંખ્યા અડધી કરવા તેમજ પ્રધાનો અને અધિકારીઓના વિદેશ પ્રવાસો રદ કરવા સહિતનો સમાવેશ થાય છે. મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલ દ્વારા વિદેશ પ્રવાસો પર પ્રતિબંધ મૂકતો પરિપત્ર જારી કરવામાં આવ્યા બાદ પ્રધાનો અને વિધાન સભ્યોના અનેક પ્રવાસો રદ કરવામાં આવ્યા હતા. વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે રાજ્યના વિધાન સભ્યોનો જાપાનનો અભ્યાસ પ્રવાસ રદ કર્યો હતો. પ્રવાસન પ્રધાન શંભુરાજે દેસાઈએ લંડન અને પેરિસનો પ્રવાસ રદ કર્યો હતો. સાંસ્કૃતિક બાબતોના પ્રધાન આશિષ શેલારે કાનની મુલાકાત રદ કરી હતી. અધિકારીઓ દ્વારા વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ મૂકતો મે મહિનાનો પરિપત્ર પાછો ખેંચી લેવામાં આવ્યો છે અને શું હવે અધિકારીઓના વિદેશ પ્રવાસોને મંજૂરી આપવામાં આવી છે એવા સવાલનો જવાબ મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલે નહોતો આપ્યો.

## શાહે શિંદેને

'તમે ચિંતા ન કરો' એવું આશ્વાસન આપ્યું હોવાની સૂત્રોની માહિતી છે.

દરમિયાન, મુંબઈ મહાનગરપાલિકાના મેયરપદને લઈને મહાયુતિમાં ફરી રાજકીય ખેંચતાણની ચર્ચા છે. અઢી વર્ષ બાદ મુંબઈનો મેયર શિવસેનાનો બનશે અને ભાજપ તથા શિવસેના વચ્ચે સવા-સવા વર્ષનો ફોર્મ્યુલા નક્કી થયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે, ભાજપે આવો કોઈ ફોર્મ્યુલા નક્કી થયો ન હોવાનું જણાવાયું છે. બીજી તરફ, શિવસેનાના જૂથનેતા અમેય ઘોલેએ દાવો કર્યો છે કે વર્ષા બંગલા ખાતે મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્યમંત્રી વચ્ચે મેયરપદ અંગે ફોર્મ્યુલા નક્કી થયો હતો અને ભાજપે સવા વર્ષનું મેયરપદ આપવાનું વચન આપ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ, મહાયુતિની સમન્વય સમિતિમાં મેયરપદ અંગે ચર્ચા થઈ હતી. પ્રથમ અઢી વર્ષ ભાજપનો મેયર, ત્યારબાદ અઢી વર્ષ શિવસેનાનો મેયર અને આ સમયગાળામાં પણ સવા-સવા વર્ષનો ફોર્મ્યુલા હોવાનો દાવો છે. આ મુદ્દે સંજય રાઉતે શિંદે જૂથ પર આક્ષેપ કરતા કહ્યું હતું કે શિંદેએ મેયરપદ માટે વ્યવહાર કર્યો છે અને સવા વર્ષનું મેયરપદ ખરીદ્યું છે. તેના જવાબમાં નવનાથ બને કહ્યું હતું કે ઠાકરેએ મુખ્યમંત્રીપદ માટે કેટલા કરોડ રૂપિયા આપ્યા તેનો ખુલાસો કરવો જોઈએ.

## હાઈ કોર્ટે

નોટિફિકેશન નાગરિકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે મોટર વ્હિકલ ઍક્ટ રાજ્ય સરકારને ડ્રાઈવર માટે લાયકાત તરીકે, બેજની શરત તરીકે અથવા પરમિટની શરત તરીકે કોઈપણ ભાષા ખપ પૂરતી શીખવવા સૂચવવાનો કોઈ અધિકાર આપતો નથી. (પીટીઆઈ)

## કલ્યાણનો

પરિવારે તેમના લોકેશન અંગેની માહિતી મેળવવા સંબંધિત અધિકારીઓનો સંપર્ક સાધ્યો હતો, પરંતુ હજુ સુધી તે સંબંધિત કોઈ ચોક્કસ માહિતી મળી શકી નથી. અભિષેકના એક મિત્રએ તેના લોકેશનની જાણકારી મેળવવા માટે એઆઈ ટૂલ્સનો ઉપયોગ કર્યો હતો. આ સાધનોના આધારે અભિષેક સલામત વિસ્તારમાં હોવાની શક્યતા દર્શાવવામાં આવી હતી. જોકે, પરિવાર આ માહિતીને અપ્રમાણિત માનીને અધિકારીઓ પાસેથી સત્તાવાર અને ચોક્કસ માહિતીની રાહ જોઈ રહ્યો છે. પરિવારના જણાવ્યા મુજબ, અભિષેકે લાંબા સમયથી આ યાત્રાનું આયોજન કર્યું હતું અને યાત્રાને લઈને તે ખૂબ ઉત્સાહિત હતો. પરિવારે જણાવ્યું કે સ્થાનિક પ્રવાસ સંચાલક દ્વારા સમગ્ર ભારતમાંથી આશરે ૭૦થી ૮૦ યાત્રાળુઓને પાંચ વાહનોમાં લઈ જવામાં આવી રહ્યા હતા, ત્યારે ભારે વરસાદ અને અચાનક પૂરની સ્થિતિ સર્જાઈ હતી.

## નાલાસોપારામાં

કલરની બ્રેઝા કાર પર પડી હતી. જુલૂસ માટે અડચણરૂપ જણાતી એ કારને ખસેડવા પોલીસે નંબર પ્લૅટને આધારે તેના માલિકની વિગતો પ્રાપ્ત કરી હતી.

ઑરેન્જ બ્રેઝા કાર રાયગડના ગવ્હાણ ખાતે રહેતી આફરીન શેખના નામે રજિસ્ટર્ડ હોવાનું જણાયું હતું. પોલીસે આફરીનનો સંપર્ક સાધતાં તેની કાર ચોરાઈ હોવાનું જાણવા મળ્યું હતું. જે વ્યક્તિને કાર ચલાવવા આપી હતી તે કાર સાથે રફુચક્કર થઈ ગયો હતો. એ વ્યક્તિનો મોબાઈલ સ્વિચ ઑફ્ફ આવતો હોવાથી આફરીને ઉરણ પોલીસમાં ફરિયાદ કરી હતી. જોકે નવાઈની વાત એ હતી કે આફરીનની બ્રેઝા કાર ઑરેન્જ નહીં, પણ સફેદ કલરની હતી.

શંકાને પગલે પોલીસે તપાસ હાથ ધરતાં વસઈના વાલિવ ખાતે રહેતા અફઝલ ચૈધરીએ એ કાર તેની હોવાનો દાવો કર્યો હતો. પોલીસે કારને અનલૉક કરી ચેસીસ નંબરને આધારે ચકાસણી કરી તો કારનો નંબર પ્લૅટ બોગસ હોવાની આંચકાજનક જાણકારી મળી હતી. કારનો માલિક નીતિન માંજરેકર બોરીવલીમાં રહેતો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

## ફડણવીસના

મુખ્ય પ્રધાનના કાર્યક્રમમાં લોકોની નહિવત હાજરીને મુદ્દો બનાવ્યો છે. રાઉતે પોતાના સંદેશમાં કહ્યું કે નાશિકમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કુંભમેળા નિમિત્તે નાશિકની જનતાને આમંત્રણ આપ્યું હતું અને મુખ્ય પ્રધાનના આહ્‌વાનને મળેલો આ 'અભૂતપૂર્વ પ્રતિસાદ' છે.

સંજય રાઉતે આ સાથે સરકાર અને ચૂંટણી પ્રક્રિયા અંગે પણ ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું, લોકોનો વિશ્વાસ આ લોકો પર નથી, છતાં ઈવીએમમાં મત ઘુસાડીને વિજય મેળવો છો! રાઉતના આ નિવેદનથી ફરી એકવાર ઈવીએમને લઈને રાજકીય ચર્ચા શરૂ થઈ છે. કાર્યક્રમમાં ખાલી રહેલી ખુરશીઓના વીડિયોને આધારે રાઉતે સરકાર પ્રત્યે લોકોના કથિત અસંતોષ પર નિશાન સાધ્યું છે.

વિરોધીઓના આક્ષેપો પર પ્રહાર કરતા ફડણવીસે કહ્યું કે કુંભમેળાને બદનામ કરવા માટે દરરોજ ભ્રષ્ટાચારના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. તેમણે આને વિરોધીઓની એક પ્રકારની રણનીતિ ગણાવી હતી. ફડણવીસે રામ મંદિરનો ઉલ્લેખ કરીને પણ વિરોધીઓ પર નિશાન સાધ્યું અને કહ્યું કે જ્યાં સનાતન અને હિન્દુ આસ્થા સાથે જોડાયેલા સ્થળો હોય ત્યાં આ પ્રકારના આક્ષેપો કરીને લોકોના મનમાં ગેરસમજ ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. કુંભમેળાની તૈયારીઓ વચ્ચે હવે એક તરફ વિકાસકામો અને ભ્રષ્ટાચારના આક્ષેપોને લઈને રાજકીય ટકરાવ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ સંજય રાઉતના ઈવીએમ અંગેના નિવેદનથી રાજકીય ચર્ચાએ વધુ વેગ પકડ્યો છે.

## સિપ્લાનું લાઈસન્સ

તથા વેચાણ સંબંધિત રેકોર્ડમાં ગંભીર ખામીઓ મળ્યા બાદ શરૂ થયો હતો. આ કાર્યવાહી હેઠળ કંપનીના પુણે સ્થિત વડકી ખાતેના પરિવહન અને વિતરણ કેન્દ્ર માટેનું ડ્રગ વેચાણ લાઈસન્સ ૨૭ ઓગસ્ટથી તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યું હતું. કંપનીએ આ નિર્ણયને બોમ્બે હાઈ કોર્ટમાં પડકાર્યો હતો. કંપની તરફથી વરિષ્ઠ વકીલ આબાદ પોંડાએ દલીલ કરી હતી કે એફડીએના આદેશથી ઉત્પાદનોની સલામતી, ગુણવત્તા કે અસરકારકતા અંગે કોઈ શંકા ઊભી થતી નથી અને દર્દીઓની સલામતી અંગે પણ કોઈ ચિંતા દર્શાવવામાં આવી નથી.

સુનાવણી દરમિયાન એફડીએની કાર્યવાહી સામે સૌથી મોટો સવાલ સુનાવણીની પ્રક્રિયાને લઈને ઉઠ્યો. એફડીએએ કંપનીને ૨૬ ઓગસ્ટે જાહેર રજાના દિવસે સુનાવણી માટે હાજર રહેવા ઈમેલ કર્યો હતો. કંપનીનો કોઈ પ્રતિનિધિ તે દિવસે ઉપલબ્ધ ન હોવાથી સુનાવણી મુલતવી રાખવાની વિનંતી કરવામાં આવી હતી. તેમ છતાં, કંપનીના વકીલના જણાવ્યા મુજબ, એફડીએએ વાસ્તવિક સુનાવણી હાથ ધર્યા વિના જ તે જ દિવસે લાઈસન્સ રદ કરવાનો આદેશ જારી કરી દીધો હતો.

## એસઆઈઆરમાં

ટકા અને દિંડોશીમાં ૩૫.૪૭ ટકા મતદારોની ચકાસણી થઈ નથી. બાંદ્રા પૂર્વમાં ૩૪.૪૭ ટકા, કાંદિવલી પૂર્વમાં ૩૩.૬૯ ટકા અને ચારકોપમાં ૩૨.૯૧ ટકા મતદારો ચકાસણી બહાર છે. જ્યારે બોરીવલીમાં સૌથી ઓછા ૨૫.૬૨ ટકા મતદારો ચકાસણી બહાર હોવાનું સામે આવ્યું છે.

વર્સોવામાં ૧ લાખ ૧૪ હજાર મતદારોની ચકાસણી થઈ નથી. અહીં વિજેતા ઉમેદવારની બહુમતી માત્ર ૧,૬૦૦ મત હતી. એટલે ચકાસણી બહાર રહેલા મતદારોની સંખ્યા વિજેતાને મળેલા બહુમતી મત કરતાં ૭૧.૨૫ ગણી છે. જોગેશ્વરી પૂર્વમાં ૧,૫૪૧ મતની બહુમતી સામે ૯૧ હજાર ૪૩૭ મતદારો ચકાસણી બહાર છે, જે બહુમતી કરતાં ૫૯.૩૬ ગણા છે. મલાડ પશ્ચિમમાં આ પ્રમાણ ૨૨.૭૬ ગણું, દિંડોશીમાં ૧૮.૨૪ ગણું, બાંદ્રા પૂર્વમાં ૭.૬૯ ગણું, બાંદ્રા પશ્ચિમમાં ૫.૫૬ ગણું અને અંધેરી પશ્ચિમમાં ૫.૪૨ ગણું છે.

પશ્ચિમ પરાંના ૧૫ વિધાનસભા મતવિસ્તારોમાં વિજેતા ઉમેદવારોની બહુમતીનો કુલ આંકડો ૫ લાખ ૪૭ હજાર ૯૬૩ છે, જ્યારે ચકાસણી ન થયેલા મતદારોની સંખ્યા ૧૫ લાખ ૩૪ હજાર ૮૭૧ છે. એટલે કે ચકાસણી બહાર રહેલા મતદારોની સંખ્યા સંયુક્ત ચૂંટણીમાં મળેલા બહુમતીના મત કરતાં લગભગ ત્રણ ગણી છે. મલાડ પશ્ચિમમાં ૧,૪૧,૬૬૭, ગોરેગાંવમાં ૧,૨૨,૯૬૪, દિંડોશીમાં ૧,૧૨,૮૦૮, વર્સોવામાં ૧,૧૪,૦૦૦, બાંદ્રા પશ્ચિમમાં ૧,૧૦,૭૮૧, ચારકોપમાં ૧,૦૬,૯૫૦ અને અંધેરી પશ્ચિમમાં હજી સુધી ૧,૦૬,૧૭૨ મતદારો ચકાસણી બહાર છે.

## મુંબઈનાં

ચૂક્યા હતા કે નહીં તે હજુ સ્પષ્ટ નથી. ડો. ચિતળેએ સ્થાપેલી હિલ્સ એન્ડ ટ્રેઇલ્સ કંપનીના એક અધિકારી સ્થિતિની માહિતી મેળવવા નેપાળ પહોંચ્યા હોવાનું જણાવાયું છે. ગોરેગાંવના રહેવાસી રાહુલ દેસાઈના ૬૭ વર્ષીય સસરા અવિનાશ મર્ચન્ટ અને તેમના ચાર મિત્રો પણ આ યાત્રામાં ગુમ હોવાનું જણાવાયું છે. તેઓ ૨૩ ઓગસ્ટે રિચા ટૂર્સ મારફતે કૈલાશ પરિક્રમા માટે કાઠમંડુ ગયા હતા. ૨૬ ઓગસ્ટે સવારે ૭ વાગ્યે અવિનાશ મર્ચન્ટનો છેલ્લો સંદેશ આવ્યો હતો, જેમાં તેમણે સરહદ તરફ રવાના થઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું. દેસાઈના જણાવ્યા મુજબ, સવારે આશરે ૮.૩૦ વાગ્યે તેમના મિત્રની આઇવોચ પરથી મળેલા છેલ્લાં લોકેશનમાં તેઓ ચેકપોસ્ટ બ્રિજ પાસે હોવાનું જાણવા મળ્યું હતું.

રાહુલ દેસાઈએ જણાવ્યું કે પરિવાર હાલ તમામ સત્તાવાર માધ્યમો મારફતે માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેમણે આવી પરિસ્થિતિમાં અસરગ્રસ્ત પરિવારો માટે એક જ સ્થળેથી માહિતી મળી શકે તેવી સિંગલ-વિન્ડો વ્યવસ્થાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## જૈન મરણ

સ્વ. ઉષા લલિતકુમાર શેઠ (ઉં. વ. ૮૪) તે તા.: ૨૮/૦૮/૨૦૨૬ ના રોજ અરિહંત શરણ પામેલ છે.

**સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

હરમડીયા (ગીર) નિવાસી હાલ મલાડ સ્વ. ચંપકલાલ શાંતિલાલ મડીયા તથા સ્વ. બિંદુબેન ચંપકલાલ મડીયાના સુપુત્ર હર્ષિલ (ઉં. વ. ૪૭) તે મિતલબેનના પતિ. તે હર્ષના પિતા. તે અમીષાબેન હીરેનભાઇ મહેતાના ભાઇ. તેમ જ આંબા નિવાસી ભૂપતરાય નંદલાલ ગલાણીના જમાઇ. તે પ્રદીપભાઇ, ભરતભાઇ ઘોડાદરના ભાણેજ તા. ૨૮-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર તા. ૩૦-૮-૨૬ના ૧૦થી ૧૨. ઠે. કાંદિવલી સ્થા. જૈન ઉપાશ્રય, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ચલાળા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ચુનીલાલ ઝવેરચંદ મહેતાના સુપુત્ર રસીકભાઈ (ઉં. વ.૮૯) તે ૨૯.૮.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સુનંદાબેનના પતિ. ધારીણી અને શ્રેણિકના પિતા. કેતન અને જીજ્ઞાના સસરા. ક્ષિતિજ, રિશિ, દેવાંશના દાદા. સ્વ. જયંતીભાઈ, સ્વ. બાબુભાઈ, સ્વ. મનસુખભાઈ, સ્વ. કંચનબેન, સ્વ. હિરાબેન, સ્વ. વિમળાબેન, સ્વ. હંસાબેનના ભાઈ. સ્વ. વિનયચંદ ગંભીરદાસ મહેતાના જમાઈ. લૌકિક વ્ય. બંધ છે. ઠે. એ-૩, મધુકુંજ, નવરોજી ક્રોસ લેન, મુનિસુવ્રત દેરાસરની બાજુમાં, ઘાટકોપર (વે.). મુંબઈ-૮૬.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

સરદારગઢ નિવાસી હાલ મુલુંડ કુસુમબેન પ્રવિણચંદ્ર પારેખ (ઉં.વ.૯૦) તે ૨૭.૮.૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રવિણચંદ્ર લામીચંદ પારેખના ધર્મપત્ની. જેતલ, વિરલ, ચાંદનીના માતુશ્રી. બિજલ, શીતલ, કૌશિકભાઈના સાસુ. દિવ્યાંશ, વત્સલ, હૃદાંશ, જુહી, દીપના દાદી-નાની. પિયર પક્ષે માંડવી નિવાસી દિવાળીબેન હાથીભાઇ શાહના સુપુત્રી. જશવંતભાઇ અને શકુંતલાબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

અમરેલી નિવાસી હાલ વિલેપાર્લા જયસુખલાલ ગિરધરલાલ વોરાના ધર્મપત્ની મધુકાંતાબહેન (ઉં. વ. ૭૩) તા. ૨૮-૮-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે દિપક, ભાવના, જતીન, વૈશાલીના માતુશ્રી. પીનલ, શીતલ, પ્રેજલકુમાર તથા પરાગકુમારના સાસુ. કીયાન, ધૃહી, ધર્મીના દાદી. સાક્ષી તીર્થ શાહ, અર્થના નાની. સ્વ. નિર્મલાબેન ભુપતરાય, જશુબેન ગુણવંતરાય, સ્વ. ગુણીયલબેન દલીચંદ, સ્વ. પુષ્પાબેન વિનોદરાય, ભારતીબેન ચંદ્રકાન્તના ભાભી. પિયર પક્ષે વીરચંદ ખીમચંદ બખાઇ કુતિયાણાવાળાના દીકરી. માતૃવંદના તા. ૩૦-૮-૨૬ના રવિવારે ૩થી ૫. ઠે. અમૃતબાગ, બજાજ રોડ, વિલેપાર્લે, (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દેવળીયા નિવાસી હાલ મુલુંડ સ્વ. રતીલાલ કેશવજી દોશીના સુપુત્ર દિલીપભાઇ રતીલાલ દોશીના ધર્મપત્ની અ. સૌ. રેખાબેન (ઉં. વ. ૭૨) તા. ૨૮-૮-૨૬ શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. મિતુલ અને અ. સૌ. સ્નેહાના માતુશ્રી. અ. સૌ. ગ્રેહા તથા હિરેનકુમાર સંઘવી (સણોસરા)ના સાસુ. નરેન્દ્રભાઇ, રાજેશભાઇ, સ્વ. સ્મિતાબેન, જયશ્રીબેન અને સ્વ. વાસંતીબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. દલીચંદ મોતીચંદ લાખાણી (દિહોર)ના દીકરી. જયસુખભાઇ, પ્રકાશભાઇ, ભારતીબેન અને ભદ્રાબેનના બહેન. પ્રાર્થનાસભા તા. ૩૦-૮-૨૬ના રવિવારે બપોરે ૪થી ૬. ઠે. ટીપ ટોપ પ્લાઝા, રીગલ હોલ, ૨જે માળે, થાણે ચેકનાકા.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કાંતિલાલ ગોરધનદાસ વોરા ના પુત્ર ધનવંતરાય વોરા (ઉં. વ. ૭૯) તે ૨૮/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે વાસંતીબેન (વર્ષા)ના પતિ. સ્વ. અનંતરાય, સ્વ. વિનોદરાય, સ્વ. નિરંજનભાઈ, સ્વ. પ્રતાપરાય, સ્વ. શરદચંદ્ર, સ્વ. અનસૂયાબેન મફતલાલ શાહના ભાઈ. રૂપલ જયન (જીગર) વોરાના સસરા. નૌતમલાલ નાનચંદ શાહ ના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

શેરડીના અ.સૌ. અનિતાબેન હીંમતકુમાર મારૂ (ઉં. વ. ૫૮) તા. ૨૬-૦૮-૨૦૨૬નાં અવસાન પામેલ છે. સ્વ. આસબાઇ નાનજી વેરશી મારૂના પુત્રવધૂ. હીંમતકુમાર નાનજી મારૂના ધર્મપત્ની. શૈલેષ, સૌનલના માતુશ્રી. બુરહાનપુર સ્વ. પુષ્પાલતાબેન ઉત્તમચંદના દિકરી. બુરહાનપુર આશાબેન કનક શહાના બહેન. પ્રાર્થના સભા રાખેલ નથી. હીંમતભાઇ મારૂ, સી-૭૦૨, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇ).

ગોધરાના શ્રી ઝવેરચંદ કુંવરજી છેડા (ઉં. વ. ૮૨) તા. ૨૯-૮નાં અવસાન પામેલ છે. તેજબાઇ કુંવરજીના સુપુત્ર. હેમલતા (દમયંતી)ના પતિ. સંસાર પક્ષે પ.પૂ.સા.શ્રી આગમ કિરણાશ્રીજી મ.સા., ચંદન, કુંજન, અશોકના પિતાશ્રી. કાંતીલાલ, ડોણના મણીબેન રામજી, નવાવાસના ખેતબાઇ દેવજી, પત્રીના તારાબાઇ લાલજીના ભાઇ. ડોણના તેજબાઇ ભવાનજીના જમાઇ. પ્રા. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી.રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ), સ્ટેશનની બાજુમાં. ટા. ૧૧ થી ૧૨.૩૦.

નાના આસંબીયાના શ્રી કાંતિલાલ વસનજી છેડા (ઉં. વ. ૯૨) તા. ૨૭-૦૮-૨૬ ના અવસાન પામેલ છે. માતુશ્રી મીઠાબાઈ વસનજી ખીમજી છેડાના સુપુત્ર. શ્રીમતી જયાબેનના પતિ. સિદ્ધાર્થના પિતા. ચાંપશીભાઈ, ગોધરાના મણીબેન મણીલાલ, પલસાણાના સવિતાબેન મોહનભાઈ દેસાઈ, શાંતિલાલભાઈ, લાયજાના ખુશ્બનબેન પ્રવીણચંદ્ર (તેજુ કાયા) ના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કાંતિલાલ છેડા, અ-૯૦૩, જુહુ એક્રોપોલીસ, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જુહુ, મુંબઈ-૪૦૦૦૪૯.

પ્રાગપરના કુ. નીરવી (૧ દિવસ) અંજના તેજસ દેઢીયાની સુપુત્રી ૨૩-૮-૨૬નાં અવસાન પામેલ છે. પ્રવિણા પ્રવિણ દેઢીયાની પૌત્રી. માયરા, નંદીનીની બહેન. દમણ નિવાસી સુનીતા મોનીલ કુમાર જૈનની દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : પ્રવિણ એમ. દેઢીયા, બ્લો.નંબર ૧૦૩/૧૦૪, સુરશા ટાવર, જૈન મંદિર રોડ, સર્વોદય નગર, મુલુંડ (વે.).

નાના આસંબીયાના પ્રેમજી જેસંગ ગાલા (ઉં. વ. ૯૬) તા. ૨૮-૦૮-૨૬નાં અરિહંત શરણ પામેલ છે. રતનબેન-કંકુબેન જેસંગ ટોકરશીના સુપુત્ર. પાનબાઇના પતિ. ગુણવંતી, લાજવંતી, પ્રીતી, દીના, મીના, દિનેશના પિતાશ્રી. નાગજી, કાંતીલાલ, મણીલાલ, વિનોદ, વિપુલ, કસ્તુરબેન નરપત, મો.આસંબીયા લક્ષ્મીબેન ગોવિંદજી, બિદડા પ્રતિભા હીતેન્દ્ર, પુનડી પુષ્પા તલકશીના ભાઇ. બિદડા કુંવરજી પાંચારીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિનેશ ગાલા, બી-૪૦૩, ન્યુ સી વ્યુ, ન્યુ રવિરાજ કોમ્પ્લેક્ષ, જેસલ પાર્ક, ભાયંદર (ઇ.) ૪૦૧૧૦૫.

## હિન્દુ મરણ

**પટેલ**

મહેશભાઇ મોહનલાલ પટેલ (ઉં. વ. ૮૦) સ્વ. હસુમતી પટેલના પુત્ર. પલ્લવીબેનના પતિ. ચિન્મય અને ઉપાસનાના પિતા. જીગર અને ઇશાના સસરા. હ્રીદાના નાના. વિરાંશના દાદા. સ્વ. ભૂપેન્દ્રભાઇ, અરુણા, દક્ષા, શિરીષના ભાઇ તા. ૨૮-૮-૨૬ને શુક્રવારના મુંબઇ ખાતે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**બેતાલીસ મેવાડા સુથાર**

વતન કુકરવાડા (હાલ મલાડ)ના જયંતીલાલ સોમનાથ મિસ્ત્રી (ઉં.વ. ૮૦) તે મંજુલાબેનના પતિ. ધર્મેન્દ્ર, વિપુલ તથા જ્યોતિકાના પિતા. જયોત્સના, જાગૃતિ તથા સુમિતકુમારના સસરા. સ્વ. ચીમનલાલ, સ્વ. બળદેવભાઇ તથા સ્વ. પુરુષોતમદાસના ભાઇ તા. ૨૩-૮-૨૬ના રવિવારે દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩૧-૮-૨૬ને સોમવારે સાંજે ૪થી ૬. ઠે. સરદાર વલ્લભભાઇ પટેલ હોલ, ૧લે માળે, સિટી સેન્ટરની સામે, એસ. વી. રોડ, જવાહર નગર, ગોરેગામ (વેસ્ટ).

**કચ્છી ભાટીયા**

દિપીકા પ્રતાપ વાઘજી શ્રોફ (ઉં. વ. ૬૭) તે દમયંતિ પ્રતાપ શ્રોફના દીકરી. પૂર્ણિમા જયંત ભીમાણી, અમી વિરાગ શીવપુરી, કનીર હમીર ભાટીયા અને નુપૂર રાજેન્દ્ર દોશીના બેન. જતીન, કોમલ, હેમાભ તથા આશુતોષના માસી તા. ૨૯-૮-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**બાલાસિનોર દશાનીમા વણિક**

પ્રવીણચંદ્ર ઓચ્છવલાલ કડકીયા (ખીસાદાર) (ઉં. વ. ૯૨) તા. ૨૭-૮-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મણિબેન ઓચ્છવલાલ કડકીયાના પુત્ર. સ્વ. ભારતીબેન, ગીતાબેનના પતિ. હીનાબેન, મીનાબેન, દક્ષેષના પિતા. પીયૂષકુમાર, સ્વ. મયૂરકુમાર, ઝંખનાના સસરા. સ્વ. તારાબેન નટવરલાલ દોશી, કસ્તુરબેન તન્નાના જમાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૩૧-૮-૨૬ના સાંજે ૫.૩૦થી ૭.૪૫. ઠે. વનિતા વિશ્રામ, પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ કચ્છ કુરીયાણા લખપત તાલુકા હાલ મુંબઇ ભરત દેવજી રૂપારેલ તા. ૨૮-૮-૨૬ના શ્રીચરણ પામેલ છે. સ્વ. શાંતાબેન દેવજી રૂપારેલના જયેષ્ઠ સુપુત્ર. માધુરીબેનના પતિ. એકતા રાજીવ ચક્રવતી, નમ્રતા જય મંગલાની, અર્પિતા અને સ્વાતિના પિતાશ્રી. આર્યા, અર્જુન, મિષ્ટી અને ઇશાનના નાનાજી. સ્વ. સાવિત્રીબેન રામદાસ કેશવજી કોઠારી ગામ રોહા-કોટડા કચ્છના જમાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૩૦-૮-૨૬ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. લેવન્ડર બાગ, ૯૦ ફીટ રોડ, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, ૧લે માળે, ઘાટકોપર (ઇસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. રમિલાબેન બલિયા (ઉં.વ. ૭૪) તે સ્વ. મહેશભાઇ બલિયાના ધર્મપત્ની ગામ સાભરાઇ હાલ મુલુંડ તે સ્વ. માધવજી તુલસીદાસ બલિયાના પુત્રવધૂ શુક્રવાર, તા. ૨૮-૮-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. પંકિલ તથા સ્વ. નમ્રતાબેન ગણાત્રાના માતુશ્રી. તે સંજયભાઇ ગણાત્રા તથા શિલ્પાબેનના સાસુ. તે ગં. સ્વ. નર્મદાબેન તથા સ્વ. પ્રવીણભાઇના ભાભી. પિયર પક્ષ સ્વ. ખટાઉ મુરારજી ચોથાણીની દીકરી. તે નંદકુમાર, સ્વ. લક્ષ્મીકાંત, સ્વ. લાલજી, જગદીશભાઇ, સ્વ. હીરાબેન તથા રેખાબેનના બેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૩૦-૮-૨૬ના ૪થી ૬. ઠે. ગોપુરમ હોલ, ડો. રાજેન્દ્રપ્રસાદ રોડ, વર્ધમાન નગરની પાસે, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. દામજી હરજી ભગદે અને સરસ્વતી દામજી હરજી ભગદેના સુપુત્રી ગં. સ્વ. મંજુલાબેન (ઉં. વ. ૭૯) તા. ૨૮-૮-૨૬ શુક્રવારના રામશરણ પામેલ છે. સ્વ. દિલીપભાઇ કેશવજી ઠક્કર (રાચ્છ)ના ધર્મપત્ની. સ્વ. કેશવજી તથા ગં. સ્વ. મુક્તાબેન ઠક્કરના પુત્રવધૂ. મહર્ષિ દિલીપભાઇ ઠક્કર તથા શ્રદ્ધાબેન દિલીપભાઇ ઠક્કર તથા શ્રદ્ધાબેન દિલીપભાઇના માતુશ્રી. સ્વ. મહેન્દ્ર, સ્વ. ઘનશ્યામ રાજેન્દ્ર, પ્રદીપ, મનોજના મોટા ભાભી. સુશીલાબેન મહેન્દ્ર નર્મદાબેન ઘનશ્યામ, મીનાબેન પ્રદીપ, વિમિબેન મનોજ ઠક્કરના જેઠાણી.

**ઘોઘારી મોઢ વણિક**

અમરેલી નિવાસી હાલ મલાડ વેસ્ટ.ભરત હરિલાલ પરીખ (રાજુ ભાઈ) (ઉં. વ. ૭૨). તે ભારતીબેનના પતિ. તથા સૌરભ અને અ.સૌ. રૂપલના પિતાશ્રી, જય મનોજ ખીરાના સસરા. તથા સ્વ. શારદાબેન અને સ્વ.હરિલાલ ભગવાનજી પરીખના સુપુત્ર. તથા ગં. સ્વ. શ્રીલેખાબેન મનોરંજનભાઈ ગાંધી, અસ્મિતાબેન, સ્વ.ઝરણાબેન, અ.સૌ. રેખાબેન વિરેન્દ્રભાઈ ભણસાલી અને સ્વ.શૈલેષભાઈના ભાઇ તથા સ્વ. ચંદ્રાબેન અને સ્વ.રમણીકલાલ જીવણલાલ ગાંધીના જમાઈ. તા.૨૮-૦૮-૨૬ શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કચ્છી લોહાણા**

સ્વ. કેશરબેન રમેશ ચંદે ગામ દેવીસર મુદ્દાન (નખત્રાણા) વાળાના નાના સપુત્ર રાજેશ (ઉં. વ. ૪૬) તે ચંદ્રકાન્ત રમેશ ચંદે તથા (રંજન) રૂપા મુકુંદ સેજપાલના ભાઇ. તે રીટાબેનના દિયર. તે પવન, જયના કાકા. તે નમ્રતા, સાગરના મામા. તે સ્વ. રમેશ શીવજી તેલારામના પૌત્ર. તા. ૨૮-૮-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૧-૮-૨૬ સોમવારના ઠે. મુક્તેશ્વર મહાદેવ મંદિર, રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ), સાંજે ૪થી ૬.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

બેલમપર નિવાસી હાલ દહાણુ રોડ સ્વ. કાંતાબેન કલ્યાણજીભાઇ દેસાઇના પુત્ર. રસિકભાઇ (ઉં. વ. ૭૧) ગુરુવાર, તા. ૨૭-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે નીતાબહેનના પતિ. સ્વ. રમણીકલાલ દ્વારકાદાસ મહેતાના જમાઇ. રમેશભાઇ, બળવંતભાઇ, નવીનભાઇ તથા ગં. સ્વ. જયોતિબેન ધીરજલાલ, ગં. સ્વ. જયાબેન પ્રકાશકુમાર અ. સૌ. રાજશ્રીબેન હર્ષજીતના ભાઇ. તે સૌમિલ અને અમી કપિલભાઇ પાઠકના પિતા. અ. સૌ. ચાર્મી

---

બાડાના શ્રી લલિત દેવચંદ તેજશી વીરા (ઉં. વ. ૫૨) તા. ૨૬-૮-૨૬ ના અરિહંત શરણ પામેલ છે. મંજુલાબેન દેવચંદ વીરા ના સુપુત્ર. શિતલ ના પતિ. પ્રેમ, પ્રતિક ના પિતા. રીટા, ભાવેશ ના ભાઈ. હેમલતાબેન જયંતીલાલ ના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન. શ્રા. સં. કરસન લધુભાઈ નિસર હોલ, (દાદર), ૧લે માળે. ટા. ૪ થી ૫.૩૦.

લાયજાના નરેન્દ્ર મામણીયા (ઉં. વ. ૬૪) તા.૨૭-૮ના અવસાન પામેલ છે. શૈલાના પતિ. માતુશ્રી મુક્તાબેન રતનશીના પુત્ર. ભાવેશ, સ્વાતિના પિતા. રમેશ, મુકેશના ભાઈ. લુણીના સુંદરબાઈ વસનજી ઘરોડના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા.૨ થી ૩.૩૦.

## પારસી મરણ

દીનીયાર દારા પટેલ તે દીના દીનીયાર પટેલના ખાવીંદ. તે મરહુમો ફ્રેની તથા દારા બી. પટેલના દીકરા. તે દાયનાના બાવાજી. તે ઝકસીસના સસરાજી. તે ખુરશેદ ઝરીર તથા અસ્પીના ભાઇ. તે નાનાભાઇ તથા મરહુમ સુશીલા દલવાડીના જમાઇ. (ઉં. વ. ૭૪) રે. ઠે. એ-૩, સત્યા ભામા નિવાસ, કાશીનાથ સ્ટ્રીટ, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા તા. ૩૦-૮-૨૬ના દિવસે સાંજે ૩.૪૫ વાગે બાટલીવાળા અગિયારીમાં કરવામાં આવશેજી.

શિરિન હોશંગ વકીલ (ઉં. વ. ૮૮) ૨૮.૮.૨૬ના રોજ ગુજરી ગયા છે. હોશંગના પત્ની. સેમ અને સૂના ખંબાતાના દીકરી. રૂખ્શાન અને પરસિસનાં માતુશ્રી. મરહૂમ સેહરા અને મરહૂમ બરજોર વકીલનાં પુત્રવધૂ. ઉઠમણું ૩૧.૮.૨૬ના ઠે. ૭ ગૌતમ એપાર્ટમેન્ટસ, ૭૨, પાલી હિલ, બાંદરા-વેસ્ટ મુંબઇ-૫૦.

આલૂ અદી (અરદેશીર) ડ્રાઇવર તા. ૨૮-૮-૨૬ના નવસારી ખાતે ગુજરી ગયા છે. મરહુમ અદીનાં પત્ની. મરહુમ અલામાઇ અને દારબશાનાં પુત્રવધૂ. દીનામાઇ અને એરવદ સંજાણાનાં દીકરી. ખોરશેદ, મરહુમ ધન, મરહુમ બખ્તાવર અને કેટીનાં સિસ્ટર ઇન-લૉ. સરોશનાં મામી. ઠે. નાના પારસી વાડા, વલસાડ.

---

સૌમિલ દેસાઇના સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૮-૨૬ રવિવારના ઠે. દશા શ્રીમાળી વાડી, દહાણુ રોડ, મુકામે સાંજે ૩થી ૫. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ ધરાઈ, ગુજરાત હાલઃ મુલુંડ/વડોદરા સ્થિત પ્રવીણભાઈ વસાણી (ઉં. વ. ૮૨) તા.૨૭-૦૮-૨૬, ગુરુવારે વડોદરા મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શાંતાબેન તથા સ્વ.ઓધવજી ત્રિભુવનદાસ વસાણીના સુપુત્ર. પ્રમોદાબેનના પતિ. પારૂલ, કાર્તિક તથા ઉર્વશીના પિતા. સ્વ. લલિતાબેન તથા સ્વ. મોહનલાલ વિઠ્ઠલદાસ કાનાણીના જમાઈ. સ્વ.ચંદુભાઈ, સ્વ. બટુકભાઈ, સ્વ. વિનુભાઈ, સ્વ. રમણીકલાલ, બિપિનભાઈ, સ્વ.અનસૂયાબેન, સ્વ. ચંપાબેન, સ્વ. વિજુબેન તથા હંસાબેનના ભાઈ. સૌ. રીમા કાર્તિક, પ્રશાંત સેઠિયા અને દેવાંગ ભાટેના સસરા. એમની ઓનલાઈન પ્રાર્થનાસભા તા. ૩૧-૦૮-૨૬, સોમવારે સાંજે ૫ થી ૬. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી રાજગોર**

ગામ બારોઇ, હાલ ભિવંડી કરસન રામજી ભટ્ટ (ઉં. વ. ૮૪), તા.૨૬-૮-૨૬ના રામશરણ પામેલ છે. તે કોકિલાબેનના પતિ. સ્વ. જમનાબેન રામજીભાઈ ભટ્ટના પુત્ર. વર્ષા, ક્રિષ્ના, રાજેશ, ઈલાના પિતાશ્રી. રીટા, પ્રફુલ્લભાઇ માકાણી, કેતન કુમાર નગરાવાલા, ઉમેશભાઈ કેશવાણીના સસરાજી. નીલના દાદાજી. સ્વ. લક્ષ્મીબેન લાલજી મહેતા (ઘાટકોપર)ના જમાઇ. પ્રાર્થનાસભા તા.૩૦-૮-૨૬(રવિવાર) ના રોજે ૪ થી ૬. શ્રી બ્રહ્માંડેશ્વર ભક્ત મંડળ હોલ ઈન્દીરા નગર ૧, જવાહરલાલ નહેરુ રોડ, આર્ય સમાજ ની પાછળ મુલુંડ (વે) ખાતે રાખવામાં આવેલ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી સ્વ. પ્રવિણચંદ્ર જયંતીલાલ ઓઝાના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉં. વ. ૭૨) તે ૨૮/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. હંસાબેન રાજનીકાંત ઓઝાના જેઠાણી. સ્વ. વિનુબેન, ઇલાબેનના ભાભી. સ્વ. અનસૂયાબેન મનસુખલાલ ભટ્ટના દીકરી. નયનાબેન વિજયભાઈ ભટ્ટના નણંદ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

બગસરા નિવાસી સ્વ. હર્ષદભાઈ છબીલદાસ માંડાણીના ધર્મપત્ની ગં. સ્વ. કોકિલાબેન (ઉં. વ. ૮૦) તે ૨૬/૮/૨૬ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે વિશાલ તથા કવિતા પંકિત વખારિયાના માતુશ્રી. સ્વ. વલ્લભદાસ કેશવજી પારેખના દીકરી, શૈલીના સાસુ. સ્વ. નરેન્દ્રભાઈ તથા કિરીટભાઈના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા દિશાવાળ વણિક**

સિદ્ધપુર નિવાસી સ્વ નટવરલાલ મણિલાલ શેઠ ના પુત્ર રમેશભાઈ (ઉં. વ. ૮૧) તે સ્વ. લતાબેનના પતિ. બિપીનભાઈ, શૈલેષભાઇ તથા વિપુલભાઈ, સ્વ. મીનાક્ષી ઉમેશભાઈ પરીખ, હર્ષા સૂર્યકાન્ત મહેતા, રેખાબેન કિશોરભાઈ શાહના ભાઈ. તા. ૨૬/૮/૨૬ વડોદરા મુકામે શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

ગામ ભાવનગર નિવાસી હાલ કાંદિવલી રાજીવ પંકજભાઈ મહાજન (થડેશ્વર) (ઉં. વ. ૫૩) તે ૨૭/૮/૨૬ના શ્રીજીશરણ પામ્યા છે. સ્વ. જ્યોતિબેન તથા સ્વ. પંકજભાઈ પ્રભુદાસ મહાજનના પુત્ર. શીતલના પતિ. રિચા તથા આર્યનના પિતા, ઉર્મિલા શરદકુમાર જીણાદ્રા, સોનલ સુભાષભાઈ જગડા, આશાબેન મનોજકુમાર સોનીના ભાઈ. સ્વ. ગીરીશભાઈ દિનકરભાઇ ધકાણ ના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

નાના માચીયાળા વાળા હાલ બાંદ્રા રહેવાસી સ્વ સુરેશ ઈશ્વરલાલ મહેતાના ધર્મપત્ની પન્નાબેન (ઉં. વ. ૭૪) તે જય અને જતીનના મમ્મી. શ્વેતાને સ્વ. જોતીના સાસુ તથા પિયર પક્ષ કેટીયાનાગસના સ્વ સવિતાબેન ધનજીભાઇ મહેતાના પુત્રી અને વિજયભાઇ, સ્વ સરલાબેન, હેમલતાબેન, દમુબેન સ્વ વંદનાબેન સ્વ. ભારતીબેનના બેન તા. ૨૭-૦૮-૨૦૨૬ ના શ્રીજીચરણ પામેલા છે લૌકિક પ્રથા બંધ છે .

**શ્રીમાળી સોની**

સુરેશચંદ્ર માણેકલાલ સોની (લુણાવાડા નિવાસી) હાલ, બોરિવલી (ઉં. વ. ૮૩), તેઓ સ્વ. શકુંતલાબેનના પતિ, તનસુખલાલ માણેકલાલ સોનીના નાના ભાઈ, જીજ્ઞેશ, પરેશ, જયોતી ઝવેરીના પિતા. જીજ્ઞા, રૂપલ અને સુમીત કુમારના સસરા. દર્શ, મહેકના દાદા, હેતવી, કુશના નાના તા.૨૮-૦૮-૨૬ના શુક્રવારે શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થના સભા રવિવારે તા.૩૦-૦૮-૨૬ના રોજ સાંજે ૪થી ૬. સ્થળઃ વર્ધમાન સ્થાનકવાસી જૈન હોલ, ડાયમંડ ટોકિઝ સામે, એલ.ટી.રોડ, બોરીવલી વેસ્ટ.

**બ્રાહ્મણ**

પુરોહિત દેવશંકરભાઈ નારણભાઇ (ઉં. વ. ૮૨) તે શશીકલાબેનના પતિ તેમજ સંગીતાબેન, દર્શનાબેન,અમીબેન તેમજ હેમલના પિતા તથા ચંદુભાઈ, ડો.ચીમનભાઈ, સ્વ.પુષ્પાબેનના ભાઈ. તેમજ કાંતિલાલભાઇ (તાલાલા)ના જમાઈ તથા જીગ્નેશભાઈ,ધાર્મિકભાઈ, રીનાબેન, સ્વ.ખુશ્બુબેનના મોટાબાપુજી નું તારીખ ૨૮ ના અવસાન પામેલ છે તેમનું બેસણું તારીખ ૩૦ ના ૩ થી ૬ કેસરબાગ ઉના મુકામે રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ચિરાબજારમાં પચીસ લાખના દાગીના પડાવી ત્રણ નકલી પોલીસ અધિકારી રફુચક્કર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના ચિરાબજાર વિસ્તારમાં કાર્યવાહીને બહાને અંદાજે ૨૫.૩૭ લાખ રૂપિયાના હીરા જડિત સોનાના દાગીના પડાવી ત્રણ નકલી પોલીસ ફરાર થઈ ગયા હતા.

ખાર પશ્ચિમમાં રહેતા અને ડિલિવરી બૉય તરીકે કામ કરતા પ્રદીપ કદમે (૪૮) નોંધાવેલી ફરિયાદને આધારે એલ. ટી. માર્ગ પોલીસે ત્રણ અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ગુરુવારે ચિરાબજાર વિસ્તારમાં જેએસએસ રોડ પર ફાયર બ્રિગેડ સ્ટેશનની સામે બની હતી. ગિરગામના બે વેપારીને દાગીનાની ડિલિવરી આપવા કદમે જઈ રહ્યો હતો.

કદમ ચિરાબજાર પહોંચ્યો ત્યારે ત્રણ શખસ તેની નજીક આવ્યા હતા અને પોતાની ઓળખ પોલીસ અધિકારી તરીકે આપી હતી. દાગીના અંગે પૂછપરછ કર્યા પછી આરોપીએ કદમ પાસે બિલ જોવા માગ્યાં હતાં. દાગીના કાયદેસરની માલિકીના અને અસલી હોવાની ખાતરી કરવા માટે યોગ્ય બિલો રજૂ કરવાનું કદમને કહેવામાં આવ્યું હતું.

આરોપીઓએ ધમકી પણ આપી હતી કે બિલ ન હોય તો તેમની સાથે પોલીસ સ્ટેશને આવીને દંડની રકમ ભરવી પડશે. ડ

રાવી-ધમકાવીને આરોપીએ કદમ પાસેના દાગીના પોતાના કબજામાં લીધા હતા. બાદમાં અંદાજે ૨૫.૩૭ લાખ રૂપિયાના દાગીના સાથે ત્રણેય ઠગ ફરાર થઈ ગયા હતા.

પોતાને છેતરવામાં આવ્યો હોવાનું જણાતાં કદમે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ મામલે એલ. ટી. માર્ગ પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધ હાથ ધરી હતી. પોલીસ ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે.■

# સમૃદ્ધિ એક્સપ્રેસવે પર લૂંટારાઓની ટોળકી સક્રિય

## વકીલ પર હુમલો કરી ૧૮ લાખની લૂંટ

મુંબઈ: સમૃદ્ધિ એક્સપ્રેસવે પર સક્રિય ૧૦થી ૧૨ લૂંટારાઓની એક ટોળકીએ નાશિક જિલ્લામાં ગુરુવારની રાતે દિલધડક લૂંટ ચલાવી હતી. વકીલની કારને જબરદસ્તી રોક્યા પછી પરિવાર પર હુમલો કરી સોનાના દાગીના અને રોકડ મળી અંદાજે ૧૮ લાખ રૂપિયાથી વધુની મતા લૂંટવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના સિન્નર તાલુકાના માલઢોણ શિવાર ખાતે બની હતી. રાજેન્દ્ર પ્રસાદ મિશ્રા (૩૭) પત્ની, ભાઈ અને દોઢ વર્ષના દીકરા સાથે છત્રપતિ સંભાજીનગરથી કારમાં મુંબઈ આવવા નીકળ્યો હતો.

ઘટનાસ્થળે મિશ્રાની કાર પહોંચી ત્યારે લૂંટારુ ટોળકીએ લોખંડની વસ્તુ કારની આગળ ફેંકી હતી, જેને પગલે આગલું ટાયર ફાટી ગયું હતું.

કાર ઊભી રહેતાં જ લૂંટારુઓ કારને ઘેરી વળ્યા હતા. મિશ્રા અને તેના પરિવાર પર હુમલો કરી આરોપીએ દીકરાને પતાવી નાખવાની ધમકી આપી હતી. ■

**સત્યજીત રે ફિલ્મ & ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ, કોલકાટા**
વિશિષ્ટ શ્રેણી હેઠળ યુનિવર્સિટી તરીકે મનાતી
(ભારત સરકારના માહિતી અને પ્રસારણના મંત્રાલય હેઠળ)
E.M. બાયપાસ રોડ, પંચસાયર, કોલકાટા-૭૦૦૦૯૪.

**રોજગાર સૂચના**

સત્યજીત રે ફિલ્મ & ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ, કોલકાટા અને FTII, ઈટાનગરમાં કોન્ટ્રાક્ટ ધોરણે નીચેના હોદ્દાઓ માટે ભારતના નાગરીકો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

Advt. નં.: SRFTI/RECTT/૨૦૨૬-૨૭/૦૦૫ તારીખ: ૩૦.૦૮.૨૦૨૬

| ક્ર. નં. | હોદ્દાનું નામ | એકીકૃત વેતન | હોદ્દાની સંખ્યા |
|---|---|---|---|
| ૦૧ | પ્રોફેસર (ઈલેક્ટ્રોનિક અને ડિઝિટલ મિડિયા માટે નિર્દેશન અને નિર્માણ), SRFTI | ૧૫૫૨૦૦.૦૦ | ૦૧ |
| ૦૨ | પ્રોફેસર (એડિટિંગ, ઈલેક્ટ્રોનિક અને ડિઝિટલ મીડિયા), SRFTI | ૧૫૫૨૦૦.૦૦ | ૦૧ |
| ૦૩ | એસોસિએટ પ્રોફેસર, એમિનેશન સિનેમા, SRFTI | ૧૩૪૯૦૦.૦૦ | ૦૧ |
| ૦૪ | આસિસ્ટન્ટ પ્રોફેસર, એનિમેશન સિનેમા, SRFTI | ૧૧૩૬૦૦.૦૦ | ૦૧ |
| ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા, ઈટાનગર, અરુણાચલ પ્રદેશ માટે કોન્ટ્રાક્ટ ધોરણે નીચેના હોદ્દાઓ માટે ભારતના નાગરિકો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. | | | |
| ૦૫ | એસોસિયેટ પ્રોફેસર, FTII, ઈટાનગર માટે નિર્દેશન | ૧૧૯૪૨૪.૦૦ | ૦૧ |

વિગતો માટે; લોગ ઓન કરો www.srfti.ac.in
cbc22107/11/0012/2627

# સિદ્ધાર્થ રાંદેરિયાની પીક ગુજરાતી એનર્જી સાથેનો હાસ્ય અને લાગણીઓનો ઉત્સવ!

રેટિંગ: ★★★★ ½ / 5



ગુજરાતી ફિલ્મો હવે માત્ર પ્રાદેશિક મનોરંજન પૂરતી મર્યાદિત રહી નથી. સારો વિષય, લોકપ્રિય કલાકારો, મજબૂત પ્રોડક્શન અને વિશ્વભરના દર્શકો સુધી પહોંચવાની ક્ષમતા સાથે ગુજરાતી સિનેમા સતત વધુ મોટું બની રહ્યું છે. આ સફરમાં 'ટોમ એન્ડ ચેરી' એક મહત્ત્વપૂર્ણ ફિલ્મ તરીકે સામે આવી છે. Zee Studiosએ Dhea Filmworks સાથે મળીને ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો છે અને આ એસોસિયેશને ફિલ્મને વધુ વિશાળ, વધુ ભવ્ય અને દર્શકો માટે બિગ-ટાઇમ સિનેમેટિક ટ્રીટ બનાવી છે.

'ટોમ એન્ડ ચેરી' એક એવી સંપૂર્ણ પારિવારિક ફિલ્મ છે જેમાં કોમેડી ફિલ્મનું હૃદય છે, લાગણીઓ તેનો આત્મા છે અને અંતમાં મળતો સામાજિક સંદેશ તેની સૌથી મોટી તાકાત છે. શરૂઆતથી જ ફિલ્મ એક મસ્તીભર્યું વાતાવરણ ઊભું કરે છે. પાત્રોની ગૂંચવણો, રમૂજી પરિસ્થિતિઓ, ધારદાર સંવાદો અને અણધાર્યા વળાંકો દર્શકોને સતત વ્યસ્ત રાખે છે. ફિલ્મ ઝડપથી આગળ વધે છે અને એક પછી એક આવતા મજેદાર પ્રસંગો થિયેટરમાં હાસ્યની લહેર સર્જે છે.

આ સમગ્ર મનોરંજનના કેન્દ્રમાં છે સિદ્ધાર્થ રાંદેરિયા. 'કોમેડીનો એક્કો કોણ?' - એ હવે કહેવાની કે પૂછવાની જરૂર જ નથી. સિદ્ધાર્થ રાંદેરિયા ગુજરાતી કોમેડીના નિર્વિવાદ બાદશાહ છે અને 'ટોમ એન્ડ ચેરી'માં તેઓ પોતાના ઓલ-ટાઇમ બેસ્ટ સ્વરૂપમાં જોવા મળે છે. તેમનો દરેક સંવાદ, વિરામ, નજર અને હાવભાવ હાસ્ય સર્જે છે. સામાન્ય લાગતી પરિસ્થિતિને પણ તેઓ પોતાની આગવી સ્ટાઇલથી યાદગાર બનાવી દે છે.

પરંતુ તેમની ભૂમિકા માત્ર કોમેડી સુધી સીમિત નથી. વાર્તા ભાવનાત્મક વળાંક લે છે ત્યારે સિદ્ધાર્થ રાંદેરિયા એટલી જ અસરકારક રીતે પાત્રની આંતરિક લાગણીઓ રજૂ કરે છે. તેમની અંદરનો કોમેડિયન દર્શકોને પેટ પકડીને હસાવે છે, જ્યારે અભિનેતા હૃદયને સ્પર્શી જાય છે. વર્ષો બાદ પણ તેમની સ્ક્રીન પ્રેઝન્સ એટલી જ તાજી અને પ્રભાવશાળી લાગે છે- જાણે તેઓ ગુજરાતી દર્શકોને તેમનો સૌથી પ્રિય અવતાર ફરીથી ભેટ આપી રહ્યા હોય.

ધન્યા દોશી ફિલ્મનું બીજું મજબૂત કેન્દ્ર છે. તેમનો સહજ, સંવેદનશીલ અને ઊર્જાવાન અભિનય વાર્તામાં નિર્દોષતા ઉમેરે છે. સિદ્ધાર્થ રાંદેરિયા સાથેનાં તેમના દૃશ્યોમાં હાસ્ય અને લાગણી બંનેનું સુંદર સંતુલન જોવા મળે છે. અનુરાગ પ્રપન્ના પોતાની ઉત્તમ કોમિક ટાઇમિંગ અને અલગ અંદાજથી વારંવાર ધ્યાન ખેંચે છે. તેમને મળેલો દરેક પ્રસંગ તેઓ યાદગાર બનાવી દે છે.

વિજય રાવલ, પ્રકાશ રામચંદાની, આકાશ ઝાલા, નિમેષ દિલીપરાય, માધવી પટેલ, શ્વેતા જેઠવા અને જિગ્નેશ મોદી સહિતનો વિશાળ કલાકારવૃંદ ફિલ્મની દુનિયાને રંગીન અને જીવંત બનાવે છે. દરેક પાત્ર ફિલ્મમાં કંઈક નવું ઉમેરે છે. આથી ફિલ્મ માત્ર બે મુખ્ય પાત્રોની વાર્તા રહેતી નથી, પરંતુ એક સાચી મલ્ટિ-સ્ટારકાસ્ટ ફેમિલી એન્ટરટેનર બની જાય છે.

કુશલ મિસ્ત્રી, માહી પટેલ, આરજે વિનોદ અને જોંગોની ખાસ અતિથિ ભૂમિકાઓ દર્શકો માટે સરપ્રાઇઝ પેકેજ છે. તેમના દૃશ્યોમાં હાસ્યનો ટેમ્પો અચાનક વધી જાય છે અને અનેક એવી મોમેન્ટ્સ સર્જાય છે જેને થિયેટરમાં દર્શકો તાળીઓ અને હાસ્યથી વધાવે છે. આ કેમિયો ફિલ્મમાં ફક્ત સ્ટાર વેલ્યૂ ઉમેરતા નથી, પરંતુ વાર્તાની મસ્તી અને કોમિક ચાર્મને વધુ મજબૂત બનાવે છે.

ફિલ્મની સૌથી મોટી સફળતા એ છે કે તે બાળકો માટે મજેદાર, યુવાનો માટે રિલેટેબલ, માતા-પિતા માટે વિચારપ્રેરક અને વડીલો માટે લાગણીસભર બની રહે છે. આ ચારેય પેઢીઓને એકસાથે મનોરંજન આપવું સહેલું નથી, પરંતુ 'ટોમ એન્ડ ચેરી' આ કામ ખૂબ સહજતાથી કરે છે. ફિલ્મ પરિવારની સાથે જોવાથી તેનો આનંદ અનેક ગણો વધી જાય છે.

પ્રીમિયર બાદ જાણીતી હસ્તીઓએ આપેલી પ્રતિક્રિયાઓ ફિલ્મના ભરપૂર મનોરંજનની સાક્ષી બની. અદનાન સામીએ ઉત્સાહપૂર્વક કહ્યું, ''જબરદસ્ત એન્ટરટેઇનમેન્ટ - બિગ હિટ!' અનંગ દેસાઈની ટૂંકી પરંતુ અસરકારક પ્રતિક્રિયા હતી, ''ખૂબ મજા પડશે.'' જે.ડી. મજેઠિયાએ કહ્યું, 'You can't miss this - Siddharth Randeria at his best!'' જ્યારે વૈશાલી ઠક્કરે ફિલ્મને ''Absolutely entertaining'' ગણાવી.

શેખર શુક્લાએ ''Super, super hit-must watch!'' કહી ફિલ્મની પ્રશંસા કરી. અમર ઉપાધ્યાયે ગુજરાતી પરિવારો માટે યોગ્ય સલાહ આપતાં કહ્યું, ''ફેમિલી સાથે જોજો, બહુ મજા આવશે.'' ઓજસ રાવલે ફિલ્મને ''Complete family entertainer'' તરીકે વર્ણવી. હિતુ કનોડિયાએ હસતાં કહ્યું, ''હસી હસીને પેટ દુખી ગયું- laughter 100% guaranteed!''

નિમિષા વખારિયાએ ''Must watch, laughter riot!'' કહી પોતાની પ્રતિક્રિયા આપી, જ્યારે મોના થિબાએ કહ્યું, ''Must watch- હસી હસીને લોટપોટ થઈ ગયા!'' રાજ અનડકટના શબ્દોમાં, ''આ એક ખૂબ જ heartwarming અને cosy ફિલ્મ છે- હસાવશે, ઇમોશનલ કરશે અને મજા કરાવશે.''

સુરતીઝે ફિલ્મનું પરફેક્ટ સમીકરણ આપ્યું: ''Comedy + Emotions = Complete Family Entertainer.'' માતૃભારતીએ ફિલ્મને ''Interesting, emotional and hilarious- ગુજરાતીની શ્રેષ્ઠ ફિલ્મોમાંની એક'' ગણાવી. RJ દેવલો-યશવી ન્યૂઝનું કહેવું હતું, ''હસવું પણ આવશે, આંખમાંથી આંસુ પણ આવશે.'' આ પ્રતિક્રિયા ફિલ્મના મૂળ સ્વભાવને સૌથી સરળ અને સચોટ રીતે વ્યક્ત કરે છે.

ફિલ્મનો ક્લાઇમેક્સ સમગ્ર અનુભવને અસાધારણ ઊંચાઈએ લઈ જાય છે. અહીં હાસ્યથી ભરેલી ઘટનાઓ, લાગણીઓ અને એક મહત્ત્વપૂર્ણ સામાજિક સંદેશનું એવું અદ્ભુત મિશ્રણ જોવા મળે છે કે દર્શકો આશ્ચર્યચકિત રહી જાય છે. ક્લાઇમેક્સમાં ફિલ્મ પોતાની તમામ વાર્તાકીય કડીઓને જોડે છે અને દર્શકોને હસતાં-હસતાં ભાવુક કરી દે છે. તેનો સંદેશ દરેક વ્યક્તિને પોતાના પરિવાર, સંબંધો અને પ્રિયજનો માટે આપેલા સમય વિશે વિચારવા પ્રેરે છે.

આ અંતિમ ભાગ માત્ર વાર્તાનો નિષ્કર્ષ નથી; તે ફિલ્મનો આત્મા છે. મનોરંજનની વચ્ચે આપવામાં આવેલો સંદેશ એટલો સહજ અને અસરકારક છે કે ફિલ્મ પૂરી થયા પછી પણ તેની અસર લાંબા સમય સુધી રહે છે. ફિલ્મ પૂરી થયા પછી ઉતાવળમાં ઊભા ન થતા-કારણ કે દર્શકો માટે આગળ એક ખાસ સરપ્રાઇઝ પણ રાહ જોઈ રહ્યું છે.

વિશ્વભરમાં વર્ષની શ્રેષ્ઠ ગુજરાતી ઓપનિંગમાંથી એક નોંધાવીને 'ટોમ એન્ડ ચેરી'એ અનેક નોંધપાત્ર રેકોર્ડ પોતાના નામે કર્યા છે. આ સફળતા બતાવે છે કે સારું ગુજરાતી કન્ટેન્ટ યોગ્ય સ્કેલ અને પ્રેઝન્ટેશન સાથે રજૂ થાય તો વિશ્વભરના દર્શકો તેને ખુલ્લા દિલથી સ્વીકારે છે.

'ટોમ એન્ડ ચેરી' માત્ર એક ફિલ્મ નહીં, પરંતુ સમગ્ર પરિવાર સાથે માણવા જેવો હાસ્ય અને લાગણીઓનો ઉત્સવ છે. સિદ્ધાર્થ રાંદેરિયા પોતાના સર્વશ્રેષ્ઠ ફોર્મમાં છે, ધન્યા દોશી દિલ જીતી લે છે, અનુરાગ પ્રપન્ના અને સમગ્ર કલાકારવૃંદ મનોરંજનને સતત જીવંત રાખે છે. વિશેષ અતિથિ ભૂમિકાઓ હાસ્યનો વધારાનો ડોઝ આપે છે અને અસાધારણ ક્લાઇમેક્સ ફિલ્મને માસ્ટરપીસનો સ્પર્શ આપે છે.

અંતિમ નિર્ણય: પરિવાર સાથે મોટા પડદા પર જોવી જ જોઈએ એવી ફિલ્મ. હસાવશે, ભાવુક કરશે, વિચારવા પ્રેરશે અને ફરી એકવાર જોવાની ઇચ્છા પણ કરાવશે. ગુજરાતી સિનેમાના શ્રેષ્ઠ પારિવારિક મનોરંજનમાંથી એક'ટોમ એન્ડ ચેરી' કોઈ પણ સંજોગોમાં ચૂકવા જેવી નથી!

# હત્યાના પ્રયાસના કેસમાં રીઢો આરોપી રાજસ્થાનમાં પકડાયો

થાણે: તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી હત્યાનો પ્રયાસ કરવાના કેસમાં ફરાર રીઢા આરોપીને થાણેની એન્ટિ-એક્સ્ટોર્શન સેલે રાજસ્થાનમાંથી પકડી પાડ્યો હતો.

ધરપકડ કરાયેલો આરોપી ઓમકાર સતીશ ભોસલે (૨૭) થાણેમાં ઘોડબંદર રોડ નજીકનો રહેવાસી છે. રાજસ્થાનના સિકર જિલ્લામાં સ્થાનિક પોલીસ સાથે જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી ૨૭ ઑગસ્ટે ભોસલેને તાબામાં લેવાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ માનપાડાની એક્મે ઓઝોન સોસાયટી નજીક ૨૨ ઑગસ્ટના મળસકે ત્રણ વાગ્યાની આસપાસ કથિત ઘટના બની હતી. આ પ્રકરણે ચિતળસર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

બ્રહ્માંડ પરિસરમાં રહેતો એમ્બ્યુલન્સ ડ્રાઈવર નિતેશ નરેશ શિંદે (૨૭) તેના ભાઈના ઘરે જઈ રહ્યો હતો ત્યારે પાછળથી આવેલી ઈકો વૅને તેના વાહનને જોરદાર ટક્કર મારી હતી. પછી વૅનમાંથી નીચે ઊતરેલા શખસે શિંદેના ચહેરા પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. બાદમાં ભોસલે વતી તેને ધમકાવ્યો પણ હતો. બાઈક પર આવેલા આરોપીના સાથીઓએ શિંદેના વાહનના કાચની તોડફોડ કરી શસ્ત્રો હવામાં ફેરવીને ધમકી ઉચ્ચારી હતી, જેને પગલે સ્થાનિક પરિસરમાં ભયનું વાતાવરણ ઊભું થયું હતું.

ફરિયાદમાં શિંદેએ ઓમકાર ભોસલે, ચંદન ગુપ્તા, અભી પાટીલ, પરવેઝ ચૌધરી, ધ્રુવ ચવાણ, રોહિત ખરે ઉર્ફે ગમબુટ અને કુણાલ વાલવેકરનાં નામ જણાવ્યાં હતાં. પરિણામે પોલીસે તેમની વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ કેસની સમાંતર તપાસ એન્ટિ-એક્સ્ટોર્શન સેલે હાથ ધરી હતી. (પીટીઆઈ)■

# છ વર્ષ પછી જાતીય અત્યાચાર બદલ પુરુષને ૨૦ વર્ષની આકરી કેદની સજા

થાણે: થાણેની એક વિશેષ અદાલતે ૨૦૨૦ના એક કેસમાં ૧૬ વર્ષની છોકરી પર લગ્નના બહાને વારંવાર જાતીય અત્યાચાર કરવા બદલ તેમજ તેના પરિવારને ધમકી આપવા માટે ૨૭ વર્ષના પુરુષને દોષિત ઠેરવી તેને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. સગીરની સંમતિ મહત્ત્વની નથી એવું અદાલતે ચુકાદામાં નોંધ્યું છે. શુક્રવારે સ્પેશ્યલ જજ જીટી પવારે અનિકેત રાજેશ નિષાદને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬(૨)(એન) તેમજ ૫૦૬ અને બાળકોનું જાતીય અત્યાચારથી રક્ષણ (પોક્સો) અધિનિયમ હેઠળ દોષિત ઠેરવ્યો હતો. અદાલતે પોક્સો એક્ટ અને આઈપીસીની કલમ હેઠળ ૧૧ હજાર રૂપિયાનો દંડ કરી નિષાદને એક વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. બંને સજા સાથે ભોગવવાની રહેશે. દંડની રકમ પીડિતાને વળતર તરીકે ચૂકવવામાં આવશે એમ થાણે સ્થિત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને વધારાનું વળતર આપવાનો નિર્દેશ આપતા ન્યાયમૂર્તિએ જણાવ્યું હતું.ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર પીડિતા જુલાઈ ૨૦૨૦માં થાણે શહેરના વાગળે એસ્ટેટ વિસ્તારમાં એક પારિવારિક કાર્યક્રમ દરમિયાન નિષાદને મળી હતી. ઑગસ્ટ અને નવેમ્બર ૨૦૨૦ દરમિયાન નિષાદે સગીરાને વારંવાર તેના મકાનના એક રૂમમાં બોલાવી તેના પરિવારને નુકસાન પહોંચાડવાની ધમકી આપ્યા પછી જાતીય અત્યાચાર કર્યો હતો. પીડિતાએ પહેલી ડિસેમ્બર, ૨૦૨૦ના દિવસે પોતાની માતાને આ ઘટનાની જાણ કરતા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાઈ હતી. (પીટીઆઈ)■




Deepak Somaiya




Deepak Somaiya


# ડોંબિવલીમાં દુકાનના માલિકનું કરંટ લાગવાથી મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: થાણે જિલ્લાના ઓલ્ડ ડોમ્બિવલી વિસ્તારમાં ડીપ ફ્રીઝરમાંથી કરંટ લીકેજ થવાને કારણે ૩૭ વર્ષના આઈસક્રીમ દુકાનના માલિકનું કરંટ લાગવાથી મૃત્યુ થયું હતું. આ ઘટના ૨૭ ઑગસ્ટની સાંજે બની હતી અને પીડિતની ઓળખ જગદીશ ગદરી તરીકે થઈ હોવાનું પોલીસે જણાવ્યું હતું. સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ જગદીશ ગદરી ડીપ ફ્રીઝરમાં સ્ટોક ગોઠવી રહ્યો હતો, ત્યારે અચાનક ઉપકરણમાંથી વીજકરંટ પસાર થઈ ગયો, જેના કારણે તેને ગંભીર આંચકો લાગ્યો અને તે જમીન પર પડી ગયો હતો. તેની આજુબાજુના લોકો તેને નજીકની હૉસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં હાજર ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો.

પોલીસે જણાવ્યું હતું કે તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. વિષ્ણુ નગર પોલીસ સ્ટેશનમાં આકસ્મિક મૃત્યુનો કેસ નોંધવામાં આવ્યો હતો. ■

# સરકારી શાળામાં એક્સપાયરી ડેટવાળાં ફૂડ પેકેટ મળ્યાં હોવાનો દીપકેનો દાવો




હિંગોલી (મહારાષ્ટ્ર): કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ શનિવારે 'સ્કૂલ ઠીક કરો' ઝુંબેશના ભાગરૂપે જિલ્લા હિંગોલીના ઔંધા ખાતે એક સરકારી શાળાની મુલાકાત લીધી ત્યારે વિદ્યાર્થીઓના ખાદ્ય સામગ્રી માટે વાપરવાના પેકેટ એક્સપાયરી ડેટ પછીના મળી આવ્યા હોવાનો દાવો કર્યો હતો.

શાળાના બાથરૂમમાં બગડી ગયેલું પાણી ફિલ્ટર અને પાણી પુરવઠાના અભાવ સહિતની સમસ્યાઓ પણ ઉઠાવી દીપકેએ શાળામાં જ મીડિયાને મસાલાના પેકેટ બતાવ્યા અને દાવો કર્યો કે એની પર ફેબ્રુઆરીની એક્સપાયરી ડેટ હતી.

દીપકેએ જણાવ્યું હતું કે 'વિદ્યાર્થીઓને ફેબ્રુઆરીમાં એક્સપાયર થયેલા પેકેટમાંથી ખોરાક આપવામાં આવે છે. હવે સપ્ટેમ્બર શરૂ થવાનો છે. શું તેઓ (સ્ટાફ) પ્રધાનોનાં બાળકોને પણ એ જ પેકેટમાંથી ખાવાનું બનાવી આપશે? જે બાળકો ગરીબ પરિવારના છે તેમને એક્સપાયર થયેલા ફૂડ પેકેટ્સમાંથી ખાવાનું આપવાનું?' દીપકેએ શાળાની ઓવરહેડ પાણીની ટાંકી ચકાસી અંદરના પાણીની ગુણવત્તા જાણવાની કોશિશ કરી હતી.

ત્યારબાદ વિસ્તારના સંબંધિત અધિકારી સાથે પણ વાત કરી. વિદ્યાર્થીઓ સાથે પ્રાણીઓ કરતા પણ ખરાબ વર્તન કરવામાં આવી રહ્યું છે. (પીટીઆઈ)■

**મરણનોંધ**



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા પૂજ્ય માતુશ્રી સ્વ. બીનાબેન હરેશભાઈ શાહ (ઉંમર : ૬૪ વર્ષ) તે હરેશભાઈ શાહના ધર્મપત્ની, મૂળ ગામ વાંકાનેર હાલ મુંબઈ નિવાસી, તે પ્રતિક હરેશભાઈ શાહ તેમજ જીતેન હરેશભાઈ શાહના પૂજ્ય માતુશ્રી, તે જોરાવરનગર નિવાસી (પિયર પક્ષ) ના દીકરી, તારીખ ૨૩/૦૮/૨૦૨૬ ના રોજ અરિહંત શરણ પામેલ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લૌકિક પ્રથા/બેસણું રાખેલ નથી. આપ આપની અનુકૂળતા મુજબ ટેલિફોનિક શોક સંદેશ પાઠવી શકો છો.

લિ. શોકાતુ (પુત્રો) :
પ્રતિક હરેશભાઈ શાહ : ૯૮૭૦૨૪૩૦૪૨
જીતેન હરેશભાઈ શાહ : ૯૮૧૯૪૦૨૯૩૦

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. શ્રી જયંતિલાલ સોમનાથ મિસ્ત્રી**

ઉંમર વર્ષ : ૮૦ વતન કુકરવાડા
સ્વર્ગવાસ : ૨૩-૦૮-૨૦૨૬
(જોઈન્ટ મેનેજીંગ ડાયરેક્ટર)
મેસર્સ મેવાડા ઇજનેરિંગ વર્કસ પ્રા. લિ.
ગોરેગામ (પૂર્વ)

કંપનીના સ્થાપકો સાથે જોડાઈ પોતાની તકનીકી સૂઝ અને અથાગ મહેનતથી ઉત્પાદન ડિઝાઇનને નવી ઊંચાઈ આપનાર આપશ્રીને અમારા સર્વેના કોટી કોટી પ્રણામ. સદ્ગત આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેજ પ્રાર્થના.

મિસ્ત્રી પરિવાર
મેસર્સ મેવાડા ઇજનેરિંગ વર્કસ પ્રા. લિ.
કારીગરો તથા સ્ટાફ

પ્રાર્થના સભા તા. ૩૧-૦૮-૨૦૨૬ ને સોમવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ વાગ્યા સુધી રાખેલ છે.
સ્થળ : સરદાર વલ્લભભાઈ પટેલ હોલ, ૧લે માળે, સિટી સેન્ટરની સામે, એસ.વી. રોડ, જવાહર નગર ગોરેગામ વેસ્ટ, મુંબઈ - ૪૦૦૧૦૪

# અમદાવાદના એસજી હાઈ-વે પર બનશે ₹ ૩૬૪ કરોડનો એલિવેટેડ કૉરિડોર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)એ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ પહેલા શહેરના માળખાગત સુવિધાઓને અપગ્રેડ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે, જેમાં એસ. જી. હાઇવે પર એક મુખ્ય ચાર-લેન બ્રિજ-કમ-એલિવેટેડ કોરિડોર બનાવવાની યોજના છે. મનપાએ સરખેજ સર્કલને નવા રિંગ રોડ સાથે જોડતા ચાર-લેન રેલવે ઓવર બ્રિજ (આરઓબી)-કમ-એલિવેટેડ કોરિડોરના નિર્માણ માટે ₹૩૬૪.૪૪ કરોડના ટેન્ડર બહાર પાડ્યા હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ટ્રાફિકની ભીડ હળવી કરવાનો અને અમદાવાદ-બોટાદ રેલવે લાઇન પર રેલવે લેવલ ક્રોસિંગ પર વાહનોની રાહ જોવાની જરૂરિયાતને દૂર કરવાનો છે. પ્રસ્તાવિત માળખું લગભગ ૧.૫૫ કિમી લાંબું હશે અને ૬૦-મીટર પહોળા ટીપી રોડ સાથે બનાવવામાં આવશે. તે સાણંદ-સરખેજ રોડ અને અમદાવાદ-બોટાદ રેલ્વે લાઇન પરથી પસાર થશે, જેનાથી ટ્રાફિક રેલવે ક્રોસિંગ પર રોકાયા વિના સતત આગળ વધી શકશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

ટેન્ડર દસ્તાવેજો અનુસાર, આ પ્રોજેક્ટ લેવલ ક્રોસિંગ નંબર ૨૮ ને બદલશે અને તેમાં ચાર-લેન આરઓબી અને એલિવેટેડ કોરિડોરનો સમાવેશ થશે જેથી એસ.જી. હાઈ વે હાઇવે પર એલ.જે. સર્કલ અને સાણંદ જંકશનની આસપાસ કનેક્ટિવિટી સુધારી શકાય. આ પ્રોજેક્ટનો અંદાજ ₹૩,૬૪,૪૪,૨૬,૮૫૭ છે, જેમાં જીએસટીનો સમાવેશ થતો નથી. આ ટેન્ડર એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (ઈપીસી) ધોરણે બહાર પાડવામાં આવ્યું છે, જેમાં પસંદ કરાયેલ કોન્ટ્રાક્ટર ૩૯ મહિનામાં કામ પૂર્ણ કરશે તેવી અપેક્ષા છે.

# ગુજરાતમાં ફરી ગરમીનો પારો ઊંચકાયો, ચાર દિવસમાં વીજવપરાશમાં 3000 મેગાવોટનો વધારો

## વરસાદ ખેંચાતાં સિંચાઈ સાધનો માટે પણ વીજળીનો ઉપયોગ વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વરસાદી માહોલને લીધે અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીથી થોડી રાહત હતી, પરંતુ વરસાદ ખેંચાતા ફરી તાપમાનનો પારો ઊંચકાયો છે અને તેની સાથે વીજવપરાશમાં પણ વધારો નોંધાયો છે. અમદાવાદ, વડોદરામાં શનિવારે મહત્તમ તાપમાન અનુક્રમે ૩૪.૫ અને ૩૪ ડિગ્રી નોંધાયું હતું. ભુજમાં ૩૩.૮ અને સુરતમાં ૩૨ ડિગ્રી નોંધાયું હતું. ગરમી વધતા જ લોકોનાં ઘરોમાં પંખા અને એરકન્ડિશનનો ઉપયોગ વધી ગયો હોવાનું આંકડા જણાવે છે. આ સાથે વરસાદની ઘટને કારણે ખેડૂતો પણ નોંધપાત્ર માત્રામાં વીજળીનો વપરાશ કરી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ફક્ત ચાર દિવસમાં ૩,૨૫૯ મેગાવોટનો વીજવપરાશ વધ્યો છે. રાજ્યમાં ૨૭ ઓગસ્ટના રોજ ૨૮,૨૨૦ મેગાવોટ વીજળીની માગ નોંધાઈ હતી, જેમાં કૃષિ, રહેણાંક, ઔદ્યોગિક અને વાણિજ્યિક ક્ષેત્રોમાં વપરાશમાં વધારો થયો હતો. રાજ્યમાં ખરીફ પાકનો લગભગ ૯૨% હિસ્સો વાવી દેવામાં આવ્યો છે. રાજ્યના સરેરાશ ૮૫.૩૦ લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે, અત્યાર સુધીમાં ૭૮.૫૫ લાખ હેક્ટરમાં પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. ખેડૂતો વરસાદની રાહ જોઈ રહ્યા છે, ત્યારે સિંચાઈ માટે અને પાકને સમયસર પાણી પૂરું પાડવા માટે વીજળીની માગ વધી છે, તેમ સૂત્રો જણાવે છે. જો સ્થિતિ આમ જ રહેશે તો વધારે વીજળની જરૂર ઊભી થશે.

આગામી દિવસોમાં વધતી માગને પહોંચી વળવા માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ ને ખુલ્લા બજારમાંથી વધારાની વીજળી ખરીદવી પડે તેવી શક્યતા સૂત્રોએ દર્શાવી હતી. એક અંદાજ મુજબ, જો વરસાદ ટૂંક સમયમાં ફરી શરૂ નહીં થાય, તો રાજ્યની વીજળીની માગ દિવસદીઠ ૨૯,૫૦૦ મેગાવોટની આસપાસ પહોંચી શકે છે. ગયા વર્ષના સમાન સમયગાળા કરતાં તાજેતરની માગ પણ નોંધપાત્ર રીતે વધારે છે. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ, ગુજરાતની વીજળીની માગ ૧૮,૦૫૨ મેગાવોટ હતી. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ, તે ૨૮,૨૨૦ મેગાવોટ પર પહોંચી ગઈ, જે એક વર્ષમાં ૧૦,૧૬૮ મેગાવોટનો વધારો દર્શાવે છે.

રાજ્યમાં ૨૯ જૂનના રોજ લગભગ ૨૯,૦૦૦ મેગાવોટની ઐતિહાસિક વીજળીની માગ નોંધાઈ હતી. તાજેતરનો ઉછાળો સૂચવે છે કે જો પાણીની ખેંચ રહેશે અને સિંચાઈની સમસ્યા ઓછા વરસાદને લીધે ઊભી થશે તો વીજળીનો વપરાશ ફરી એકવાર રેકોર્ડ સ્તરે પહોંચી શકે છે.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭નો કર્ટન રેઝર પ્રોગ્રામ સોમવારે નવી દિલ્હીમાં યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ અમેરિકા અને કેનેડાની ઉચ્ચસ્તરીય આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળની મુલાકાત પૂર્ણ થયા બાદ, ગુજરાત સરકાર દ્વારા આગામી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (વીજીજીએસ) ૨૦૨૭ માટેનો કર્ટન રેઝર કાર્યક્રમ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજવામાં આવશે. આ કર્ટન રેઝર કાર્યક્રમ આગામી ૧૦થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માટે મંચ તૈયાર કરશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી સવારે ઉદ્યોગજગતના અગ્રણી પ્રતિનિધિઓ સાથેના સંવાદ સત્રને સંબોધન કરશે. જ્યારે સાંજે હોટેલ તાજ પેલેસ ખાતે વિવિધ મિશનના વડાઓ તથા ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથેના સંવાદ સત્રમાં પણ તેઓ સંબોધન કરશે. ભારત મંડપમ ખાતે ભૂપેન્દ્રભાઈ પટેલ વિવિધ અગ્રણી કંપનીઓના ઉદ્યોગપતિઓ સાથે વન-ટુ-વન બેઠકો યોજશે. આ કંપનીઓમાં ટીપીઆરઈએલ, જેએસડબલ્યુ એમજી મોટર ઈન્ડિયા, શ્નાઈડર ઈલેક્ટ્રિક ઈન્ડિયા, ડીસીએમ શ્રીરામ લિમિટેડ, સિઓલ સેમિકન્ડક્ટર્સ, શ્રી સિમેન્ટ લિમિટેડ, પૂર્વાહ ગ્રીન પાવર, એલજી એનર્જી સોલ્યુશન્સ, જેબીએમ ગ્રુપ, દિનેશચંદ્ર આર. અગ્રવાલ ઈન્ફ્રાકોન, મેક્સ હેલ્થકેર, ઉનો મિન્ડા એન્ડ એસીએમએ, એસીએમઈ સોલાર, શ્વીહાગ એજી, એરટ્રંક, એચઆઈએફ ગ્લોબલ, જીએચસીએલ, એસબર બેન્ક, પીબી ફિનટેક લિમિટેડ (પોલિસીબાઝાર અને પૈસાબાઝારની પેરેન્ટ કંપની) અને મેનકાઇન્ડ ફાર્માનો સમાવેશ થાય છે. આ બેઠકોમાં રોકાણની તકો, વિસ્તરણની યોજનાઓ અને વ્યૂહાત્મક ભાગીદારી અંગે ચર્ચા કરવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

# નેશનલ હાઈ-વે-૪૮ પર ફરી લોહી રેડાયું, યુવકને ટક્કર મારી કારચાલક ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એનએચ-૪૮ વારંવાર રક્તરંજિત થઈ રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં અકસ્માતમાં ૪ જણનાં મોત નિપજ્યાં છે. શનિવારે મોડી રાત્રે ફરી અહીં એક ૩૧ વર્ષીય યુવકને એક વાહનચાલક ટક્કર મારી નીકળી ગયો હતો. યુવકનું મોત થયું હતું. મળતી વિગતો અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના ફર્રુખાબાદ જિલ્લાના અને ઘણાં વર્ષોથી વડોદરામાં રહેતા ૩૧ વર્ષીય પ્રવેંદ્રસિંહ દેવપાલસિંહ ૨૮ ઓગસ્ટની રાત્રે બાર વાગ્યા આસપાસ પગપાળા રોડ ક્રોસ કરી રહ્યો હતો. તે દરમિયાન જાંબુવા તરફથી આવી રહેલા અજાણ્યા વાહને તેને અડફેટે લીધો હતો અને તેનું મોત નિપજ્યું હતું. તેને પોસ્ટમોર્ટમ માટે વડોદરા એસએસજી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર છેલ્લાં ત્રણ દિવસમાં ચાર જણે જીવ ગુમાવ્યો છે. પોલીસે વાહનચાલકની શોધ શરૂ કરી હોવાની માહિતી મળી હતી.

# કચ્છમાં દબાણ હટાવ ઝુંબેશ વ્યાપકઃ માંડવીમાં ૩૦-૪૦ દબાણકર્તાને નોટિસ, ભચાઉ-અંજારમાં તહેવારો બાદ કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર માર્ગો અને ફૂટપાથો પરથી ગેરકાયદે દબાણો દૂર કરી રાહદારીઓ માટે રસ્તા ખુલ્લા કરવાના આદેશ બાદ જિલ્લા મથક ભુજ સહિત કચ્છ જિલ્લાનાં અન્ય શહેરોમાં પણ તંત્ર દ્વારા સપાટો બોલાવવામાં આવી રહ્યો છે. માંડવીમાં નગરપાલિકા દ્વારા ગૌરવપથ અને તળાવ ઓગન સહિતના વિસ્તારોમાંથી ૧૫ જેટલાં દબાણો દૂર કરાયા બાદ વધુ ૩૦ થી ૪૦ નડતરરૂપ અડિંગા જમાવી બેઠેલા દબાણકારોને નોટિસો ફટકારવામાં આવી છે. નગરપાલિકાના હેડક્લાર્ક મનજી પરમારના જણાવ્યા અનુસાર, આગામી તહેવારો દરમિયાન અવરોધરૂપ બનતા દબાણો વગર નોટિસે હટાવી લેવાશે. મામલતદાર પ્રદ્યુમનસિંહ જેઠવા અને ચાંદનીબેન જોશીની વિગતો મુજબ, તાલુકામાં ઓળખી કઢાયેલા ૯૪ પૈકી ૫૩ દબાણો દૂર કરી દેવાયાં છે. વિન્ડફાર્મ રોડ પર અનંતદ્વાર સુધીનો વિસ્તાર પાલિકા અને ત્યારબાદનો બીચ સુધીનો વિસ્તાર પ્રવાસન વિભાગ હસ્તક હોવાથી બંને તંત્રો દ્વારા સંયુક્ત કાર્યવાહી હાથ ધરાઈ છે.

બીજી તરફ, ભચાઉ શહેરમાં શાક માર્કેટ અને મુખ્ય બજારોની ફૂટપાથો પર વેપારીઓના બોર્ડ અને ગેરકાયદે બાંધકામો ખડકાઈ જતાં ટ્રાફિક સમસ્યા વકરી છે. ભચાઉ પાલિકાના ચીફ ઓફિસર ઝાલાએ જણાવ્યું હતું કે, જન્માષ્ટમીના તહેવારો પૂર્ણ થયા બાદ તુરંત જ ફૂટપાથો ખુલ્લી કરાવવા માટે કડક ઝુંબેશ હાથ ધરાશે.

# આજે રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ

## એમએસએમઈને ગુજરાતમાં વર્ષ ૨૦૨૫-૨૬માં બેન્કો દ્વારા ₹ ૩.૭૯ લાખ કરોડનું ધિરાણ

અમદાવાદ: ગુજરાતના માઈક્રો-સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, રાજ્ય સરકારના સઘન પ્રયાસો સાથે બેન્કિંગ ક્ષેત્રનો સહયોગ પણ સતત વધી રહ્યો છે. રાજ્ય સ્તરીય બેન્કર્સ સમિતિ, ગુજરાતના આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં, એમએસએમઈ ક્ષેત્ર માટે નિર્ધારિત રૂ.૩,૧૦,૯૧૭ કરોડના ધિરાણ લક્ષ્યાંક સામે બેન્કોએ રૂ.૩,૭૯,૫૩૫ કરોડનું ધિરાણ આપીને ૧૨૨.૦૭% સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ રીતે રૂ.૬૮,૬૧૮ કરોડ વધુ ધિરાણ એમએસએમઈ એકમોને પૂરું પાડવામાં આવ્યું છે. ભારતમાં દર વર્ષે ૩૦ ઓગસ્ટના રોજ 'રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે, જે લઘુ ઉદ્યોગોના મહત્ત્વ અને દેશના આર્થિક વિકાસમાં તેમના યોગદાનને ઉજાગર કરે છે.

ગુજરાત દેશના અગ્રણી એમએસએમઈમાં રાજ્યોમાં સ્થાન ધરાવે છે. રાજ્યમાં ૩૩ લાખથી વધુ એકમોએ ઉદ્યમ પોર્ટલ પર નોંધણી કરાવી છે. એમએસએમઈ માટેના ૧૨૨.૦૭%ના ધિરાણ લક્ષ્યાંકની સિદ્ધિ માત્ર બેન્કિંગ ક્ષેત્રની સિદ્ધિ નથી, પરંતુ ગુજરાતના નાના અને મધ્યમ ઉદ્યોગોમાં વધતી નાણાકીય પહોંચ અને રાજ્યના ઉદ્યોગસાહસિક વાતાવરણની મજબૂતીનું પણ તે પ્રતિબિંબ છે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

# વડોદરામાં પ્રેમિકાનો હત્યારો ઝડપાયો, આરોપી પર અગાઉ એક ડઝન ગુના નોંધાયેલા

અમદાવાદ: વડોદરાના વાઘોડિયાના ગુતાલ ગામે એક ખેતરમાં આવેલી ઓરડીમાંથી મહિલાનો સળગેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ મહિલા લક્ષ્મીબેન રોહિત હોવાનું ખૂલ્યું હતું. મહિલા નોકરી માટે ઘરેથી નીકળી હતી, પરંતુ પરત ન આવતાં તેના પુત્રએ ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન આ મૃતદેહ મળતા પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસમાં મહિલા એક પુરુષ પાછળ બાઈક પર બેસી જઈ રહી હોવાનું સીસીટીવી દ્વારા જાણવા મળ્યું હતું. આ બાઈક વિષ્ણુ મકવાણા નામના વ્યક્તિનું હોવાનું જાણવા મળતા પોલીસે તેને પકડ્યો હતો. વિષ્ણુએ પોલીસ પૂછપરછમાં પોતે જે મહિલાની હત્યા નિપજાવ્યાનું કબૂલ્યું હતું.

આ અંગે મળતી વિગતો અનુસાર અગાઉ મહિલા અને આરોપી સાથે નોકરી કરતા હતા અને તેમના વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. જોકે તેમના વચ્ચે ખટપટ પણ ચાલ્યા કરતી હતી. દરમિયાન તેઓ ગુતાલ ગામના ખેતરમાં મળ્યા ત્યારે મહિલાને અન્ય કોઈ વ્યક્તિનો ફોન આવતા વિષ્ણુ ગુસ્સે થયો હતો અને તેણે ધારિયાથી મહિલા પર હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધી હતી. ત્યારબાદ તે પરત આ જગ્યાએ આવ્યો અને મહિલાનાં મૃતદેહને સળગાવી દીધો હતો.

પોલીસ તપાસમાં એ પણ જાણવા મળ્યું હતું કે આરોપી પર અગાઉ ૧૨ ગુના નોંધાયેલા છે.

# ગીર સોમનાથના નાંદરખ ગામના ઉતરવાડી વિસ્તારમાં વૃદ્ધ પર સિંહે હુમલો કરતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથ: જિલ્લાના ઉના તાલુકાના નાંદરખ ગામના ઉતરવાડી વિસ્તારમાં ઘરની ઓસરીમાં સૂતેલા ૭૦ વર્ષીય વૃદ્ધ પર સિંહે હુમલો કરતાં ચકચાર મચી ગઈ હતી. સિંહે વૃદ્ધની સાથળ મોઢામાં પકડી તેમને ફેંકી દીધા હતા.વૃદ્ધે બૂમાબૂમ કરતાં પરિવારજનો જાગી ગયા હતા અને હાકલા-પડકારા કરતાં સિંહ ત્યાંથી નાસી ગયો હતો. ઇજાગ્રસ્ત વૃદ્ધને સારવાર માટે ઉનાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, નાંદરખ ગામના ઉતરવાડી વિસ્તારમાં રહેતા ભૂપત કલાભાઈ ગોહિલ રાત્રિના સમયે ઘરની ઓસરીમાં સૂતા હતા. વહેલી સવારે આશરે ૪ વાગ્યાના અરસામાં અચાનક સિંહ ઘરની ઓસરીમાં આવી પહોંચ્યો હતો અને વૃદ્ધ પર હુમલો કર્યો હતો. સિંહે તેમના સાથળના ભાગને મોઢામાં પકડી ફેંકી દીધા હતા. હુમલાથી ગભરાયેલા ભૂપતભાઈએ બૂમાબૂમ કરતાં તેમના ભાઈ માધુભાઈ જાગી ગયા હતા. તેમણે હાકલા-પડકારા કરતાં સિંહ ત્યાંથી નાસી ગયો હતો.

ઘટનાની જાણ થતાં ઈજાગ્રસ્ત ભૂપતભાઈને સારવાર માટે ઉનાની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલ ખાતે ફોરેસ્ટર અને વેટરનિટી તબીબ પણ પહોંચ્યા હતા. શરૂઆતમાં વનવિભાગને સિંહના હુમલા અંગે શંકા હતી. જોકે, વેટરનિટી તબીબે મેજર ટેપથી ઇજાના નિશાનની તપાસ અને માપણી કર્યા બાદ વૃદ્ધ પર સિંહે જ હુમલો કર્યો હોવાનું નિશ્ચિત કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાંચ દિવસ પહેલાં પણ ગામમાં એક યુવાન પર સિંહે હુમલો કર્યો હતો. હાલ સિંહ નાંદરખ વિસ્તારમાં જ હોવાનું જાણવા મળ્યું હતું અને વનવિભાગની ટીમ ઘટનાસ્થળે રવાના થઈ છે. ગ્રામજનોની માગ છે કે વધુ કોઈ માનવ જીવન જોખમાય તે પહેલાં વનવિભાગ દ્વારા સાવચેતીના જરૂરી પગલાં લઈ નિયમિત પેટ્રોલિંગ વધારવામાં આવે.

# અમદાવાદના નરોડા જીઆઈડીસીની કંપનીમાં ભીષણ આગ ફાટી નીકળતાં અફરાતફરી, મોટી જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના નરોડા જીઆઈડીસીના ફેઝ -૩માં પ્લોટ નંબર ૨૮ પર સ્થિત એક ફૂડ પ્રોડક્ટ પેકેજિંગ કંપનીમાં અચાનક ભયાનક આગ ફાટી નીકળતા અંદર કામ કરી રહેલા કર્મચારીઓમાં ભાગદોડ મચી હતી.

આગ લાગવાના કારણે આસપાસના વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા અને જ્વાળાઓ જોવા મળતા સ્થાનિકો તેમજ કર્મચારીઓમાં ભારે ચિંતા અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ભીષણ આગ અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડની ૧૨ જેટલી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ મેયર હિતેશ બારોટ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ફાયરકર્મીઓએ ચારેય બાજુથી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. ૧૦૦ જેટલા ફાયરકર્મીઓની જહેમત બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો.

જો કે સદનસીબે કોઈ જાનહાનિ સર્જાઈ ન હતી, પરંતુ ફેક્ટરીની અંદર રહેલા કાચા માલ અને મશીનરીને ભારે નુકસાન થયું હતું. આ ભીષણ આગ પાછળનું કારણ જાણી શકાયું નથી.

# માછીમારોની ફિશિંગ નેટમાં ₹ ૨૦.૯૬ કરોડના ખર્ચે કુલ ૮,૯૦૦થી વધુ ટર્ટલ એક્સક્લુડર ડિવાઈસ લગાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત રાજ્ય મત્સ્યઉદ્યોગ ક્ષેત્રે હંમેશાં અગ્રેસર રહ્યું છે. ગુજરાતમાં પ્રથમવાર માછીમારોની ફિશિંગ નેટમાં 'ટર્ટલ એક્સક્લુડર ડિવાઇસ' (ટેડ)લગાવવાનો રાજ્ય સરકાર દ્વારા પ્રારંભ કરવામાં આવશે.

મત્સ્યોદ્યોગ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે આ યોજના હેઠળ રાજ્યના ૮,૯૨૫ માછીમારોને ૧૦૦% સરકારી સહાય સાથે વિનામૂલ્યે 'ટર્ટલ એક્સક્લુડર ડિવાઇસ' પૂરાં પાડવામાં આવશે. કુલ રૂ. ૨૦.૯૬ કરોડના ખર્ચે આકાર પામનારા આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટથી દરિયાઈ જીવસૃષ્ટિના જતનની સાથે-સાથે ગુજરાતના સીફૂડ ઉદ્યોગ માટે વૈશ્વિક બજારોના દ્વાર વધુ મોકળાં થશે. છેલ્લા કેટલાક સમયથી અમેરિકા દ્વારા ભારતીય 'વાઇલ્ડ કોટ શ્રિમ્પ' એટલે કે, દરિયામાંથી પકડાયેલા ઝીંગાની આયાત પર અંકુશ મૂકવામાં આવ્યો હતો, જેનું મુખ્ય કારણ માછીમારી દરમિયાન દરિયાઈ કાચબાઓને થતું જોખમ હતું. હવે ટેડના ઉપયોગથી કાચબાઓનું જોખમ ઘટશે, જેથી આંતરરાષ્ટ્રીય સ્તરના જરૂરી સર્ટિફિકેશન્સ મેળવવાનું સરળ બનશે. પરિણામે, અમેરિકા સહિતના આંતરરાષ્ટ્રીય બજારોમાં ગુજરાતના ઝીંગાની નિકાસ પુનઃ ધમધમતી થશે, જે રાજ્યના માછીમારો અને સીફૂડ નિકાસકારોની આવકમાં ધરખમ વધારો લાવશે. ટેડ ઝીંગા પકડવાની ટ્રોલનેટમાં લગાડવામાં આવતું એક એવું વિશિષ્ટ સાધન છે, જે ઝીંગાને જાળીમાં સુરક્ષિત રાખી કાચબા જેવા મોટા દરિયાઈ જીવોને 'એક્ઝિટ ફ્લેપ' દ્વારા બહાર નીકળવાનો માર્ગ આપે છે, આનાથી કાચબાના મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થશે.

# ભાવનગરમાં રક્ષાબંધન પર્વે બહેનને તેડવા ગયેલા ભાઈ સામે જ નવવધૂનો લટકતો મૃતદેહ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: રક્ષાબંધનના પવિત્ર પર્વે બહેન ભાઈની કલાઈ પર રક્ષાસૂત્ર બાંધે તે પૂર્વે જ ભાવનગરના કૂકડ વિસ્તારમાં એક કાળજું કંપાવનારી કરુણાંતિકા સર્જાઈ હતી. ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના કૂકડ ગામેથી ભાવનગર બહેનને તેડવા આવેલા ભાઈ યોગીરાજસિંહ પ્રદ્યુમ્નસિંહ ગોહિલ જ્યારે બહેન શ્વેતાબાના ઘરે પહોંચ્યા, ત્યારે બંધ રૂમમાં બહેનનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. ભાઈએ તાત્કાલિક ૧૦૮ની મદદથી બહેનને નીચે ઉતારી હૉસ્પિટલ ખસેડી હતી, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

માત્ર ૫ મહિના પૂર્વે જ કુલદીપસિંહ સરવૈયા સાથે કોર્ટ મેરેજથી જોડાયેલી નવવધૂ શ્વેતાબાના આ અણધાર્યા અવસાન અંગે મૃતકના ભાઈ યોગીરાજસિંહે શંકાસ્પદ મોત હોવાના ગંભીર આક્ષેપો કર્યા છે. જે હાથમાં રાખડી બાંધવાની હતી તે જ હાથે બહેનના મૃતદેહને નીચે ઉતારવો પડતાં પરિવારમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

આ બનાવ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ અને ઝીણવટભરી તપાસના અંતે જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થઈ શકશે.

# એક વર્ષમાં અમદાવાદ ઍરપોર્ટ પરથી ૧૫ મહિલા સોનાની દાણચોરી કરતી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંજો, હેરોઈન સહિતના નશાયુક્ત પદાર્થો અન્ય દેશમાંથી લાવનારાઓમાં મહિલાઓની સંખ્યા વધતી જાય છે ત્યારે ગેરકાયદે સોનું લાવતી મહિલા પેસેન્જર પણ મોટા પ્રમાણમાં કસ્ટમ્સના હાથે ઝડપાઈ રહી છે. એક વર્ષમાં અમદાવાદ એરપોર્ટ પર ૧૫ મહિલાને પકડવામાં આવી છે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

શહેરના એરપોર્ટ ઉપર જુલાઈ ૨૦૨૫થી ઓગસ્ટ ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન ૧૫ જેટલી મહિલા દાણચોરી કરતા એરપોર્ટ કસ્ટમના અધિકારીઓએ ઝડપી પાડી છે. અમદાવાદ એરપોર્ટ ઉપર અબુધાબીથી અમદાવાદ આવેલી એક મહિલા પેસેન્જર પાસેથી રૂ. ૩૪.૨૯ લાખના ગોલ્ડ બિસ્કીટ મળ્યા હતા.

આ ગોલ્ડ બિસ્કીટ તેને બુરખાની અંદર છુપાવ્યા હતા, બનાસકાંઠાના પાલનપુર જિલ્લામાં અલ મદીના ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ નામથી બિઝનેસ કરતા મોહમ્મદ અશરફ નામના ટ્રાવેલ એજન્ટના માલિકને રૂ. એક કરોડ ૭૦ લાખના સોનાના દાગીના સાથે ઝડપી લેવાયો હતો આ ટ્રાવેલ એજન્ટ ૧૭ મહિલાને લઈને મદીનાના પ્રવાસે ગયો હતો અને ત્યાંથી જીયાઉદ્દીન નામના માણસે દાગીના આપ્યા હતા. આ દાગીના આઠ મહિલા પેસેન્જરને આપીને દાણચોરી કરાવવામાં આવતી હતી.

એટલું જ નહીં મહેસાણાના લીચ ગામના રહેવાસી ટ્રાવેલ એજન્ટ કિરીટ પટેલ અને તેના સાગરીત પંકજ પટેલને પણ રૂ. એક કરોડ ૧૪ લાખના દાગીના સાથે ઝડપી લીધા હતા. આ સોનાના દાગીના ૧૦ પેસેન્જર લઈને આવ્યા હતા તેમાં પણ મહિલાઓનો સમાવેશ થાય છે, ઓગસ્ટ મહિનાની શરૂઆતમાં જ વડોદરાની નિર્મલા ગૌસ્વામી રૂ. ૩૫ લાખની બે ગોલ્ડ કેપ્સુલ અને રાજસ્થાનની રહેવાસી મહિલા શિખા દુગડ પણ રૂ. ૩૫ લાખના દાગીના સાથે પકડાઈ હતી. ૨૬ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ત્રણ ફ્લાઈટમાં આવેલી અલ્પા, નાઝનીન અને સૈયદા નામની મહિલાઓ પકડાઈ હતી. તે પહેલા ભાવનગરની ડોક્ટર યુવતી રૂ. ૮૩ લાખની ૨૪ કેરેટની સોનાની ચેન પહેરીને આવતા પકડાઈ ગઈ હતી.

# દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં સૌની યોજના મારફતે પાણી આપવાનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ઘણા જિલ્લાઓમાં વરસાદ નહીં જેટલો પડ્યો છે અને પાણીની અછત અત્યારથી જ વર્તાઈ રહી છે. ખેડૂતો સહિત રાજકીય પક્ષોએ પણ આ સમસ્યાનો નિવેડો લાવવા સરકાર સામે માગણી કરી હતી ત્યારે રાજ્ય સરકારે નિર્ણય લઈ દ્વારકા અને જામનગર જિલ્લાને રાહત આપી છે.

સૌરાષ્ટ્રના દ્વારકા અને જામનગર વિસ્તારના નાગરિકો તથા ખેડૂતોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે આ વિસ્તારમાં સ્થાનિક ડેમો મારફતે સિંચાઈનું પાણી પૂરું પાડવામાં આવતું હોય છે, પરંતુ વર્તમાન સમયે ઓછો વરસાદ હોવાના કારણે નર્મદા બેસીનમાં પણ પાણી સામાન્ય સંગ્રહ કરતા ઓછું છે.

આમ છતાં, દ્વારકા અને જામનગરની સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સરકારે સૌની યોજનાની પાઇપલાઇન દ્વારા મચ્છુ-૨ જળાશયમાંથી પાણી ઉપાડીને આ જિલ્લાઓમાં આપવા ખાસ મંજૂરી આપી દીધી છે. રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં સૌની લીન્ક-૧ મારફતે ૬૦૦ ક્યુસેક પાણી ઉપાડવામાં આવી રહ્યું છે. આ ઉપાડવામાં આવેલા પાણીમાંથી સૌથી પહેલા પીવાના પાણીને પ્રાધાન્ય આપવામાં આવશે અને ત્યારબાદ બાકી રહેતું પાણી ખેતી તથા સિંચાઈ માટે પૂરું પાડવામાં આવશે.

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com



# સાબદા રહેજો.... નેપાળ જેવી તબાહી ભારતમાં પણ સર્જી શકે છે ચીન...!

**નેપાળનું તાજું જળસંકટ અકલ્પનીય છે. એની પાછળ કુદરતના નામે ચીન કોઈ ભેદી રમત રમી ગયું હોવાની શંકા પર્યાવરણના નિષ્ણાતોને છે. આવો જ ગેબી ખેલ ચીન આપણી સાથે કઈ રીતે રમી શકે એ જાણીને સાવચેત રહેવું જરૂરી છે....**

નેપાળની જલપ્રલયની હોનારતે આખી દુનિયાને ખળભળાવી મૂકી છે. તિબેટમાંથી નીકળતી ભોટેકોશી નદીના પાણીનો પ્રવાહ અવરોધાયો તેના કારણે બનેલું તળાવ અચાનક ફાટ્યું ને તેનાં પાણી નેપાળમાં ફરી વળ્યાં તેથી આખેઆખાં ગામ સાફ થઈ ગયાં. હજારોનાં મોત થયાં ને કલ્પના પણ ના કરી હોય એવી જાનહાનિ થઈ ગઈ. અત્યાર સુધી આપણે નદીઓમાં આવતાં પૂર, ભારે વરસાદ, દરિયાઈ તોફાનો, સુનામી જેવી ઘટનાઓના કારણે સર્જાતી તબાહી, વાદળો ફાટવાં વગેરે કુદરતી હોનારતોના કારણે આવતા જળપ્રલયના કારણે વેરાતો વિનાશ પણ જોયો હતો.

જોકે નેપાળમાં હવે અલગ પ્રકારનો જળપ્રલય જોયો કે જેને ચીન કુદરતી ગણાવે છે, પણ આ હોનારત ચીને સર્જી હોવાની પૂરી શક્યતા છે.

આ પરિસ્થિતિમાં નેપાળ જેવી જળહોનારતનો ભારે ખતરો આપણા પર છે. ખાસ કરીને ઉત્તરાખંડ પર મોટું જોખમ છે કેમ કે ઉત્તરાખંડમાં આડેધડ બાંધકામો થઈ રહ્યાં છે. પહાડોને તોડીને બનાવાઈ રહેલી હોટલો વગેરેના કારણે ભવિષ્યમાં શું સ્થિતિ થશે તેનાં ટ્રેલર આપણને વારંવાર જોવા મળે છે, પણ આપણે સુધરતા નથી. ઉત્તરાખંડમાં વારંવાર ભેખડો ધસી પડે છે અને રસ્તા બ્લોક થઈ જાય છે. નસીબજોગે અત્યાર લગી ભેખડો ધસીને નદીઓના રસ્તામાં પડી નથી તેથી તિબેટમાં બન્યું એવું કૃત્રિમ તળાવ બની જાય ને પછી અચાનક ફાટી જાય તેના કારણે કોઈ હોનારત સર્જાઈ નથી, પણ નદીકિનારે સતત થઈ રહેલાં બાંધકામોના કારણે ભવિષ્યમાં આ બાંધકામો તૂટીને નદીના પ્રવાહમાં ભળે તો હાહાકાર મચી જાય.



જોશીમઠ પર તોળાતું જોખમ

ઉત્તરાખંડમાં ગંગા સૌથી મોટી નદી છે. ગંગાનો પ્રવાહ જબરદસ્ત છે તેથી તેનો પ્રવાહ ના રોકાય અને કૃત્રિમ તળાવ ના બને પણ તેમાં ભેખડો પડે કે કાટમાળ પડે તો અકલ્પનીય વિનાશ સર્જાય. ઉત્તરાખંડમાં અલકનંદા, ભાગીરથી, યમુના, મંદાકિની વગેરે નદીઓ પણ છે કે જે ગંગા જેટલી મોટી નથી. આ નદીઓમાં ભેખડો. પથ્થરો વગેરે પડે ને પ્રવાહ રોકાઈ જાય તો ત્યાં પણ ન કલ્પેલી તબાહી થઈ શકે છે.

ઉત્તરાખંડમાં સતત થઈ રહેલાં બાંધકામોના કારણે કેવો ખતરો છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ જોશીમઠ છે. સ્થિતિ એ છે કે, ઉત્તરાખંડના જોશીમઠ શહેરનું અસ્તિત્વ જ મટી જાય... જોશીમઠ પ્રાચીન નગર છે અને હિંદુઓ માટે અત્યંત પવિત્ર યાત્રાધામ મનાતા બદરીનાથનું પ્રવેશદ્વાર ગણાય છે. બદરીનાથ તથા હેમકુંડ સાહિબના રસ્તામાં આવતા જોશીમઠની પાસે જ આંતરરાષ્ટ્રીય સ્કીઈંગ પ્લેસ ઔલી પણ આવેલું છે. જોશીમઠમાં શંકરાચાર્યનો આશ્રમ જ્યોતિર્મઠ આશ્રમ પણ છે ને બીજાં પણ પવિત્ર મનાતાં સ્થળો છે. જોશીમઠમાં બધાં મળીને ૪૦૦૦ની આસપાસ ઘર છે પણ તેની આસપાસ થઈ રહેલાં બાંધકામોના કારણે ૧૦૦૦ જેટલાં ઘરોમાં તિરાડો પડી ગઈ છે. જોશીમઠ અલકનંદા અને ધૌલીગંગા નદીઓના સંગમસ્થાને વસેલું છે તેથી આ ઘરો અને ભેખડો તૂટીને બંને નદીના પાણીમાં ભળે તો આપણે વિચારી પણ ના શકીએ એવી બરબાદી સર્જાઈ જાય.

જોશીમઠ સહિતનાં ઊંચાઈ પર આવેલાં ઘણાં શહેરોમાં મોટા પાયે ચાલી રહેલા બાંધકામના કારણે ખતરો હોવાની ચેતવણી પહેલાં પણ અપાઈ છે, પણ રાજ્ય સરકાર તેને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખે છે. બલ્કે રાજ્ય સરકારની મહેરબાનીથી નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિ. (એનટીપીસી)એ આ વિસ્તારમાં તપોવન-વિષ્ણુગઢ પ્રોજેક્ટ શરૂ કર્યો છે ને તેના કારણે પણ જમીન પોલી થઈ ગઈ છે.

ભૂસ્તરશાસ્ત્રીઓનું કહેવું છે કે, જોશીમઠ જ નહીં, પણ નૈનિતાલ અને બીજાં શહેરોમાં પણ આ જ સ્થિતિ સર્જાઈ શકે છે. ઉત્તરાખંડમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો આડેધડ ઔદ્યોગિકીકરણ કરી રહી છે, શહેરીકરણ કરી કરીને નવી નવી યોજનાઓ બનાવી રહી છે. પ્રવાસનને ઉત્તેજન આપવાના નામે ગેસ્ટહાઉસ, ફેક્ટરીઓ, કોલોનીઓ બનાવાઈ રહી તેથી પ્રાકૃતિક સ્રોતનો વિનાશ થયો છે ને જમીનનું સંતુલન ખોરવાઈ ગયું છે. પર્યાવરણ અને ભૂસ્તરમાં થયેલા ફેરફારોના કારણે ભૂગર્ભીય ગડબડ થઈ ગઈ છે.

ઉત્તરાખંડ હિમાલયમાં વસેલું રાજ્ય છે. આ પહાડી પ્રદેશ છે પણ પહાડો નક્કર નથી પણ બનેલા છે તેથી બરફ પિગળે ત્યારે માટી ધોવાય છે. આ માટી ધોવાય નહીં એટલે તેને બાંધી રાખવી જરૂરી છે પણ ખોદકામ થાય એટલે માટી બંધાયેલી રહેતી નથી. તેનાં વર્ષોથી ચાલતા કન્સ્ટ્રક્શન અને કહેવાતાં વિકાસ કાર્યોના પગલે ભૂસ્ખલન થાય છે ને પોલાણ થાય છે. તેના પરિણામે જમીન ધસી પડવાની ઘટનાઓ વધતી જ જાય છે. આ ઉપરાંત બાંધકામોના કારણે ગ્લોબલ વોર્મિંગ વધી રહ્યું છે તેથી હિમશીલાઓ અને હિમનદીઓ પિગળવાનું પ્રમાણ પણ વધ્યું છે. આ કારણે નદીઓમાં પૂરની ઘટનાઓ વધી રહી છે. ઉત્તરાખંડમાં વાદળો ફાટવાની ઘટનાઓ પણ વધી છે તેથી અચાનક જ પાણીનો પ્રવાહ વધી જાય એવું પણ બને છે તેથી આપણે આ કહેવાતા વિકાસને નહીં રોકીએ તો ભવિષ્યમાં ભારતમાં પણ નેપાળ જેવી તબાહી સર્જાઈ શકે છે.

ભારતને તો ચીન તરફથી ઉત્તર-પૂર્વમાં માનવસર્જિત હોનારતનો પણ ખતરો છે. લોકોની યાદદાસ્ત બહુ ટૂંકી છે તેથી બહુ બધાંને યાદ નહીં હોય પણ ચીને ૨૦૧૮માં નેપાળ જેવી હોનારત ભારતમાં સર્જાઈ શકે એવી ચેતવણી આપી જ હતી. ૨૦૧૮માં ચીને ચેતવણી આપી હતી કે, તિબેટમાં ભારે વરસાદના કારણે ભેખડો ધસી પડવાથી યાર્લુંગ સાંગપો એટલે કે બ્રહ્મપુત્રા નદીના પાણીનો પ્રવાહ રોકાઈ જતાં વિશાળ કૃત્રિમ સરોવરનું નિર્માણ થયું છે. માટી અને પથ્થરોનું બનેલું આ કૃત્રિમ સરોવર ગમે ત્યારે ફાટી જાય અને અરૂણાચલ પ્રદેશમાં બ્રહ્મપુત્રા નદીનાં ધસમસતાં પાણી ફરી વળશે તેથી જબરદસ્ત તબાહી થશે એવી ચેતવણી ચીને આપી હતી. આ ચેતવણીના પગલે ભારત સચેત થઈ ગયું હતું. લોકોને સલામત સ્થળે ખસેડવા સહિતનાં પગલાં તાત્કાલિક ભરાયાં હતાં. લોકોને ઘરો ખાલી કરીને બહાર મોકલી દેવાયાં હતાં. બ્રહ્મપુત્રાનું પાણી આસામમાં જાય છે તેથી આસામમાં પણ કાંઠાના વિસ્તારો ખાલી કરી દેવાયા હતા. ચીને એ પછી જાહેર કર્યું કે, પાણી ઓસરી જતાં હવે સરોવર ફાટવાનો ખતરો નથી તેથી ચિંતા ના કરશો.

જોકે નિષ્ણાતો માને છે કે, ચીને પોતે કૃત્રિમ સરોવરની અફવા ફેલાવી હતી કે જેથી ભારત પર તેની શું અસર થાય છે તે ચકાસી શકાય. ચીને ભારતમાં ફફડાટ ફેલાવવા અને ભવિષ્યમાં પોતે ભારતને તબાહ કરી શકે છે તેનો અહેસાસ કરાવવા આ નાટક કરેલું. વાસ્તવમાં કોઈ કૃત્રિમ સરોવર બન્યું જ નહોતું, પણ ભારતનો ગભરાટ જોયા પછી ચીનને લાગ્યું કે, આ પણ એક અસરકારક હથિયાર સાબિત થઈ શકે છે તેથી ચીને હવે આવાં નાનાં નાનાં કૃત્રિમ સરકોવર બનાવ્યાં છે કે જેનો ઉપયોગ ભવિષ્યમાં ભારત સામે કરી શકાય. નેપાળ પર તેનો સફળ પ્રયોગ કરી લીધો ને હવે કદાચ ભારતનો વારો આવી શકે. આવાં ત્રીસેક સરોવરો તિબેટમાં બનાવાયાં છે એવું કહેવાય છે એ જોતાં ભારત પર ખતરો છે જ.

ચીન તો તિબેટમાંથી નીકળતી નદીઓનાં પાણી પર પોતાનો જ અધિકાર રહે એ માટે નદીઓના કુદરતી ઉત્તરથી દક્ષિણ તરફના પ્રવાહને બદલીને દક્ષિણથી ઉત્તર તરફ પણ કરી રહ્યું છે. બ્રહ્મપુત્રા પર જ ૧૧ બંધ બનાવીને આ બંધનાં પાણીને મોટી પાઈપોથી ચીનના જળસંકટગ્રસ્ત દક્ષિણ ભાગ તરફ વાળવાનો પ્રોજેક્ટ ચીને હાથ ધરેલો જ છે. આ સિવાય ચીન બીજા નાના નાના ડેમ પણ બનાવી રહ્યું છે. પહાડોમાં બની રહેલા આ ડેમના કારણે જમીનનું સંતુલન બગડી જતાં ભૂકંપનો ખતરો પણ છે. ભૂકંપ આવે ને એકાદ ડેમ તૂટે તો તેનું પાણી સીધું ભારતમાં જ ઘૂસે એ જોતાં ભારત માટે બહુ મોટો ખતરો છે.

નેપાળની તાજી હોનારતમાંથી ભારતે બોધપાઠ લેવાની જરૂર છે. ઉત્તરાખંડમાં પર્વતો કાપી કાપીને બેફામ બાંધકામો થઈ રહ્યાં છે તેના કારણે હિમશીલાઓ અને હિમનદીઓ ઝડપથી ઓગળી રહી છે. બીજી તરફ ચીન તો પાણીનો ઉપયોગ હથિયાર તરીકે કરવાની દિશામાં આગળ વધી જ રહ્યું છે. ચીન પાસે રાક્ષસી ટેકનોલોજી છે તેથી એ ગમે તે કરી શકે એ જોતાં ભારતે આ બે તરફના ખતરાને પહોંચી વળવા માટે નક્કર નીતિ બનાવવી જરૂરી છે. શિયાળ જેવા લુચ્ચા શત્રુ ચીનથી સતત ચેતતા રહેવું જરૂરી છે. ■

# સોનું ધરાવતા હલાયેબ ટ્રાયેન્ગલ માટે રાજકીય વિવાદ- તણાવ કેમ?

હેં... ખરેખર!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com



ઈજિપ્ત અને સુદાનની વચ્ચે આવેલો આશરે ૨,૦૬૦ ચોરસ કિલોમીટરના ઉજ્જડ રણવિસ્તાર બીર તાવિલ (Bir Tawil)ને જતો કરવાનું કારણ છે હલાયેબ ટ્રાયેન્ગલ (Halayeb Triangle). હા, ઇજિપ્ત અને સુદાન વચ્ચેનો લગભગ ૨૦,૫૮૦ ચો. કિમીનો વિવાદિત સરહદી વિસ્તાર. એનું ક્ષેત્રફળ ઇઝરાયેલ કરતાં સહેજ મોટું છે.

લાલ સમુદ્રના પશ્ચિમ કિનારે, ઇજિપ્ત અને સુદાન સરહદ પાસે આવેલા આ વિસ્તાર પર હાલમાં ઇજિપ્ત વાસ્તવિક નિયંત્રણ ધરાવે છે અને તે પોતાના દેશનો ભાગ હોવાનો મક્કમ દાવો કરે છે. સામે પક્ષે સુદાન પણ ઐતિહાસિક અને સરહદી દાવાના આધારે હલાયેબ પર પોતાનો અધિકાર માને છે. હલાયેબ લાલ સમુદ્રના એવા વિસ્તારમાં છે જ્યાંથી લાલ સમુદ્ર અને સુએઝ નહેર તરફના દરિયાઈ માર્ગોનું વ્યૂહાત્મક મહત્ત્વ જોડાય છે. ઇજિપ્ત માટે આ ખાસ મહત્ત્વનું છે. હમણાં અમેરિકા અને ઈરાનના યુદ્ધે નહેર અને દરિયાઈ માર્ગોનું મહત્ત્વ દુનિયાને બરાબરનું સમજાવી દીધું છે.

હલાયેબ ટ્રાયેન્ગલનું મહત્ત્વ માત્ર જમીનના કદને કારણે નહીં, પરંતુ તેની ભૌગોલિક સ્થિતિ અને સંસાધનોને કારણે છે. વધુમાં હલાયેબને લાલ સમુદ્રનો લાંબો દરિયાકિનારો મળે છે. એટલે બંદર, માછીમારી અને સમુદ્રી વેપાર માટે તેનું વ્યૂહાત્મક મહત્ત્વ ઘણું છે.

લાલ સમુદ્રનો દરિયાકિનારો સ્થાનિક લોકો માટે માછીમારી અને અન્ય સમુદ્રી સંસાધનોનો પણ અગત્યનો સ્રોત છે.

લાલ સમુદ્ર, કોરલ રીફ, રણ અને પર્વતીય ભૂદૃશ્યને કારણે આ વિસ્તાર ડાઇવિંગ, દરિયાઈ પર્યટન અને સાહસિક પ્રવાસન માટે આકર્ષક છે. આથી દેશ માટે આવક, રોજગાર અને વિકાસની શક્યતા નિર્માણ થાય છે.

આ વિસ્તારમાં સોનું, તાંબું અને અન્ય ખનિજોના ભંડારો હોવાની શક્યતા અને ખાણકામની પ્રવૃત્તિઓ મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને ઇજિપ્તે આ વિસ્તારમાં સોનાની શોધખોળ અને ખનિજ સંશોધન હાથ ધર્યું છે. જો કે અહીં એક મહત્ત્વની વાત સમજવા જેવી છે. હલાયેબનું સૌથી મોટું મૂલ્ય કદાચ એમાં રહેલા સોનામાં નથી પણ દરિયાકિનારા અને સરહદી સ્થાન બંને દેશો માટે વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી વધાર મહત્ત્વ છે.

હલાયેબ વિસ્તારમાં કેટલું સોનુ હશે?

હા, હલાયેબ અને શલાતીન વચ્ચેનો દક્ષિણ-પૂર્વ ઇજિપ્તનો વિસ્તાર પ્રાચીન સમયથી સોનાના ખનન માટે પ્રખ્યાત છે. આજે પણ અહીં સોનાની શોધખોળ અને નાના પાયે ખનન થાય છે. હકીકતમાં હલાયેબ - શલાતીન વિસ્તાર સોનાની ઊંચી સંભાવના ધરાવતા ઈસ્ટર્ન ડેઝર્ટનો ભાગ છે, પરંતુ નજીકનાં અન્ય ખાણક્ષેત્રોના આંકડાને આખા હલાયેબ ટ્રાયેન્ગલના સોનાના ભંડાર તરીકે ગણવું ઉચિત નથી જ.

હજી ૨૦૨૦માં ઇજિપ્તે ઈકાત વિસ્તારમાં ૧ મિલિયન ઔંસ (આશરે ૩૧,૧૦૩.૪૮ કિલોગ્રામ અર્થાત ૩૧.૧ મેટ્રિક ટન) થી વધુ સોનાનો અંદાજિત ભંડાર જાહેર કર્યો હતો. અન્ય એક માહિતીમાં ઈકાત માટે ૧.૪ મિલિયન ઔંસ (આશરે ૪૩,૫૪૫ કિલોગ્રામ એટલે ૪૩.૫૫ ટન)થી વધુ ઉત્પાદનની સંભાવના દર્શાવવામાં આવી છે. પરંતુ ઈકાત વિસ્તાર આખો હલાયેબ ટ્રાયેન્ગલ નથી. તેથી આ બધું સોનું હલાયેબ ટ્રાયેન્ગલનું છે એમ કહી ન શકાય.

જોકે હલાયેબ-શલાતીનના દરિયાકાંઠા વિસ્તારમાં હાથ ધરાયેલા વૈજ્ઞાનિક અભ્યાસોમાં અન્ય ખનિજ- ધાતુ હોવાનું બહાર આવ્યું હતું, જેમાં ઇલ્મેનાઇટ, ઝિર્કોન, મેગ્નેટાઇટ, રૂટાઇલ, ગાર્નેટ, મોનાઝાઇટનો સમાવેશ થાય છે.

આમ છતાં હલાયેબ ત્રિકોણ માટે ઈજિપ્ત અને સુદાન વચ્ચે કોઈ મોટું સત્તાવાર કે સીધું યુદ્ધ થયું નથી, પરંતુ આ બંને દેશો વચ્ચે આ પ્રદેશને લઈને લાંબા સમયથી રાજકીય વિવાદ અને તણાવ ચાલે છે. મહાસત્તા અમેરિકા રસ લે ત્યાં સુધી શાંતિ છે એનો હાશકારો અનુભવીએ. (સંપૂર્ણ)■


## "ઔરોરા ટ્રાવેલ્સ લઈ જાય છે જ્યોર્જિયા : તિબિલિસીના આકર્ષણથી બાટુમીની લક્ઝરી"



ઔરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચેરમૅન ધવલ જાંગલા

**જ્યોર્જિયા એક એવી જગ્યા છે જ્યાં સાહસ, ઇતિહાસ અને પ્રકૃતિ નો એવો તે સમન્વય થાય છે જે સામાન્ય યુરોપિયન અનુભવથી વધુ તાજો અને અલગ લાગે છે. ડિસ્કવરી, આશ્ચર્ય અને એડવેન્ચર્સથી ભરપૂર એવું અને મનને લલચાવે એવા આ સ્થળ વિશે વધુ જાણીએ ઔરોરા ટૂર્સનાં મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલા પાસેથી.**

★ **પ્રશ્ન: સ્વિટ્ઝર્લેન્ડની તુલનામાં જ્યોર્જિયા અચાનક આમ પ્રવાસીઓમાં આટલું લોકપ્રિય કેમ બની રહ્યું છે?**

ધવલભાઈ - વર્ષોથી સ્વિટ્ઝર્લેન્ડ બરફથી ઢંકાયેલા પહાડોનાં કારણે પ્રવાસીઓનું સપનાનું સ્થળ રહ્યું છે. પરંતુ હવે જ્યોર્જિયા પ્રવાસીઓના દિલ જીતી રહ્યું છે, કારણ કે અહીં ગુદાઉરીમાં સ્વિટ્ઝર્લેન્ડ જેવી જ બરફથી ઢંકાયેલી પર્વતમાળાનો અનુભવ મળે છે અને સાથે ઘણી વધુ વિવિધતા પણ જોવા મળે છે. સ્વિટ્ઝર્લેન્ડની સરખામણીમાં, જ્યોર્જિયામાં એક જ યાત્રામાં બાટુમીના બ્લેક સી કિનારાના દરિયાકાંઠા, બોર્જોમીના પ્રખ્યાત મિનરલ સ્પ્રિંગ્સ અને તિબિલિસીનો સમૃદ્ધ ઇતિહાસ માણી શકાય છે. આ બધું ઓછા મુસાફરીનાં સમય અને વધુ અનુકૂળ ખર્ચમાં શક્ય બને છે. બરફ, દરિયો, આરોગ્ય અને સંસ્કૃતિનો આવો દુર્લભ સંગમ જ્યોર્જિયાને એવી સંપૂર્ણ હોલિડે ડેસ્ટિનેશન બનાવે છે, જે અનોખો પણ લાગે છે અને પ્રતિષ્ઠિત પણ.



★ **પ્રશ્ન: ગુદાઉરીનું મુખ્ય આકર્ષણ શું છે, અને પરિવારો તેને શા માટે પસંદ કરે છે?**

ધવલભાઈ - ગુડૌરી એ જ્યોર્જિયાનો મુખ્ય માઉન્ટેન રિસોર્ટ છે, જ્યાં પ્રવાસીઓ બરફથી ઢંકાયેલા કોકાશસ પર્વતોના આકર્ષક દૃશ્યોનો આનંદ માણે છે. ઓક્ટોબર અને નવેમ્બરમાં જ્યોર્જિયાની પાનખર ઋતુ પણ એટલી જ મંત્રમુગ્ધ કરતી હોય છે. પર્વતો અને ખીણો રેડ, ગોલ્ડન યલો અને ઓરેન્જ કલરનાં કેનવાસમાં પરિવર્તિત થાય છે, જે મનમોહક દૃશ્યો બનાવે છે. આ પાનખરનાં લેન્ડસ્કેપમાં ફરવું ખરેખર જાદુઈ લાગે છે, અને આ મહિનાઓ દરમિયાન મુલાકાત લેતા પ્રવાસીઓ માટે, પર્વતોની ઠંડી હવા સાથે પાનખરની રંગછટાનાં મોહમાં જ્યોર્જિયા એક પરીકથાના સ્થળ જેવું લાગે છે જે દરેક ઋતુમાં સુંદર હોય છે.



પ્રવાસીઓને અહીં ખાસ તો એ ગમે છે કે દિવસના અંતે તેમને મહારાજના હાથનું શાકાહારી ભોજન મળવાનું છે અને એ ખાતરી સાથે તેઓ પ્રવૃત્તિઓનો આનંદ માણી શકે, એડવેન્ચરને આરામમાં ફેરવી શકે.

★ **પ્રશ્ન: તિબિલિસીને કઈ વાત આટલી મનમોહક બનાવે છે?**

ધવલભાઈ - જ્યોર્જિયાની રાજધાની, તિબિલિસી, જૂના અને નવાનું મિશ્રણ છે. તેની કોબલસ્ટોની શેરીઓમાંથી ચાલતા, પ્રવાસીઓ પ્રાચીન ચર્ચો, લાકડાના બાલ્કનીઓવાળા રંગબેરંગી ઘરો અને સદીઓ જૂની સંસ્કૃતિ દર્શાવતી લાઈવ બજારોને જુએ છે. એ જ સમયે, તિબિલિસી તેના આધુનિક કેફે, પુલ અને લાઈવ એનર્જીથી મુલાકાતીઓને આશ્ચર્યચકિત કરે છે, જે તેને એક એવું શહેર બનાવે છે જે ઇતિહાસ પ્રેમીઓ અને ઇન્સ્ટાગ્રામ-વર્દી સ્થળો શોધતા યુવાનો બંનેને આકર્ષિત કરે છે. વિઝિટર્સ ખુશ થાય છે કે તિબિલિસી સાંસ્કૃતિક ગૌરવ, આધ્યાત્મિક ઊંડાણ અને ઉત્સવપૂર્ણ વાતાવરણ આપે છે. ઘણા લોકો માટે, આ શહેર તેમની જ્યોર્જિયાની ટૂરનું મુખ્ય આકર્ષણ બની જાય છે.

★ **પ્રશ્ન: અન્ય યુરોપીય શહેરોની તુલનામાં બાટુમીને શું જુદું પાડે છે?**

ધવલભાઈ - બાટુમી એ એવી જગ્યા છે જ્યાં જ્યોર્જિયાની આધુનિક અને આકર્ષક બાજુ જોવા મળે છે. કાળા સમુદ્રના કિનારે સ્થિત, એમાં લાંબા બુલવર્ડ, નૃત્ય કરતા ફુવારા અને દરિયા કિનારે આવેલા રિસોર્ટ છે જે સાંજને જાદુઈ બનાવે છે. પ્રવાસીઓને સહેલગાહ પર ફરવાની , દરિયામાંથી આવતી હળવી ખારી હવાનો આનંદ માણવાનું અને યુરોપના ભૂમધ્ય સ્થળો જેવી કોસ્ટલ લક્ઝરીનો અનુભવ કરવાનું ગમે છે. બાટુમી આરામને નાઈટલાઈફ સાથે જોડે છે, જે એને જ્યોર્જિયાનાં પ્રવાસનો જાણે નિષ્કર્ષ બનાવે છે. આવા આકર્ષક વાતાવરણમાં પણ મહારાજના ઘર જેવા સ્વાદિષ્ટ ભોજન સાથે, પરિવારો તેમની પરંપરાઓ પ્રત્યે સાચા રહીને ઈન્ટરનેશનલ પ્રતિષ્ઠાનો આનંદ માણી શકે છે.

★ **પ્રશ્ન: ઔરોરા જ્યોર્જિયાનાં પ્રવાસોને દરેક માટે કેવી રીતે ખાસ બનાવે છે?**

ધવલભાઈ - ઔરોરા સમજે છે કે પ્રવાસીઓ ફક્ત ફરવા માટે મુસાફરી કરતા નથી - તેઓ આરામ, ફૂડ, ફેમિલી બોન્ડિંગ અને પ્રતિષ્ઠા માટે મુસાફરી કરે છે. તેથી જ દરેક જ્યોર્જિયાની ટ્રીપનું ડિપાર્ચર એક રાજસ્થાની મહારાજ સાથે થાય છે જે ખાતરી આપે છે કે શાકાહારી અને જૈન ભોજન દરરોજ પીરસવામાં આવે છે. હોટેલો કાળજીપૂર્વક પસંદ કરવામાં આવે છે જેથી ઉચ્ચ ગુણવત્તા જાળવી શકાય, ગ્રુપની સાઈઝ પણ કમ્ફર્ટેબલ રાખવામાં આવે, અને પ્રવાસ કાર્યક્રમો આરામ સાથે ફરવાલાયક સ્થળોની વિઝિટને બેલેન્સ કરે છે. પરિવારો ઘર જેવું અનુભવે છે કારણ કે ઔરોરા એરપોર્ટ ટ્રાન્સફરથી લઈને ભોજનના સમય સુધીની દરેક વિગતોનું ખાસ ધ્યાન રાખે છે, અને તેમને સ્ટાઇલમાં યુરોપનું અન્વેષણ કરવાનો ગર્વ પણ આપે છે.

★ **પ્રશ્ન: પ્રવાસીઓ જ્યોર્જિયાથી ઔરોરા સાથે શું લઈ પાછા ફરે છે?**

ધવલભાઈ - તેઓ ફક્ત ગુડૌરીના મનોહર લેન્ડસ્કેપ્સ, બોર્જોમીની લીલી ખીણો, તિબિલિસીના આકર્ષણ અને બાટુમીના દરિયા કિનારાના ફોટોગ્રાફસ જ સાથે નથી લાવતા પણ સાથી પ્રવાસીઓ સાથે શેર કરાયેલી ખુશીની પળો, ફેમિલી ડિનર જેવા આનંદદાયક ભોજન અને એવા સ્થળનો અનુભવ કરવાની યાદો સાથે પણ પાછા ફરે છે જે હજુ પણ તાજા અને અજાણ્યા છે. ઘણા લોકો કહે છે કે જ્યોર્જિયાએ તેમને સ્વિટ્ઝર્લેન્ડ જેવો જ આનંદ આપ્યો પરંતુ ઘણી વધુ વિવિધતા સાથે. ઔરોરા સાથે, પ્રવાસીઓ પ્રતિષ્ઠા, ગૌરવ અને અવિસ્મરણીય અનુભવો લઈ ઘરે પાછા ફરે છે. અને જ્યોર્જિયાને તેમની મુસાફરીની ડાયરીઓમાં એક નવા ખજાના તરીકે સ્થાન આપે છે.

★ **પ્રશ્ન: જ્યોર્જિયામાં બાળકો માટે શું ખાસ છે?**

ધવલભાઈ: બાળકો માટે અહીં એન્જોયમેન્ટ ક્યારેય ખૂટતુ નથી. પર્વતીય વિસ્તારમાં ફર્યા પછી ઇન્ડોર હીટેડ સ્વિમિંગ પૂલમાં રમવું બાળકોને ખૂબ ગમે છે. ટ્બિલિસીમાં મ્ટકવારી નદી પરની બોટ રાઇડ બાળકો માટે ખાસ આકર્ષણ છે, જ્યાં તેઓ મસ્તી કરતાં કરતાં શહેરને અલગ અંદાજે જોઈ શકે છે.

થોડું એડવેન્ચર પસંદ કરનારા પરિવારો માટે કાઝબેગી સુધીની જીપ રાઇડ અને બોર્જોમીના જંગલોમાં જીપ સફારી સાચા એડવેન્ચર જેવી અનુભૂતિ કરાવે છે, જે બાળકોને તો ખાસ જ રોમાંચિત કરે છે. બાટુમીમાં દરિયાકાંઠે આવેલી સુંદર પ્રોમેનાડ પર બાળકો સાઇકલ અને ઇલેક્ટ્રિક બાઇક ચલાવતા ખુશખુશાલ જોવા મળે છે, જ્યાં બ્લેક સીનું ખુલ્લું દૃશ્ય અને ઠંડી સમુદ્રી હવા પ્રવાસને વધુ યાદગાર બનાવે છે.

મજા, કુદરત અને સલામત સાહસનો એવો સરસ મેળ હોવાથી જ્યોર્જિયા એવું સ્થળ બની જાય છે જ્યાં બાળકો વ્યસ્ત રહે છે અને માતા પિતા નિશ્ચિંત રહીને રજાનો આનંદ માણી શકે છે.

**ઔરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી. : ઓફિસ નંબર : ૭૦૨, ૭મે માળે, મહાલક્ષ્મી ચેમ્બર્સ, ભૂલાભાઈ દેસાઈ માર્ગ, તિરુપતી અપાર્ટમેન્ટની સામે મુંબઈ-૨૬, મહારાષ્ટ્ર. ફોન : +912223519710/11/12 - 91376 01052**

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# બદલ દૃષ્ટિ અને જો નવું 'અહીંયા'

વોટ્સએપ યુનિવર્સિટી વરસમાં એકાદ વાર એવો અદ્ભુત અભ્યાસક્રમ બહાર પાડે છે કે વાંચતા એક નહીં બે ધડકન ચુકી જવાય . આજના લેખમાં એક અક્ષર મારો હોય તો મને ભમ્મરિયા કૂવામાં સાત ડૂબકીની સજા.

માણસ મૃત્યુ પછી સ્વર્ગ મળશે એવી આશાએ આખી જિંદગી ખૂબ પ્રયત્ન કરે છે. કોઈ ઉપવાસ કરે છે, કોઈ દાન-ધર્મ કરે છે, કોઈ તીર્થયાત્રા કરે છે, તો કેટલાક દેવ- દેવીની માનતા રાખે છે.

સ્વર્ગ એટલે કોઈ નવી હાઉસિંગ સોસાયટી જેવું હોઈ શકે, જ્યાં એક નાનો ફ્લેટ મેળવવા માટે પુણ્યના ગુણ ભેગા કરવા પડે છે એવું લાગે છે...

પણ એક ક્ષણ થોભીને એવો પણ વિચાર કરો કદાચ આપણે પહેલેથી જ સ્વર્ગમાં જ જીવી રહ્યા હોઈએ? સવારે ઉઠતાની સાથે આજુબાજુ એકવાર ધ્યાનથી જુઓ.

એક બટન દબાવો, અંધકાર પ્રકાશમાં બદલાઈ જાય. બીજું બટન દબાવો એટલે પંખો ફરવા લાગે. ત્રીજું બટન દબાવો એટલે ઠંડી હવા આખા રૂમમાં ભરાઈ જાય. નળ ખોલો એટલે પાણી વહેવા લાગે. ગેસ સળગાવો એટલે થોડી જ મિનિટોમાં જમવાનું તૈયાર. ખિસ્સામાંથી મોબાઈલ કાઢો એટલે આખું વિશ્વ તમારી હથેળીમાં આવી જાય. હજારો કિલોમીટર દૂર હોય એવા તમારા પ્રિય લોકો પણ થોડી જ સેકંડમાં તમારી સામે દેખાય.

આટલી બધી અદ્ભુત સુવિધાઓ...

પણ આપણે એને બહુ સામાન્ય સમજીએ છીએ. આ બધું આપણો જન્મસિદ્ધ અધિકાર છે એવું વર્તન કરીએ છીએ.

એકવાર કલ્પના કરો...

બસો વર્ષ પહેલાનો કોઈ રાજા આજે તમારા ઘરે આવે, તો કદાચ તે પોતાના રાજમહેલમાં પાછો પણ ન જવા માગે. તે આશ્ચર્યથી પૂછશે 'આ શું?' ગરમ પાણી! 'પછી આ શું?' ઠંડી હવા! 'આ શું છે?' આખા વિશ્વની માહિતી! 'આ શું?' દસ મિનિટમાં ઘરે આવી જતું જમવાનું! ત્યારે એ હસીને કહેશે 'મેં આખી જિંદગી રાજ કર્યું, યુદ્ધો જીત્યા, અઢળક સંપત્તિ મેળવી...પણ આવી સુવિધાઓ મને ક્યારેય નહોતી મળી.'



આ સાચું જ છે! આજે એક સામાન્ય માણસ પણ ઘણી સુવિધાઓની બાબતમાં જૂના જમાનાના સૌથી શક્તિશાળી રાજાઓ કરતાં પણ વધારે ધનવાન છે. તોય આપણે ખુશ નથી. કેમ? કારણ કે માણસને જે મળ્યું છે એની કિંમત ધીમે-ધીમે ઓછી થઈ જાય છે.





AC ચાલુ છે આનંદ નથી. બંધ થાય ત્યારે જ... તકલીફ થાય છે. મોબાઈલ છે આનંદ નથી. નેટવર્ક જાય એટલે દુનિયા પૂરી થઈ ગઈ હોય એવું લાગે. પોતાનું ઘર છે સંતોષ નથી. પણ પાડોશીનું ઘર મોટું છે એનું દુઃખ.પોતાની ગાડી છે તૃપ્તિ નથી.બીજાની ગાડી મોંઘી છે એની ચિંતા.માણસ પોતાના સ્વર્ગમાં ઊભો રહીને, બીજાના સ્વર્ગ સાથે પોતાની તુલના કરીને દુઃખી થાય છે.

પણ આ જ પૃથ્વી પર બીજું એક જગત પણ છે... લાખો લોકો એક ઘડો પાણી માટે કલાકો સુધી લાઈનમાં ઊભા રહે છે.લાખો પરિવારો પાસે પાકું ઘર જ નથી.દિવસમાં બે ટંકનું જમવાનું પણ મળતું નથી.બાળકોનાં સપનાં શાળાના ઉંબરા સુધી પહોંચતા પહેલા જ તૂટી જાય છે.શરીર ઢાંકવા માટે ઠીક કપડાં પણ નથી.

આપણે 'સામાન્ય' સમજીએ છીએ એ સુવિધાઓ જ બીજાઓ માટે જિંદગીનું મોટું સ્વપ્ન છે, આજે પણ ...આપણને ACનો રિમોટ ન મળે એટલે ગુસ્સો આવે. એમને તડકાથી બચવા ઝાડનો છાંયો પણ નથી મળતો.આપણે ડાયટ ચાર્ટ શોધીએ છીએ. એ લોકો પછીના ટંકનું જમવાનું કેવી રીતે મળશે એ વિચારતા-વિચારતા સૂઈ જાય છે.

ત્યારે સમજાય છે...

સ્વર્ગ અને નરક એટલે મૃત્યુ પછી મળતી જગ્યા નથી જ નથી . એ અહીં જ છે...આ પૃથ્વી પર જ...આ જ શહેરમાં...આ જ રસ્તા પર...એક જ દીવાલની બે બાજુએ...એક ઘરનો છોકરો તેનો નવો મોબાઈલ થોડો સ્લો થયો એટલે કંટાળે છે.સામેના ઘરનો છોકરો ઓનલાઈન ભણવા માટે મોબાઈલ જ નથી એટલે રડે છે.એક માણસ ગરમ પાણી પાંચ મિનિટ મોડું આવ્યું એટલે ફરિયાદ કરે છે.બીજો માણસ આજે પાણી મળ્યું એટલે બસ છે એમ કહીને દેવને પ્રાર્થના કરે છે.*

ફરક એકલો પરિસ્થિતિમાં નથી, ફરક દૃષ્ટિકોણમાં પણ છે. કેટલાક લોકો ખરાબ પરિસ્થિતિમાં પણ હસતા શીખી ગયા છે. તો કેટલાક લોકો બધી સુવિધાઓ હોવા છતાં ફરિયાદોમાંથી બહાર નીકળી શકતા નથી. માણસની સૌથી વિચિત્ર આદત છે તો એ કે એની પાસે જે નથી એનો હિસાબ એ રોજ કરે છે... પણ એની પાસે જે છે એનો હિસાબ એ ક્યારેય કરતો જ નથી.

દરેક રાત્રે સૂતા પહેલા ફક્ત પાંચ વસ્તુઓ લખીને જુઓ

૧) આજે હું શ્વાસ લઉં છું.
૨) આજે મારી પાસે પીવા માટે પાણી છે.
૩) આજે મને જમવાનું મળ્યું.
૪) આજે મને રહેવા માટે એક ઘર છે.
૫) આજે મારા લોકો મારી સાથે છે.

કદાચ આપણી જિંદગી જ બદલાઈ જશે.

કદાચ 'સ્વર્ગ' એટલે કોઈ જગ્યા નથી...

એ એક અનુભવ છે. 'નરક' પણ કોઈ જગ્યા નથી...એ અનુભવને ભૂલી જવું એ જ નરક છે! આપણી પાસે જે છે એના માટે કૃતજ્ઞ હોવું એટલે સ્વર્ગ. જે મળ્યું છે એ ભૂલીને, ફરિયાદોમાં જીવવું એટલે નરક.

મૃત્યુ પછી શું થાય છે એની કોઈને ખાતરીપૂર્વક ખબર નથી. પણ જીવતા-જીવતા જ આપણને આ સુંદર પૃથ્વી, શ્વાસ લેવા માટે હવા, પીવા માટે પાણી, ખાવા માટે અન્ન, પ્રેમ કરનારા આપણા લોકો, એક બટન દબાવવાથી મળતી અસંખ્ય સુવિધાઓ મળી છે. આટલું બધું હોવા છતાં પણ જો આપણે હંમેશાં દુઃખી રહીએ...એનાથી મોટું કમનસીબ બીજું કયું?

કદાચ ઈશ્વર હસીને કહેતો હશે 'મેં તને સ્વર્ગમાં જ રાખ્યો છે... પણ ત્યાં પણ તું ફરિયાદોની ઓફિસ જ ખોલીને બેઠો છે!'

તો ચાલો આજથી ફરિયાદો ન કરીએ, એના ઉપકાર ગણીએ, ઉપકારમય હૃદય જ સાચું સ્વર્ગ છે.

આજે આટલું જ

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# કચ્છનું જીવંત લોક સ્થાપત્ય

એક પ્રખ્યાત અમેરિકન આર્કિટેક્ટ ફ્રેન્ક લોયડ રાઈટનું વિધાન છે કે Architecture is that great living creative spirit which from generation to generation, from age to age, proceeds, persists, and creates, according to the nature of man and his circumstances as they change. That is really architecture. અર્થાત્ સ્થાપત્યકલા એ એક મહાન જીવંત સર્જનાત્મક ભાવના છે જે યુગો યુગોથી; પેઢી દર પેઢી આગળ વધે છે, ચાલુ રહે છે જે માણસના બદલાતા રહેતા સ્વભાવ અને સંજોગો અનુસાર સર્જન પામે છે. તે જ ખરેખર સ્થાપત્ય છે.



કચ્છ એ ભારતના સૌથી વધુ વિસ્મયકારક જિલ્લાઓ પૈકીનો એક છે. આ ધરતીએ ક્યારેય આશ્ચર્યચકિત કરવાનું છોડ્યું નથી. તેની ગતિશીલ ભવ્યતા માનવચક્ષુને સતત મોહિત કરે છે. ઇતિહાસકારો, નૃવંશશાસ્ત્રીઓ, ભાષાશાસ્ત્રીઓ, પુરાતત્ત્વવિદો, સમાજશાસ્ત્રીઓ, કલાપ્રેમીઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓની રુચિને આકર્ષિત કરવા માટે આ નોંધપાત્ર પ્રદેશમાં અનેકવિધ વિશિષ્ટતાઓ છુપાયેલી છે. કચ્છને સમજવા માગતા લોકો માટે તે તેના સમૃદ્ધ અને બહુપક્ષીય પાસાંઓ જેવા કે તેનો સાંસ્કૃતિક વારસો, ભાષાકીય વિવિધતા, કલાત્મક પરંપરાઓ અથવા ભૂસ્તરશાસ્ત્રીય અજાયબીઓના અન્વેષણ માટે સતત નવાં પરિમાણો ઉજાગર કરે છે.

આ પ્રદેશનું સ્થાપત્ય એ તેના ઐતિહાસિક, સામાજિક અને ભૌગોલિક પરિપ્રેક્ષ્યનું સુંદર સંયોજન છે. પ્રાચીન વસાહતો અને તેની પદ્ધતિઓની વાત કરીએ તો ધોળાવીરા જેવી હડપ્પીય વસાહતોને કચ્છના સ્થાપત્ય વિકાસની પ્રારંભિક રચના કહી શકાય. અહીંનું નગરનિયોજન અને જળસંચય પદ્ધતિ દર્શાવે છે કે કચ્છના સ્થાપત્યશાસ્ત્રનાં મૂળ તત્ત્વો ઘણાં જૂના સમયથી વિકસિત થયાં હતાં. સ્થાપત્યનું મૂળ અહીંની પરંપરા અને લોકજીવન શૈલી સાથે ગાઢ રીતે સંકળાયેલું છે, જે કોઈ એક શાસન અથવા શૈલીથી નહીં, પરંતુ સમય, સમુદાય અને સમૃદ્ધિ અનુસાર બદલાતું રહ્યું છે.

વિવિધ યુગોમાં અને સંસ્કૃતિઓમાં સ્થાપત્યકલાની વૈવિધ્યસભર પ્રકૃતિમાં માણસ પોતાનો સર્જનાત્મક વિકાસ પ્રગટ કર્યો છે જે મકાન બાંધકામની કલામાં મોટો ફાળો આપનાર તરીકે સ્થાન ઊભું કર્યું છે.

સત્તર, અઢાર અને ઓગણીસમી સદીની વિશિષ્ટ નગર વસાહતો ગુજરાતના ઘણા પ્રદેશોમાં આ વલણની સાક્ષી આપે છે. આ જ કારણસર આજે કચ્છ પ્રદેશમાં જોવા મળતી વિવિધ પ્રકારની વસાહતો છેલ્લાં ત્રણસો વર્ષનો સ્થાનિક વાસ્તુકલાના અમૂલ્ય વારસાસમાન છે. જોકે જ્યાં સુધી પરંપરાઓ જીવંત હતી ત્યાં સુધી આવા સ્થાપત્યનું મહત્ત્વ પણ હતું. જે અંગ્રેજોના આગમન સાથે આર્થિક અને વહીવટી નિયંત્રણ તેમના હાથમાં આવવાથી સામાન્ય સમાજ જીવનના લગભગ બધાં ક્ષેત્રમાં પશ્ચિમી વિચારોનો પ્રભાવ વધવા લાગ્યો.

સ્થાપત્ય સાથે સંકળાયેલા મિસ્ત્રી, કુંભાર, લુહાર અને ખાસ કરીને સુથાર સમુદાયોએ આ પ્રદેશની અનોખી જરૂરિયાતોને અનુરૂપ ચિરસ્થાયી અને સૌંદર્યસભર માળખા ઊભાં કરવામાં પોતાનું યોગદાન આપ્યું છે. મંદિરો કે હવેલી માટે શિલ્પ તૈયાર કરનારા કારીગરો પોતાની જાતને સુથાર કહેતા; જેમણે આ વ્યવસાયમાં જગ્યા, દિશા અને માપનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન ઉમેર્યું.


અહીંના મંદિર-મસ્જિદ જેવાં સ્થાનો માત્ર ધાર્મિક પ્રતિબિંબ તરીકે નહીં, પરંતુ સાહિત્ય, કળા અને સમુદાયના જીવનના કેન્દ્ર તરીકે પણ પ્રવાહિત થયાં છે. કેરા, કોટાયનાં મંદિરો ઉપરાંત શાહ બુખારીની દરગાહ કે પીર ગૌશ મોહમ્મદનો કુબો જેવાં સ્થાનો એકદમ વર્ણનીય સ્થાપત્યશૈલીની સાક્ષીએ આજે પણ અડીખમ ઊભાં છે.

કચ્છના સમૃદ્ધ સમુદાયો દ્વારા નિર્મિત સૌન્દર્યસભર હવેલી કે રહેવાસી સ્થાપત્ય પર ખાસ કંઈ અભ્યાસ થયેલો ન હોવાથી અમે આ મુદ્દાને ધ્યાનમાં લઈ અભ્યાસ રજૂ કરતો કલાગંગોત્રી ગ્રંથ 'કચ્છનું સૌન્દર્યમંડિત સ્થાપત્ય' સુરતના કલાતીર્થ ટ્રસ્ટ અને તેના અધ્યક્ષ રમણીકભાઈ ઝાપડિયા દ્વારા પ્રકાશિત થયું છે.

કચ્છનાં શહેરો અને ગામડાંઓમાં વસેલા વેપારી સમુદાયોએ પોતાની સમૃદ્ધિના સમયમાં જે મહેલાકાર હવેલીઓ ઊભી કરી તે આજે ક્યાંક જર્જરિત હાલતમાં સ્થાપત્ય સંસ્કૃતિના દૃષ્ટિચિહ્ન રૂપે ઊભી છે, તો ક્યાંક આવી જાજરમાન ઇમારતોને ન બચાવી શક્યાનો ખેદ પણ થાય છે, પરંતુ આ દસ્તાવેજે કોતરાયેલ સમયના એ મૌનને વાચા ધરવાનું કામ કર્યું છે. ઝરૂખા, સુંદર કોતરણીયુક્ત બ્રેકેટ્સવાળા સ્તંભો, જાળીદાર બારી-બારણાંવાળાં એ ઘરો માત્ર રહેવાની જગ્યા નહોતી, પરંતુ પરિવારની શક્તિ, સમૃદ્ધિ અને કલાત્મક રૂચિના પ્રતીક પણ હતાં. આમ, આ ગ્રંથમાં કચ્છના સ્થાપત્યની શરૂઆત, રહેણાંક, ધાર્મિક અને સામાજિક સ્થળો સાથે સંકળાયેલા લોકકલાકારો અને સમુદાયોની ભૂમિકાનો અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે.

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




રાઘવે બાઇક બેજલમેડના બસસ્ટેન્ડ તરીકે ઓળખાતા ખુલ્લા મેદાનના એક ખૂણામાં ઊભેલા વયોવૃદ્ધ ઘટાદાર પીપળાના ઝાડ નીચે ઊભું રાખ્યું. થોડીવાર બંને ચૂપ રહ્યાં. ગુપ્તાજીના મોતના પ્રચંડ આઘાતે બંનેને મૌન કરી દીધાં હતાં. શું બોલવું? ક્યાંથી શરૂ કરવું? વિચારોનું ધસમસતું પૂર શબ્દો અને વાચાને ઢસડીને ક્યાંક લઈ ગયું હતું. જ્યારે કાંઈ સૂઝે નહીં ત્યારે એકદમ ફાલતુ વિષય છેડવો કદાચ ફાયદેમંદ સાબિત થતો હોય છે.

'ચા પીવી છે?' રાઘવની કસમયની સાવ બેહૂદી વાતથી અનાયાસે રાધાના સંવેદનશીલ તાર છેડાઈ ગયા. ચા શબ્દ સાંભળીને રાધાને તપેલાની ધાર પર કળછો પછાડતાં પુરોહિતની યાદ આવી... માટીના કુલ્હડમાં ચા આપતી વખતનો એમનો ચહેરો સપાટી પર આવ્યો. રાધાએ પુરોહિતને કામની ઑફર કરી ત્યારે એણે કહેલુંઃ કામ ગેરકાનૂની હોય તો મારી પાસે ચા પીવા પણ નહીં આવતા. રાધાએ મસાલા ચા વેચનારા પુરોહિતની ઇમાનદારી અને ખુમારીને મનોમન સલામ કરી.

'પહેલા પુરોહિતનું મર્ડર અને હવે ગુપ્તાજીનું....' રાધા બોલી ઊઠી.

'ગુપ્તાજીના મર્ડરની કોઈ નિશાની, કોઈ પુરાવો પણ નથી' રાઘવે કહ્યું.

'એ જ મોટો પુરાવો છે કે મર્ડર ઝેર આપીને કરાયું છે. પુરોહિતને અપાયું હતું એ રીતે...' રાધાએ કહ્યું.

'તારો કહેવાનો મતલબ છે કે પ્રસાદમાં ઝેર...?' રાઘવે પૂછ્યું.

'પ્રસાદ સિવાય બીજી કોઈ રીતે ખવડાવ્યું હોઈ શકે. આપકા સામાન તૈયાર હૈ એવો કૉલ આવ્યો પછી ગુપ્તાજી અને પેલા માણસ વચ્ચે એવું શું બન્યું હશે...?' રાધા બોલી.

*********************

'અંદર ચલો,' અમરબાબુએ કહ્યું. ગુપ્તાજી કોઠારમાં ગયો. પાછળ અમરબાબુ ગયો.

'ડરો મત ભાઈ, મૈં શંકર કા દોસ્ત હું. શંકર કહાં હૈ બસ ઇતના બતા દો...' અમરબાબુએ ઠંડી આગ ઓકતાં અવાજે કહ્યું.

'નહીં માલુમ, બાહર ગયા... અબતક વાપસ નહીં આયા.' ગુપ્તાજી ધ્રૂજતા પગે અનાજની મોટી ગૂણી પર બેસી પડ્યા.

'માલુમ નહીં કિ બતાના નહીં ચાહતે?' એક નાનો પોઝ લઈને બોલ્યોઃ 'બતા દોગે તો બચ જાઓગે.'

મોત એક વ્હેંત છેટું હતું. સામેનો માણસ સ્કેચમાં દેખાતો હતો એના કરતાં વધુ ક્રૂર લાગતો હતો. જીવ બચી જાય તો મોત જોજનો દૂર થઈ જાય. ગુપ્તાજીએ જીવ બચાવવાની લાલચમાં ખોટું બોલવાનું વિચાર્યું.

'સચ બોલુ તો મુઝે બક્ષ દોગે?' ગુપ્તાજીને થયું કે કોઈએ એનું ગળું દબાવી રાખ્યું છે અને પોતે મહામુસીબતે બોલી રહ્યા છે. બક્ષ દોગે શબ્દોમાં ડૂબતા માણસ માટેનો એ નાનો-સો તરાપો હતો ને એમાં જિજીવિષા તરતી હતી.

'તુમ્હારે સચ મેં વજન હોના ચાહિયે' અમરબાબુએ ત્યાં પડેલું પાંચ કિલોનું વજનિયું ઉપાડતાં કહ્યું.

'કલ એક આદમી મુંહ પર મફલર બાંધે બાઇક પર આયા. શંકર શાયદ ઉસે પહેચાનતા થા. બાઇક પર બૈઠે હુએ હી ઉસને કહા, ચલો શંકર રબડી ખાને. શંકર ઉસકે સાથ ચલા ગયા. ઇસ કે બાદ વાપસ નહીં આયા.' ગુપ્તાજીની સચ્ચાઈમાં ભારોભાર જૂઠ હતું કે એમના જૂઠમાં ભારોભાર સચ્ચાઈ... ફેંસલો અમરબાબુએ કરવાનો હતો.

'પહેલે કભી દેખા હૈ...? જાનતે હો ઉસે...?' અમરબાબુની અફીણી આંખોના ભારે પોપચાં નીચે ઢળીને પાછાં ઊંચકાયાં.

'નહીં, નહીં દેખા. નામ પતા કૂછ માલુમ નહીં.'

'તુમ્હે શંકર કી ફિકર નહીં હુઈ, તુમ ઉનકે માલિક હો...'

'મુઝે ચિંતા હૈ. મૈં ઢૂંઢૂગા...' ગુપ્તાજી બોલ્યા. અમરબાબુ હસ્યો. એના ખડખડાટ હાસ્યમાંથી ગુસ્સો ઝરતો હતો.

'રબડી કી કૌન સી દુકાન...?' એણે પૂછ્યું.

'પતા નહીં, યહાં ચાર-પાંચ દુકાનેં હૈ.'

'તુમ્હારે ઝૂઠ મેં સચ્ચાઈ હૈ... ઉસમેં કિલો કે બરાબર કા વજન હૈ. શુક્રિયા... લો યે પ્રસાદ ખાઓ.' અમરબાબુએ ખિસ્સામાંથી એક પ્રસાદનું પૅકેટ કાઢીને પ્રસાદ આપ્યો. પ્રસાદ આપીને ખાલી પૅકેટ ખિસ્સામાં પાછું મૂક્યું. ગુપ્તાજી પ્રસાદની ના પાડવા જેટલા નાસ્તિક નહતા. એમણે પ્રસાદ મોંમાં મૂક્યો. ગુપ્તાજી અમર થઈ જાય ત્યાં સુધી અમરબાબુ ત્યાં જ ઊભો રહ્યો.

*********************

રાધા અને રાઘવ હજી બસસ્ટેન્ડ પર જ ઊભાં હતાં.

'મારો અંતરાત્મા કહે છે કે તું રબડી ખાવા માટે એકની એક દુકાને નહીં જા,' રાધા બોલી.

'ગુપ્તાજીનું મર્ડર થયું છે ને તું મને રબડી ક્યાં ખાવી ને ક્યાં ન ખાવી એ સમજાવે છે?' રાઘવે મજાક કરી.

'કેમ તેં મને અહીં આવતાંની સાથે ચા પીવી છે એવો ફાલતુ સવાલ કરેલોને...?' રાધાએ કહ્યું.

'તને શું લાગે છે પોલીસ શું કરશે?' રાઘવે વાત બદલી.

'પોલીસ જે કરે તે... મને એ ખબર છે કે મારે શું કરવું છે.'

'શું કરવું છે તારે?'

'મારે ગુપ્તાજીના મોતનું કારણ જાણવા પોસ્ટમૉર્ટમ કરાવવું છે' રાધાએ કહ્યું.

'પુરોહિતનું થયું એ રીતે ગુપ્તાજીનું પોસ્ટમૉર્ટમ શક્ય નથી. મોત ઝેરથી થયું એટલું આપણા માટે પૂરતું છે. રાધા, આપણે પોલીસની ઝંઝટમાં પડવું નહતું એટલે જ મેં તને ત્યાંથી જલદી બહાર કાઢી' રાઘવે કહ્યું.

'રાઘવ, હું સમજું છું કે એમ કરવા જતાં આપણી ઓળખ ખુલ્લી પડી જશે, આપણું ઑપરેશન ફ્લૉપ થઈ જશે ને ટેરરિસ્ટસને મોકળું મેદાન મળી જશે.' રાધા સહેજ અટકીને બોલીઃ 'મારે કારણે બે નિર્દોષોના જીવ ગયા... એમનો શું ગુનો હતો?' રાધાનું ગળું ભરાઈ આવ્યું.

'રાધા, આપણે બીજા સેંકડો લોકોનો જીવ બચાવવાનો છે,' રાઘવે રાધાના બેઉ ખભા હચમચાવ્યા. રાધાએ મન પર છવાયેલું ધુમ્મસ વિખેરવા એક ઊંડો શ્વાસ લઈને છોડ્યો... તોય થોડી ભીની સંવેદના રહી ગઈ હતી.

*********************

રાધા અને રાઘવ બંને સમજતાં હતા કે ગુપ્ત ઑપરેશનના ભોગે, લાગણીમાં આવી જઈને કોઈ પણ પગલું ભરવું, આત્મઘાતી સાબિત થઈ શકે છે. ગુપ્ત ઑપરેશનની રાહમાં કઈ કેટલાય જીવો બલિદાન આપે છે. આ બલિદાનનો બદલો એટલે જ સફળ ઑપરેશન અને ઑપરેશનની સફળતા એ જ શહીદોની સાચી અંજલિ છે. એ તબક્કે મોતનું કારણ નહીં, ત્રાસવાદીઓના પ્લાનની નાકામિયાબી મહત્ત્વની હતી.

**રાધાએ મન પર છવાયેલું ધુમ્મસ વિખેરવા એક ઊંડો શ્વાસ લઈને છોડ્યો તોય થોડી ભીની સંવેદના રહી ગઈ હતી.**

ગુપ્તાજીના કેસના પરિણામની એમને કલ્પના હતી અને એવું જ થયું. પોલીસ તપાસ થઈ. શંકર ગૂમ થયો હોવાનું પણ પોલીસના ધ્યાનમાં આવ્યું. શંકર વિશે લોકોમાં પૂછપરછ થઈ... શંકર છએક મહિનાથી આવ્યો હતો ને ગુપ્તાજીએ એને આશરો આપીને કામ પર રાખ્યો હોવાનું કેટલાક લોકોએ પોલીસને કહ્યું. દુકાનમાંથી પૈસા ગાયબ હતા. અમરબાબુ જે કામ કરવાનું ચૂકી ગયો હતો એ કામ રાઘવે કર્યું હતું. એણે નીકળતાં પહેલાં ગલ્લામાંથી પૈસા કાઢી લીધા હતા. મામલો ચોરીનો બની ગયો. શંકર નામનો શખ્સ માલિકનું મર્ડર કરીને પૈસા લઈને પલાયન થઈ ગયો. રાઘવને આ જ જોઈતું હતું. પોલીસે જોકે પોસ્ટમૉર્ટમ કરાવ્યું. ગુપ્તાજીનું મોત ઝેરથી થયું હોવાનું રિપોર્ટમાં આવ્યું. પોલીસે શંકરની શોધખોળ આદરી. શંકર ક્યારેય મળવાનો નહતો.

અમરબાબુએ રોકાણ વધારી દીધું હતું. શંકર લાપતા હોવાની વાતથી એનું ટેન્શન વધી ગયું હતું. પુરોહિતનું મર્ડર કરીને શંકરનો જીવ બચાવનારો અમરબાબુ શંકરને બીજીવાર જીવતદાન અપાવી શક્યો ન હતો. એણે પોતાનો મકસદ પાર પાડીને શંકર એટલે કે પોતાના દોસ્ત અનવરુલ અઝીઝનો બદલો લેવા કસમ ખાઈ લીધા હતા. દાનપેટીની ચિઠ્ઠી અને અનવરુલના ગુમ થવાથી એ સમજી ચૂક્યો હતો કે કોઈક તો છે જે એના આવતાં પહેલાં અહીં મોજૂદ છે. હવે અમરબાબુના બે મકસદ હતા... એક, ગોપાલેશ્વર પર ઘાતકી હુમલો કરવો અને બે, પોતાના દોસ્તના હત્યારાઓને ખતમ કરવા...

*********************

ઝૈનાબ ઑફિસ જવાની તૈયારીમાં હતી. એ થોડી ખુશ હતી, થોડી બેચેન હતી.

અબ્બુ-અમ્મીના કરતૂતો એને ડંખ મારી મારીને બેચેન કરી રહ્યા હતા.

ખુશ એટલે હતી કે એ જ અબ્બુ-અમ્મીનું તીક્ષ્ણ શસ્ત્ર એના હાથમાં આવી ગયું હતું જેની જાણ આઇબી ચીફને કરીને એ ચેનથી સૂવા માગતી હતી. એટલામાં આઇબી ચીફ રાઠૌડનો સામેથી જ કૉલ આવ્યો.

'હેલો....' ઝૈનાબ બોલી.

'સિર્ફ ઑફિસમેં બૈઠે બૈઠે કામ નહીં ચલેગા, તુમ્હે થોડા બાહર નીકલના હોગા.'

ઝૈનાબ કંઈ પૂછે એ પહેલાં જ રાઠૌડે આગળ કહ્યુંઃ 'ટોની તુમસે મિલકે એક પાર્સલ દેગા. આગે ક્યા કરના હૈ... વહી સમઝાયેગા.'

'સર, મૈં ભી આપસે કૂછ ઇમ્પોર્ટન્ટ બાતેં શેઅર કરના ચાહતી હૂં... લેકિન રૂબરૂ મિલકર.'

'ઠીક હૈ...તુમ અગલે હપ્તે દિલ્હી ચલી આના' રાઠૌડે કહ્યું.

'સર, ઉસસે પહેલે નહીં હો સકતા?' ઝૈનાબે કહ્યું.

'ઠીક હૈ. યે કામ ખતમ કર કે દિલ્હી આ જાના.'

*********************

ઝૈનાબની પાસપોર્ટ ઑફિસ નજીકના કૉફી હાઉસમાં ટોની પહેલેથી જ આવીને બેઠો હતો. એના ટેબલ પર કૉફીની બાજુમાં એક નાનકડું બૉક્સ હતું. એ બૉક્સ પર એણે પોતાની બ્રાઉન હેટ મૂકી રાખી હતી. લંચ ટાઇમ હોવાથી કૉફી હાઉસમાં ભીડ હતી. લગભગ બધાં ટેબલો ભરેલાં હતાં. થોડો શોર પણ હતો. ઠંડે કલેજે કામ કરનારો ટોની કમ્ફર્ટેબલ નહતો. ઝૈનાબ સમયસર પહોંચીને એની સામે બેઠી. પાર્સલ શોધવા ટેબલ પર નજર ફેરવી.

'મુઝે જલદી જાના હોગા...' એ બોલી.

'શોર બહુત હૈ... બાત નહીં હો પાયેગી...' ટોની બોલ્યો.

'બાત ક્યા હૈ?' ઝૈનાબે પૂછ્યું.

'યે બોક્સ લે જાઓ. બાત ફોન પર કરેંગેં....' એમ કહીને એણે હેટ ઉપાડી. કોફી મગ લઇને નીકળી ગયો. ઝૈનાબ બોક્સ લઇને ઊભી થઇ કે તરત જ ટેબલ ખાલી થવાની રાહ જોઇને ઊભેલું એક કપલ ઝડપથી બેસી ગયું. ઝૈનાબ માટે નિયમિત કોફી મોકલતી કેશિયર છોકરીએ આશ્ચર્યથી ભંવાં ઊંચા કરતાં કહ્યુઃ 'નો કોફી ટુડે...?' ઝૈનાબે આંખોથી જ ના પાડી.

*******************

સાંજે ઝૈનાબ ટોનીના ફોનની રાહ જોવા સાથે સૂપ બનાવવાની તૈયારી કરી રહી હતી. વચ્ચે વચ્ચે એ ડાઇનિંગ ટેબર મૂકેલા બૉક્સ પર નજર ફેરવતી હતી. એવામાં ડોરબેલ વાગી. ઝૈનાબે બારણું ખોલ્યું.

'મૈં સમંદર ખાન......' (ક્રમશઃ)



નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# આય એમ અનસ્ટોપેબલ!
## મી. માય વર્લ્ડ. માય ટ્રાવેલ.
### હજુ તો મારે ઘણું બધું કરવાનું છે...



એકવાર નક્કી કર્યું કે હું નીકળી જ પડું. બિન્દાસ.
**મારું વીણા વર્લ્ડ છે ને!**

**વીણા વર્લ્ડ વુમન્સ સ્પેશિયલ**
પ્રવાસની એવી પરંપરા, જેને મહિલાઓએ પોતાની બનાવી છે.
**જબ મન કરે... બૅગ ભરો, નિકળી પડો!**

## હવે એની સામે આખી દુનિયા ખુલ્લી છે!

થોડાં વર્ષો પહેલાં અમારી ટીમને એક સવાલ વારંવાર સાંભળવા મળતો: “મારી સાથે ટ્રાવેલ કરવા કોઈ નથી, તો હું કેવી રીતે જાઉં?” આજે આ સવાલ ઘણો ઓછો સાંભળવા મળે છે. એની જગ્યાએ હવે અમને પૂછવામાં આવે છે, “નૉર્થર્ન લાઇટ્સ જોવા ક્યારે જવું?” “જાપાનનો ઑટમ વધુ સુંદર કે સાકુરાની સીઝન?” “મારી ઉંમરે હું ખરેખર સ્કાયડાઇવિંગ કરી શકું?” “અન્ટાર્કટિકા પહોંચવા કેટલા દિવસ લાગે?” અને ક્યારેક તો કોઈ એકદમ સહજ રીતે કહી દે, “મને ખબર છે શું? મારે સો દેશ જોવા છે!”

મહિલાઓમાં આ બદલાવને આંખ સામે જોવાની અમને ખૂબ મજા આવે છે. કારણ કે ટ્રાવેલની વાત આવે ત્યારે મહિલાઓનાં સપનાં હવે ફક્ત “ક્યાંક ફરવા જવું છે” પૂરતાં રહ્યાં નથી. હવે દરેક મહિલા પોતાની એક લિસ્ટ લઈને ચાલે છે. કોઈને બરફમાં ચાલવું છે, કોઈને જંગલ સફારી કરવી છે, કોઈને સમુદ્રમાં ડાઇવ કરવું છે, કોઈને દુનિયાના સુંદર શહેરો જોવા છે, તો કોઈને ફક્ત વર્ષમાં એક વાર બૅગ ભરીને રોજિંદા જીવનથી થોડું દૂર જવું છે. અને અમને લાગે છે કે આ લિસ્ટ હોવી ખૂબ જ મહત્વની છે. કારણ કે એ માત્ર જગ્યાઓની લિસ્ટ નથી. તેમાં ક્યુરિયોસિટી છે, થોડું સાહસ છે અને સૌથી મહત્વનું, એવી સ્વપ્નો છે જે મહિલાઓએ શાંતિથી પોતાના માટે સાચવી રાખ્યાં છે.

હકીકતમાં, કોઈ સ્વપ્ન હોવું એ જ આગળ વધવાનું એક કારણ છે. કંઈક કરવું છે, ક્યાંક જવું છે, કંઈક નવું અનુભવવું છે... “આગળ કંઈક સુંદર મારી રાહ જોઈ રહ્યું છે” એવી લાગણી જ આપણામાંથી દરેકને આગળ ધપાવતી રહે છે.

દરેક સ્વપ્ન તરત જ પૂરું થવું જરૂરી નથી. પરંતુ એને મનમાં સાચવી રાખવું, ધીમે ધીમે તૈયારી કરવી, પૈસા બચાવવા, એ વિશે વાંચવું, ફોટોઝ જોવું... આ બધામાં પણ એક શાંત આનંદ છે. છતાં ઘણી વાર સ્વપ્નો આકાર લે એ પહેલાં જ મનમાં શંકાઓ ઘૂસવા લાગે છે. “હું ક્યારેય પ્લેનમાં બેઠી જ નથી.” “આખી જિંદગી સાડી જ પહેરી છે, ત્યાં હું કેવી લાગીશ?” “હું ક્યારેય એકલી ક્યાંય ગઈ જ નથી.” “બાકીની બધી મારી કરતાં વધુ અનુભવી હશે.” આવી કેટલીય નાની-મોટી ઇનસિક્યોરિટીઝ મહિલાઓને પાછળ ખેંચી લે છે, જ્યારે હકીકતમાં તેમને રોકે છે તો તેઓ પોતે જ.

વુમન્સ સ્પેશિયલ સાથેના વર્ષોમાં અમે કંઈક અદ્ભુત જોયું છે. જે મહિલા પહેલી વાર પ્લેનમાં બેસે છે, એ જ થોડાં દિવસોમાં એરપોર્ટ પર કેટલા આત્મવિશ્વાસથી ફરતી હોય છે. જે ઇંગ્લિશ બોલતાં ગભરાતી હતી, એ હસતાં-હસતાં વાત કરે છે અને પોતાનાં કામ જાતે કરી લે છે. જે આખી જિંદગી સાડી પહેરતી આવી છે, એ પહેલી વાર જીન્સ પહેરીને ફોટો પાડે છે, જ્યારે કેટલીક મહિલાઓ તો સાડીમાં જ દુનિયા ફરવા માગે છે! અંતે એક સરળ વાત સમજાય છે. દુનિયા જોવા માટે કોઈ ભાષા, કપડાં કે પહેલાના અનુભવની પરીક્ષા પાસ કરવાની જરૂર નથી. મનમાં જવાની ઇચ્છા હોવી જોઈએ, બસ.

વુમન્સ સ્પેશિયલની શરૂઆત એક ખૂબ જ સરળ વિચારથી થઈ હતી. વીણા પાટીલ માનતાં હતાં કે ટ્રાવેલ કરવાની ઇચ્છા હોય, તો માત્ર સાથે કોઈ ન હોવાથી એ સ્વપ્ન પાછળ ન રહી જવું જોઈએ.ભારતમાં વુમન્સ સ્પેશિયલ ટૂર્સ શરૂ કર્યા ત્યારથી હજારો મહિલાઓએ કોઈની સાથે જવાની રાહ જોવી છોડી દીધી છે. ફ્રેન્ડ જોડાય તો સરસ. બહેન સાથે આવે તો વધુ સારું. મમ્મી અને દીકરી સાથે ટ્રાવેલ કરે તો તો વાત જ જુદી. પણ જો કોઈ જ ન આવે તો? અમારી ટીમ, અમારા ટૂર મેનેજર્સ અને અમે ઊભું કરેલું આખું સપોર્ટ સિસ્ટમ એ માટે જ છે કે કોઈ મહિલા “હું જઈ રહી છું” કહેતાં પહેલાં ક્યારેય સંકોચ ન કરે.

અને કદાચ વુમન્સ સ્પેશિયલે હજારો મહિલાઓ માટે આ જ કર્યું છે. દુનિયા જોતા પહેલાં, તેણે તેમને પોતાના વિશે મનમાં રાખેલી કેટલીક ખોટી માન્યતાઓ પાછળ છોડી દેતા શીખવ્યું. છેલ્લાં થોડાં વર્ષોમાં અમને એક બીજો શાંત બદલાવ પણ જોવા મળ્યો છે. પહેલાં જ્યારે કોઈ મહિલા પોતાના માટે કંઈક કરવા માગતી, ત્યારે મનમાં ક્યાંક એક નાનો સવાલ હોતો. “મારે આ કરવું જોઈએ?” “હવે જ કરવું જોઈએ?” “મારા પર આટલો ખર્ચ કરવો જોઈએ?” “ઘરે બધું બરાબર રહેશે ને?” આજે આ સવાલો પણ ધીમે ધીમે પાછળ રહી રહ્યા છે. કારણ કે પોતાની કોઈ ઇચ્છા પૂરી કરવી એટલે સ્વાર્થી બનવું નથી. અને પોતાના માટે થોડો સમય, થોડા પૈસા અને થોડું જીવન સાચવી રાખવા માટે દર વખતે કોઈ કારણ આપવું પણ જરૂરી નથી.

આજે જ્યારે અમે વુમન્સ સ્પેશિયલ તરફ જોઈએ છીએ, ત્યારે અમને લાગે છે કે એની આ જ સાચી કમાણી છે. “હું જઈ શકું?”થી શરૂ થયેલી સફર આજે “હવે પછી ક્યાં જવું?” સુધી પહોંચી છે. અને હવે તો એની સામે આખી દુનિયા ખુલ્લી છે. કેટલાક સપનાં નાનાં હશે, કેટલાક મોટાં. કેટલાક સહેલાઈથી પૂરાં થશે, તો કેટલાક માટે પૈસા બચાવવા પડશે. કેટલાક માટે હિંમત જોઈએ, તો કેટલાક માટે સમય કાઢવો પડશે. પણ લિસ્ટ નાની શા માટે કરવી? એક સ્વપ્ન પૂરું થાય એટલે આગળનું લખવું. કારણ કે ઉંમર ભલે ગમે તેટલી હોય, હજી એક દેશ જોવાનો છે, હજી એક અનુભવ લેવાનો છે, હજી એક સ્વપ્ન પૂરું કરવાનું છે. અને સાચું કહીએ તો, હજી ઘણું બધું કરવાનું છે. ચાલો, ખુશીથી આગળ વધતા રહીએ. તો, ચાલો, બૅગ ભરીએ અને દુનિયા એક્સપ્લોર કરવા નીકળી પડીએ!

## હું મજા કરી રહી છું... પણ ઘરના લોકોનું શું?

આ વિચાર આપણામાંથી કેટલીય મહિલાઓના મનમાં આવે છે, નહીં? હું અહીં મજા કરી રહી છું, પણ બાળકો ત્યાં છે... ઘરની બધી વ્યવસ્થા બરાબર હશે ને? બધાએ સમયસર જમ્યું હશે ને? આવા પ્રશ્નો મનમાંથી જતાં જ નથી. પણ સાંભળો, આપણે આખી જિંદગી બધાની જ કાળજી રાખીએ છીએ. તો થોડા દિવસ પોતાના માટે કાઢીએ, તો એથી ઘરના લોકો પ્રત્યેનો આપણો પ્રેમ જરાય ઓછો થતો નથી. ઉલટું, ભરપૂર ગપ્પાં, સુંદર યાદો અને કેટલીય ફોટોઝ સાથે આપણે એકદમ ફ્રેશ થઈને ઘરે પાછા ફરીએ છીએ. ઘર તો આપણું જ છે. ઘરના લોકો પણ આપણા જ છે. અને આ થોડા દિવસો? એ પણ તો આપણા જ છે ને!

## મેં નક્કી કર્યું. હું નીકળી પડી.

તેને રજા છે? બાળકોને ચાલશે? સખીઓ આવવાની છે? બાકીના લોકોનું શું? આવા સવાલોમાં જ કેટલીય ટૂર્સ રહી ગઈ. પણ પછી મેં મારી જાતને એક અલગ જ સવાલ પૂછ્યો, મારે ક્યાં જવું છે? અને મેં નક્કી કર્યું. બુકિંગ કર્યું. હું નીકળી પડી. બસ્સ! ક્યારેક ડેસ્ટિનેશન કરતાં પણ મોટી અચિવમેન્ટ હોય છે, પોતાના માટે પોતે નીર્ણય લેવાની.

## મારામાંની ટ્રાવેલર કઈ?

- ☐ માઉન્ટન ગર્લ – પહાડો દેખાય એટલે હું ખુશ!
- ☐ વૉટર બેબી – સમુદ્ર એટલે પ્રેમ!
- ☐ ફોટો ક્વીન – પહેલા ફોટો!
- ☐ શૉપિંગ ગર્લ – થોડી શૉપિંગ તો જોઈએ જ!
- ☐ ફૂડ એક્સપ્લોરર – નવી જગ્યા, નવી ચાખ!
- ☐ ઍડવેન્ચર ગર્લ – થ્રિલ? આઇ ઍમ ઇન!
- ☐ કન્ટ્રી કલેક્ટર – પાસપોર્ટ પર હજી એક સ્ટૅમ્પ!
- ☐ ગર્લ-ગેન્ગ ટ્રાવેલર – ગપ્પા, ફ્રેન્ડ્સ, ધમાલ!
- ☐ લક્ઝરી લવર – થોડુંક સ્પેશિયલ તો જોઈએ જ!

**એકથી વધુ જવાબો છે? ઑફ કોર્સ! કારણ કે આપણે થોડા એક જ પ્રકારના છીએ?**



## હું કરી શકીશ? હા, જરૂર!

પહેલી વાર એકલી નીકળતી હો તો મનમાં પ્રશ્નો આવવાના જ. “હું ક્યારેય ફ્લાઇટમાં બેઠી જ નથી.” “મને ઇંગ્લિશ બરાબર બોલતાં આવડતું નથી.” “એરપોર્ટ પર શું કરવાનું?” “ઇમિગ્રેશન? વિઝા? ફોરેન કરન્સી?” “મારાથી આ બધું થશે ખરું?” આપણામાંથી કેટલીય મહિલાઓના મનમાં ક્યારેક ને ક્યારેક આ પ્રશ્નો આવ્યા છે. પણ મજાની વાત એ છે કે એક વાર નીકળી પડો પછી, પહેલું એરપોર્ટ પાર થઈ જાય, પહેલું ઇમિગ્રેશન પણ થઈ જાય. નવા દેશમાં આપણે પોતાની રીતે કંઈક કરીએ અને અચાનક મનમાં આવે, “અરેરે! મને તો આવડે છે!” એટલે જ ટ્રાવેલમાં આપણે માત્ર નવું વિશ્વ નથી જોતા. આપણી અંદરના નવા ‘હું’ ને પણ મળીએ છીએ.

## એકલી આવી... પણ એકલી રહી જ નહીં!

વુમન્સ સ્પેશિયલમાં એકલી આવવું અને એકલી હોવું, આ બે સાવ અલગ વાતો છે. પહેલા દિવસે આપણે કોઈને ઓળખતા નથી. પણ અહીં આપણને આપણી જેમ જ ટ્રાવેલનો શોખ ધરાવતી, નવી જગ્યાઓ જોવાની ઇચ્છા રાખતી ઘણી મહિલાઓ મળે છે. કોઈ પહેલી વાર આવી હોય, તો કોઈ વારંવાર આવતી હોય. પણ પહેલા બે-ત્રણ દિવસમાં જ ઓળખાણ થાય, ગપ્પા જમે અને સરસ મિત્રતા પણ થઈ જાય. પછી કોઈ પૂછે, “ચા લેશો?” કોઈ ફોટો પાડે. કોઈની સાથે આપણે સીટ શેર કરીએ. અને જોતજોતામાં આપણી પોતાની ગેન્ગ તૈયાર થઈ જાય. વીણા વર્લ્ડની રૂમ પાર્ટનર ગેરન્ટી તો છે જ. પણ એથી પણ સુંદર શું છે, ખબર છે? આવતી વખતે હું એકલી આવી હતી... અને પાછી ફરતી વખતે સખીઓ સાથે લઈ જઈ રહી છું, એ ફીલિંગ!

## હવે મારું મન મને ક્યાં લઈ જાય છે?

૧. મારામાંના ડ્રીમરને • જાપાન • સ્કેન્ડિનેવિયા • યુરોપ
૨. મારામાંના ઍડવેન્ચરરને • ન્યૂઝીલેન્ડ • આફ્રિકા • અંદમાન
૩. મારામાંની માઉન્ટન ગર્લને • કાશ્મીર • લદાખ • સ્વિટ્ઝર્લૅન્ડ
૪. મારામાંના એક્સપ્લોરરને • વિયેતનામ • ઇજિપ્ત • ભૂતાન
૫. મારામાં રહેલી રોમેન્ટિક છોકરીને • ગ્રીસ • માલદીવ્સ • બાલી
૬. મારામાંની ઇન્ડિયા લવરને • કેરળ • રાજસ્થાન • નૉર્થ ઈસ્ટ

**જગત એક જ છે. પણ એને અનુભવવાની આપણી વાટો કેટલી અલગ અલગ!**




## હું જ મારી રાણી!

આપણામાંની દરેક સ્ત્રીમાં એક ક્વીન હોય જ છે. એને કોઈ ક્રાઉન આપવાની જરૂર નથી. એ પોતાના મનની, પોતાના જીવનની, પોતાની દુનિયાની રાણી હોય છે. અને વુમન્સ સ્પેશિયલમાં એક એવી ઇવનિંગ હોય છે, જ્યાં એ ‘હું’ ને મનભરીને સેલિબ્રેટ કરવાની તક મળે! મનગમતું તૈયાર થવું, રૅમ્પ પર વૉક કરવું, મનભરીને પોતાની જાતને સેલિબ્રેટ કરવી અને પોતાની મોમેન્ટ પોતાની જ સ્ટાઇલમાં જીવવી! ઉંમર, સાઇઝ, રંગ કે લોકો શું કહેશે એની ચિંતા કરવાની નહીં. કારણ કે હું જ મારી રાણી! અને આ બધી ક્વીન્સમાંથી આપણે પસંદ કરીએ છીએ એ ટૂરની એક ખાસ વીણા વર્લ્ડ ક્વીન. સો, ડ્રેસ અપ. વૉક ધ રૅમ્પ. ઓન યોર મોમેન્ટ.

**હજુ ઘણું બધું જોવું છે... અનુભવવું છે. ઘણું બધું પહેલી વાર કરવું છે. આપણી લિસ્ટ વધતી જ રહેશે અને આપણી સફર પણ.**

## મારી ડ્રીમ લિસ્ટ

- ☐ સાતેય કૉન્ટિનેન્ટ ફરી લેવાના છે.
- ☐ નૉર્થર્ન લાઇટ્સ જોવાની છે.
- ☐ આફ્રિકન બિગ ફાઇવ જોવાના છે.
- ☐ હૉટ એર બલૂનમાંથી સૂર્યોદય જોવાનો છે.
- ☐ દુનિયાની કોઈ ફેમસ સિનિક ટ્રેન જર્નીનો અનુભવ કરવાનો છે.
- ☐ દુનિયાની એક ધમાકેદાર રોડ ટ્રિપ કરવાની છે.
- ☐ કોઈ મોટો વર્લ્ડ ફેસ્ટિવલ ત્યાંના લોકલ્સ સાથે સેલિબ્રેટ કરવો છે.
- ☐ 25 દેશ ફરી લેવાના છે.
- ☐ ત્યાર પછી 50 દેશ જોવાના છે.
- ☐ અને ક્યારેક 100 દેશોનો આંકડો પણ પાર કરવાનો છે!

**બધું આજે જ થઈ જાય એવું નથી. કેટલાક આ વર્ષે. કેટલાક આવતા વર્ષે. કેટલાક ક્યારેક. પણ મારી લિસ્ટમાં છે એટલે એક દિવસ તો પૂરું થશે જ!**

## મારી ટ્રાવેલ ગૅન્ગ કઈ?

**તમારી નેક્સ્ટ ટૂર તમે કોની સાથે કરવાના છો?**

☐ સ્કૂલની ફ્રેન્ડ્સ ☐ કૉલેજ ગેન્ગ ☐ બહેનો / કઝિન્સ
☐ ઑફિસની ફ્રેન્ડ્સ ☐ મમ્મી અને હું
☐ મારી બેસ્ટ ફ્રેન્ડ ☐ ફેમિલીની લેડીઝ
☐ હજી મળી નથી એવી નવી ફ્રેન્ડ્સ ☐ ફક્ત હું!

**ગેન્ગ નક્કી થઈ? હવે ડેસ્ટિનેશન નક્કી કરવાનું!**

## મારું નેક્સ્ટ ફર્સ્ટ!

કેટલીય ટૂર્સ કરી હોય, છતાં ટ્રાવેલમાં એક મજા હંમેશાં રહે છે. હજુ પણ કંઈક પહેલી વાર કરવાનું બાકી હોય છે! તમારું શું બાકી છે?

☐ પહેલો સ્નોફૉલ ☐ પહેલી ક્રૂઝ ☐ પહેલી સ્કૂબા ડાઇવિંગ
☐ પહેલી સફારી ☐ પહેલું સ્કાયડાઇવિંગ
☐ પહેલો ગ્લેશિયર વૉક ☐ પહેલી ઇન્ટરનેશનલ ટ્રિપ
☐ પહેલો ગર્લ્સ-ઓન્લી હોલિડે
☐ પહેલી વાર નવો કૉન્ટિનેન્ટ જોવો

**તો કહો, વ્હોટ્સ યોર નેક્સ્ટ ફર્સ્ટ?**

## મારું નેક્સ્ટ સ્વપ્ન
**મારે આગળ આ કરવું છે**

ક્યારે?
આ વર્ષે / આવતા વર્ષે / ક્યારેક,
પણ ચોક્કસ!
લખી રાખો. ગોળ કરો. પાનું કાપીને રાખો.
અથવા ફક્ત મનમાં પાક્કું નક્કી કરો.

**મસ્ત ટૂર્સ. અફોર્ડેબલ પ્રાઇસીસ. ઘણી બધી ચૉઇસિસ. દરેક મહિલા માટે દુનિયાભરમાં ફરવાનું સરળ બનાવી રહી છે વીણા વર્લ્ડ.**

કાશ્મીર 6 Days - Nov 15
43K - 48K (J&L) | 59K - 64K (Ex-Mum)
દિલ્હી આગ્રા /મથુરા /આયોધ્યા
4D/4D/8D Sept 29, Sept 30, Oct 11
25K - 53K (J&L) | 35K - 65K (Ex-Mum)
કેરળ (6D) Sept 29, Nov 21
33K - 40K (J&L) | 43K - 50K (Ex-Mum)

ભુવનેશ્વર પુરી કોણાર્ક ચિલિકા (6D) Nov 24, Feb9
45K - 50K (J&L) | 57K - 62K (Ex-Mum)
શ્રીલંકા (5D) Sept 23 - 53K-63K (J&L) | 75K-85K (Ex-Mum)
ઓમાન (5D) Nov 21
110K - 120K (J&L) | 135K - 145K (Ex-Mum)
સિંગાપોર થાઈલેન્ડ મલેશિયા (10D) Dec 7
163K - 168K (J&L) | 199K - 203K (Ex-Mum)

બાલી (7D) Nov 30
107K - 112K (J&L) | 142K - 147K (Ex-Mum)
ઇજિપ્ત (10D) Dec 10 - 265K - 275K (Ex-Mum)
જાપાન (7D) Nov 15
195K - 205K (J&L) | 250K - 260K (Ex-Mum)
ઑસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ (9D) / (10D) Mar 4 / Mar 2
255K-312K (J&L) | 350K - 455K (Ex-Mum)

*T&C apply.

વધુ માહિતી માટે સ્કૅન કરો.

Toll-Free:
1800 313 5555
Email:
travel@veenaworld.com
Website:
www.veenaworld.com

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

## હાસ્ય વિનોદ

# આઈન્સ્ટાઈનની આંખ પણ મહાન હતી...!

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

**આલ્બર્ટ** આઇન્સ્ટાઈન જર્મનીમાં જન્મ્યા હતા, અમેરિકામાં સ્થાયી થયા હતા અને તેમની અનેક પ્રેમિકાઓમાંની એક રશિયન હતી અને ૧૯૨૧માં નૉબેલ-પ્રાઈઝ મેળવવાને કારણે તે આખાય વિશ્વમાં વિસ્તરી ગયા. જે માણસ મહાન બને છે તેનું પછી બધું જ મહાન બની જાય છે. ૧૯૪૫-૪૬માં તેમણે એક રશિયન મહિલા જાસૂસ માર્ગારિટા કોતેત્કોવોને કેટલાક પ્રેમપત્રો લખ્યા હતા, જે તાજેતરમાં હરાજી દ્વારા લાખો ડૉલરમાં વેચાયા. દિવાળી નજીક આવતાં ઘરની સાફસૂફી કરતાં પત્નીના હાથમાં અમારા લખેલ કેટલાક પત્રો આવ્યા. જે દિવસોમાં તે અમારી પત્ની બની નહોતી, તે પત્ની થશે એની અમારા બેમાંથી કોઈને કલ્પનાય નહોતી ત્યારે અમે તેને થોડાક લાગણીસભર સ્નેહપત્રો લખ્યા હતા. હશે, બાર-પંદર પત્રોનો એ થોકડો બતાવતાં તેણે અમને માહિતી આપતાં જણાવ્યું કે આનો હવે કોઈ ખપ નથી એટલે કાઢી નાખું છે. તેણે કાઢી પણ નાખ્યા. ન કાઢયા હોત તો પણ કશો ફરક ન પડત, કારણ એ કે કોઈના હાથમાં એ પત્રો આવી જાય તો વંચાવવા તો અમારી પાસે જ તેને આવવું પડે એટલા ખરાબ અમારા અક્ષરો છે. ગાંધીજીની સાથે સત્ય, અહિંસા કે બ્રહ્મચર્ય-આ ત્રણેય વાનાંમાંથી એકેયમાં સ્પર્ધા કરી શકીએ તેમ નથી, પણ ખરાબ અક્ષરોની બાબતમાં નમ્ર થયા વગર કહીએ તો ગાંધીબાપુ કરતાં અમે ઘણા આગળ છીએ. બાપુના અક્ષરો ખરાબ હતા, પણ એટલા બધા ખરાબ નહોતા કે કોઈ ઉકેલી જ ના શકે. પણ અમારા અક્ષરો બાબત કહીએ તો એક વાર લખ્યા પછી એ અક્ષરો ઉકેલવાનું અમારા માટેય ક્યારેક કઠિન થઈ પડે છે. એકવાર અમે ઝડપથી લખવા બેઠા હતા ત્યારે અમારે ત્યાં મિસ્ત્રીકામ કરતા ભાઈએ અક્ષરો જોઈને અમને પૂછ્યું હતુંઃ 'કાકા, તમે શૉર્ટહેન્ડમાં લખો છો?' અને અમારા હિન્દી વ્યંગકારમિત્ર રવીન્દ્રનાથ ત્યાગીએ અમને વિનંતી કરતો પત્ર લખ્યો છે કે કૃપા કરી તમે ટાઈપ કરેલ પત્ર મોકલશો, તમારા અક્ષરો ઉકેલવાનું મારું ગજું નથી. અમારો એક નિયમ છે કે મહાન માણસો વિશે લખતી વેળાએ ભેગાભેગી આપણીય થોડી વાતો કરવી. મોટા લોકો વિશે વાંચતાં વાચક આપણા વિશે થોડું જાણે તો એમાં તેને ખાસ કશું નુકસાન થવાનું નથી.

આ આઇન્સ્ટાઈનની આંખો પણ મહાન હોવાથી કેટલાંક વર્ષો અગાઉ તેની હરાજી કરવામાં આવી હતી, જેના પચાસ લાખ ડૉલર પ્રાપ્ત થયા. આપણે ત્યાં કેટલીક વ્યક્તિઓનાં બેસણાંની જાહેરખબરમાં 'ચક્ષુદાતા' એવું કૌંસમાં છાપવામાં આવે છે. આવા લોકોએ દાનમાં આપેલ આંખો વડે ત્યાર પછી કોઈ અંધજન દેશમાં પ્રવર્તતી પારાવાર ગરીબી અને ભ્રષ્ટાચારને નજીકથી બરાબર નિહાળી શકે છે... લગભગ ૪૫ વર્ષ અગાઉ ૧૯૫૫માં ગુજરી ગયેલ આ વૈજ્ઞાનિક આઇન્સ્ટાઈનની આંખો ડૉક્ટર હૅરી અબ્રાહમે સેરવી લઈને બૅંકના એક વૉલ્ટમાં મૂકી દીધી હતી. અલબત્ત, એ વખતે ડૉક્ટર હૅરીને ખબર નહીં હોય કે તે બૅંકમાં પચાસ લાખ ડૉલરની ડિપોઝિટ જમા કરાવી રહ્યો છે. આઇન્સ્ટાઈનની આંખો કાઢી લેવાનું કારણ આપતાં એ વખતે ડૉ. અબ્રાહમે જણાવ્યું હતું કે તેને એ આંખોમાં વિશ્વનાં સૌંદર્ય અને ગૂઢ રહસ્યોનાં દર્શન થયાં હતાં. એ નેત્રો ઘેરાં હોવા છતાં પારદર્શક હતાં.

આપણી પ્રજાનું જનરલ નૉલેજ કહેતાં સામાન્ય જ્ઞાન કેટલું નબળું છે, એની ખબર 'કૌન બનેગા કરોડપતિ' જોનારને થઈ રહ્યું છે. જોકે આમ પણ સામાન્ય જ્ઞાન અસામાન્ય જ હોય છે એટલે આટલું વાંચ્યા પછી કોઈ એવું પૂછી બેસે કે આ આઇન્સ્ટાઈન શું પદાર્થ છે એટલે એમનો થોડો પરિચય. આગળ જણાવ્યું છે એ પ્રમાણે ૧૮૭૯માં તે જર્મનીમાં જન્મેલા. એ વખતે હિટલરનું સામ્રાજ્ય હતું. બન્ને એકબીજાના સમકાલીન હોવા છતાં એકબીજાને નડ્યા નહોતા. ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી કાઢ્યો ત્યાર પછી જ પડી જનારાઓ જાણી શક્યા કે આપણા પડવા પાછળ બીજું કોઈ નહીં, પણ સૂક્ષ્મ રીતે ન્યૂટન જ છે. ન્યૂટનના એકલાના માથે આ દોષ નાખવો ન હોય તો બાગમાં બેઠેલા તેના માથે પડેલા સફરજનનેય આમાં સામેલ કરી શકાય. આ સફરજન તો આમ પણ ફ્રૂટ ઑફ નૉલેજ (જ્ઞાનનો ફળ) લેખે પહેલેથી જ વગોવાઈ ચૂક્યું છે.

ન્યૂટને જે રીતે ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત શોધી કાઢ્યો એ રીતે આઇન્સ્ટાઈને થિયરી ઑફ રિલેટિવિટી અર્થાત્ સાપેક્ષતાવાદનો સિદ્ધાંત શોધી કાઢ્યો હતો. પણ ન્યૂટન કરતાં આઇન્સ્ટાઈન વધારે નસીબદાર તે તેમને આ શોધ માટે નૉબેલ-પ્રાઈઝ મળ્યું, જો કે આની પાછળનું કારણ જરા જુદું છે. ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત ન્યૂટન વડે શોધાયો ત્યાર બાદ ઘણાં વર્ષે નૉબેલ-પ્રાઈઝ શોધાયેલું.

મહાન ભેજાબાજ વૈજ્ઞાનિક આઇન્સ્ટાઈન માટે કહેવાય છે કે જીવનભર પોતાના મગજનો તેમણે ઉપયોગ કરેલો તે મગજનો માત્ર અઢી ટકા જેટલો જ હતો, બાકીના સાડા સત્તાણું ટકા મગજ વણવપરાયેલું રહ્યું હતું. નાનપણમાં તે મગજનો સહેજ પણ ઉપયોગ નહોતા કરતા એવું તેમના શિક્ષકોએ પણ જાહેર કરેલું છે, તે બોલતાં પણ ઘણી મોટી ઉંમરે શીખ્યા હોવાનું નોંધાયું છે. મા-બાપની એ ખાસિયત હોય છે કે જ્યારે બાળક બોલતું ન હોય ત્યારે કાલી કાલી ભાષામાં બોલીને તેની જીભ ખોલાવવા મથે છે અને પછી બાળક બોલતું થાય ત્યારે તેને ચૂપ કરવા પોતે મોટેથી ઘાંટાઘાંટ કરે છે. આ બાળ-આલ્બર્ટ સાંજે તેનાં મા-બાપ સાથે વાળુ કરતો હતો ત્યારે તેણે જોરથી ચીસ પાડી કે આ સૂપ તો ખૂબ જ ગરમ છે. આ સાંભળી મા-બાપે આનંદની ચિચિયારી પાડતાં તેને આશ્ચર્યથી પૂછ્યું કે તો પછી આજ સુધી તું કેમ અક્ષરેય બોલતો નહોતો? 'એટલા માટે કે સૂપ આટલો બધો ગરમ ક્યારેય નહોતો, બધું બરાબર હતું...' આઇન્સ્ટાઈને ઉત્તર આપ્યો.

આઇન્સ્ટાઈને સાપેક્ષતાવાદનો સિદ્ધાંત શોધ્યો, ત્યારે આ ગૂઢ સિદ્ધાંતની આખાય જગતમાં માત્ર બે જ જણાને ખબર હતી. એક તો નો ડાઉટ આઇન્સ્ટાઈન અને ત્યાર બાદ ઈશ્વર. પછી ઈશ્વરે પણ તેમને કહી દીધું હશે કે તારી આ અટપટી થિયરી તું જ સંભાળ, મારે માથે તો બીજાં કરોડો કામ છે.

પણ સાચું પૂછો તો આઇન્સ્ટાઈને પોતાનું મહત્ત્વ વધારવા સાપેક્ષતાવાદના આ સિદ્ધાંતને ઘણો અઘરો બનાવી દીધો હતો. બાકી આમ તો તે અતિ સહેલો છે. અમારા ગિધુકાકાએ તે તદ્દન સરળ બનાવીને આ રીતે સમજાવ્યો છે. તમે રેલવે પ્લૅટફૉર્મ પર ટ્રેનની રાહ જોતા ઊભા હો, ત્યાં માઈક પરથી એવી જાહેરાત કરવામાં આવે કે ટ્રેન બે કલાક મોડી છે. તમે જે બાંકડા પાસે ઊભા છો એ બાંકડા પર એક દમિયલ વૃદ્ધ સતત ખાંસતો બેઠો છે. તેની પાસે પાંચ મિનિટ ઊભા રહેતાંય તમને જાણે પાંચ કલાક ઊભા હોય એવું લાગે છે. આ કમબખ્ત ટ્રેન જલદી આવી જાય તો સારું એવું તમે મનમાં બબડશો. પણ એ ખાંસતા દમિયલ વૃદ્ધને બદલે કોઈ અત્યંત સ્વરૂપવાન લલના તમારી નજીક ઊભી હોય, તિરછી નજરે તમને નીરખતી હોય ત્યારે તમને થશે કે ટ્રેન બેને બદલે ત્રણ કલાક મોડી આવે તો કેટલું સારું! બસ, આ જ છે થિયરી ઑફ રિલેટિવિટી યાને સાપેક્ષતાનો સિદ્ધાંત.

શક્ય છે કે આવું કોઈ દશ્ય જોઈને જ તેમને આ સાપેક્ષવાદનો સિદ્ધાંત સૂઝ્યો હશે. જો કે આ સિદ્ધાંતે આઇન્સ્ટાઈનની બન્ને પત્નીઓનું ઘણું લોહી (સ્ટ્રૉની મદદ વગર) પીધું હતું. તેમની પ્રથમ પત્ની મિલેવાને બધા પૂછ્યા કરતા કે મૅડમ, તમારા વરે શોધેલ સાપેક્ષતાવાદનો સિદ્ધાંત તમે સમજો છો? ત્યારે આ ભોળી સ્ત્રી એક જ જવાબ આપતી કે ના, હું એ સિદ્ધાંતને સહેજ પણ સમજતી નથી, પરંતુ હું મારા વરને સમજી શકું છું અને એ પણ જાણું છું કે તે ભરોસાપાત્ર છે, તે જે કંઈ કહે તેના પર વિશ્વાસ મૂકી શકાય.

માત્ર ૧૭ વર્ષની કિશોર વયે તે તેમનાથી ચાર વર્ષ મોટી મિલેવા માટે ઝૂરતા. કહેતા કે આ જગતમાં તારા વગર ક્ષણભર પણ જીવવાની મારી ઇચ્છા નથી. તારે ખાતર હું વિશ્વ ત્યજવા તૈયાર છું. (એક આદત લેખે, આવું તો તેમણે પોતાની રશિયન પ્રેયસીને પણ લખ્યું હતું. ઉમેર્યું હતું કે તને હું મરતે દમ તક ચાહ્યાં કરીશ.) કદાચ આના અનુસંધાને જ મિલેવા બોલી હશે કે તે જે કંઈ કહે તેના પર વિશ્વાસ મૂકી શકાય અને આ સ્ત્રીને એક દિવસ વૈજ્ઞાનિકે કહી દીધું કે તારી સાથે હવે હું પળભર પણ રહી શકું તેમ નથી. (સાપેક્ષતાવાદનો સિદ્ધાંત!) મને છોડવાનું તું શું લઈશ? જો તું મને છોડી દે તો હું નૉબેલ-પ્રાઈઝની આખેઆખી રકમ તને આપી દઈશ.

મિલેવાને પરણ્યા બાદ આઇન્સ્ટાઈન તેમની જ પિતરાઈ બહેન એલ્સાના પ્રેમમાં પડ્યા હતા ને તેને પરણવા ઈચ્છતા હતા. આ કારણે મિલેવા સાથે એટલી ક્રૂરતાથી વર્તતા કે આ સ્ત્રી માનસિક રીતે ભાંગીને ભુક્કો થઈ ગઈ હતી, જેમાંથી તે ક્યારેય બહાર આવી શકી નહીં. આની ખરાબ અસર તેમના બે પુત્રો પર પડી. મોટા પુત્ર હાન્સ આલ્બર્ટે પંદર વરસની ઉંમરે જ ગૃહત્યાગ કર્યો હતો. નાનો પુત્ર તો આ બધું સહન કરી શકે તેમ જ નહોતો. તે તેની માતાની જેમ માનસિક બીમારીને લીધે સ્વિટ્ઝરલૅન્ડની મેન્ટલ હૉસ્પિટલમાં લાંબા સમય સુધી રહ્યો. એક જિનિયસનો પુત્ર માનસિક રીતે અત્યંત ગરીબ થઈ ગયો હતો!

આઇન્સ્ટાઈનની જોહુકમી જોતાં લાગે કે આટલો મહાન વૈજ્ઞાનિક પણ અતિ સામાન્ય માણસની જેમ જ વર્તે? જેના ગળાડૂબ પ્રેમમાં તે હતા એ પોતાની પિતરાઈ બહેનને એક પત્રમાં તેમણે લખ્યું હતું કે, મિલેવાને હું નોકરડીની માફક રાખું છું, મારો બેડરૂમ તેનાથી અલગ રાખ્યો છે. પત્ની મિલેવા સાથેના પ્રેમ-ધિક્કારની ચિકાર લાગણીઓથી ભરેલા તેમના પત્રોની પણ હરાજી થઈ હતી - આ પરથી કહી શકાય કે પત્રોમાં આઇન્સ્ટાઈનનો પ્રેમ હોય કે તિરસ્કાર, લોકો હોંશે હોંશે મોં માગ્યા દામ આપી ખરીદતાં.

૧૯૧૪માં પત્ની મિલેવા સામે આઇન્સ્ટાઈને શરતનામું મૂક્યું હતું કે જો તારે મારી સાથે, મારા ઘરમાં રહેવું હોય તો નીચે જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવું પડશેઃ

(૧) મારાં કપડાંલત્તાં વ્યવસ્થિત રાખવાં પડશે.

(૨) મારા ઓરડામાં દરરોજ નિયમિતપણે ત્રણ ટંક ભોજન મને પહોંચાડવાનું રહેશે.

(૩) મારા અભ્યાસનો અને સૂવાનો ઓરડો સાફસૂથરો રાખવાનો છે.

(૪) મારા ટેબલને મારા સિવાય કોઈએ અડકવાનું નથી.

(૫) મારી સાથેના અંગત સંબંધો તારે કાપી નાખવા પડશે. હા, પણ સમાજમાં જરૂરી જણાય તો અને ત્યારે બહાર સાથે જઈશું - આવીશું, પણ એ વખતે મારા વર્તન પરથી કોઈને એવો વહેમ ન આવવો જોઈએ કે આપણી વચ્ચે પતિ-પત્નીના સંબંધો નથી. આવા પ્રસંગો સિવાય મારી પાસે બેસવાની મરજી તારે બતાવવાની નથી.

(૬) મારી સાથે બહાર કે પ્રવાસમાં ફરવા જવા તારે જીદ કરવાની નથી.

(૭) મારી પાસેથી કોઈ પણ પ્રકારની લાગણીની અપેક્ષા તારે રાખવાની નથી અને એ માટે મારી પાસે આવવાનું નથી.

(૮) હું તને કંઈ પણ પૂછું એનો ઉત્તર તારે તરત જ વાળવાનો રહેશે, અને મારા અભ્યાસખંડ કે શયનખંડમાંથી તને બહાર ચાલ્યા જવાનું કહું એ જ ક્ષણે તારે કોઈ પણ જાતની દલીલ કે વિરોધ વગર ચૂપચાપ બહાર નીકળી જવાનું છે.

(૯) વાણી યા વર્તન દ્વારા તારે મને બાળકો આગળ અપમાનિત કરવાનો નથી!

પછી પત્નીને કદાચ લાગ્યું હશે કે આ શરતો પાળવા કરતાં છૂટાછેડા લેવામાં વધારે સુખ મળશે એટલે મિલેવાએ આઇન્સ્ટાઈનને ડાયવૉર્સ આપી દીધા. જો કે આઇન્સ્ટાઈને પોતાનું વચન પાળ્યું હતું. ડાયવૉર્સનાં ત્રણ વરસ બાદ નૉબેલ પ્રાઈઝની જે રકમ મળી એ તેમણે મિલેવાને આપી દીધી. ઇનામનું ગૌરવ તેમણે રાખ્યું, પૈસા પત્નીને ધરી દીધા.

આઇન્સ્ટાઈનની શરતો વાંચતાં અમને કવિ નર્મદ યાદ આવી ગયો. નર્મદે પણ પોતાની પત્ની ડાહીગૌરીને સામે બેસાડીને તેની સામે ત્રણ શરતો મૂકી હતી. એ બન્ને વચ્ચે ઘર્ષણ થયા બાદ નર્મદે ડાહીગૌરીને કહ્યું હતું, વિકલ્પો સૂચવ્યા હતા, એમાંય આઇન્સ્ટાઈન જેવી જ દાદાગીરી હતી. ઉ.ત. (૧) સ્વતંત્ર રહેવું, આપણા ઘરમાં નહીં. જુદા ભાડાના ઘરમાં કોટડીઓ રાખીને, મુંબઈ, સુરત કે ઇચ્છામાં આવે ત્યાં ને હાલમાં મારી સ્થિતિ સારી થાય ત્યાં સુધી હું મહિને પાંચ કે સાત રૂપિયા મોકલ્યા કરીશ. પછી વધારે. (૨) કોઈના આશ્રયમાં રહેવું ને રૂ. ૫ કે ૭ મહિને મોકલ્યા કરીશ. (૩) મારાં ખુંધાં ખમવાં ને દુઃખ પામતાં પણ મારી સાથે જ રહેવાનું છે.

આઇન્સ્ટાઈન અને નર્મદ બન્નેની શરતો વાંચતાં થાય કે પુરુષો શું બધે જ સરખા હશે? પણ મિલેવા કરતાં ડાહીગૌરીને એક વાતે સુખ હતું, મિલેવાને દલીલો કરવાની છૂટ નહોતી, ડાહીગૌરીને હતી. શક્ય છે મિલેવા કરતાં ડાહીગૌરી પાંચ-સાત ટકા વધારે માથાભારે હશે. આપણે તો બેમાંથી એકેયને જોઈ નથી, પણ નર્મદે જ્યારે ડાહીગૌરી પાસે શરતો મૂકી ત્યારે તેની સામે પત્નીએ કવિને દલીલો સાથે પ્રશ્નો પણ પૂછ્યા હતા. લંબાણને લીધે એ દલીલો અહીં મૂકી નથી. પણ એક વાત છેઃ આઇન્સ્ટાઈને પોતાની પહેલી સ્ત્રીને છૂટકો આપ્યા બાદ એલ્સા સાથે લગ્ન કર્યાં હતાં, જ્યારે નર્મદે તો ડાહીગૌરીની સાક્ષીએ, તેને છૂટાછેડા આપ્યા વગર નર્મદાગૌરી સાથે બીજાં લગ્ન કરેલાં.

પછી આઇન્સ્ટાઈનનાં લગ્નજીવનની બીજી ઈનિંગ્સ એલ્સા સાથે શરૂ થઈ. આઇન્સ્ટાઈનની થિયરી ઑફ રિલેટિવિટી તેમની પ્રથમ પત્ની મિલેવા નહોતી સમજી શકી, પણ તેનો દાવો એવો હતો કે તે આઇન્સ્ટાઈનને બરાબર સમજી શકી છે, પણ આ દાવામાં તે ધરાર ખોટી પડી. બીજી સ્ત્રી એલ્સાને કદાચ એવું લાગ્યું હશે કે પત્નીને સમજવા કરતાં તેનો સાપેક્ષતાવાદનો સિદ્ધાંત સમજવો વધારે સહેલો છે, પણ તેય ગોથું ખાઈ ગઈ. આ સિદ્ધાંત તેના પલ્લે ના પડ્યો. એકવાર તેણે મૂંઝાતા અવાજે પતિને ફરિયાદ કરી કે તમે મને તમારી આ થિયરી વિશે કંઈક તો કહો, થોડી માહિતી તો આપો. લોકો એના વિશે વાત કરતાં થાકતાં નથી. હું એ બધાંને એમ કહું કે આમાં મારી જરાય ચાંચ ડૂબતી નથી! તેમની સાથે વાત કરતી વખતે મને પોતાને હું બેવકૂફ લાગું છું, મને કંઈક તો સમજાવો! આ સાંભળી એકાદ મિનિટ માટે તે વિચારમાં પડી ગયા. પછી પત્નીને તેમણે સમજાવી દીધું કે લોકો તને આ અંગે પૂછે ત્યારે તારે તેમને જણાવી દેવાનું કે આ એક મોટું રહસ્ય હોવાથી તમને હું તે કહી શકું તેમ નથી. વાત પૂરી.

અત્યારની ખબર નથી, પણ આઇન્સ્ટાઈનના સમયમાં અમેરિકામાં માત્ર એક જ પ્રકારની સ્ત્રીઓ વસતી, આઇન્સ્ટાઈનની ભાર્યાઓ જેવી, જ્ઞાનની બાબતમાં નિર્દોષ. આવી એક નિર્દોષ યુવાન છોકરીએ એક ભોજન સમારંભમાં પાકટ વયે પહોંચેલા આઇન્સ્ટાઈનને પૂછ્યું હતું કે તમે કયા ધંધામાં પડ્યા છો? પોતાના ધોળા વાળ પર હાથ ફેરવી તે સરખા કરતાં આઇન્સ્ટાઈને જણાવ્યુંઃ 'હું ફિઝિક્સ (પદાર્થ વિજ્ઞાન)ના અભ્યાસમાં મારો બધો સમય ગાળું છું.' આ સાંભળી એ છોકરીએ આશ્ચર્યથી ચકિત થતાં તેમને પૂછ્યું કે શું તમે આ ઉંમરે ફિઝિક્સનો અભ્યાસ કરો છો? મેં તો ગયા વર્ષે જ ફિઝિક્સનો વિષય પતાવી દીધો. આઇન્સ્ટાઈન માટે આ પ્રસંગ રમૂજપ્રેરક હતો.

આપણા આ મહાન વૈજ્ઞાનિક આઇન્સ્ટાઈન એક વાર ગ્રેટ કૉમેડિયન ચાર્લી ચૅપ્લિન સાથે રસ્તા પરથી વાહનમાં જતા હતા ત્યારે રસ્તા પર ઊભેલા લોકો બન્ને સામે હાથ હલાવી તેમનું અભિવાદન કરતાં હતાં. આ જોઈ ચાર્લી ચૅપ્લિને આઇન્સ્ટાઈન સામે જોઈ હળવાશથી કહ્યું હતું : 'આમાંનો એક પણ માણસ તમને સમજતો નથી એટલે તમને ચાહે છે ને આમાંનો એકેએક માણસ મને સમજે છે માટે મને ચાહે છે.'

ચાર્લીની જેમ આઇન્સ્ટાઈનને પણ સ્ત્રીઓ ખૂબ ચાહતી. તે હૃદયશીલ હતા, અત્યંત કૂણું-ઋજુ હૃદય ધરાવતા હતા. સ્ત્રીને જોતાં, મળતાં જ આઇન્સ્ટાઈનનું હૃદય બરફની જેમ ઓગળી જતું. એટલે જ થાય છે કે પેલા ડૉક્ટર અબ્રાહમે આઇન્સ્ટાઈનની આંખોને બદલે તેમનું હૃદય કાઢી લઈ પછી તેની હરાજી કરી હોત તો આઇન્સ્ટાઈનની કોઈ પ્રેમિકાએ જ તે બેથી ત્રણ કરોડ ડૉલરમાં ખરીદી લીધું હોત. વચ્ચે એક વિદેશી સામયિકમાં આઇન્સ્ટાઈન વિશે યદ્વાતદ્વા છપાયું હતું. આ વૈજ્ઞાનિક પોતાની એક નહીં, પણ બબ્બે પત્નીઓને વફાદાર નહોતા. બન્નેને તેમણે છેતરી હતી. પેલી રિલેટિવિટીની થિયરીનો અર્થ કેટલીક સ્ત્રીઓએ રિલેશન કરેલો અને આ કારણે આઇન્સ્ટાઈને વનપ્રવેશ કર્યો ત્યાં સુધીમાં તો ઘણીબધી સ્ત્રીઓ સાથે તેમનું નામ જોડાઈ ગયું હતું.


અને આ બધી સ્ત્રીઓ સાથે રાસ રમતાં તેમને તેમની બીજી પત્ની એલ્સા લાચારીથી એક મૂક દર્શક બનીને જોઈ રહેતી - કહાન, તમે ક્યાં રમી આવ્યા રાસ રે! એવું પૂછવાની હિંમત પણ તે ખોઈ બેઠી હતી. તે સમસમી રહેતી - બસ, એટલી જ તેને છૂટ હતી. એટલે પછી આ સ્ત્રીએ ભોજ્યેષુ જ નહીં, દરેક ક્ષેત્રે માતાની જ ભૂમિકા ભજવી. તે એવું વિચારતી હશે કે જે પુરુષે સાપેક્ષતાવાદનો સિદ્ધાંત શોધ્યો હોય તે સ્વાભાવિકપણે સ્ત્રીઓમાં પણ કશુંક અગમ્ય શોધવા મથતો હશે. શક્ય છે કે આમાંથી કોઈ નવા સિદ્ધાંતનું પ્રતિપાદન પણ થાય. પુરુષના મનને કોણ કળી શક્યું છે. ■

---

## ઝબાન સંભાલ કે

# કભી અકેલે મેં મેલા, કભી મેલે મેં અકેલા

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com



**એકલો** અને એકલતા ઉપરછલ્લી રીતે સમાન શબ્દો પ્રતીત થાય છે. બંનેમાં સાથનો અભાવ છે. **એકલો કે એકલું એટલે સાથ કે મદદ વગરની વ્યક્તિ.** ટ્રેન-બસની મુસાફરીમાં કોઈ સંગાથ ન હોય ત્યારે તમે શારીરિક સ્વરૂપે એકલા છો. પણ તમે ફોન પર પત્ની કે પરિવાર કે મિત્રો સાથે અલકમલકની વાતો કરો ત્યારે તમારી એકલતા દૂર થઈ જાય છે. એકલો એ શારીરિક અવસ્થા છે, જ્યારે **એકલતા એ ચૈતસિક કે માનસિક અવસ્થા છે.** એકલા માણસ માટે **અલ્લાની ગાવડી** એટલે કે ગરીબ લાચાર કે હોશ વગરનું માણસ, રાંક સ્વભાવની વ્યક્તિ એવો અર્થ પણ અભિપ્રેત છે. એકલતા માનસિક અવસ્થા છે. સાથી વિના એકલા પડી જવાથી ખિન્ન કે ગમગીન થયેલી વ્યક્તિની અવસ્થાની વાત છે. એક શારીરિક અને બીજી માનસિક.

ટાગોરની કવિતામાં 'તારી હાક સુણી કોઈ ન આવે તો એકલો જાને રે'માં કોઈ સાથ ન આપે તો એકલપંડે આગળ વધવાની વાત છે. ગુલઝારના ગીતમાં 'એક અકેલા ઈસ શહર મેં, રાત મેં યા દોપહર મેં, આબ - ઓ - દાના ઢૂંઢતા હૈ, આશિયાના ઢૂંઢતા હૈ'માં માનસિક એકલતાની વાત છે. એકલતા એક હકીકત છે અને એ એક લાગણી પણ છે. નઝીર હૈદરબાદીનો સરસ મજાનો શેર છે કે '**કભી અકેલે મેં મેલા તો કભી મેલે મેં અકેલા.**' માણસ ભીડમાં પણ ક્યારેક એકલતા અનુભવતો હોય છે. એકસાથે સંબંધ ધરાવતા ઘણા શબ્દો અસ્તિત્વ ધરાવે છે જેમાં **એકલદોકલ** શબ્દ હેરત પમાડનારો છે. શબ્દકોશમાં એકલો, અટૂલો, સાથ, સોબત કે સંગાથ વિનાની વ્યક્તિ એવા અર્થ આપ્યા છે, તો પછી પ્રશ્ન એ થવો જોઈએ કે સાથે દોકલ શબ્દની હાજરી કેમ છે? જોકે, એકલદોકલનો એક અર્થ એકાદ સંગાથવાળું એવો પણ છે. મતલબ કે **માત્ર બે જણ હોય ત્યારે એકલદોકલ શબ્દ** વપરાયો હશે? છડેછડું શબ્દ પણ છે જેનો અર્થ કોઈના સાથ વિનાનું, એકલું, એકાકી એવો થાય છે. છડું એટલે એકલું, પોતાની જાત સિવાય બીજું કંઈ સાથે કે પાસે ન હોય એવું, સાથ વગરનું, પંડોપંડ એવા પણ અર્થ છે. **એકલદોકલનો અલ્લા બેલી** જાણીતી કહેવત છે જેનો અર્થ થાય છે અનાથનો ધણી ઈશ્વર, જેને કોઈની મદદ નથી તેને ઈશ્વર મદદ કરે છે. સાથે સાથે સથવારા વિનાના મુસાફર માટે પણ ચેતવણી તરીકે આ વાક્ય બોલાતું હોય છે. આજે આ કહેવત પાછળની કથાનો આસ્વાદ લઈએ.

વાત સુરતની, મોજીલા સુરત શહેરની છે. સુરત શહેરનો ઇતિહાસ અને તેનો વ્યાપારિક તથા ખાણીપીણીનો શોખીન માહોલ લોકોને હંમેશાં આનંદપૂર્વક જીવવાની પ્રેરણા આપે છે. અહીંના લોકો પોતાના કામની સાથે-સાથે ખાવા-પીવા, ફરવા અને ઉત્સવોમાં દિલ ખોલીને ખર્ચ કરવા માટે જાણીતા છે, જેને લોકબોલીમાં **સુરતી લાલા** કે **લહેરીલાલા** તરીકે ઓળખવામાં આવે છે. એવા આ સુરતની નજીક કીમ નામનું ગામ આવેલું છે. અહીં રેલવે સ્ટેશન પણ હોવાથી અહીં અવરજવરમાં આસાની રહે છે. આપણે જે કહેવત કથાનકની વાત અહીં કરી છે એ ઘણા જૂના સમયની છે.

વર્ષો પહેલાં સડક માર્ગે આવરોજાવરો ઓછો રહેતો. એટલે એકલા જવાનું, એવી મુસાફરી કરવાનું ટાળવામાં આવતું. અત્યંત આવશ્યક હોય કે છૂટકો જ ન હોય ત્યારે જ આ વિકલ્પનો ઉપયોગ કરવામાં. અવાવરુ માર્ગને કારણે અહીં લૂંટફાટનો ડર પણ રહેતો. એક અવળા વિચારની આધેડ મહિલા અને તેમનો પુત્ર આ માર્ગ પર લોકોને છેતરી લૂંટફાટનો ધંધો ચલાવતા હતા. એ લોકોની યોજના સીધીસાદી પણ ચોક્કસ રહેતી. એ વિસ્તારમાં માનવ વસ્તી ન હોવાને કારણે સડકની બંને બાજુએ ઝાડી ઝાંખરાંનું પ્રમાણ વિશેષ હતું. આધેડ સ્ત્રી સડકને એક કિનારે બેસી ભીખ માગે. એ સમયે એનો જુવાનજોધ, મજબૂત બાંધાનો દીકરો ઝાડીઝાંખરામાં હથિયાર હાથમાં રાખી સંતાઈને ઊભો રહેતો. કોઈ એકલદોકલ મુસાફર આવતો દેખાય અને એની પાસે રોકડા કે માલમતા છે એવું લાગે તો મહિલા જોરથી બોલતી કે '**એકલદોકલ કા અલ્લાબેલી.**' આ સંકેત સમજી દીકરો હથિયાર ઉગામી બહાર નીકળી વટેમાર્ગુને લૂંટી લેતો. જો વધુ લોકો નજરે પડે તો આધેડ સ્ત્રી '**હો ચાર કે સંગ**'(વધુ લોકો છે) એમ બોલતી જે સાંભળી દીકરો ચેતી જતો કે અહીં ચેતીને ચાલવાનું છે. આના પરથી સથવારા વિનાના લોકો માટે ચેતવણી સ્વરૂપે આ વાક્ય બોલાતું આવ્યું છે.

---

## ભાષા વૈભવ

### એક શબ્દ - અનેક સ્વરૂપ



એક **એકલો** છે, પણ **પહેલો** સુધ્ધાં છે. એકલા લોકો ભેગા ચાલે એટલે બેકલા બને છે. કેટલાક ધોળા કપડાંવાળા ત્યાગી પાળાઓ એકલા ચાલતા નથી, બે અથવા બહુની સાથે જ ચાલે છે. તેને **બેકલિયા પાળા** કહે છે. મજાની વાત એ છે કે એકલો શબ્દ ભાષામાં જરાય એકલો નથી, કારણ કે એના સંગાથમાં અનેક છે. **એકનો અંક, સંખ્યામાં પહેલું. અજોડ, અદ્વિતીય, અમુક, ચોક્કસ નહીં એવું, એકસરખું, સમાન, ભેદ વગરનું, એકમતનું, એકતાવાળું, સંપીલું, એકઠું જેવા વિવિધ અર્થ છે.** ફકત, માત્ર જેવો ભાવ પણ દર્શાવે છે. સંખ્યાવાચક શબ્દને છેડે આવતાં **'આશરે', 'શુમારે'** એવો અર્થ બતાવે છે. દાખલા તરીકે પાંચેક. એકે એટલે એકાદ. **એકે હજારા શૌર્ય,** હિંમત અને ઉત્કૃષ્ટતા દર્શાવવા માટે વપરાય છે. **બાકર બચ્ચા લાખ, લાખે બિચારા; પણ સિંહણ બચ્ચું એક, એકે હજારા.** બાકર બચ્ચા લાખ એટલે બકરાં કે ઘેટાંના લાખો બચ્ચાં ભેગા થાય તો પણ તે ભીરુ અથવા નિર્બળ ગણાય છે. લાખે બિચારા એટલે લાખોની સંખ્યા હોવા છતાં તેઓ સંકટ સમયે અસહાય અને લાચાર હોય છે. સિંહણ બચ્ચું એક, એકે હજારા એટલે સિંહણનું માત્ર એક જ બચ્ચું હજારો શત્રુઓ પર ભારે પડે તેવી તાકાત અને શૂરવીરતા ધરાવે છે. ટૂંકમાં દમ કે તાકાત ન હોય તો સંખ્યાનું કોઈ મૂલ્ય નથી હોતું.

એક બહાદુર કે ગુણવાન વ્યક્તિ લાખો સામાન્ય કે ડરપોક લોકો કરતા ચડિયાતી હોય છે. **એકેરી** એટલે નોકરીમાં વાહન ન મળતું હોય એવા ઊતરતા દરજ્જાનું. **એકેશ્વરવાદ** એટલે ઈશ્વર એક જ હોવાનો સિદ્ધાંત. **એકેકાન** એટલે એકાગ્ર ચિત્તે, ધ્યાનપૂર્વક એવો ભાવાર્થ છે. કવિ દલપતરામની એક શરણાઈવાળો રચના થોડામાં ઘણું સમજાવી જાય છે. **એક શરણાઈવાળો** સાત વર્ષ સુધી શીખી, રાગ રાગણી વગાડવામાં વખાણાયો છે; એકને જ જાચું એવી ટેક છેક રાખી, એક શેઠને રીઝાવી મોજ લેવાને મંડાણો છે; કહે દલપત્ત પછી બોલ્યો તે કંજુસ શેઠ, ગાયક ન લાયક તું ફોકટ ફુલાણો છે; પોલું છે તે બોલ્યું તેમાં કરી તે શી કારીગરી, સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે. કવિ સુન્દરમની **'એક કણ રે આપો'**માં તત્ત્વજ્ઞાન ડોકિયાં કરે છેઃ એક આંગણું આપો,આખું આભ નહિ માગું,એક આંગણું આપો, મારા રાજ!આખાં રે બ્રહ્માંડ મારાં એ રહ્યાં. ■

---

## મિલકતની નોંધપોથી

# મિલકત ખરીદ કરતી વખતે ટાઈટલ્સની ચકાસણી કોણ કરે?

નજમુદ્દીન મેઘાણી (એડવોકેટ)
feedback@bombaysamachar.com

**વ્યકિતના** જીવનમાં ત્રણ મૂળભૂત જરૂરિયાત રહેલી છે : રોટી, કપડા અને મકાન. આ ત્રણેય જરૂરિયાતોમાં રોટી અને કપડાં રોજિંદી જીવન જરૂરિયાતોની વસ્તુ છે, જેને ક્યાં તો રોજે રોજ અથવા વર્ષમાં અનેકવાર પ્રસંગોપાત ખરીદ કરવા પડે છે. મકાન વ્યક્તિના જીવનનું અમૂલ્ય સ્વપ્ન અને મહત્ત્વાકાંક્ષા છે. વ્યક્તિની પોતાની રહેઠાણ માટે વસાવેલી મિલકત જીવનની સફળતાની નિશાની છે. એના જીવનમાં મકાન વસાવવાનો પ્રસંગ વારંવાર બનતો નથી. મિલકત ખરીદવાનો જીવનના અતિ મહત્ત્વનો નિર્ણય લેતી વખતે એણે ખૂબ જ કાળજી લેવી જોઈએ. ખરીદતી વખતે જો ટાઈટલ્સ તપાસવા અંગે ભૂલ થાય તો એના સ્વપ્નનું મકાન વસાવવામાં વિઘ્ન ઊભું થઈ શકે પછી જીવનભર અફસોસ કરવો પડે ...

જમીન/મિલકત ખરીદ કરતી વખતેની નાની ભૂલ ખૂબ જ મોટી મુશ્કેલી સર્જે છે. ખરીદનારની ઘણી મોટી રકમ ખોટી રીતે ફસાઈ પણ જઈ શકે. ઉપરાંત કોર્ટ તથા કાનૂની કાર્યવાહીના બિનજરૂરી ચક્કરમાં પડી શકે.

જમીન/ મિલકત ખરીદ્યા બાદ તેને જલદીથી બદલી શકાતી નથી એટલે એ ખરીદતી વખતે પૂરતી ચોક્સાઈ - કાળજી રાખવી જોઈએ.

મિલકત ખરીદવાની બાબતમાં કાયદાકીય જોગવાઈ જાણીએ તો ખરીદવાના પ્રસંગ 'ખરીદનાર સાવધાન'નો સિદ્ધાંત લાગુ પડે છે. એ સિદ્ધાંત મુજબ કોઈપણ વ્યક્તિ જયારે મિલકત ખરીદે છે ત્યારે મિલકત સંબંધી ટાઈટલ, મિલકતનું સ્થળ, સ્થિતિ વિગેરે મિલકતને લગતી મહત્ત્વની હકીકતોની ચકાસણી કરવાની જવાબદારી ખરીદનારની ઠરાવેલ રહે છે. વ્યક્તિ જયારે મિલકત ખરીદે છે ત્યારે જમીન મિલકતની ઓળખ તથા તે અંગેની મહત્ત્વની હકીકત જે વ્યક્તિ માનવસહજ કાળજી લઈ પોતે અથવા પોતાના એજન્ટ મારફત જાણી શકે અથવા ઉપલબ્ધ કરી શકે તેવી હકીકતો અને પુરાવાઓ મેળવવામાં વ્યક્તિ બેદરકારી દર્શાવે તો તે અંગેની જવાબદારી ખરીદનારની રહે છે. ખરીદનારને જો એમ જણાય કે લાગે કે ટાઈટલ અંગે કોઈ ખામી કે ક્ષતિ છે તો તેની ચોખવટ મેળવવા વેચનાર પાસેથી દસ્તાવેજ, પુરાવા, હકીકત મેળવવા ખરીદનાર હક્કદાર હોય છે. આવી ખાત્રી થયા પછી ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ તથા નામદાર સુપ્રીમ કોર્ટ તથા જુદી જુદી હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ સિદ્ધાંત 'ખરીદનાર સાવધાન' લાગુ પડતા, મિલકત ખરીદનારે જ મિલકતના ટાઈટલ, સ્થળ, સ્થિતિ તથા કાયદાકીય પ્રબંધો અંગેની તમામ માનવસહજ લઈ શકાય તેવી કાળજી રાખવાની જવાબદારી રહે છે.

*(સંદર્ભઃ શ્રીમતી પી. લીલાવથી (મૃતક) કાનૂની પ્રતિનિધિઓ થકી વિરુદ્ધ વી. શંકરનારાયના રાવ (મૃતક) કાનૂની પ્રતિનિધિઓ થકી.*

*- નામદાર સુપ્રીમ કોર્ટ (ખંડપીઠ)*■




શુભાંગ બ્રહ્મભટ્ટ feedback@bombaysamachar.com


## દરિયામાં અધ્ધર તરતું જહાજ - દ્રષ્ટિભ્રમ



વહેમ અને વિજ્ઞાનને આમ તો બાપે માર્યા વેર હોય સીગે. વહેમનું કોઈ વિજ્ઞાન નથી, પણ વિજ્ઞાન વહેમ દૂર કરી સાચી હકીકત જણાવે છે. પૃથ્વી ચોરસ છે એ ભ્રમ વહેમ હતો અને વિજ્ઞાને સિદ્ધ કર્યું કે પૃથ્વી ગોળ છે. રણમાં મુસાફરી કરતી વખતે પાસે રહેલા પાણીનો સંગ્રહ ખતમ થવા આવે ત્યારે આંખો ચકળવકળ થઈ રેતાળ પ્રદેશમાં જળ ગોતવા હવાતિયાં મારે છે. અચાનક એને જળ દેખાય છે, પણ એ ઝાંઝવાનાં જળ હોય છે. ખારવાળી સૂકી રેતાળ જમીન ધરાવતા સપાટ ભોંયવાળા મેદાનમાં તડકા વખતે પાણી હિલોળા લેતું હોય એવું દેખાય છે એ ઝાંઝવાના જળને આપણે 'મૃગજળ' તરીકે ઓળખીએ છીએ. પાણી હોય એવો ભાસ થાય. મેદાનમાં ખારી જમીન ઉપર પાણીનો ભાસ થવાથી થાક્યાં પાક્યાં હરણ તરસ મટાડવા દોડે છે, પરંતુ પાસે જઈ જુએ છે તો જમીન જ હોય છે અને ભુલાવામાં પડી જીવ ગુમાવે છે.

મૃગજળ એક ભ્રમ છે. જે હોય નહીં પણ એવું દેખાવાનો આભાસ ઉત્પન્ન કરે એને વિજ્ઞાન દૃષ્ટિભ્રમ તરીકે ઓળખે છે. 'મહાભારત'માં આવતો માયાવી મહેલનો ઉલ્લેખ સુધ્ધાં દૃષ્ટિભ્રમનો જ ક્લાસિક કિસ્સો છે. આ માયાવી મહેલની ઘટના જ કુરુક્ષેત્રના યુદ્ધ માટે નિમિત્ત બની હતી. વિજ્ઞાનની આ 'માયા'નો અનુભવ ગ્રેટ બ્રિટન પાસેના કોર્નિશના દરિયાકાંઠાના વિસ્તારમાં થયો હતો. દૃષ્ટિભ્રમણને કારણે મધદરિયે રહેલું એક જહાજ હવામાં અધ્ધર તરતું હોય એવો ભાસ કેટલાક લોકોને થયો હતો. અદ્ધરતાલ વાતને પુષ્ટિ આપતી તસવીરો પણ રજૂ થઈ. આ તસવીરને જ અંતિમ સત્ય માનીએ જાદુના ખેલ જેવું જ લાગે, પણ જો વિજ્ઞાનથી સમજવાની કોશિશ કરીએ તો દૃષ્ટિભ્રમને કારણે થયું હોવાનો ખ્યાલ આવે. વૈભવી સગવડો ધરાવતું અને ક્રૂઝ લાઈનર તરીકે ઓળખાતું એક જહાજ જાણે કે આકાશમાં તરતું હોય એવો ભાસ ઊભો થયો હતો. દરિયાકિનારે કોઈ સદગૃહસ્થ પોતાના શ્વાનને આંટો મરાવવા નીકળ્યા હતા ત્યારે અચાનક તેમની નજર આ જહાજ પર પડી અને બે ઘડી માટે તો અવાચક થઈ ગયા. અલબત્ત, જહાજ પાણીમાં જ તરતું હતું પણ દૃષ્ટિભ્રમને કારણે અધ્ધર હોવાનો આભાસ નિર્માણ કરી રહ્યું હતું. જોકે, પછી ખ્યાલ આવી ગયો કે આ તો ઝાંઝવાના જળ જેવી વૈજ્ઞાનિક કમાલ છે. આ તસવીર સોશ્યલ મીડિયામાં વહેતી મૂકી જેને કારણે અનેક લોકોને મનોરંજન મળ્યું અને કેટલાક લોકોને સાવ નવી જાણકારી પણ મળી.

## ગણિતઃ જ્ઞાન સાથે ગમ્મત




ગુજરાતીઓ ગણિતના વિષયમાં નબળા હોઈ શકે છે, પણ ગણતરીમાં એકદમ પાવરધા હોય છે. એલ્જીબ્રા, જોમેટ્રી, ટ્રિગનોમેટ્રી કે કેલ્ક્યુલસમાં એ ગોથા ખાય એવું બને. એને જરાય પલ્લે ન પડે અને આ બધાં સ્વરૂપ એને જફા લાગે - માથાનો દુખાવો પણ લાગે. જોકે આ જ ગુજરાતીને એરિથમેટિક એટલે કે અંકગણિત સાથે બહુ લેણું હોય છે. વ્યાજ - ચક્રવૃદ્ધિ વ્યાજ કે પૈસાની અન્ય કોઈ સાદી કે જટિલ ગણતરી કરવી હોય તો એને કેલ્ક્યુલેટરની જરૂર ન પડે. ચપટી વગાડતામાં ગમ્મે એવો હિસાબ કરી શકે. વ્યાજ મહિનાનું ગણવાનું હોય કે ત્રિમાસિક કે પછી છ મહિનાનું હોય, ફટાફટ કરી આપે. આવા ગણિતજ્ઞોને જ્ઞાન સાથે ગમ્મત પૂરી પાડતી એક અંકગણિતની કમાલથી આજે વાકેફ થઈએ.

સળંગ ક્રમમાં આવતી કોઈ પણ ૧૦ સંખ્યા લો. એક અંકની, બે અંકની, ત્રણ અંકની... કેટલા પણ અંકની લેવાની છૂટ. શરત એટલી કે એ અનુક્રમમાં હોવી જોઈએ. પછી પહેલી સંખ્યામાં ચાર ઉમેરો અથવા પાંચમી સંખ્યા જુઓ. જવાબમાં એ સંખ્યા લખી બાજુમાં પાંચ લખો એટલે જવાબ તૈયાર. નાના મોટા કોઈ સરવાળા કરવાની જરૂર જ નહીં. એક ઉદાહરણ ચકાસવાથી ખ્યાલ આવશે, જેમકે...

૨૩૫+ ૨૩૬+ ૨૩૭+ ૨૩૮+ ૨૩૯+ ૨૪૦+ ૨૪૧+ ૨૪૨+ ૨૪૩+૨૪૪ = કેટલા થાય? જવાબ મેળવવા માટે મૌખિક ગણતરી કે કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાની જરૂર નથી. પહેલી સંખ્યામાં ૪ ઉમેરો. ૨૩૫+ ૪ = ૨૩૯. પાંચમી સંખ્યા પણ ૨૩૯ જ છે. હવે એની પછી પાંચ મૂકવાથી સંખ્યા ૨૩૯૫ થાય અને આ જ દસ સંખ્યાનો સરવાળો છે. ચકાસી લો. કોઈ પણ સળંગ ૧૦ સંખ્યાના સરવાળા માટે આ ટ્રિક કામ લાગશે.

## જાંબલી જાસૂદનો જાદુ



નરસિંહ મહેતાની અમર પંક્તિ 'નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ જ હોય' જેવો ઘાટ ફૂલોની દુનિયામાં પણ હોય છે. અંગ્રેજીમાં Hibiscus તરીકે ઓળખાતું ફૂલ હિન્દીમાં **गुडहल** નામ ધારણ કરે છે, મરાઠીમાં **जास्वंद**, બંગાળીમાં જોબા અને ગુજરાતીમાં જાસૂદ તરીકે ઓળખ ધરાવે છે. ગણપતિને અન્ય ફૂલની સરખામણીમાં જાસૂદનું ફૂલ અધિક પ્રિય છે એવી ધાર્મિક માન્યતા છે. આ ફૂલને કોઈ સુગંધ ન હોવા છતાં એના રૂપને કારણે એના ગુણગાન ગવાયા છે. ધાર્મિક ઉપરાંત આ ફૂલ ઔષધીય ગુણો માટે પણ ખ્યાતિ ધરાવે છે. આ ફૂલ મુખ્યત્વે લાલ ચટક તેમ જ પીળું અને ગુલાબી રંગનું હોય છે. જોકે, આજકાલ સોશ્યલ મીડિયા પર જાંબલી રંગનું જાસૂદ કુતૂહલનો વિષય બની ગયું છે. કેમ? કારણ કે પૂરાં ૧૦ વર્ષ પછી યુએસએના હવાઈ રાજ્યમાં આ દુલર્ભ રંગનાં ફૂલે દર્શન દીધાં છે. તસવીરમાં મોટી અને આકર્ષક પાંખડીવાળું ફૂલ હરેકને મોહ પમાડી રહ્યું છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી છોડમાં અસ્સલ જાંબલી રંગ ઉત્પન્ન થવો આસાન નથી. મોટાભાગના ફૂલોમાં એન્થોસાયનિન નામનું રંગદ્રવ્ય હોય છે જે લાલ, ગુલાબી અથવા જાંબલી રંગ આપે છે. જાંબલી રંગ મેળવવા માટે રંગદ્રવ્યો સાથે કોષની અંદરનું પીએચ સંતુલન ખૂબ જ સચોટ હોવું આવશ્યક છે. હિબિસ્કસમાં સામાન્ય રીતે એસિડિક વાતાવરણ હોય છે જે રંગને લાલ-ગુલાબી તરફ ધકેલી દે છે. વાદળી અથવા જાંબલી રંગ દુર્લભ આનુવંશિક લક્ષણો અને યોગ્ય પરિસ્થિતિઓનું પરિણામ છે.

## ધુમ્મસ એટલે નરી આંખે અકળામણ



બહુ દૂરનું જોઈ શકવાની આવડત ધરાવતા માનવીને શિયાળાના ધુમ્મસમાં દસ ફૂટ દૂરનું દેખાતું નથી. હવામાં રહેલી પાણીની વરાળ ઠંડી પડીને નાના ટીપામાં ફેરવાય ત્યારે જમીનની સપાટી પાસે ધુમ્મસ (Fog) થાય છે. આ ધુમ્મસના પણ વિવિધ પ્રકારો હોય છે જેમ કે ફ્રીઝિંગ ફૉગ, રેડિયેશન ફૉગ, વેલી ફૉગ વગેરે વગેરે.

ફ્રિઝિંગ ફૉગ : પર્વતીય વિસ્તારના વાતાવરણમાં વરાળમાં રહેલા જળબિંદુઓ નીચા તાપમાનને કારણે ઠરી જાય ત્યારે આ ધુમ્મસ આકાર લે છે. એને કારણે જમીન અને વૃક્ષ તો દેખાતાં બંધ થઈ જાય છે, પણ કરોળિયાનું જાળું સુધ્ધાં નજીક હોવા છતાં નરી આંખે નથી જોઈ શકાતું. સ્કેન્ડિનેવિયા અને ઍન્ટાર્કટિકા જેવા શીતપ્રદેશમાં આવું ધુમ્મસ જોવા મળે છે.

વેલી ફૉગ : મોટેભાગે ખીણપ્રદેશના વિસ્તારોમાં વેલી ફૉગ આકાર લે છે. આ વિસ્તારમાંથી ગાઢ હવા જ્યારે નીકળી ન શકે ત્યારે વેલી ફૉગ અસ્તિત્વમાં આવે છે. જાણે કે ખીણમાં સપડાઈ ગયું હોય એવી અવસ્થા હોય છે. ૧૯૩૦માં બેલ્જિયમની મિયુઝ ખીણના વાયુ પ્રદૂષણના કણ પર જળબિંદુઓ ઠરી જવાથી વેલી ફૉગ જીવલેણ સાબિત થયું હતું અને આશરે ૬૦ લોકોનાં મૃત્યુ થયાં હતાં.

રેડિયેશન ફૉગ : આ પ્રકારનું ધુમ્મસ મોટે ભાગે સાંજના સમયે આકાર લે છે. પૃથ્વીની સપાટી જ્યારે ઉષ્ણતા શોષી લે છે ત્યારે રેડિયેશન ફૉગ અસ્તિત્વમાં આવે છે. ઉષ્ણતા જમીનમાંથી હવામાં ભળી જાય ત્યારે જળબિંદુઓ આકાર લેતા હોય છે. જોકે આ પ્રકારનું ધુમ્મસ બહુ ઊંચાઈ પર નથી પહોંચતું. વાતાવરણમાં ઉષ્ણતાનું પ્રમાણ ઘટાડવામાં આ ફૉગ નિમિત્ત બને છે. આ પ્રકારના ધુમ્મસને કિરણોત્સર્ગ સાથે કોઈ સીધી લેવાદેવા નથી. ■

ટૅક વ્યૂહ

વિરલ રાઠોડ

feedback@bombaysamachar.com

# લેપટોપ ખરીદવું કે ટેબ્લેટ?

## આ મૂંઝવણનો સચોટ ઉકેલ શું ?



પોર્ટેબલ ડિવાઇસની દુનિયામાં દરેક ડિવાઇસ હવે સેપરેટલી પ્રાપ્ય છે. આ પ્રકારના ડિવાઇસ સામાન્ય વોટ ઉપર પણ ચાલી જાય છે. યુએસબી પીન અને મોબાઈલ જેવા ચાર્જર પર નાનકડા વોટથી ચાર્જ થઈને બેસ્ટ પર્ફોમન્સ આપે છે. ડિવાઇસમાં બ્લુટુથ આવતા વાયરલેસ નેટવર્ક બનાવી શકાય એવી સવલત ટેક્નોલોજીએ ઊભી કરી દીધી છે. મોબાઈલના એક બ્લુટુથથી મસમોટું સ્પીકર ચાલુ કરી શકાય અને પોર્ટેબલ માઉસને ટેબલેટ સાથે કનેક્ટ કરીને પણ ઉપયોગમાં લઈ શકાય.

એક એવો સમય હતો જ્યારે દરેક ડિવાઇસ માટે એના જરૂરી એવા ડ્રાઈવર્સ જે તે સિસ્ટમમાં નાખવા પડતા, હવે દરેક ડિવાઇસમાં જ આ પ્રોગ્રામ ફાઈલ્સ સાથે ડ્રાઈવર સેટ કરીને અપાતા કોઈ પણ ડિવાઇસને સરળતાથી કસ્ટમાઈઝ કરી શકાય છે. સતત વધી રહેલા ડિજિટલ ઉપકરણના વિશાળ દરિયામાંથી કોઈ એક શ્રેષ્ઠની પસંદગી કરવી હવે થોડી અઘરી બની છે, કારણ કે ટેબલેટ જેવા ડિવાઇસ પરથી ઘણુંખરું કામ પતી જાય છે. જોકે લાંબા સમયથી કેટલાક પ્રોજેક્ટ પર સતત કામ કરવાનું થાય ત્યારે કમ્પ્યુટર કે લેપટોપ અનિવાર્ય છે.

### બજેટને પ્રાથમિકતા

ડિજિટલ ડિવાઇસ પહેલા પણ મોંઘા હતા અને અત્યારે પણ એટલા જ મોંઘા છે. સસ્તા ફોનની જાહેરાત ભલે દર વખતે બજેટમાં થાય પણ એવા સસ્તા ફોન પરથી ખાસ કોઈ દૈનિક ઓફિસમાં કરવામાં આવતા કામ થતા નથી. આવા સસ્તા ફોનનું આયુષ્ય પણ એટલું જ ટૂંકું હોય છે. સતત નવી નવી અપડેટ ફોનને પરવડે કે નહીં એ નક્કી નથી હોતું. સામાન્ય ટેબલેટ ₹૧૦,૦૦૦થી શરૂ થાય છે. કોઈ વીડિયો કોન્ટેટ ક્રિએટર હોવ, સતત વીડિયોનો ડેટા એક સેમ્પલ તરીકે બતાવવાનો હોય, થોડું ઘણું વીડિયો એડિટિંગ ફાવતું હોય અને ૨થી ૨.૩૦ મિનિટની રીલ્સમાં તમામ વસ્તુ આવી જાય એવી મસ્ત ક્રિએટિવિટી હોય તો ટેબલેટ લઈ શકાય. ફાયદો એ થાય કે, સાથે સિમ અને ટેબલેટની મેમરી સારી રીતે મળતી હોવાથી વાત પણ થાય અને પ્રોજેક્ટ પણ સચવાય. પણ બજેટ થોડું વધારે હોય તો ટેબલેટમાં પણ હવે પોર્ટેબલ બ્લુટુથ કનેક્ટ કરીને જે તે ડિવાઇસને એની સાથે જોડી શકાય છે. જેમ કે, પોર્ટેબલ માઉસ, કિ-બોર્ડ. આપણે ત્યાં હજુ ટાઈપ સી સુધી બધુ સીમિત છે પણ ઘણા ડિવાઇસમાં યુએસબી પીન સપોર્ટ કરતા અને કિ-બોર્ડમાં પણ ટાઈપ સીના અવકાશથી આ કસ્ટમાઈઝેશન શક્ય છે.

### સ્પેસ પ્રાયોરિટી

ફોન હોય કે ટેબલેટ, કમ્પ્યુટર હોય કે લેપટોપ, વાત ડિજિટલની હોય કે ફિઝિકલની.. પણ દરેક વસ્તુમાં પહેલા બજેટ નક્કી થયા બાદ વાત આવે છે જગ્યાની. જગ્યા કેટલી મળશે. ૧૨૮ જીબી ફોનમાં આવ્યા બાદ ૧ ટિબી સુધી એક્સ્પાન્શન મળે એવા ટેબલેટ માર્કેટમાં છે. જેનો ભાવ ઘણો વધારે છે. ૩૦થી ૩૫ હજાર સુધી ટેબલેટમાં એક મર્યાદિત સ્પેસ સાથે ખરીદી કરવા કરતા આ જ ૨૦થી ૨૫ હજાર સુધીની રેન્જથી લેપટોપ શરૂ થાય છે. સ્પેસ પણ વધારે અને કસ્ટમાઈઝેશનનો અવકાશ પણ મોટો. ઉદાહરણ તરીકે, બ્લુટુથ સ્પીકરને ટેબલેટમાં જોડી દેવાથી એમાંથી મળતો સાઉંડસપોર્ટ ટેબલેટ કરતા વધારે મળે. સ્ક્રિન ટેબ કરતાં મોટી હોય એટલે હાઈરિઝોલ્યુશન પિક્ચર મળે. બસ, મર્યાદા એટલી છે કે, ચાર્જ રાખવું પડે અને નાના-નાના વિઝ્યુઅલ્સ પ્રોડક્ટ વખતે એને સ્ક્રીન પર બતાવવા માટે સમય જાય.

**કેવી રીતે એ પણ સમજો...**

કોઈપણ કમ્પ્યુટર કે લેપટોપ શરૂ થતા પહેલા ૩થી ૪ મિનિટનો સમય લે છે. આ પછી જે તે ફોલ્ડર અને ડ્રાઈવ સુધી પહોંચવામાં સમય જાય છે.

### વર્ક ચોઈસ

'જો દિખતા હૈ વહી બિકતા હૈ.' કામ શું છે એના પર બન્ને ડિવાઇસની પસંદગી રહેલી છે. બજેટનો મુદ્દો પહેલો એટલા માટે છે કારણ કે, કામ અને જરૂરિયાત નક્કી થયા બાદ એને લેવા માટે પણ બજેટ જોઈએ. નાના-નાના વિઝ્યુઅલ્સ પ્રોજેક્ટ માટે ટેબલેટ બેસ્ટ છે. પણ સ્પેસ અને વ્યવસ્થિત પ્રોફનલ્સ ટચ આપવા માટે લેપટોપ બેસ્ટ છે. બન્નેની બેઝ કિંમતમાં થોડો નહીં ઘણો મોટો તફાવત છે, જે ડિવાઇસ નાનું એના કસ્ટમાઈઝ થવાના ચાન્સ ઓછા અને જે ડિવાઇસ મોટું એના કસ્ટમાઈઝ થવાના ચાન્સ વધારે.

કમ્પ્યુટરને એકથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય એમ નથી. વારંવાર આવું કરવું ખર્ચાળ કરતા મહેનત વધારે માગી લે એવું છે. આવા સમયે લેપટોપ શ્રેષ્ઠ છે. અચ્છા માઈક્રોસોફ્ટના દરેક ડોક્યુમેન્ટ ઓનલાઈન થયા છે. આવા ડોક્યુમેન્ટ તૈયાર કરવા માટે દરેક એપ્સની પણ જરૂર નથી. આ પ્રકારનું કામ હોય તો એ ટેબલેટમાં ઉત્તમ રીતે થાય. કારણ કે, લાઈટિંગ વધારે અને ઝુમ કરવામાં સરસ કસ્ટમાઈઝેશન મળે. આમાંથી પ્રિન્ટ પણ નીકળે અને નાનું મોટું ફોટો-પિક્ચર કે ગ્રાફિક્સ સેટ કરીને સરસ પ્રેઝન્ટેશન પણ બનાવી શકાય. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*મોટા-મોટા કોન્સર્ટમાં જોવા મળતી મોટી સ્ક્રીન પાછળ એક લેપટોપ સ્ક્રીન જ તમામ સ્ક્રીનનું મોનિટરિંગ કરે છે.*




# શું હવે સાચે જ તહેવારો પહેલાં જેવા નથી રહ્યા?

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

શ્રીલેખાબહેન રાખડીઓ ખરીદીને આવ્યાં. બહુ થાકી ગયા હતાં. વહુ પાસે પાણી માગ્યું અને કહ્યું કે 'મોહનથાળ બનાવવાની તૈયારી કરો... દર વર્ષની જેમ આ વર્ષે પણ મામાને ઘેર જાતે જ બનાવેલી મીઠાઈ લઈ જઈશું.'

વહુએ સાસુની ઉંમર અને તબિયતની ચિંતા કરતાં કહ્યું કે 'મમ્મી, આજકાલ તમને થાક વધારે લાગે છે. બહારથી મીઠાઈ લાવીએ તો તમને આરામ મળશે...' શ્રીલેખા બહેનનો પિત્તો ગયો. વહુઓને કંઈ કરવું ના હોય એટલે બસ, બહારનું લાવીને મૂકી દેવાનું, હરવા ફરવામાં જીવ હોય, ઘરનું કામ જ નથી થતું વગેરે સાથે ઉમેર્યું કે તમે તો શું તહેવારો ઊજવો છો, અમારા જેવી મજા તો કોઈએ નહીં કરી હોય! વહુ સારા માટે કહેવા ગઈ ને સામેથી બે શબ્દો સાંભળવા મળ્યા..

એ પણ સમજતી હતી કે સમય સાથે તહેવારોની ઉજવણીની રીત બદલાઈ ગઈ છે. એક સમય હતો જ્યારે દિવાળી, ઉત્તરાયણ, હોળી-ધુળેટી, જન્માષ્ટમી, શ્રાવણનાં વ્રત-તહેવારો અને નવરાત્રી માત્ર એક દિવસની ઉજવણી નહોતાં, પરંતુ અનેક દિવસો સુધી ચાલતી પરંપરા, પરિવાર, વ્રત-ઉપવાસ, રસોઈ, પૂજા, ભજન, રંગ, પતંગ અને સામૂહિક આનંદથી ભરપૂર જીવનશૈલી હતાં. આજે એ જ તહેવારોનું સ્વરૂપ ઘણું સંક્ષિપ્ત અને ઔપચારિક બની ગયું છે. ઉજવણી તો છે, પણ પહેલાં જેવો ઉમંગ, સમય, પરંપરા અને સહિયારો અનુભવ જાણે ક્યાંક પાછળ રહી ગયો છે.

અત્યારે ગમે તે કહો પણ દરેક તહેવારની ઉજવણીમાં ફેર તો પડ્યો જ છે. ક્યાંક ઉત્સાહમાં ઓટ તો ક્યાંક સમયનો અભાવ, ક્યાંક કામનો બોજ તો ક્યાંક માણસોની ખોટ, ક્યાંક મનુષ્યનો સ્વાર્થ તો ક્યાંક કંટાળો કે આળસ. હાં, આ બધાં કારણોનું તારણ એક જ, તહેવારોનું બદલાતું જતું સ્વરૂપ અને એની પાછળનાં બદલાતાં રીતરિવાજ!

પરિવર્તન જીવનનો નિયમ છે તો રીતરિવાજ સમાજનો. જીવનમાં આવતાં પરિવર્તન સાથે રીતરિવાજમાં પરિવર્તન આવે તો જ સમાજ અને વ્યક્તિનું સંતુલન સધાય. તહેવારો પહેલાં જેવા નથી રહ્યા એવું દરેક પેઢી પોતાનું બાળપણ કે યૌવન યાદ કરીને કહે છે, કારણ કે આ બે જીવનની એટલી મહત્વની અવસ્થાઓ છે જેમાં તેમને જવાબદારી કરતાં તહેવાર માણવા પર વધુ ધ્યાન હોય. તહેવારના અનુસંધાનમાં પરિવર્તનની શરૂઆતથી અંત સુધીનાં પરિબળોનો વિચાર કરીએ. જેમકે...

### શાળા, શિક્ષણ અને સંસ્કૃતિઃ

બાળકનો જનમ પછીનો સૌથી પહેલો સામાજિક સ્વતંત્ર વાર્તાલાપ એટલે શાળા. શિક્ષણ ઉપરાંત બીજું ઘણું બધું બાળક શાળામાંથી શીખે છે. પરિવાર પછી બાળકના મન પર સૌથી વધુ અસર હોય તો તે શાળાની છે. સમૂહમાં બાળક શિક્ષણની સાથે સંસ્કૃતિ પણ શીખે છે. તહેવારોની પાયાની સમજ બાળકને શાળામાંથી મળે છે જ્યાં તેમને તહેવારનું મહત્ત્વ, ઇતિહાસ, પ્રથા, પદ્ધતિ બધું જ શીખવવામાં આવે છે. અને માટે જ માતા-પિતાએ બાળકને શાળામાં પ્રવેશ અપાવતાં પહેલાં, શાળાની પસંદગી કરતાં પહેલાં શાળામાં કઈ સંસ્કૃતિને મહત્ત્વ આપવામાં આવે છે એ તપાસ કરતા હોય છે. અને જો પોતાને અનુકૂળ લાગે તો જ બાળકને એ શાળામાં ઍડ્મિશન લેતા હોય છે.

### કૌટુંબિક વ્યવસ્થાઃ

ભારતનાં મુખ્યત્વે સંયુક્ત અને વિભક્ત એમ બે પ્રકારની કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. બંને વ્યવસ્થા પોતપોતાની રીતે સારી જ છે, પરંતુ બાળક તેમ જ મોટાઓનાં સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોનો આધાર એની કુટુંબ વ્યવસ્થા પર પણ રહેલો છે. કૌટુંબિક પરંપરા, રિવાજો, તહેવારોની મહત્તા વગેરે વડીલો પાસેથી શીખવા મળે તો એ સંસ્કાર પેઢી દર પેઢી વારસા રૂપે વિસ્તરે છે.

### વિચારધારાઃ

કોઈ પણ તહેવાર અને એની ઉજવણી જે તે વ્યક્તિની વિચારધારા પર આધારિત છે. કેટલાક લોકોને તહેવારો અને તેની સાથે સંકળાયેલી બધી બાબતોમાં રસ હોય છે અને માટે તેઓ તહેવારો સાથે સંકળાયેલાં તથ્યો અને માન્યતાઓ વિશે ઊંડો અભ્યાસ કરીને બધું જ જાણીને તહેવારો કેમ અને કેવી રીતે ઊજવવા તે નક્કી કરે છે. જ્યારે કેટલાક લોકો તહેવાર વિશે વધુ જોવા-જાણવાની જગ્યાએ મનમાં વિચારીને બેઠા હોય છે કે તહેવારો ઊજવવા કે નહીં.

### સ્વીકૃતિ અને સંતુલનઃ

તહેવાર ઊજવવા કે નહીં, કેવી રીતે ઊજવવા એ અંગત બાબત છે. તેનાથી માણસ સારો કે ખોટો હોવાનો તાગ મેળવવો એ ખોટી વાત કહેવાય. સાથે સાથે તહેવાર રૂઢિચુસ્ત રીતે મનાવવા કે તેમાં આધુનિકતા ઉમેરવી, એ અંગે જક્કી વલણ રાખવું અયોગ્ય કહેવાય. હાલની પેઢીના કેટલાય યુવાનો સોશ્યલ મીડિયા અને તેની રીલ માટે પણ તહેવાર ઊજવતા હોય છે અને એ પણ એકદમ પારંપરિક ઢબે! હવે આને કઈ રીતે મૂલવી શકાય? યુવા વર્ગ તહેવાર ઊજવે છે એ બિરદાવવું કે તેની પાછળ રહેલું કારણ વખોડવું? સમય જતાં પેઢી બદલાય, એમનાં મન બદલાય, એમના અનુભવ, પરિસ્થિતિ બધું જ બદલાય તો તહેવારો ઊજવવાની રીત કેમ નહીં?! તહેવારો થકી સંસ્કૃતિ જીવંત રહે છે અને મહત્ત્વ કદાચ એનું જ છે. હવે તહેવારો પહેલાં જેવા નથી રહ્યા એ વાત મહદંશે સાચી લાગે છે, કારણ કે આપણે પરિવર્તનશીલ સમાજના લોકો છીએ.

**આ વિશે બોલો, તમે શું કહો છો?** ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com


# મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ

## પ્રજ્ઞાવાન ગઝલકાર ઓજસ પાલનપુરી

ગુજરાતી ગઝલના પાયા નાખવામાં સુરત-રાંદેરનું પ્રદાન અવિસ્મરણીય છે. એ જમાનામાં સુરત પ્રગણામાં માતબર શાયરો હતા તેથી સુરત ગુજરાતી ગઝલનું મક્કા ગણાતું. રોજી-રોટી માટે ગુજરાતના ઘણા શાયરો મુંબઈમાં આવ્યા અને શયદા સાહેબની નિગેહબાની હેઠળ એક સશક્ત ગ્રુપ તૈયાર થયું હતું. આ બે ઉપરાંત જ્યાં ઉર્દૂ અને ગુજરાતી ગઝલકારોનું પારણું રહ્યું છે તે છે ગુજરાતનું રત્નસમાન પાલનપુર શહેર.

સૌથી અગ્રગણ્ય શાયર છે શૂન્ય પાલનપુરી જેમણે ઉર્દૂમાં ગઝલ કહેવાની શરૂઆત કરી અને ઘાયલના આગ્રહથી ગુજરાતીમાં લખવાનું શરૂ કર્યું. પછીના અનેક શાયરો બન્ને ભાષામાં ગઝલ કહેવા માટે જાણીતા હતા. 'ઓજસ્'ના દાદા લાલમિયા ઉર્દૂ ભાષાના સિદ્ધહસ્ત શાયર હતા. આમાંથી ચાલો આજ આપણે ઓજસ્‌ની વાત કરીએ. તે પહેલાં પાલનપુરના ગઝલ રત્નોની એક આખી પેઢીને જાણી લઈએ. શૂન્ય અને સૈફ પછી આવે છે અમર-પાલનપુરી, મુસાફિર પાલનપુરી, પંથી પાલનપુરી, આતિશ પાલનપુરી, 'શૈલ' પાલનપુરી, 'અગમ' પાલનપુરી વગેરે.

'ઓજસ્' ગુજરાતી અને ઉર્દૂના ખૂબ જ ખ્યાતિપ્રાપ્ત ગઝલકાર હતા.



ઓજસ પાલનપુરી

પાલનપુરની પરંપરાગત સમૃદ્ધ ગઝલ સરિતા એકધારી ચાલતી રહી અને ઓજસ્ જેવા ઘણાં ગઝલકારો મળ્યા.

એ અર્થ ગાંભીર્ય, અધ્યાત્મના ઊંડાણ અને લાગણીશીલ ગઝલ માટે હંમેશાં યાદ રહેશે. માનવ અસ્તિત્વના અસ્થાયી અને ચંચળ તત્ત્વ ઉપરની એમના શેરો 'યાવત્ ચંન્દ્ર દિવાકરો' જેવા છે.

જન્મ સમયનું નામ હતું મોટામિયાં સૈયદ. એમનો જન્મ પાલનપુરમાં જુલાઈ ૨૫, ૧૯૨૭મા થયો હતો. એમના માતા-પિતાનું નામ હતું અલીમિયાં અને હદતબીબી. પાલનપુરમાં નવાબી રાજ્ય હતું. ત્યારે એમના દાદા લાલમિયાં પ્રતિષ્ઠિત ઉર્દૂ શાયર હતા. 'લાલ' ઉપનામથી ગઝલો કહેતા હતા. આમ ઓજસ્‌ને ગઝલ વારસામાં મળી હતી.

'ઓજસ્'ની રીતસરની શૈક્ષણિક કારકિર્દીની વાત કરીએ તો એમણે પ્રાથમિક શિક્ષણ કુમારશાળામાં લીધું હતું. ઉચ્ચ શિક્ષણ બહુ ઓછું હોવા છતાં પોતાની મહેનત અને ધગશથી આ કવિ ઉર્દૂ સાહિત્યના ઉચ્ચ કક્ષાના સ્કોલર થયા અને ક્લાસિકલ ગઝલમાં એમનું નામ અગ્રગણ્ય હતું. પોતાના સાહિત્ય અભ્યાસને આગળ રાખીને તેઓ પાલનપુરની બાજુમાં આવેલા લાલવાડી ગામમાં બાપદાદાની જમીન-જાયદાદ સંભાળતા હતા. તા. ૪ ઑક્ટોબર, ૧૯૬૯ના રોજ સર્પદંશથી ૪૨ વર્ષની વયે એમનું અવસાન થયું હતું.

એમના દાદાનો ઉર્દૂ ગઝલસંગ્રહ હ'કુલ્લિયતેલાલ નામનો સંગ્રહ પ્રગટ થયેલ. ઓજસ ઉર્દૂમાં 'ફરોગ' (પ્રકાશ) પાલનપુરીના નામે તેઓ ઉર્દૂ ગઝલ લખતા. તેઓ શૂન્ય પાલનપુરીના શિષ્ય હતા એટલે જ અરૂઝના ચુસ્ત આગ્રહી હતા. તેમનો એક માત્ર ગુજરાતી ગઝલ સંચય 'ઓજસ્' મરણોત્તર પ્રકાશિત થયો હતો.

સદ્‌ભાગીના નસીબમાં અંધકાર કેમ હોય છે એ જાણવા માટે 'ઓજસ્'ના શેરની ગૂંથણીને સમજવાની જરૂરત છે. આંગળી જળમાંથી નીકળતાં જગ્યા પુરાઈ જતા પોતાની હસ્તીનું ભાન કરાવતા, મરણની લાજ લૂંટીને અમર ન બનવા માગતા આ શાયર ભરજવાનીમાં આપણી વચ્ચેથી ચાલ્યા ન ગયા હોત તો ગુજરાતી ગઝલ વધારે શાનદાર બની હોત એવી નોંધ આપણા શાયર જલન માતરીએ કરી છે.

'ઓજસ્' પાલનપુરીના ચિરંજીવી શેરોમાંથી થોડાક શેરોને માણીએ જાણીએ:

મારી હસ્તી મારી પાછળ એ રીતે
વિસરાઈ ગઈ,
આંગળી જળમાંથી નીકળી ને જગા
પુરાઈ ગઈ
આગમન એનું સુણીને ઊર્મિઓ
હરખાઈ ગઈ
ચાંદ ઊગ્યો પણ નહીં ને ચાંદની
ફેલાઈ ગઈ

* * *

અંતરમાં રાગ છે ને નયનમાં વિરાગ છે
'ઓજસ્' દોરંગી દુનિયા પ્રણયનો
દિમાગ છે

* * *

મારી દશાની મારા ઉપર કંઈ અસર નથી
નિશ્ચિંત છું હું જાણે કશીયે ફિકર નથી
દુનિયાથી હાથ ઉઠાવીને બેઠો છું આજકાલ
આવી શકે તો આવ, હવે કોઈ ડર નથી

* * *

પ્રભુના સર્વ સર્જનની પ્રતિષ્ઠા જાળવું છું હું,
મરણની લાજ લૂંટીને નથી થાવું અમર મારે

* * *

દિલના કિલ્લા સર કરે છે
એનું કારણ એ જ છે
આંખનું પાણી છે 'ઓજસ'
પ્રેમની તલવારમાં

* * *

જીવનભર જિંદગી વિષે અમોને કૈં
ખબર ન્હોતી
મરણ ટાણે પડી સમજણ કે એ
હેતુ વગર ન્હોતી
દિલાસા આપનારાઓએ મારું
ધ્યાન દોર્યું છે
નહિતર હું દુઃખી છું એની મુજને તો
ખબર ન્હોતી.

* * *

જેમને શ્રદ્ધાની ઉપર સાચી શ્રદ્ધા હોય છે
જો ખરું પૂછો તો એ ડૂબી ગયેલા હોય છે
આસ્તિક વા નાસ્તિક હો કોઈ, સૌની
જીભ પર
એક યા બીજા સ્વરૂપે તારી ચર્ચા હોય છે.

* * *

આપનારા એટલું આપ્યે ગયા,
મારે ખુદ કહેવું પડ્યું પાલવ છે તંગ!
કેમ 'ઓજસ' મોતથી ગભરાય છે
મોત પણ છે જિંદગીનું એક અંગ

* * *

ઉતાવળ એ જ કારણથી નથી કરતો હું
દર્શનની
હકીકતથી વધુ સુંદર હકીકતમાં વિચારો છે

* * *

ચમક્યું છે એનું નામ અમારાથી વિશ્વમાં
ઈશ્વરના ભાગ્યની અમો રેખા બની ગયા
'ઓજસ' આ રીતે સાચવી લીધો અમે સંબંધ
એ તેજ થઈ ગયા, અમે છાયા બની ગયા

* * *

જો અશ્રુ સારવાં છે તો કોઈના
જખ્મ પર સારો
છે શોભા એ જ ઝાકળની કે એ ફૂલો
ઉપર વરસે.
ખાલી રહી શક્યું ન કોઈ પણ
દશામાં દિલ
આશા ગઈ તો એમાં નિરાશા વસી ગઈ
આખું જીવન પરીક્ષા બનીને વહી ગયું
પરિણામ માટે એક કયામત રહી ગઈ.

* * *

ચારે તરફથી જ્યારે નિરાધાર હોય છે
માણસ એ વખતે સાચો કલાકાર હોય છે
એનો સિતારો એ વિના ચમકી શકે નહીં
સદ્‌ભાગીના નસીબમાં અંધકાર હોય છે.

* * *

સાગરને જઈ કહો કે હરીફાઈ તો કરે
હૈયું ય કોઈ વાર વલોવાઈ જાય છે

* * *

ઘર મહી 'ઓજસ્' વધારે રોશની
સારી નહીં,
હોય જ્યાં દીવા ઘણાં,
ત્યાં હોય પડછાયા ઘણા

* * *

પીને શરાબ ઊંઘો તો સ્વપ્નાં ય ના જુઓ
તરસ્યા રહીને જાગો તો પીવાય ચાંદની

* * *

જીવનથી એક વાર મુલાકાત થઈ શકે
મૃત્યુ વિષેની તો જ કોઈ વાત થઈ શકે
છે હાજરી જરૂર કોઈ એક પક્ષની
સંભવ નથી કે એ વિના પંચાત થઈ શકે.

* * *

મોતની મંઝિલ સુધી મુજ કલ્પના
પહોંચી નહિ
મારે પોતાને જ છેવટ એ તરફ
જાવું પડ્યું. ■

---

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# મનથી હાર ન માનો ત્યાં સુધી સફળ થવાની શક્યતા ખતમ થતી નથી

'શેખર સુમન ટૂનાઇટ' શોમાં પ્રખ્યાત અભિનેતા મનોજ બાજપેયીએ પોતાના સંઘર્ષની વાત કહી. એમાં એક જ દિવસમાં તેમણે કઈ રીતે ત્રણ રિજેક્શનનો સામનો કરવો પડ્યો એ વિશે કહ્યું હતું. એ વાત તેમના જ શબ્દોમાં મૂકું છું અને પછી તેમના જીવનની બીજી વાતો કરીએ...

મનોજ બાજપેયીએ શેખર સુમનને કહ્યું કે 'એક વાર મારી પાસે ત્રણ કામ હતાં. એક સિરિયલમાં લીડ રોલ હતો, એક કૉર્પોરેટ ફિલ્મમાં લીડ રોલ હતો અને એક સિરિયલ શરૂ થવાની હતી જે હજી શરૂ થઈ નહોતી એમાં સેકન્ડ લીડ રોલ હતો. મને ત્રણેયમાંથી એક જ દિવસે કાઢી મુકાયો હતો. હું શૂટિંગ કરવા ગયો, પહેલો ટેક થયો અને અચાનક ડિરેક્ટર અને આસિસ્ટન્ટ ડિરેક્ટર એક રૂમમાં જતા રહ્યા. પછી ડિરેક્ટર નીકળ્યો અને તેણે કહ્યું કે 'અહીં આવ.' તે મને કૉસ્ચ્યુમ રૂમમાં લઈ ગયો અને કહ્યું, 'કૅરેક્ટરનાં કપડાં ઉતારીને તારાં કપડાં પહેરી લે.' અને પછી કહ્યું કે 'કંઈક બરાબર નથી લાગતું. બીજું કંઈ હશે તો તને કહીશું.' મને આઘાત લાગ્યો. દાદર સ્ટેશન પાસે એ લોકેશન હતું. મેં મારાં કપડાં પહેર્યાં અને મારી બૅગ લીધી. હું જ્યારે નીકળતો હતો ત્યારે શૂટિંગ બંધ થઈ ગયું હતું. તો યુનિટના બધા સભ્યો બહાર હતા અને મારા બધા કો-ઍક્ટર્સ પણ બહાર હતા. બહુ અપમાનજનક સ્થિતિ હતી એ, પણ હું રોયો નહીં.

હવે આગળનો કિસ્સો કહું તો હું ટ્રેનમાં પાછો જતો હતો ત્યારે મારા દિમાગમાં આવ્યું કે યાર, પેલી કૉર્પોરેટ ફિલ્મ છે એનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. હું જાઉં શૂટિંગમાં અને જોઉં કે શું થઈ રહ્યું છે?

હું ત્યાં ગયો તો મારા મિત્ર વિક્ટરે કહ્યું કે 'તું અહીં કેમ?'

મેં કહ્યું કે 'આવ્યો હતો કે શું કામ ચાલી રહ્યું છે. મારું કામ તો બે-ત્રણ દિવસ પછી છે.'

તેણે પૂછ્યું કે 'તારું કેવું રહ્યું ત્યાં?'

મેં કહ્યું, 'મને કાઢી મૂક્યો ત્યાંથી.'

તેણે કહ્યું, 'શું વાત કરે છે?'

મેં કહ્યું, 'અહીં તો ત્રણ દિવસ પછી છે ને મારું શૂટિંગ?'

તેણે કહ્યું, 'યાર, ખબર નહીં. મારે બોલવું જોઈએ કે નહીં, પણ બીજા કોઈને લઈ લીધો છે. જો સામે પેલો છોકરો બેઠો છે એ કરે છે તારો રોલ, પણ તને કહ્યું નથી અમે.'

તેણે મને કહ્યું, 'તું અહીંથી રૂમમાં જ જઈશ ને?'

મેં કહ્યું, 'હા.'

તેણે પૂછ્યું, 'તું સુસાઇડ તો નહીં કરે ને?'

મેં કહ્યું, 'ના.'

વિક્ટરે કહ્યું, 'કરતો નહીં. હું દારૂ લઈને આવું છું.'

ત્યાંથી નીકળ્યો અને ડીએન નગરની ચાલી હતી. નીચે પીસીઓવાળો (પબ્લિક ટેલિફોન બૂથવાળો) હતો. તો મેં વિચાર્યું કે વાત કરી લઉં જે ત્રીજી સિરિયલ થવાની છે એના માટે. મેં ડિરેક્ટરની ઑફિસમાં કૉલ કર્યો તો ત્યાંથી ડિરેક્ટરના આસિસ્ટન્ટે ફોન ઉઠાવ્યો અને કહ્યું કે 'અત્યારે ડિરેક્ટર છે નહીં.'

મેં પૂછ્યું, 'શૂટિંગ ક્યારથી પ્લાન થયું છે?'

તો તેણે કહ્યું કે 'તને કહ્યું નથી? અમે તો ફલાણા ઍક્ટરને લઈ લીધો છે. ઠીક છે તારા માટે બીજું કશું કામ નીકળે તો જોઉં છું.'

તો એક જ દિવસમાં મને ત્રણેય કામમાંથી કાઢી મૂક્યો!'



શેખર સુમન – મનોજ બાજપેયી

અહીં શેખર સુમન સાથેની વાત પૂરી થઈ, માણસ મનથી હાર ન માને ત્યાં સુધી સફળ થવાની શક્યતા ખતમ થતી નથી એનો જીવતોજાગતો પુરાવો મનોજ બાજપેયી છે.

મનોજ બાજપેયીએ અત્યારે નામ અને દામ ખૂબ કમાયાં, પણ તેમણે વર્ષો સુધી ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. જીવનના એક તબક્કે તો તે જીવન ટૂંકાવી દેવા માગતા હતા! તેમની મહત્ત્વાકાંક્ષા બોલિવૂડમાં અભિનેતા બનવાની હતી. એ પહેલાં દિલ્હીમાં નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા (એનએસડી)માં પ્રવેશ મેળવવાની કોશિશ કરી, પણ તેમને નિષ્ફળતા મળી, બીજી વાર પણ એવું થયું અને ત્રીજી વાર પણ એવું જ થયું અને ચોથી વાર નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામામાં રિજેક્ટ થયા પછી તેમની ધીરજ ખૂટી પડી અને તે હતાશામાં સરી પડ્યા. એ વખતે તેમને લાગતું હતું કે તેમના જીવનનો અંત આવી ગયો છે અને હવે તે ક્યારેય હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીનો રસ્તો નહીં પકડી શકે.

હતાશાના એ દિવસોમાં મનોજ વાજપેયી આત્મહત્યા કરી લેવા માગતા હતા, પણ તેના મિત્રોએ તેને સાચવી લીધો. મનોજ વાજપેયીને તેના મિત્રો એકલા મૂકતા નહોતા અને બાજપેયી જે રૂમમાં ઊંઘતા ત્યાં તેમના ચાર-પાંચ મિત્રો પણ સૂતા હતા. બાજપેયી સતત હતાશામાં ડૂબેલા રહેતા હતા, પણ મિત્રોએ તેમને ટકાવી રાખ્યા. હતાશાના એ તબક્કામાં તેમને મિત્રોએ નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા નહીં તો બીજે ક્યાંક અભિનયની તાલીમ મેળવવાની સલાહ આપી.

મિત્રોની સલાહથી મનોજે દિલ્હીમાં સંભવ થિયેટર ગ્રુપ જૉઇન કર્યું. થોડો સમય સંભવ થિયેટર ગ્રુપમાં પ્રવૃત્તિઓ કર્યા પછી કોઈએ તેમની ઓળખાણ બેરી જોન સાથે કરાવી અને તે બેરી જોન સાથે જોડાયા. બેરી જોનના જે ક્લાસમાં બાજપેયી હતા એ ક્લાસમાં ત્યારે શાહરુખ ખાન પણ હતા. તે બંને ક્લાસમેટ બન્યા ત્યારે તે બંનેમાંથી કોઈને કલ્પના નહોતી કે એક દિવસ તેઓ બોલિવૂડમાં આટલું નામ કમાશે. હા, બન્નેની મહત્ત્વાકાંક્ષા જબરદસ્ત હતી. મનોજને બેરી જોન સાથે સારું જામી ગયું. બેરી જોને મનોજમાં પ્રતિભા જોઈ અને તેને પોતાનાં નાટકોમાં અભિનય કરવા માટે અને સહાયક તરીકે મદદરૂપ થવા માટે ૧૮૦૦ રૂપિયાના પગારથી નોકરી આપી.

જોકે હજી તો તેમણે ઘણો સંઘર્ષ જોવાનો બાકી હતો.

બાજપેયીની જિંદગીના ઉતાર-ચડાવની વાત લાંબી છે એટલે આવતા રવિવારે પૂરી કરીએ. ■

---

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# મોટિવેશનનો મોટો ધંધો: પોઝિટિવલી પૈસા કમાઓ

*ટાઇટલ્સ:*
*વાયરલમાં 'વાણી'ને વિશ્રામ છે , કારણ કે હમણાં અવાજ બેસી ગયો છે.*
*(છેલવાણી)*

હમણાં એક વેબ સિરીઝ માટે નિર્માતાને મૌલિક વાર્તા સંભળાવી તો એણે બગાસું ખાઇને કહ્યું: 'યાર, તમારી વાર્તાઓ બહુ નાજુક ને રમૂજી છે. ગુજરાતના અંડરવર્લ્ડની, માફિયાઓની 'મિર્ઝાપુર' જેવી હિંસા ગાળોવાળી નોવેલ શોધો ને એના પર જ વેબ સિરીઝ લખો પણ હા, એ પુસ્તકરૂપે છપાયેલ હોવી જોઇએ!' હું તરત ગુજરાતી પુસ્તકોના પ્રકાશક વિક્રેતા પાસે ગયો એમણે વઢીને કહ્યું: 'ચૂપ! ગુજરાતમાં કોઇ માફિયાઓ ક્રાઇમ નથી, બધા સારા સંસ્કારી લોકો વસે છે!'

મને થયું કે ચલો, હું જ કોઇ કાલ્પનિક ગુજરાતની માફિયા-કથા લખી મારું!... અને મેં રાતોરાત હિંસા, મારધાડ ગાળાગાળીવાળી ૨૦૦ પાનાની નોવેલ 'મહાત્માની માટીમાં મિર્ઝાપુર' ઘસડી મારી.

એ ચાલુ નવલકથા પ્રકશકને દેખાડીને કહ્યું: 'ચલો, આ છાપી નાખો.' ઉપર ઉપરથી વાંચીને પ્રકાશકે કહ્યું, 'અલ્યા, આવી ગંદી ભાષાવાળી બુક કોઇ ગુજરાતી ઘરે ના રાખે.'

'સાદી સામાજિક નોવેલ ચાલે?' મારાથી પુછાઇ ગયું.

'સાદી તો આ પડી ૧૦૦-૨૦૦ સામાજિક.. બધાં સિરિયલોમાં એ જ જુએ છે!' પ્રકાશકે કંટાળીને પૂછ્યું, 'આયુર્વેદની ખબર છે?'

'હા હા, મારી કોલેજ ગર્લફ્રેંડ સારી આયુર્વેદિક ડો. છે.'

'એને મળો.'

'એને કેમ? એ તો હવે પરણી ગઇ છે!' હું મૂંઝાયો.

'અરે, એની મદદથી આયુર્વેદ પર બૂક લખી નાખો, એમ! પ્રકાશક ભડક્યા.

મેં ભોળાભાવે પૂછ્યું: 'કવિતાની બુક ચાલે?'


'કવિતાઓ તો હવે કવિઓ પણ નથી વાંચતા.'

'તો કેવી કિતાબ ચાલે?' મેં નાછૂટકે પૂછ્યું.

'અં... સુવિચારો કે પોઝિટિવ થિંકિંગવાળી લખી મારો.' પ્રકાશકે ૫૦૦ રૂ. એડવાંસમાં આપ્યા.

ઘણા દિવસે ૫૦૦ રોકડા જોઇને કડકા લેખકના દિલદિમાગ ને બધેથી આપોઆપ વિચારો જ વિચારો સૂઝવા માંડ્યા. જેમ કે...

* જીવનમાં દુઃખનાં ને સુખનાં, આંસુ ખારા જ હોય છે, ઈશ્વરને પણ એમાં વેરાયટી બનાવીને ટાઇમ વેસ્ટ કરવા જેવો ન લાગ્યો એટલે તમે પણ બંનેને સરખા માનો!




* સંબંધ એક એવો બંધ છે જેમાં પૂર આવે તોયે છલકાતો નથી!

* શાણો કવિ, મફતમાં કવિતા બોલતો નથી, અંબાણી કે ટાટા મફતમાં પોતાના શેર કોઈને આપે છે?

* વહેલી સવારનાં સપનાં સાચા પડતાં હોત તો આખી દુનિયા સવારે સૂતી હોત ને રાત્રે જાગતી હોત!

* કોયલનો ટહૂકો સાંભળીને તમને થાય કે કોયલનો ટહૂકો છે કે ઓડકાર? ત્યારે તરત પેટ ચેક કરાવવા જવું. (તમારું પેટ, કોયલનું નહીં!)

* ફિલ્મ બનાવવા કરતાં જોવી સેહલી છે, કારણકે ફિલ્મનું શૂટિંગ કરતી વખતે તમે પોપકોર્ન ના ખાઈ શકો, ફિલ્મ જોતી વખતે ચાલે.

* નવી હોલિવૂડની ફિલ્મ જોતાં પહેલાં જૂની અંગ્રેજી ડિક્શનેરી જોવી પડે તો સમજવું કે તમે રીવ્યૂ લખી શકો છો.

* લાંબું લખનારે પ્રેમપત્ર લખવામાં સંભાળવું! પત્ર વાંચનાર જો કંટાળી જશે તો તમને છોડીને પોતાનું 'અનુસંધાન' બીજા કોઈક સાથે જોડી દેશે.

* જિંદગી એક નાટક છે પણ એમાં ઇન્ટરવલ નથી હોતો, નહીંતર લોકો ઇન્ટરવલમાં જ ભાગી જાત!

*ઇન્ટરવલ:*
*ઉપરોક્ત વિચાર વાંચ્યાને? તો બસ આજે...*

* પ્રેમી કે કલાકાર હોવા માટે દુઃખી થવાની જરાયે જરૂર નથી. તમે દુઃખી હોવ તો સમ્માન મળે જ એવું જરૂરી નથી. દુઃખી 'દેવદાસ' પર ૧૨ વાર ફિલ્મ બની છે પણ મંદિર કે સ્મારક એકેય નથી.

* ગાળો બોલવામાં જ જો મર્દાનગી હોત તો છોકરીને મળ્યાં વિના જ ઘણા મવાલીઓને ઘરે બાળકો હોત !

* મૂર્ખ માણસની ટીકા કરવી નહીં, કારણકે એમ કરવાથી એ ખુદને 'શાણો' માનવા માટે ઉશ્કેરાશે અને જો એની પ્રશંસા કરશો તો એ તમારી બુદ્ધિ પર શંકા કરશે!

* મોબાઈલમાં જ્બજપર કે ઈ-મેલમાં કે ફેસબુક-ટ્વિટર પર દુશ્મન દેશ પર નફરતના સંદેશા મોકલનાર લોકોને જો ફરજિયાત ફૌજમાં ભરતી કરવામાં આવે તો એમનાં ૯૦% લોકો પોતાના ઘરની બોર્ડરની પણ બહાર ના નીકળે!!

* જેના પોતાનાં બંગલાઓ કોન્ક્રીટ અને ટાઈલ્સનાં બનેલાં હોય એ માણસ જ્યારે જંગલ-ખેતર-પ્રકૃતિ બચાવવાની વાતો કરે ત્યારે એવું લાગે કે દાઉદ જાણે ગાંધીજીને અનુસરે છે.

* 'મૃત્યુ ઉત્સવ છે' એ સાચું, પણ જો કોઈ બીમારીને ઉત્સવની જેમ મનાવે તો એનો અર્થ એ કે એની મેડિકલ પોલિસી સારી છે અથવા ફેમસ થવાની પોલિસી ખરાબ છે.

* પ્રેમ આંધળો નથી, મૂંગો કે બહેરો પણ નથી. સાચો પ્રેમ એકદમ તંદુરસ્ત હોય છે પણ એતો માત્ર શરૂ શરૂમાં! બીમારીઓ પરણ્યા પછીથી આવવા માંડે છે.

* તમારું બાળક ઉધ્ધત ને નફ્ફટ હોય તો ગભરાવું નહીં, મોટું થઈને એ અમેરિકાનો પ્રેસિડન્ટ બની શકે છે.

* બુદ્ધ, મહાવીર કે જિસસનાં મહાન વિચારોને વારંવાર બોલ્યાં લખ્યા કરવા કરતાં એમનાં મહાન મૌનને જો ૫% પણ સમજી શકો તો જીવનની ૯૫% સમસ્યાઓ દૂર થઇ જાય!

* બંધ પડેલી ઘડિયાળ પણ દિવસમાં બે વાર તો સાચો સમય નક્કી દેખાડે, પણ તમારે બરોબર એજ વખતે ઘડિયાળ સામું જોવું પડે! એજ રીતે રાજકારણીઓ પણ ક્યારેક ભૂલથી સારી વાત કહી દેતાં હોય છે. છતાં પણ એમના પર ભરોસો નહીં કરવાનો...

* કહે છે કે જીવનમાં જે વસંત લાવી દે એજ સંત! પણ જીવનની વસંતમાં રોજ વસંત પંચમી લાવી દે એજ સાચો 'પંચ'...અને પંચ એટલે 'મુક્કો' ને 'રમૂજ' બેઉ!!

ભૈ, હજી તો આટલાં સુવિચાર કે કુવિચાર સુઝ્યા છે. 'પોઝિટિવ થિંકિંગ' માટે બીજા ૧૨ લાખ મળે તો કંઇક સૂઝે. મફતમાં કંઇ પોઝિટિવ ના થવાય.

*એન્ડ ટાઇટલ્સ:*
*આદમ: પોઝિટિવ વિચારવાથી ફાયદો થાય?*
*ઇવ: કોને?* ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## નેપાળની હિમાલય જેવડી ટ્રેજેડીઃ
# જ્યારે પ્રકૃતિ આપણને આપણી હદ- હેસિયત યાદ કરાવે...





નેપાળની પહાડીઓમાંથી આવેલી તસવીરો જોવી સહેલી નથી. પાણીની એક એવી તોતિંગ દીવાલ, જેમાં માટી, પથ્થર, બરફ અને કાટમાળ બધું જ એકસાથે ધસમસતું નીચે આવ્યું, જંગલો ધસી ગયાં, રસ્તાઓ ગાયબ થઈ ગયા, પુલ તૂટી પડ્યા, ઘરો અને વાહનો જાણે કોઈએ ઉખાડીને ફગાવી દીધાં હોય તેમ ક્યાંકના ક્યાંક પહોંચી ગયા.....

૨૬ ઑગસ્ટે નેપાળ-તિબેટ સરહદ નજીક આવેલા આ વિનાશક પૂરમાં ૧૬૦થી વધુ લોકોનાં મૃત્યુ થયાં હોવાના પ્રારંભિક અહેવાલો છે અને સેંકડો લોકો હજુ લાપતા છે. શરૂઆતમાં જેને ભારે વરસાદનું પરિણામ માનવામાં આવતું હતું, તેના કરતાં આ ઘટનાનું સ્વરૂપ જુદું હોવાનું નિષ્ણાતોના વિશ્લેષણમાં સામે આવ્યું છે. ઊંચાઈ પર ગ્લેશિયરનો એક ભાગ તૂટ્યો અને તેના કારણે માટી, બરફ, પાણી, પથ્થર અને કાટમાળનો ભયાનક પ્રવાહ માનવ જીવન પર ધસી આવ્યો. કદાચ એટલા માટે કે આવા 'વગર જોઈતા' દુઃખને સ્વીકારવાનું માણસ માટે બહુ મુશ્કેલ હોય છે. જોકે દરેક દુર્ઘટનાનો કોઈ અર્થ નથી હોતો. ક્યારેક પહાડ ફક્ત તૂટી પડે છે. બરફ ફક્ત સરકી પડે છે. પાણી પોતાના માર્ગમાં આવતી દરેક વસ્તુને તાણી જાય છે. તેમના માટે શું જંગલ અને શું સમાજ! પ્રકૃતિને આપણી નૈતિક ભાષાની જરૂર નથી હોતી. તે ન તો ક્રૂર છે, ન દયાળુ. તે આપણા પ્રત્યે બેપરવા છે. એ એવી રીતે જ શહેરમાં આવી જાય છે, જેવી રીતે તે જંગલમાં રહેતી હોય છે અને કદાચ આ હકીકત સ્વીકારવી એ જ વિનમ્રતાની પહેલી સીડી છે.

સદીઓથી માણસ પ્રકૃતિને સમજવાનો પ્રયત્ન કરતો આવ્યો છે. આધુનિક યુગમાં તો તેણે પ્રકૃતિને નિયંત્રિત કરવાનો ભ્રમ પણ પાળી લીધો છે. પહાડો તોડીને રસ્તાઓ બનાવ્યાં, નદીઓ પર પુલો બાંધ્યાં છે, હવામાનની આગાહી કરવા માટે ઉપગ્રહોને અંતરીક્ષમાં મોકલ્યા છે, બરફની હિલચાલ સમજવા માટે અત્યાધુનિક સાધનો ઊભાં કર્યાં. આ બધું માનવબુદ્ધિની અદ્‌ભુત સિદ્ધિ છે, પરંતુ આ બધી સિદ્ધિનો અર્થ એ નથી કે આપણે પ્રકૃતિ પર વિજય મેળવી લીધો છે.

નેપાળની આ ઘટના આપણને એક સાથે બે વાત યાદ અપાવે છે; આપણી સંસ્કૃતિ કેટલી શક્તિશાળી છે અને તે સાથે જ કેટલી નાજુક પણ છે. એક ગ્લેશિયરનો ટુકડો તૂટી પડવાથી સર્જાયેલી કુદરતી શક્તિ એવી ખતરનાક હોય છે કે વર્ષોની મહેનતથી ઊભું કરેલું વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધકામ થોડી મિનિટોમાં નાશ પામે છે.આવી 'વિનમ્રતા' એટલે હાર માની લેવી એમ નહીં. પ્રકૃતિ સામે માથું નમાવવું અને પ્રકૃતિ સામે હાથ ઊંચા કરી દેવા તે બે જુદી વાત છે.

નિયતિવાદ કહે છે : 'જે થવાનું હતું એ થઈ ગયું. માણસ કરી પણ શું શકે?' વિનમ્રતા કહે છે : 'બધું આપણા નિયંત્રણમાં નથી, પરંતુ જે કંઈ આપણા હાથમાં છે તેની જવાબદારી આપણે પૂરી નિષ્ઠાથી નિભાવવી જોઈએ.'

નેપાળની આ દુર્ઘટનાને સમજવાનો કદાચ આ સૌથી માનવીય રસ્તો છે. જો કોઈ પહાડનો ભાગ તૂટી પડે તો આપણે તેને આપણા આદેશથી રોકી શકતા નથી, પરંતુ શું આપણે આવાં જોખમને અગાઉથી ના ઓળખી શકીએ? શું વધુ સચોટ ચેતવણી-વ્યવસ્થા ના ઊભી કરી શકીએ? શું એવા વિસ્તારોમાં બાંધકામ પર નિયંત્રણ ના મૂકી શકીએ જ્યાં અચાનક પૂર (ફ્લેશ ફ્લડ)નું જોખમ વધારે હોય? શું સ્થાનિક લોકોને એવી ભાષામાં, એવી પદ્ધતિથી ચેતવણી આપી શકાય કે તેઓ થોડી જ મિનિટોમાં તેનો અર્થ સમજી શકે? શું આપત્તિ પછી બચાવકર્મીઓ પાસે એવાં સાધનો અને વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા હોઈ શકે કે તૂટેલા પુલો અને બંધ રસ્તાઓ વચ્ચે પણ બચાવકાર્ય ચાલુ રહી શકે?

આ બધા સવાલોના જવાબ 'હા' છે અને એટલે જ આવી ઘટનાને માત્ર 'કુદરતનો કહેર' કહીને આગળ વધી જવું પૂરતું નથી. હવામાન પરિવર્તન આ સમગ્ર પ્રશ્નને વધુ ગંભીર બનાવે છે. વૈજ્ઞાનિકો લાંબા સમયથી કહી રહ્યા છે કે હિમાલયના ગ્લેશિયરો ઝડપથી બદલાઈ રહ્યા છે અને વધતું તાપમાન ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફ તથા જમીનને વધુ અસ્થિર બનાવી રહ્યું છે. નેપાળે ભૂતકાળમાં પણ ગ્લેશિયર અને ગ્લેશિયલ સરોવરો સાથે જોડાયેલી અચાનક પૂરની ઘટનાઓ જોઈ છે. તેનો અર્થ એવો નથી કે દરેક આપત્તિને સીધી રીતે હવામાન પરિવર્તનના ખાતામાં મૂકી દેવી જોઈએ.

વિજ્ઞાનને આવી ઉતાવળ પસંદ નથી, પરંતુ એટલું ચોક્કસ સમજવું જરૂરી છે કે જે કુદરતી વ્યવસ્થાને આપણે વર્ષોથી સ્થિર માનીને બેઠા છીએ, તેમાં પરિવર્તન આવી રહ્યું છે અને અહીંથી આપણી જવાબદારી શરૂ થાય છે.

પ્રકૃતિની શક્તિ સામે માણસનો અહંકાર હાસ્યાસ્પદ છે, પરંતુ પોતાની જવાબદારીમાંથી છટકી જવા માટે પ્રકૃતિનું નામ લેવું પણ એટલું જ ખતરનાક છે. 'આ તો કુદરત હતી. એને કોણ રોકી શકે?' આ વાક્ય સાંભળવામાં બહુ વાસ્તવિક લાગે છે, પરંતુ ઘણી વાર એ આપણને જવાબદારીમાંથી છટકી જવા દે છે.

કોઈ પુલ તૂટી પડવો કુદરતી ઘટનાનું પરિણામ હોઈ શકે, પરંતુ એ પુલ ક્યાં બાંધવામાં આવ્યો હતો? તેની ડિઝાઇન કેવી હતી? બાંધકામ કેટલું મજબૂત હતું? પૂર અને ભૂસ્ખલનના જોખમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું કે નહીં? આ બધા માનવસર્જિત પ્રશ્નો છે.

એટલે કુદરતી આપત્તિની અંદર પણ માનવીની નૈતિક જવાબદારી છુપાયેલી હોય છે. જે આજે આપણને કાયમી લાગે છે, તે ખરેખર કાયમી નથી. પહાડો પણ બદલાય છે. નદીઓ પણ પોતાનો માર્ગ બદલે છે. બરફ પીગળે છે. શહેરો ઉજડી શકે છે. અને માણસનું પોતાનું જીવન પણ એક ક્ષણમાં બદલાઈ શકે છે.

ગ્લેશિયરને આપણા આદેશથી ચલાવી શકતા નથી, પરંતુ આપણે આપણાં શહેરો, આપણી નીતિઓ, આપણી ટેક્નોલોજી અને આપણી ચેતવણીની વ્યવસ્થાઓને વધુ સારી બનાવી શકીએ છીએ, પણ વધુ પડતો આત્મવિશ્વાસ આપણને પ્રકૃતિ સાથે ટકરાવ તરફ લઈ જાય છે અને વધુ પડતો નિરાશાવાદ આપણને નિષ્ક્રિય બનાવી દે છે. આ બંનેની વચ્ચે એક ત્રીજી જગ્યા છે :

### વિનમ્રતા અને સક્રિયતાની જગ્યા


બધું આપણા હાથમાં નથી. એટલે જે કંઈ આપણા હાથમાં છે તેને આપણે વધુ ગંભીરતાથી લઈએ. નેપાળની પહાડીઓમાંથી ધસમસીને નીચે આવેલું એ પાણી કદાચ આપણને આ બે વાત એકસાથે શીખવે છે.

પહેલી : માણસ પ્રકૃતિનો માલિક નથી અને બીજી: એટલા માટે જ માણસે પોતાના નિર્ણયોનો માલિક બનવું વધુ જરૂરી છે. પ્રકૃતિ સામે વિનમ્ર રહો, પરંતુ નિયતિ સામે ઘૂંટણ ન ટેકો. કારણ કે વિનમ્રતા આપણને આપણી મર્યાદા બતાવે છે; જવાબદારી એ મર્યાદાની અંદર આપણે શું કરવાનું છે તે શીખવે છે. ■




ભરત મહેતા feedback@bombaysamachar.com

# અંતરિક્ષથી અન્નદાતા સુધી...
# ખેતીમાં સ્પેસ ટેક્નૉલૉજીની નવી ક્રાંતિ






એક સમય એવો હતો જ્યારે ખેડૂત વરસાદ માટે આકાશ તરફ જોતો હતો. આજે તે જ આકાશમાં ફરતા ઉપગ્રહો તેની ખેતીના માર્ગદર્શક બની ગયા છે. અવકાશ ટેક્નૉલૉજી માત્ર વૈજ્ઞાનિક સિદ્ધિ નથી રહી, પરંતુ તે ખેતરમાં હરિયાળી, ઉત્પાદકતા અને સમૃદ્ધિ લાવતું આધુનિક સાધન બની છે. ગુજરાતનાં ગામડાંમાં વહેલી સવારનું દૃશ્ય કલ્પો. ખેડૂત ખભે કોદાળી લઈને ખેતર તરફ નીકળે છે. વર્ષોથી તેની નજર આકાશ પર રહેતી આવી છે. ક્યારે વરસાદ આવશે? ક્યારે પાકને પાણી આપવું? ક્યારે વાવણી કરવી? આ બધા પ્રશ્નોના જવાબ તે કુદરતના સંકેતોમાંથી શોધતો હતો.

આજે પણ તે આકાશ તરફ જુએ છે, પરંતુ હવે કારણ જુદું છે, કારણ કે એ જ આકાશમાં ફરતા ઉપગ્રહો તેના ખેતરની ખબર રાખી રહ્યા છે.

અવકાશ ટેક્નૉલૉજીનું નામ સાંભળતાં આપણને સામાન્ય રીતે ચંદ્રયાન, ગગનયાન કે મંગળયાન યાદ આવે, પરંતુ અવકાશ વિજ્ઞાનની સૌથી મોટી સિદ્ધિ કદાચ એ છે કે તેની ટેક્નૉલૉજી હવે ખેતરો સુધી પહોંચી ગઈ છે. ઉપગ્રહો અને કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) ખેતીને અનુભવ આધારિત વ્યવસાયમાંથી માહિતી આધારિત વિજ્ઞાનમાં પરિવર્તિત કરી રહ્યા છે.

### હવામાનની આગાહી છે ખેડૂતો માટે જીવનરેખા...

ખેડૂત માટે વરસાદ માત્ર કુદરતી ઘટના નથી, પરંતુ સમગ્ર અર્થતંત્રનો આધાર છે. એક ખોટો નિર્ણય આખી મોસમને અસર કરી શકે છે.

અવકાશમાં ફરતા હવામાન ઉપગ્રહો સતત વાદળોની ગતિ, ભેજ, તાપમાન અને વાતાવરણમાં થતા ફેરફારોનું નિરીક્ષણ કરે છે. આ માહિતીના આધારે ખેડૂતોને સમયસર હવામાનની આગાહી મળે છે. પરિણામે તે વાવણી, સિંચાઈ અને કાપણી અંગે વધુ ચોક્કસ નિર્ણય લઈ શકે છે.

ગુજરાત જેવા પ્રદેશમાં, જ્યાં ક્યારેક દુષ્કાળ તો ક્યારેક અતિવૃષ્ટિ જોવા મળે છે ત્યાં આવી આગાહી ખેડૂતો માટે વરદાન સમાન છે.

### જ્યારે સૅટેલાઇટ બને પાકનો ડૉક્ટર...

માણસ બીમાર પડે તો ડૉક્ટર પાસે જાય, પરંતુ પાકની તબિયત કોણ તપાસે?

સૅટેલાઇટ્સમાં આવેલા અદ્યતન સેન્સર્સ છોડમાંથી પરાવર્તિત થતા વિવિધ પ્રકારના પ્રકાશનું વિશ્લેષણ કરે છે. છોડને પૂરતું પાણી મળે છે કે નહીં, તેમાં પોષક તત્ત્વોની ખામી છે કે નહીં, અથવા તે કોઈ રોગના પ્રભાવ હેઠળ છે કે નહીં, તેનો અંદાજ વૈજ્ઞાનિકો પહેલાંથી મેળવી શકે છે.

ISRO દ્વારા વિકસાવવામાં આવેલી રિમોટ સેન્સિંગ ટેક્નૉલૉજીનો ઉપયોગ પાકની સ્થિતિ, ઉત્પાદનના અંદાજ અને જમીનની માહિતી મેળવવા માટે લાંબા સમયથી કરવામાં આવે છે. FASAL કાર્યક્રમ હેઠળ અવકાશ આધારિત માહિતી અને હવામાનના આંકડાઓના આધારે પાક ઉત્પાદનનું પૂર્વાનુમાન કરવામાં આવે છે.

એટલે આજે સૅટેલાઇટ માત્ર ફોટોગ્રાફ લેતું સાધન નથી, પરંતુ ખેડૂતના પાકનું નિદાન કરતો નિઃશબ્દ વૈજ્ઞાનિક છે.

### પાણીનું એક-એક ટીપું હવે બની રહ્યું છે કીમતી...

આવનારાં વર્ષોમાં ખેતીનો સૌથી મોટો પડકાર પાણીનો રહેશે. વિશ્વભરમાં પાણીની અછત વધી રહી છે અને ગુજરાત પણ આ સમસ્યાથી અજાણ નથી.

સૅટેલાઇટ ટેક્નૉલૉજી જમીનની ભેજનું માપ આપે છે. જેના આધારે કયા વિસ્તારમાં કેટલું પાણી આપવું તે નક્કી કરી શકાય છે. આને 'પ્રિસિઝન ફાર્મિંગ' કહેવામાં આવે છે. પાણીનો બિનજરૂરી બગાડ અટકે છે, વીજળી બચે છે અને ઉત્પાદન ખર્ચ ઘટે છે.

ખેડૂત માટે આ માત્ર ટેક્નૉલૉજી નથી, પરંતુ નફાકારક ખેતી તરફનું એક પગલું છે.

### વિશ્વભરમાં શું થઈ રહ્યું છે?

ભારત આ ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે, પરંતુ વિશ્વના અન્ય દેશોએ પણ અવકાશ ટેક્નૉલૉજીનો કૃષિમાં વ્યાપક ઉપયોગ શરૂ કરી દીધો છે.

યુરોપિયન યુનિયનનો Copernicus કાર્યક્રમ ખેતી માટે વિશ્વના સૌથી સફળ અવકાશ પ્રોજેક્ટ્સમાં ગણાય છે. Sentinel ઉપગ્રહો પાકની સ્થિતિ, જમીન ઉપયોગ, સિંચાઈ વ્યવસ્થાપન અને ઉત્પાદનના અંદાજ માટે માહિતી પૂરી પાડે છે. પ્રિસિઝન ફાર્મિંગમાં યુરોપ આજે અગ્રણી માનવામાં આવે છે.

અમેરિકામાં NASA અને અન્ય સંસ્થાઓ પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો દ્વારા દુષ્કાળ, પાકની સ્થિતિ અને કૃષિ સંસાધનોનું નિરીક્ષણ કરે છે. ઇઝરાયલે અવકાશ માહિતી અને સ્માર્ટ સિંચાઈને જોડીને રણપ્રદેશમાં પણ અસરકારક ખેતીનું મૉડેલ વિકસાવ્યું છે.

આ બધા વચ્ચે ભારતની ખાસિયત એ છે કે અહીં આ ટેક્નૉલૉજી કરોડો નાના ખેડૂતો સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ દિશામાં ISROનું યોગદાન વિશેષ નોંધપાત્ર છે.

### AI તથા સ્માર્ટફોનઃ ખેડૂતના છે નવા સાથી...

એક સમયે ખેડૂતને વૈજ્ઞાનિક સલાહ મેળવવા માટે કચેરીઓના ધક્કા ખાવા પડતા. આજે એ માહિતી તેના હાથમાં રહેલા મોબાઇલ સુધી પહોંચી ગઈ છે. સૅટેલાઇટ ડેટા, AI અને મોબાઇલ ઍપ્લિકેશન્સના સંયોજન દ્વારા ખેડૂતોને પાકની સ્થિતિ, ભેજનું પ્રમાણ અને સંભવિત હવામાન પરિવર્તન અંગે સીધી માહિતી આપવામાં આવે છે. ભારતની અનેક કંપનીઓ આ દિશામાં કામ કરી રહી છે અને ખેડૂતોને ડેટા આધારિત ખેતી તરફ દોરી રહી છે.

### નવી હરિત ક્રાંતિનો પાયો છે આ...

૧૯૬૦ના દાયકાની હરિત ક્રાંતિએ ભારતમાં અનાજનું ઉત્પાદન વધાર્યું હતું. એકવીસમી સદીની નવી હરિત ક્રાંતિ માહિતી, ડેટા અને અવકાશ ટેક્નૉલૉજી પર આધારિત હશે.

આજે રૉકેટના ગર્જતા અવાજ અને ખેતરમાં લહેરાતા પાક વચ્ચે એક અદૃશ્ય સંબંધ ઊભો થયો છે. અવકાશમાં થતી શોધોનો સીધો લાભ હવે ખેડૂત સુધી પહોંચવા લાગ્યો છે. આ વિજ્ઞાનની સાચી લોકશાહી છે. ખેડૂત આજે પણ આકાશ તરફ જુએ છે, પરંતુ હવે તેની નજર માત્ર વરસાદ પર નથી. તેને ખબર છે કે એ જ આકાશમાં ફરતો કોઈ ઉપગ્રહ તેના ખેતરની ખબર રાખી રહ્યો છે. આકાશ અને ધરતી વચ્ચેનો આ અદૃશ્ય સંવાદ જ ભારતની નવી કૃષિક્રાંતિનો પાયો છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

## આઈપીઓમાં શૉર્ટટર્મ રોકાણનો ટ્રેન્ડઃ
# લિસ્ટિંગ ગેનનો લાભ લેવા લાલાઓની દોટ...
### ભૂલો દોહરાવતા રોકાણકારો વૅલ્યુએશનની ગૅમ સમજે તેમાં સાર...

તાજતેરમાં ફરી એકવાર આઇપીઓની મોસમ જોરમાં છે. આ બે-ત્રણ મહિનામાં સંખ્યાબંધ આઇપીઓ બજારમાં આવતા રહેવાના છે. આમાંની ઘણી કંપનીઓ વેસ્ટ-એસિયા ક્રાઇસિસને અને વૉલેટિલિટીને કારણે ઈસ્યૂ લાવવાનું ટાળી રહી હતી. કંપનીઓના આઇપીઓ માર્કેટની કતાર આમ તો રોકાણકારો માટે એક તક હોય છે, પરંતુ સાવચેતી બહુ જરૂરી હોય છે.

આઇપીઓને લઈને રોકાણકારો મોટેભાગે જે ભૂલી જાય છે અને કોઈ પણ આઇપીઓમાં રોકાણ કરવા દોડે છે તેમની માટે યાદ કરાવવા જેવી વાત એ છે કે આ કતારમાં આવતા દરેક નવાં સાહસો-ન્યુએજ કંપનીઓ પોતાના નામથી કેટલા પણ પૉપ્યુલર હોય તેમના નામે અંજાઈ જવું નહીં, કારણ કે કોના ભાવ પછીથી ઢીલા પડી જાય એ સમજવું કઠિન હોય છે. ૨૦૨૪માં આવેલા આવા કેટલાક આઇપીઓના ભાવો પછીથી નબળાં પડી ગયા હતા, જે લિસ્ટિંગ વખતે પ્રીમિયમમાં લિસ્ટ થયા હતા. જે રોકાણકારો લિસ્ટિંગ ગેન માટે દાડ્યા હોય તેમની વાત જુદી છે, પરંતુ જો લિસ્ટિંગના ભાવ જોઈ નવા યા વધુ રોકાણ માટે દોડ્યા હોય તો સમજવું જરૂરી છે.

૨૦૨૪માં મૂડીબજારમાં આવેલી ૧૭ ન્યુએજ કંપનીમાંથી સાત કંપનીઓ પ્રીમિયમ ભાવે લિસ્ટ થઈ હતી, જેના ભાવ હાલ ઈસ્યૂ પ્રાઇસ કરતાં પણ નીચા બોલાઈ રહ્યા છે. યાદ રહે, લિસ્ટિંગના ભાવ એ યુફોરિયા હોય છે અને જુગાર કે જુગાડ પણ હોય છે. રોકાણકારો શૉર્ટટર્મ રિસ્ક લેતા હોય છે. આ આખી ગેમ જ લિસ્ટિંગ ગેન માટેની હોય છે. જેમાં શરૂના ભાવ જોઈ અંજાઈ જનારા લાંબે ગાળે એ ભાવ ન પામે એવું બનવાની શક્યતા ઊંચી રહે છે, જેથી યાદ એ રાખવાનું છે કે લિસ્ટિંગના ભાવ કરતા કંપનીના ફંડામેન્ટલ્સ પર ધ્યાન આપવામાં શાણપણ છે.

હાલ નાણાં પ્રવાહ આઇપીઓ તરફ વળતો હોવાનું બની શકે છે. તાજેતરના માર્કેટ ટ્રેન્ડને ધ્યાનમાં રાખતા નવા રોકાણકારો જૂની ભૂલો દોહરાવી રહ્યા હોવાનું સ્પષ્ટ જોવા મળે છે. લોકોને આઇપીઓના કડવા અનુભવો ભૂલી જતા વાર લાગતી નથી. વર્તમાન સમયમાં આવી રહેલા સંખ્યાબંધ આઇપીઓ-પબ્લિક ઈસ્યુઝમાંથી અડધી કંપનીઓના ભાવ નીચે ગયેલા જોવા મળી શકે છે. અમુક કંપનીઓના ભાવ ઑફર પ્રાઇસથી નીચે બોલાતા હશે, થોડી અપવાદરૂપ કંપનીઓના શૅરના ભાવ બહેતર અને વૃદ્ધિલક્ષી બન્યા હશે.

### નવા બિઝનેસનાં જોખમો જાણો...

જાણકારોની દૃષ્ટિએ સંખ્યાબંધ કંપનીઓ માત્ર મૂડીબજારની તેજીનો લાભ લેવા બજારમાં પ્રવેશી છે. આમાંથી મોટાભાગની નવા બિઝનેસની કંપનીઓ છે, જેના ભાવિ વિશે અનુમાન બાંધી શકાય એમ નથી. આમાંની કેટલીક કંપનીઓના કોઈ ટ્રેકરેકૉર્ડ નથી અથવા બહુ ઓછા સમયનો છે, તેમના બિઝનેસ સાવ નવા પ્રકારના હોવાથી અનિશ્ચિતતાથી ભરેલા છે, એ પૉપ્યુલર ભલે થઈ જાય, પણ તે નક્કર નફો ક્યારે કરશે, કેટલો કરશે એ અધ્ધર રહેશે. હાલ તો વળી AI (આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સ)નો ટ્રેન્ડ જોરમાં છે, પરંતુ આવી કંપનીઓના પ્રૉફિટ મૉડેલ વિશે સવાલો છે. બિઝનેસ વૉલ્યુમ ઊંચા રહી શકે, બ્રાન્ડ જાણીતી થઈ શકે, પણ ખરું વૅલ્યુએશન અધ્ધરતાલ હશે. ૨૦૨૧થી ૨૦૨૫ના કેટલીક ન્યુએજ કંપનીઓના ઘણા કિસ્સા જાહેર છે. શૉર્ટ ટર્મ પ્રૉફિટમાં જ રસ આઇપીઓ માર્કેટની તેજી માટેનાં પરિબળોમાં સંબંધિત કંપનીઓના ફંડામેન્ટલ્સ કરતાં બજારની પ્રવાહિતા અને સેન્ટીમેન્ટ વધુ જવાબદાર છે, તેમાં વળી આઇપીઓ માટે ધિરાણ મર્યાદા વધી હોવાથી દોડનારાઓને ઢાળ મળ્યો છે. આવા માહોલમાં ઇન્વેસ્ટર્સના તાલ જોઈએ તો છેલ્લા અમુક વરસથી આઇપીઓનાં રોકાણકારોની માનસિકતા બદલાતી ગઈ છે, તેમને આઇપીઓમાં રોકાણ કરતા લિસ્ટિંગ ગેનમાં (એટલે કે શૅર ઊંચા ભાવે લિસ્ટ થાય કે તરત તેમાંથી નફો લઈ નીકળી જવું હોય છે. આ વર્ગ ગંભીર રોકાણ માટે તૈયાર નથી, તેમનું લક્ષ્ય માત્ર નફા તરફ રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રાઇમરી માર્કેટમાં પણ શૉર્ટ ટર્મ ઇન્વેસ્ટર્સ વધી રહ્યા છે. આ વર્ગને ઇન્વેસ્ટર કહી શકાય નહીં, બલકે ટ્રેડર્સ અથવા સ્પેક્યુલેટર વધુ કહી શકાય.

### વૅલ્યુએશનની ગૅમ પણ સમજો...

બાય ધ વે, માર્કેટમાં કેટલાક સમયથી વૅલ્યુએશનની રમત જોરમાં છે, આ ચાલાકી ઘણેખરે અંશે સફળ પણ થઈ રહી છે.

બીજીબાજુ, મ્યુચ્યુઅલ ફંડ્સનો પણ આઇપીઓને છલકાવવામાં ઉપયોગ થઈ રહ્યો છે, જેમાં પરસ્પર સ્થાપિત હિતો સાચવવાનાં હોય છે. આ કાર્ય મર્ચન્ટ બૅન્કર્સ હોશિયારીપૂર્વક કરી રહ્યા છે.

ત્રણ-સાડાત્રણ દાયકાના ભૂતકાળમાં જઈએ તો અગાઉના અનેક આઇપીઓવાળી કંપનીઓ આજે ગાયબ છે, નામશેષ છે. લોકો હવે આ કંપનીઓને ભૂલી ગયા છે, કારણ કે એ સમયના રોકાણકારો પણ હવે ભૂતકાળ બની ગયા છે, નવી જનરેશનના રોકાણકારોને ભૂતકાળમાં જવું નથી જેથી માણસો ભલે બદલાય, ભૂલો રિપીટ થયા કરે છે.

નવા જનરેશનને ૧૯૮૫થી લઈને લાંબા સમયના પ્રાઇમરી માર્કેટના ટ્રેન્ડનો ખ્યાલ અને અનુભવ નથી. ખાસ કરીને કોવિડ-૧૯ બાદના રોકાણકારો તો બજારના કેટલાય એવા ટ્રેન્ડથી વાકેફ નથી, જે જાણવા તેમની માટે જરૂરી છે, અન્યથા તે બધા બજારના ગાડરિયા પ્રવાહમાં, લેભાગુ કંપનીઓના સ્ટૉક્સમાં અને માર્કેટ મેનિપ્યુલેશનથી લઈ વૅલ્યુએશનની રમતમાં ફસાઈ શકે છે. ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# કેમ તફડાવવું પડ્યું એમનું મગજ?

## આ સદીના સૌથી વધુ વિચક્ષણ વિજ્ઞાની આઈન્સ્ટાઈનનાં ચોરેલાં બ્રેનનું પોસ્ટમોર્ટમ કેવાં કેવાં રહસ્ય છતાં કરે છે...

આજે તો આંખનો પલકારો પણ મોડો પડે એવા અતિ ઝડપી 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' AI ના જમાનામાં હજુય કેટલાંક રહસ્ય સમજાયાં નથી કે પૂરેપૂરા ઉકેલાયાં નથી. એમાનું એક ગૂઢ રહસ્ય છે જગવિખ્યાત યહુદી વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું અકળ મગજ...

એમની 'થિયરી ઑફ રિલેટિવિટી' -ને લીધે તેઓ વિશ્વવિખ્યાત બન્યા. આ થિયરી રજૂ થઈ ત્યારે ભલભલા વિજ્ઞાનીઓનાં માથાંનું દહીં થઈ ગયું હતું. જોકે, સાપેક્ષતાવાદનો આ સિદ્ધાંત એક મિત્રે અમને બહુ સરળ રીતે આ રીતે સમજાવી દીધો હતો. એ કહે: ધારી લો કે પ્રેયસીને મળવાનું નક્કી થયું. નિયત સ્થળે- નિશ્ચિત સમયે તમે પહોંચી પ્રેયસીની રાહ જોતાં તમે કંટાળી જાવ છો.


આખરે એ આવે છે. માત્ર દસેક મિનિટ જ મોડી પડી છે, છતાં તમને થાય કે જાણે યુગો વીતી ગયા આ સાપેક્ષવાદનો એક સિનારિયો. હવે આ દૃશ્ય જૂઓ : મોડી આવેલી પ્રેયસી સાથે પ્રેમાલાપ શરૂ થાય છે. બન્નેના 'ઈલ્લુ..ઈલ્લુ'માં બે કલાક વીતી જાય. છૂટા પડવાના હો ત્યારે તમને દેવઆનંદ જેવી પેલી ફિલિંગ આવી જાય:

'અભી ન જાઓ છોડ કે દિલ અભી ભરા નહીં!' અરે, હમણા તો મળ્યાં ત્યાં છૂટા પડવાની વેળા આવી ગઈ?!

હવે આ બન્ને સિનારિયો સરખાવશો તો સમજાશે કે સમય તો એની રીતે વહે છે,પણ વધારે કે ઓછો સમય એ તો માનવ મનની એક ધારણા છે. અને આ છે સાપેક્ષવાદ ઈન શોર્ટ !

આલ્બર્ટ આઈન્સ્ટાઈનને આજે AIના જમાનામાં ય વિજ્ઞાનજગત એટલા માટે યાદ કરે છે કે આધુનિક વિજ્ઞાનજગતના ઘડતરમાં જેમનું અનન્ય પ્રદાન છે એવા સાપેક્ષવાદ સિદ્ધાંતના સર્જક આલ્બર્ટ આઈન્સ્ટાઈન બાળપણમાં બોલવા-ભણવામાં બહુ નબળા. માનસિક વિકાસ પણ ધીમે ધીમે થયો હતો,પરંતુ પછી એમણે જે ઝડપથી વૈજ્ઞાનિક સિદ્ધાંતો શોધ્યા-વિકસાવ્યા અને આધુનિક ભૌતિકશાસ્ત્રની એક જે ભૂમિકા તૈયાર કરી આપી એના આધારે અનેક નવી શોધ વિકસી અને આજે પણ એમનાં અનેક સિદ્ધાંત નવી શોધ -સંશોધન માટે માર્ગદર્શક બની રહી છે.

જીવનકાળ દરમિયાન ૧૫૦ જેટલાં પુસ્તક અને ૩૦૦થી વધુ વૈજ્ઞાનિક સંશોધનને લગતાં પેપર્સ તૈયાર કરનારા આ બહુમુખી વિજ્ઞાનીની એક ફોર્મ્યૂલા E= mc2 તો વિશ્વની સૌથી વિખ્યાત અને સૌથી શક્તિશાળી ગણાય છે. ઊર્જા પદાર્થ તથા પ્રકાશની ગતિ દર્શાવતું આ ક્રાંતિકારી સૂત્ર તથા એમનો સાપેક્ષ સિદ્ધાંત આધુનિક પદાર્થ વિજ્ઞાનના પ્રાણ સમાન છે.



આલ્બર્ટ આઈન્સ્ટાઈન મૃત્યુશૈયા પર ...



જેમણે મગજ ગુપચાવ્યું એ ડો. થોમસ હાર્વે

(જોકે આશ્ચર્યની વાત એ છે કે આઈન્સ્ટાઈનને ૧૯૨૧નું નોબેલ પારિતોષિક પદાર્થ વિજ્ઞાનની અન્ય એક શોધ-સંશોધન માટે એનાયત થયું હતું.!)

હવે વિધિની વક્રતા જૂવો કે નાનપણમાં મંદબુદ્ધિનો ગણાતો બાળક આલ્બર્ટની (આઈન્સ્ટાઈન) ગણના આગળ જતા 'જિનિયસ' એટલે કે વિચક્ષણ -અલૌકિક બુદ્ધિશાળી તરીકે થઈ હતી. એટલે જ જગતભરના વિજ્ઞાનીઓને અગાઉ અને આજે પણ જિજ્ઞાસા રહે છે કે એમનાં મગજમાં એવું તે શું હતું કે આ આદમી કોઈએ ન કલ્પી હોય એવી અદ્ભુત શોધ કરી શકે ?

માથાફોડ પ્રયાસો પછી પણ કોઈની સફળતા ન સમજી જાય કે ન ઉકેલી શકાય ત્યારે એ જમાનામાં વણલખ્યો શોર્ટકટ નિયમ એ હતો કે એ વ્યક્તિના મૃતદેહને ચોરી જવો ! ભૂતકાળમાં આવી જાણીતી વ્યક્તિનાં શબ ચોરી જવાની અનેક ઘટના નોંધાઈ પણ છે.

જોકે આ રીતે પોતે જિનિયસ છે એવું આઈન્સ્ટાઈન ખુદ માનતા નહોતા. મરણ પછી પોતાના બ્રેન પર સંશોધન થાય એવી એમની ઈચ્છા પણ નહોતી. તેમ છતાં અવસાન પછી એમનાં દેહમાંથી એમનું બ્રેન-મગજ તફડાવી લેવામાં આવ્યું હતું!

આઈન્સ્ટાઈનના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરનારા ડૉ. થોમસ હાર્વેએ મગજ ચોરી લઈ પોતાની રીતે એનું સંશોધન શરૂ કરી દીધું હતું. પાછળથી આઈન્સ્ટાઈન પરિવારની પરવાનગીથી એ બ્રેનના નાના નાના ૨૪૦થી વધુ ટુકડા કરીને અન્ય દેશોના ન્યુરોલોજિના નિષ્ણાતોને આપવામાં આવ્યા. ત્યારથી અત્યાર સુધીના સંશોધન પછી બધા એ વાત પર સહમત થયા છે કે ૧૨૩૦ ગ્રામ વજન ધરાવતું આઈન્સ્ટાઈનનું મગજ સામાન્ય લોકોની સરખામણીમાં કદમાં થોડું મોટુ, પણ વજનમાં હલકું હતુ, પરંતુ વધુ પ્રાણવાયુ ગ્રહણ કરી શકે એવા અમુક પ્રકારના સેલ્સ(કોશિકા) એમનાં મગજમાં હતા, જેથી એમનું મગજ બહુ ઝડપથી માહિતીનું પૃથક્કરણ કરી વિજ્ઞાનના અટપટા કોયડા ઉકેલી શકતું આ અને આવી વિશેષતાઓને લીધે આલ્બર્ટ આઈન્સ્ટાઈન આ સદીના સૌથી વિચક્ષણ વિજ્ઞાની તરીકે પંકાયા...

બાય ધ વે, આજે તો આઈન્સ્ટાઈનું મગજ અમેરિકાના ફિલાડેલ્ફિયાના નેશનલ મ્યુઝિયમમાં સલામત છે, પરંતુ તમને ખબર છે કે આઈન્સ્ટાઈનનું બ્રેન ચોરનારો ડો.હાર્વે એ ક્યાં રાખતો હતો? વેલ, એ પોતાની લેબમાં બિયર ઠંડા કરવાના બોક્સમાં આઈન્સ્ટાઈનનું મગજ એક બરણીની અંદર સંતાડીને રાખતો હતો..! ■

## એ બધાનાં શબનું તો અપહરણ થઈ ગયું હતું ...!

વિચક્ષણ વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનના મગજની તફડંચી થઈ ગઈ છે એ વાત બહાર આવતાં જ જગતભરમાં તહેલકો મચી ગયો હતો.


આઈન્સ્ટાઈનનો મૃતદેહ સલામત હતો ને એમાંથી એનું એક અતિ મહત્ત્વનું અંગ મગજ જ ગૂમ થઈ ગયેલું,પણ ઈતિહાસનાં કેટલાંક પાનાં ઉથલાવશો ત્યારે એવા પણ દાખલા સામે આવશે, જ્યારે કોઈ વિખ્યાત વ્યક્તિનું આખું શરીર સુધ્ધાં ચોરાઈ ગયું હોય ! જેમકે...

★ મશહૂર કોમેડિયન ચાર્લી ચેપ્લિનના શબ સહિતનું કોફિન ૧૯૭૮માં સ્વીત્ઝર્લેન્ડની એની કબરમાંથી ચોરાઈ ગયું હતું. એને ચોરનારા બે કાર મેકેનિકે શબ પરત કરવા માટે ચાર લાખ ડૉલરની ખંડણી માગી હતી. બે અઠવાડિયાની શોધખોળ પછી પોલીસે એ બન્ને ખંડણીખોરને ઝડપી લીધા હતા, જેમણે ચેપ્લિનનું કોફિન કબ્રસ્તાન નજીકના એક ખેતરમાં દાટી રાખ્યું હતું...

★ 'ઈવિતા' તરીકે જાણીતી ઈવા પેરો અર્જેન્ટિનાના પ્રેસિડેન્ટની પત્ની હતી. ત્યાંના રાજકારણમાં જબરો પ્રભાવ ધરાવતી ઈવિતાનાં મૃત્યુ પછી ૧૯૫૨ના એનું શબ ચોરાઈ ગયું પછી બે દાયકા સુધી એનો અત્તોપત્તો લાગ્યો ન હતો. પાછળથી એના પરિવારે બીજા નામે જ વિદેશમાં એની દફન વિધિ પતાવી દીધી હતી...



ચાર્લી ચેપ્લિન



અબ્રાહમ લિંકન



વિલિયમ શેક્સપિયર

★ ઈટાલીના નામી ખગોળશાસ્ત્રી ગિલેલિયોના શબમાંથી એક આંગળી- બે દાંત ગેબી રાતે ચોરાઈ ગયાના વર્ષો બાદ એ પરત મળ્યા પછી એના શબ સાથે એની પુન; દફનવિધિ થઈ હતી...

★ કોઈ જાણીતી વ્યક્તિનું જીવતા અપહરણ શક્ય ન બને તો એના મોત પછી પણ એ ઘટના શક્ય છે. અમેરિકાના વિખ્યાત પ્રમુખ અબ્રાહમ લિંકનની હત્યા થઈ પછી એમની સત્તાવાર દફનવિધિ જ્યાં થઈ હતી ત્યાંથી એમના કોફિનને ચોરી જઈ ગેંગસ્ટરની એક ટોળકીએ એને પરત કરવા માટે બે લાખ ડૉલરની માગણી કરી હતી. સાથે એ ટોળકીની માગણી હતી કે એમના બોસને પણ જેલમાંથી છોડવામાં આવે.જોકે ત્યાંની ગુપ્તચર એજન્સીએ અપરાધીઓને ઝબ્બે કરીને લિંકનનું કોફિન સહીસલામત પરત મેળવ્યું હતું...

★ વિશ્વ પ્રસિદ્ધ નાટ્યકાર વિલિયમ શેક્સપિયરના મૃતદેહમાંથી એની ખોપરી છેક ૧૭૯૪ના ચોરી લેવામાં આવી છે એવી અફવા બહુ ગાજી પછી એની કબર- મૃતદેહના અવશેષોનું એક્સ-રે સ્કેનિંગ કરવામાં આવ્યું ત્યારે ખબર પડી કે સદીઓ સુધી એકચક્રી રાજ કરનારા સૌથી બુદ્ધિવંત એવા સાહિત્યકાર શેક્સપિયરની ખોપરી ખરેખર લાપત્તા છે ! ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# રક્ષાસૂત્ર કે સર્વેલન્સ સિસ્ટમ?

## પહેરવેશના વિવાદો વચ્ચે ખોવાયેલો સંસ્કૃતિનો સાચો અર્થ

**તાજેતરમાં** રક્ષાબંધન નિમિત્તે એક જ્વેલરી બ્રાન્ડની જાહેરાત આવી, જેમાં અભિનેત્રી ક્રિતિ સેનન પોતાના ભાઈને અને ત્યારબાદ પોતાના પાળેલા શ્વાનને રાખડી બાંધે છે. આ જાહેરાત પ્રસારિત થતાં જ સોશિયલ મીડિયા પર 'સંસ્કૃતિના રક્ષકો'ની ફોજ મેદાને પડી ગઈ. વિવાદ શ્વાનને રાખડી બાંધવાનો એટલો નહોતો, જેટલો અભિનેત્રીનાં વસ્ત્રોનો હતો. તેણે પહેરેલા આધુનિક બ્લાઉઝ અને તેના નેકલાઇનને જોઈને જાણે આખા દેશની સંસ્કૃતિ ખતરામાં આવી ગઈ હોય તેવો દેકારો મચ્યો. એવી દલીલો થઈ કે 'આ તો હિન્દુ ધર્મનું અપમાન છે, રક્ષાબંધનની મજાક છે...'

આપણને દેશની હજારો વર્ષ જૂની સંસ્કૃતિ માટે ખરેખર આશ્ચર્ય અને ચિંતા થાય કે જે સંસ્કૃતિ સદીઓનાં વિદેશી આક્રમણો, સામ્રાજ્યોના પતન, ગરીબી, ગુલામી અને વિભાજન પછી પણ અડીખમ રહી શકી એ હવે એક અભિનેત્રીના બ્લાઉઝના ત્રણ ઇંચ સામે હારી જશે? આપણી સંસ્કૃતિ આટલી નાજુક ક્યારથી થઈ ગઈ?

ઇતિહાસના પાનાઓ જરા ધ્યાનથી વાંચીએ તો સમજાશે કે પ્રાચીન ભારતમાં સ્ત્રીના શરીરને ક્યારેય છુપાવવા જેવી શરમજનક વસ્તુ કે પાપ માનવામાં આવ્યું જ નહોતું. ખજુરાહોનાં મંદિરોમાં કંડારાયેલી સુંદર સ્ત્રી-મૂર્તિઓ કે ચોલ સામ્રાજ્યના સમયની પાર્વતીની કાંસાની પ્રતિમાઓ જુઓ. આપણા શિલ્પીઓએ દેવત્વ રજૂ કરતી વખતે સ્ત્રીદેહને છુપાવ્યો નહોતો, બલ્કે તેના શારીરિક સૌંદર્યને જ દિવ્યતા અને પવિત્રતાનો એક ભાગ માન્યો હતો. આપણી સભ્યતાએ શૃંગારને નવ રસોમાં એક આગવું અને શ્રેષ્ઠ સ્થાન આપ્યું છે. કામસૂત્ર જેવાં શાસ્ત્રો માત્ર વાસના માટે નહીં, પણ એક સુસંસ્કૃત જીવનશૈલીના ભાગ રૂપે રચાયા હતા. એક એવી સભ્યતા જે આકર્ષણ, સૌંદર્ય અને શારીરિકતાને આટલી બૌદ્ધિકતાથી પચાવી શકી હોય, તે સભ્યતાનો પાયો કોઈ સ્ત્રીના કપડાંની લંબાઈ પર ક્યારેય ટકેલો ન હોઈ શકે. આજે આપણે



ક્રિતિ સેનનની વિવાદાસ્પદ એડ

એવું વર્તી રહ્યા છીએ જાણે ભારતીય સંસ્કૃતિની શરૂઆત 'વોટ્સએપ યુનિવર્સિટી'એ નક્કી કરેલા ડ્રેસ-કોડથી થઈ હોય!

સૌથી મોટી વક્રતા તો એ છે કે આજે જે સાડી, પેટીકોટ અને સિવેલા બ્લાઉઝને આપણે સનાતન ભારતીય વસ્ત્ર સમજી બેઠા છીએ તેનું આજનું સ્વરૂપ ઘણું પાછળથી ખાસ કરીને અંગ્રેજોના શાસનકાળ દરમિયાન વિકસ્યું છે. પ્રાચીન કાળમાં છાતી ઢાંકવાના અનેક સ્થાનિક પ્રકાર હતા, પરંતુ સ્ત્રીના શરીરને લઈને જે અપરાધભાવ અને તેને પૂરેપૂરું ઢાંકી દેવાની જે આધુનિક ઘેલછા છે, તેનો સીધો સંબંધ બ્રિટિશ સમયની વિક્ટોરિયન નૈતિકતા સાથે છે. ક્યારેક આપણે જેને અત્યંત ગર્વથી સનાતન સંસ્કાર કહીને બચાવતા હોઈએ છીએ, તે હકીકતમાં વિક્ટોરિયન નૈતિકતાએ પહેરેલો કેસરી દુપટ્ટો માત્ર હોય છે!

હવે જાહેરાતના સૌંદર્યશાસ્ત્ર પર આવીએ. જો કોઈ એમ કહે કે, 'રક્ષાબંધનની સવારના એક સામાન્ય પારિવારિક માહોલ માટે આ કપડાં બહુ ગ્લેમરસ કે અયોગ્ય લાગે છે' તો તે એક સ્વીકાર્ય અને તાર્કિક દલીલ છે. એક જાહેરાત તરીકે તેના સ્ટાઇલિંગની ટીકા ચોક્કસ થઈ શકે. કોઈ એમ પણ કહી શકે કે 'હું મારા પાળેલા કૂતરાને રાખડી ન બાંધું, પરંતુ મને આ આધુનિક સ્ટાઇલ નથી ગમતી.' અને 'આ સ્ત્રીએ ક્લીવેજ દેખાડીને ભારતીય સંસ્કૃતિનું અપમાન કર્યું છે' આ બંને વાત વચ્ચે જમીન-આસમાનનો તફાવત છે. રક્ષાસૂત્ર તો ઇતિહાસમાં શચી દ્વારા ઇન્દ્રને, પુરોહિતો દ્વારા યજમાનોને અને વૃક્ષોને પણ બંધાયા છે, પરંપરા એ મ્યુઝિયમમાં ફોર્માલીનમાં સાચવી રાખેલું કોઈ નિર્જીવ પ્રાણી નથી, તે સમય સાથે વિકસતી જીવંત નદી છે. સ્વાદ અને નૈતિકતા વચ્ચેની ભેદરેખા આપણે સાવ ભૂલી ગયા છીએ.

આ આખા વિવાદમાં સૌથી વિચિત્ર દલીલ એ હતી કે, 'પોતાના ભાઈની સામે કોઈ બહેન આવાં વસ્ત્રો કેવી રીતે પહેરી શકે?' શું ભાઈ-બહેનના સંબંધની પવિત્રતા એટલી કાચ જેવી બરડ બટકણી છે કે બહેનના શરીરના થોડા ભાગ દેખાતા જ એ સંબંધનો અર્થ બદલાઈ જાય? પરિવાર એ એક એવી જગ્યા છે જ્યાં માણસ પોતાના શરીર અને અસ્તિત્વ સાથે સૌથી વધુ સહજ રહી શકે છે. ઘરમાં માતા સ્તનપાન કરાવતી હોય છે અને સ્ત્રી સહજ વસ્ત્રોમાં ફરતી હોય છે. બહેનનાં કપડાં જોઈને ભાઈના મનમાં કોઈ વિકૃતિ આવે એવી દલીલ કરવી એ તો પવિત્ર સંબંધમાં ખોડ કાઢવા સમાન છે.

હવે વિચારવા જેવી ફિલોસોફિકલ વક્રતા તો જુઓ! જે તહેવારનો મૂળ ઉદ્દેશ્ય ભાઈની હાજરીમાં બહેનને વધુ સુરક્ષિત મહેસૂસ કરાવવાનો હતો એ જ તહેવારના નામે આજે કેટલાક લોકો કહે છે કે ભાઈની હાજરીમાં બહેને પોતાના શરીર પર માપપટ્ટીથી ધ્યાન રાખવું જોઈએ. આપણે રક્ષાબંધનને બહેનની રક્ષા કરવાને બદલે, બહેનના શરીર પર નજર રાખતી એક સર્વેલન્સ સિસ્ટમ બનાવી દીધી છે!

વિશાળ અને ગહન હિન્દુ સંસ્કૃતિને માત્ર 'સ્ત્રીએ શરીર કેટલું ઢાંક્યું?' એવા છીછરા પ્રશ્ન સુધી સંકોચી નાખવી એ જ અસલી સાંસ્કૃતિક પતન છે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# રક્ષાબંધનને નવો અર્થ આપતી બ્રાન્ડ કૅમ્પેઇન

**આ શુક્રવારે** ભારતભરમાં અને જ્યાં પણ ભારતીયો છે ત્યાં પવિત્ર રક્ષાબંધનનો ઉત્સવ ભારે ઉલ્હાસ સાથે ઊજવાઈ ગયો. ભાઈ-બહેનનો નિસ્વાર્થ પ્રેમ, સ્ત્રી તરફ જોવાની પવિત્ર દૃષ્ટિ અને રક્ષા માટેની બાંહેધરી આપતો આ ઉત્સવ આ માનવીય સંબંધને વધુ ગાઢ બનાવે છે. બદલાતા સમય સાથે ઉત્સવની ઉજવણીમાં પણ બદલાવ આવી રહ્યા છે. થોડા સમયથી આપણે આ વાત વિવિધ ઉત્સવોમાં જોઈ રહ્યા છીએ. રક્ષાબંધનના તહેવારમાં પણ બ્રાન્ડ્સ પોતાની કૅમ્પેઇન લઈને આવે છે. માર્કેટિંગનું કામ છે કે વાતને નવી રીતે લોકો સમક્ષ મૂકવી, જેથી લોકો તેને જુએ અને બ્રાન્ડને યાદ રાખે. ફક્ત અલગ રીતે મૂકવી તે વાત નથી, પણ સમાજમાં આવતા બદલાવને લોકો સમક્ષ મૂકવામાં ઍડ્વર્ટાઇઝિંગનો મોટો ફાળો છે. બીજા શબ્દોમાં કહીએ તો ઘણીવાર ઍડ્વર્ટાઇઝિંગ આવા બદલાવ થવા જોઈએ તેવી વાત ચર્ચા થતી રહે છે.

આ વખતની અમુક કૅમ્પેઇન જોઈશું તો આ વાત સ્પષ્ટ થશે. સમય સમયે મુશ્કેલીના પ્રકાર બદલાતા જાય છે તેમ અને તેની રક્ષા કરવાના આયામમાં પણ બદલાવ આવે છે.

ઉદાહરણ તરીકે આજની તારીખે જો ભાઈ તેમ કહે કે કંઈ પણ થાય તારું ભરણપોષણ આખી જિંદગી હું કરીશ કે તને કોઈ પણ આર્થિક મુશ્કેલી નહીં આવવા દઉં તો બહેન કહેશે : આના માટે હું



સક્ષમ છું... અને જો તારે મારી રક્ષા જ કરવી હોય તો મને અને મારા વિચારોને બાંધી ન રાખ... મને જીવનમાં આગળ વધવામાં મદદ કર...

આજે રક્ષાબંધનની જાહેરાતો ભાઈ દ્વારા બહેનની રક્ષા કરવાનું વચન આપવાની જાણીતી કથાથી હવે આગળ વધી છે. આજના કૅમ્પેઇન સમાનતા, પરસ્પર સહયોગ, કૃતજ્ઞતા અને ભાઈ-બહેન એકબીજાની સંભાળના નાના-નાના વ્યવહાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

રક્ષાબંધનમાં બહેનની રક્ષા ભાઈ કરે તે ભાવ છે, પણ હવે તો આજે સમાજમાં એ જોવામાં આવ્યું છે કે બહેન ફક્ત ભાઈને નહીં પણ પૂરા પરિવારને સાચવે છે. આવા સમયે એવા કૅમ્પેઇન આવ્યા છે જ્યાં ભાઈ બહેનને અથવા એક બહેન પોતાની બીજી બહેનને તેમની રક્ષા કરવા બદલ રાખડી બાંધે છે.

આજે પણ ઘણી જગાએ સમાજમાં સ્ત્રીને જોઈતી સ્વતંત્રતા નથી મળતી ત્યારે અમુક ભાઈ પોતાની બહેનને જીવનમાં જે કરવું હોય તેના માટે તેની સાથે ઊભો રહે છે.

બીજી તરફ સોશ્યલ મેસેજ આપવા આપણા પોલીસ, સીમા પર તહેનાત જવાનો, ટ્રાફિક પોલીસ, સોસાયટીના સિક્યૉરિટી ગાર્ડ, કચરો સાફ કરનારા કર્મચારીઓ વગેરે પણ આપણી સુરક્ષા કરે છે તેથી તેમને પણ રાખડી બાંધવી જોઈએ એવી વાત પણ ચર્ચાય છે. એક જ્વેલરી બ્રાન્ડે પોતાના પાળેલા કૂતરાને રાખડી બાંધીને એ દર્શાવ્યું છે કે તે પણ મારી રક્ષા કરે છે. પર્યાવરણ પણ આપણું રક્ષણ કરે છે તો વૃક્ષોને પણ રાખડી બાંધવી જોઈએ તેવો વિચાર પણ વહેતો થયો છે.

ટૂંકમાં ઉત્સવોના કૅમ્પેઇનથી આપણે શીખવાનું છે કે બદલાતા સમયના ગ્રાહકો સાથે આવી કૅમ્પેઇન બનવી જોઈએ. જેન-ઝી પેઢીની ભાવનાત્મક વિચારધારા તેમના મિલેનિયમ માતા-પિતા અથવા પરંપરાગત ખરીદનાર કરતાં અલગ હોય છે. આથી ડેટાના સહારે એનું વિભાજન કરી તે મુજબની કૅમ્પેઇન બને તે મહત્ત્વનું છે. આવા કૅમ્પેઇન દ્વારા લોકો સુધી પહોંચવું જરૂરી છે પણ તેના કરતાં વધુ જરૂરી છે સુસંગતતા પર ધ્યાન કેન્દ્રિત કરવું...


સૌથી અસરકારક રક્ષા બંધનના કૅમ્પેઇન તમને બધા મીડિયામાં સમાન દેખાશે. બધાં પ્લૅટફૉર્મ પર સમાન મેસેજ બ્રાન્ડને યાદ રાખવામાં મદદ કરે છે. આથી અલગ મીડિયામાં અલગ મેસેજ બનાવવા કરતાં એક જ મેસેજ બધા મીડિયા માટે બનાવો. સમય ભલે બદલાઈ રહ્યો છે પણ અમુક સંબંધો અને તેની પાછળની ભાવના હજુ પણ અકબંધ છે. આથી આવા ઉત્સવોમાં વેચાણ કઈ રીતે થશે તેના કરતાં સંબંધોની ભાવના પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. વેચાણ મહત્ત્વપૂર્ણ છે પણ આવા ભાવનાત્મક તહેવારો દરમિયાન બ્રાન્ડિંગને મુખ્ય સ્થાન આપવું જોઈએ. લોકો સાથે સંબંધ બંધાશે તો બ્રાન્ડ લોકોના દિલોદિમાગમાં રહેશે તો વેચાણ આપોઆપ થશે. આથી, આવા ઉત્સવો બ્રાન્ડ બિલ્ડિંગ માટે મહત્ત્વનો અવસર પૂરો પાડે છે.

આમ રક્ષાબંધન એ ભાવનાત્મક જાહેરાતો માટેનો ઉત્તમ સમય છે, કારણ કે તે તમામ વયના લોકો, ભૌગોલિક વિસ્તારો અને વિવિધ વર્ગોમાં સમાન રીતે પ્રચલિત છે. વર્ષના આ સમયગાળા દરમિયાન સફળ બ્રાન્ડ્સ માત્ર ઉત્પાદનનો પ્રચાર કરવાને બદલે લોકોની લાગણીઓ સાથે તાદાત્મ્ય સાધે છે. તે બધા જાણે છે કે ગ્રાહક કોઈ ઉત્પાદન કે ખાસ ડીલને બદલે પોતાના સંબંધો અને મૂલ્યોનું પ્રતિબિંબ જોવા માગે છે. ■

# ઈમરાન ઈમાનદાર...: આમ કહી મિયાંદાદ રડી પડ્યો

નવી દિલ્હીઃ પાકિસ્તાનની અદિયાલા જેલમાં ત્રણ વર્ષથી બંધ ભૂતપૂર્વ કેપ્ટન અને વડા પ્રધાન ઇમરાન ખાનને યાદ કરીને પૂર્વ ક્રિકેટર જાવેદ મિયાંદાદ રડી પડ્યા હતા. મિયાંદાદ અને ઇમરાન ખાન લાંબા સમય સુધી સાથે ક્રિકેટ રમ્યા હતા. ઇમરાન અને મિયાંદાદે પાકિસ્તાનની ૧૯૯૨ની વર્લ્ડ કપ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી ઇમરાન ખાન પાકિસ્તાની રાજકારણમાં સક્રિય થયા. તેમણે ૨૦૧૮ થી ૨૦૨૨ સુધી વડા પ્રધાન તરીકે સેવા આપી હતી, પરંતુ ભ્રષ્ટાચારના આરોપમાં ૨૦૨૩માં જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.

જાવેદ મિયાંદાદ તેમના ભૂતપૂર્વ સાથી ઇમરાન ખાનની જેલની સજા વિશે વાત કરતા રડી પડ્યા અને તેમની મુક્તિ માટે સરકારને અપીલ કરી અને કહ્યું કે ભૂતપૂર્વ વડા પ્રધાન એક ઈમાનદાર વ્યક્તિ છે. ઘણાં વર્ષો સુધી ઇમરાન સાથે ડ્રેસિંગ રૂમ શેર કરનારા અને પાકિસ્તાનના ૧૯૯૨ના વર્લ્ડ કપ વિજયી અભિયાનનો ભાગ રહેલા મિયાંદાદે કહ્યું કે તેમના માટે એમ સમજવું મુશ્કેલ છે કે તેમના ભૂતપૂર્વ કેપ્ટન હજુ પણ જેલમાં છે. ૭૩ વર્ષીય ઇમરાન ભ્રષ્ટાચારના કેસોમાં દોષિત ઠેરવ્યા બાદ ૨૦૨૩ થી રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ છે. તેમની સતત અટકાયત અને આરોગ્યની ચિંતાઓને કારણે તેમના પરિવાર અને ઘણા ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરો તરફથી ટીકા થઈ છે. મિયાંદાદે એક મુલાકાતમાં કહ્યું કે ''તે એક પ્રામાણિક વ્યક્તિ છે. તે ભ્રષ્ટાચારમાં




સામેલ વ્યક્તિ નથી, નહીં તો તેણે ઘણું બધું કર્યું હોત. જો તમે તેને બહાર જવા દો તો શું થશે? શું તે કોઈને ખાઈ જશે કે નુકસાન પહોંચાડશે? તે પણ કોઈનો દીકરો છે. હું હંમેશાં વિચારું છું કે તે શું કરી રહ્યો હશે. તેમણે પોતાના ભૂતપૂર્વ સાથી ખેલાડી વિશે વાત કરતા ભાવુક થઈ ગયા હતા.

મિયાંદાદે કહ્યું કે ઇમરાન વિશે તેમનું મૂલ્યાંકન પાકિસ્તાન અને કાઉન્ટી ક્રિકેટ માટે સાથે રમતા વર્ષો પર આધારિત હતું. ભૂતપૂર્વ બેટ્સમેને લાંબા સમયથી ચાલી આવતી ધારણાને પણ નકારી કાઢી હતી કે તે અને ઇમરાન હરીફ હતા. તેમણે કહ્યું કે તેમના ક્યારેક ક્યારેક થતા મતભેદોને પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરતી વખતે તેમના સામાન્ય હેતુ સાથે ભેળસેળ ન કરવી જોઈએ. અમારી વચ્ચે કોઈ દુશ્મનાવટ નહોતી.

તેમણે કહ્યું કે બંને જ્યારે પણ મેદાનમાં ઉતર્યા ત્યારે હંમેશાં પાકિસ્તાનને પ્રથમ સ્થાન આપ્યું હતું અને વર્તમાન પરિસ્થિતિમાં સામેલ લોકોને સાથે બેસીને ઉકેલ શોધવા વિનંતી કરી હતી. અમારા ગમે તેટલા મતભેદો હોય, અમે પાકિસ્તાન માટે રમ્યા હતા. ■

### કૅપ્ટનપદેથી હટાવાયા પછી સૂર્યા સતત વિચારતો રહ્યો કે,

# 'આવું કેવી રીતે બની શકે?'



નવી દિલ્હીઃ ભારતને ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નું ટાઈટલ જીતાડનાર કેપ્ટન સૂર્યકુમાર યાદવને ટૂર્નામેન્ટ પછી તરત જ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. પસંદગીકારોનો આ નિર્ણય સૂર્યકુમાર યાદવ માટે આઘાતજનક હતો. તેણે જુલાઈ ૨૦૨૪માં ટીમ ઈન્ડિયાની ટી-૨૦ કેપ્ટનશીપ સંભાળી હતી. ત્યારથી તેની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમ એક પણ ટી-૨૦ સીરિઝ હાર્યું નહોતું અને ટીમે એશિયા કપ અને ટી-૨૦ વર્લ્ડ કપ પણ જીત્યો છે. આમ છતાં પસંદગીકારોએ ઇંગ્લેન્ડ અને આયરલેન્ડના પ્રવાસ માટે સૂર્યકુમાર યાદવને હટાવીને તેના સ્થાન પર શ્રેયસ ઐયરને નવો કેપ્ટન બનાવ્યો હતો.

ટીમમાંથી બહાર કર્યા પછી સૂર્યકુમાર યાદવે પહેલી વાર પોતાનું મૌન તોડ્યું છે. તેણે ખુલાસો કર્યો કે જ્યારે તેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો ત્યારે તેણે શરૂઆતમાં તેને સ્વીકારવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ધીમે ધીમે તેના મનમાં એક જ સવાલ ઊઠવા લાગ્યો કે આખરે તેની સાથે આમ કેવી રીતે થઈ શકે છે અને એ વાત કેવી રીતે શક્ય બની? આકાશ ચોપરા સાથેની વાતચીતમાં સૂર્યકુમારે કહ્યું કે જ્યારે ટીમની જાહેરાત કરવામાં આવી અને તેનું નામ તેમાં સામેલ ન થયું, ત્યારે તેમની પહેલી પ્રતિક્રિયામાં હસવા લાગ્યો હતો અને દબાણ કે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ તેઓ હસીને પોતાને શાંત રાખવાનો પ્રયાસ કરે છે.

સૂર્યકુમારે કહ્યું હતું કે, ''હું થોડો નિરાશ થયો, કારણ કે તમે બે વર્ષમાં એક પણ શ્રેણી હાર્યા નથી. તમે વર્લ્ડ કપ અને એશિયા કપ જીત્યા છો. પછી તમે ઇચ્છો છો કે તે આગળ પણ યથાવત્ રહે, જ્યારે બધું બરાબર ચાલી રહ્યું હતું ત્યારે આ ફેરફાર કેમ? પરિવર્તનનું કારણ શું હતું? મારા મનમાં એ જ વાત ચાલતી રહી હતી.'' તેણે કહ્યું કે ટીમમાંથી બહાર થયા પછી તેઓ લગભગ દોઢ મહિના સુધી ઘરે રહ્યો અને આ સવાલ પર વિચાર કરતો રહ્યો.

વધુમાં ભૂતપૂર્વ ભારતીય કેપ્ટને કહ્યું કે ''હું વિચારી રહ્યો હતો, 'આ કેવી રીતે બની શકે છે? આ સંભવ કેવી રીતે શક્ય છે? અમે હમણાં જ વર્લ્ડ કપ જીત્યા છે. હા આઈપીએલ મારી ઇચ્છા મુજબ સારી રહી નહોતી. અમે ઘરે બેઠા હતા. મિત્રો આવ્યા, પરિવાર આવ્યો.' બધાએ કહ્યું કે બધું ઠીક છે, તે જીવનનો ભાગ હતો, પરંતુ જ્યારે બધા ઘરેથી નીકળી ગયા, ત્યારે તમે ઘરે એકલા પડી ગયા. આ તે સમય હતો જ્યારે વર્લ્ડ કપ વિજેતા કેપ્ટનને પહેલી વાર પોતાના ભવિષ્ય વિશે ફરીથી વિચાર કરવાનો હતો.''

સૂર્યકુમારે એ પણ ખુલાસો કર્યો કે પસંદગી સમિતિએ ટીમની જાહેરાતના લગભગ બે કે ત્રણ દિવસ પહેલા તેમનો સંપર્ક કર્યો હતો. તેમને પહેલાથી જ જાણ કરવામાં આવી હતી કે તેનું નામ ઇંગ્લેન્ડ સામેની શ્રેણી માટે પસંદ કરાયેલી ટીમમાં સામેલ કરવામાં આવશે નહીં. ■

# ભારતને મોટો ફટકો, ઈજાને કારણે એશિયન ગેમ્સમાંથી નીરજ ચોપડા બહાર



નવી દિલ્હીઃ ભારતના બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપડાએ શનિવારે જાહેરાત કરી હતી કે પ્રેક્ટિસ દરમિયાન તેના પગની ઘૂંટીના લિગામેન્ટમાં ઈજા થઈ છે, જેના કારણે તે આગામી એશિયન ગેમ્સમાંથી બહાર થઈ ગયો છે.

ચોપડાએ સોશ્યલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે લુસાને ડાયમંડ લીગમાં તેમનો સીઝન-શ્રેષ્ઠ થ્રો કર્યા પઠી તરત જ તેમને આ ઈજા થઈ હતી. તેણે કહ્યું કે ઘણી મહેનત પછી મને લાગી રહ્યું હતું કે હું આખરે તે લય હાંસલ કરી રહ્યો છું, જેને હું શોધી રહ્યો હતો અને લુસાનેમાં મે સીઝનનું મારુ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

વધુમાં નીરજે કહ્યું કે ''દુર્ભાગ્યથી પ્રેક્ટિસ દરમિયાન થોડા સમય પછી મારા પગની ઘૂંટીના લિગામેન્ટમાં ઈજા પહોંચી છે. મારા ડોક્ટર અને ટીમ સાથે સલાહ લીધા પછી અમે નિર્ણય લીધો છે કે હું આ સીઝનમાં વધુ ટૂનામેન્ટમાં રમીશ નહીં. આ નિરાશાજનક છે, કારણ કે મને લાગ્યું કે હું મારી લય શોધવાની નજીક છું. ઉતાર-ચઢાવ જીવનનો એક ભાગ છે.''

તેણે કહ્યું કે હવે મારું ધ્યાન સંપૂર્ણપણે ફિટ થવા અને પહેલા કરતા વધુ મજબૂત રીતે પાછા ફરવા પર છે. આ સીઝનમાંથી ચોપડા બહાર થવાનો અર્થ એ પણ છે કે તે ડાયમંડ લીગ ફાઇનલ્સ ગુમાવશે, જેના માટે તે ક્વોલિફાય થયો હતો. ■

### ઈંગ્લૅન્ડ સિરીઝ પડતી મૂકવાની ચર્ચા વિશે પાકિસ્તાની ક્રિકેટ કૉચ કહે છે કે,

# મને કશી ખબર નહોતી

લંડનઃ પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન અને મુખ્ય કોચ સરફરાઝ અહેમદે એ વાતનો ઇનકાર કર્યો છે કે તેમને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) તરફથી બીજી ટેસ્ટ દરમિયાન ઇંગ્લેન્ડ પ્રવાસ સમાપ્ત કરવાની ધમકી આપવા અંગેની કોઈ જાણકારી નહોતી. આ ધમકી ત્યારે આપવામાં આવી હતી જ્યારે ઇમરાન ખાનના દીકરાઓ સાથે 'સ્કાય સ્પોર્ટ્સ'નો ઇન્ટરવ્યૂ પ્રસારિત કરવામાં આવી રહ્યો હતો. 'સ્કાય સ્પોર્ટ્સ'એ અહીં લોર્ડ્સમાં બીજી ટેસ્ટના પ્રથમ દિવસે લંચ દરમિયાન ઈમરાન ખાનના દીકરાઓ સુલેમાન ખાન અને કાસિમ ખાનનો ઇન્ટરવ્યૂ પ્રસારિત કર્યો હતો. આ ઇન્ટરવ્યૂ બ્રોડકાસ્ટર અને ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન માઇકલ આથર્ટને લીધો હતો.

ઇન્ટરવ્યૂમાં ઇમરાનના દીકરાઓએ પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટનના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેઓએ કહ્યું હતું કે તેઓને તેમના પિતાના જીવને લઈને ડર છે. ઇમરાન ખાન છેલ્લા ત્રણ વર્ષથી જેલમાં છે. પાકિસ્તાન માટે ડિસેમ્બર ૨૦૨૩માં અંતિમ મેચ રમનાર ૩૯ વર્ષીય સરફરાઝે બીજા દિવસની રમત સમાપ્ત થયા પછી કહ્યું કે તેઓને આવી કોઈપણ ઘટનાની જાણકારી નથી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે પીસીબી અને ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) વચ્ચે થયેલી વાતચીત અને સમગ્ર મામલા વિશે કોઈ જાણકારી છે તો સરફરાઝે કહ્યું, ''મને આ વિશે કંઈ ખબર નથી. હું ફક્ત મેચ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છું.'' સરફરાઝને એમ પણ પૂછવામાં આવ્યું કે શું લંચ પછી પાકિસ્તાની ખેલાડીઓ મેદાનમાં ઉતરવાના નહોતા તે અંગે કોઈ માહિતી છે. જેના જવાબમાં તેણે કહ્યું કે, ''ના, ના. શું તમે ઇન્ટરવ્યૂ વિશે વાત કરી રહ્યા છો? અમને ઇન્ટરવ્યૂ વિશે પણ ખબર નથી.'' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ખેલાડીઓ મેદાનમાં ઉતરવાના હતા ત્યારે સરફરાઝે કહ્યું, ''અમે તે સમયે લંચ કરી રહ્યા હતા. ઇન્ટરવ્યૂ પ્રસારિત થયા પછી પીસીબીએ સ્કાય સ્પોર્ટ્સ સામે ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી.'' ■

# ભારત જીતે ત્યારે ગૌતમ ગંભીર મીડિયા સામે આવે, પણ હારે ત્યારે બીજાને મોકલેઃ સદગોપન રમેશ

નવી દિલ્હીઃ ગુરુવારે ભારત કોલંબોમાં શ્રીલંકા સામેની છેલ્લી ટેસ્ટ ન જીતી શક્યું અને એ મેચ ડ્રોમાં જતાં ભારતે શ્રેણીમાં માત્ર ૧-૦ના વિજયથી સંતોષ માની લેવો પડ્યો અને એની વિપરીત અસર વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબલ્યૂટીસી)માં ભારતના રૅન્કિંગ પર પડી એને પગલે ભૂતપૂર્વ ભારતીય ઓપનિંગ બૅટ્સમૅન સદગોપન રમેશ ખાસ કરીને હેડ કોચ ગૌતમ ગંભીરના અભિગમ વિશે નારાજ છે.

સદગોપન રમેશ તમિળનાડુનો છે. તે ૫૦ વર્ષનો છે અને ભારત વતી તે ૧૯ ટેસ્ટ તેમ જ ૨૪ વન-ડે રમ્યો હતો. એસ. રમેશનું માનવું છે કે ભારતીય ટીમ જ્યારે જીતે ત્યારે ગૌતમ ગંભીર મીડિયા સમક્ષ હાજર થઈ જતો હોય છે, પરંતુ ભારત જ્યારે હારે ત્યારે તે પત્રકારોની સામે આવવાનું ટાળે છે.

ગૌતમ ગંભીરે શ્રીલંકા સામેની તાજેતરની સિરીઝની ગોલ ખાતેની પ્રથમ ટેસ્ટ જીત્યા બાદ મીડિયા સમક્ષ કહ્યું હતું કે 'મારા માટે રૅન્કિંગ મહત્ત્વનું છે જ નહીં. ભારતીય ટેસ્ટ ટીમ પરિવર્તન કાળમાંથી પસાર થઈ રહી છે અને એ બાબતથી પ્રેસ બોક્સમાં તેમ જ કોમેન્ટરી બોક્સમાં બેઠેલાઓ સારી રીતે જાણતા જ હશે એવી મને ખાતરી છે.' જોકે હવે જ્યારે ભારત કોલંબોની ટેસ્ટ ખાસ કરીને બન્ને દાવમાં સેન્ચુરી કરનાર સોનાલ દિનુશાની લડાયક ઈનિંગ્સને લીધે ન જીતી શક્યું અને ભારતીય ટીમ શ્રીલંકાનો ૨-૦થી વાઇટવૉશ ન કરી શકી એને પગલે એસ. રમેશે ગૌતમ ગંભીર પર ટીકાનો વરસાદ વરસાવ્યો છે. ગોલમાં ભારત સિરીઝની પહેલી ટેસ્ટ જીતી ગયું ત્યાર પછી ગંભીર પત્રકારો સામે આવ્યો હતો.

એસ. રમેશે એક ઇન્ટરવ્યૂમાં વધુમાં કહ્યું છે કે 'આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે ભારત જીતે ત્યારે ગંભીર પ્રેસ કોન્ફરન્સમાં આવી જાય છે, નહીં તો તે ટીમના કોઈને કોઈ ખેલાડીને કે કોચિંગ સ્ટાફના મેમ્બરને પત્રકારોનો સામનો કરવા માટે મોકલી દે છે.' રમેશે એવું પણ કહ્યું છે કે 'ગંભીર માને છે કે તેના માટે આઈસીસી રૅન્કિંગનું ખાસ કોઈ મહત્ત્વ નથી. જોકે હાલમાં ભારત પાંચમા સ્થાને છે તો શું કોઈ ખાતરીથી કહી શકશે કે ડબલ્યૂટીસીની વર્તમાન સીઝનની ફાઈનલમાં ભારત પહોંચશે જ? ગંભીરે થોડા દિવસ પહેલાં કહ્યું હતું કે ભારતીય ટીમ ટેસ્ટ ક્રિકેટમાં સંઘર્ષ નથી કરી રહી. હકીકતમાં, આખી દુનિયા જાણે છે કે ટેસ્ટમાં ભારતીય ટીમ હાલમાં ખૂબ સંઘર્ષના માર્ગે છે.

૨૦૨૪ માં ગૌતમ ગંભીર હેડ કોચ બન્યો ત્યાર પછી ભારતે ન્યૂ ઝીલેન્ડ તથા સાઉથ આફ્રિકા સામે વાઈટવૉશની નામોશી જોવી પડી હતી અને ઑસ્ટ્રેલિયામાં ભારતીયો ૧-૩થી હારી ગયા હતા. જોકે ગંભીરના શાસનમાં ઇંગ્લેન્ડ સામે ભારત ટેસ્ટ સિરીઝ ૨-૨થી ડ્રો કરાવી શકી હતી અને તાજેતરમાં શ્રીલંકા સામે ભારતે ૧-૦થી વિજય મેળવ્યો હતો. ■

### મહિલા જૂનિયર એશિયા કપ હૉકીઃ

# પ્રથમ મૅચમાં ભારતનો મુકાબલો સાઉથ કોરિયા સાથે

નવી દિલ્હીઃ મિડફિલ્ડર ખૈદેમ શિલેમા ચાનુના નેતૃત્વમાં ભારતીય મહિલા હોકી ટીમ ૪ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ચીનના મોકીમાં યોજાનાર એએચએફ મહિલા જૂનિયર એશિયા કપમાં દક્ષિણ કોરિયા સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. નવા કોચ ટિમ વ્હાઇટના નેતૃત્વમાં ૧૮ સભ્યોની ટીમે ટૂર્નામેન્ટ માટે સારી તૈયારી કરી છે. તેના ભાગ રૂપે ભારતીય ટીમે આ વર્ષે બ્રિટનનો પણ પ્રવાસ કર્યો હતો. ભારતને આ ટૂર્નામેન્ટ માટે યજમાન ચીન, જાપાન, દક્ષિણ કોરિયા અને મલેશિયા સાથે એલિટ પૂલમાં મૂકવામાં આવ્યું છે. વ્હાઇટે કહ્યું હતું કે, ''ટીમ એશિયા કપમાં રમવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. અમારી તૈયારી સારી રહી છે, જેમાં ભારત-એ ટીમ સામેની મહત્ત્વપૂર્ણ મેચોનો સમાવેશ થાય છે, જે ચાર મેચ માટે બેંગલુરુ આવી હતી. અમને અમારી રણનીતિમાં વિશ્વાસ છે. અમે એશિયાની શ્રેષ્ઠ ટીમો સામે તેનો ટેસ્ટ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ.'' જૂનિયર એશિયા કપમાં દક્ષિણ કોરિયાનો સામનો કર્યા પછી ભારત ૬ સપ્ટેમ્બરે મલેશિયા, ૮ સપ્ટેમ્બરે જાપાન અને ૯ સપ્ટેમ્બરે યજમાન ચીન સામે ટકરાશે. ■

# ઇશાનભાઇ નહોતા જાણતા કે હું વિકેટ-ટેકિંગ બૉલર છુંઃ સૂર્યવંશી



નવી દિલ્હીઃ ભારતીય યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ દુલીપ ટ્રોફી ક્વાર્ટર ફાઇનલમાં પોતાની ટીમના એકમાત્ર ઈનિંગમાં બેટિંગમાં ખાસ યોગદાન આપ્યું નહોતું, પરંતુ તેણે બોલિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું અને બે વિકેટો ઝડપી હતી. જેના કારણે નોર્થ ઝોને નોર્થ ઈસ્ટ ઝોનને એક દાવ અને ૨૧૦ રનથી હરાવ્યું હતું.

નોર્થ ઝોનની પ્રથમ ઈનિંગમાં તમામની નજર યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી પર હતી, પરંતુ ડાબા હાથના બેટ્સમેને ફક્ત આઠ રન કર્યા હતા. આ પછી નોર્થ ઝોને ૪૬૭ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. આ સ્કોર મેચ પર પ્રભુત્વ મેળવવા માટે પૂરતો હતો, પરંતુ જ્યારે નોર્થ ઈસ્ટ ઝોનની બેટ્સમેનોની સારી બેટિંગ જોઈને નોર્થ ઝોનના કેપ્ટન ઇશાન કિશને સૂર્યવંશીને બોલિંગ માટે બોલાવ્યો હતો.

બીસીસીઆઈએ શેર કરેલા એક વીડિયોમાં વૈભવ સૂર્યવંશીએ કહ્યું કે ''જો તમે કોઈપણ બેટ્સમેનને પૂછો તો તેને બોલિંગ કરવાનું પસંદ છે અને બોલરને બેટિંગ કરવાનું પસંદ છે. બંનેને ખરેખર એકબીજાની ભૂમિકા ભજવવાનો આનંદ આવે છે.''

નોર્થઈસ્ટ ઝોનની બીજી ઇનિંગમાં ત્રણ ઓવરમાં ૧૧ રન આપીને બે વિકેટ લેનારા સૂર્યવંશીએ કહ્યું હતું કે, ''વિરોધી ટીમ વિકેટ ગુમાવી રહી ન હતી અને મને બે કે ત્રણ ઓવર ફેંકવાનું કહેવામાં આવ્યું. ઈશાન ભાઈને લાગ્યું કે મને બોલિંગ કરવી ઓછી પસંદ છે, પરંતુ તેમને ખબર નહોતી કે હું વિકેટ ટૅકિંગ બોલર છું.''

સૂર્યવંશીએ કિશન લિંગદોહ (૨૫) અને ઈમ્લીવતી લેમટૂર (૪)ને આઉટ કર્યા હતા. તેમણે કહ્યું કે જરૂર પડે ત્યારે વિકેટ લેવા કરતાં બેટ્સમેન માટે વધુ સંતોષકારક કંઈ નથી. મારા મનમાં એક જ વાત હતી કે જો હું અહીં પાંચ વિકેટ લઉં તો પણ મારે ફક્ત ત્રણ ઓવર ફેંકવાની છે. તેથી મેં મારું શ્રેષ્ઠ બોલિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો. રવિવારથી અહીં શરૂ થનારી દુલીપ ટ્રોફીની પ્રથમ સેમિફાઇનલમાં ઈસ્ટ ઝોન હવે ડિફેન્ડિંગ ચેમ્પિયન સેન્ટ્રલ ઝોનનો સામનો કરશે. ■

# આજે મહિલા એશિયા કપમાં ટીમ ઈન્ડિયાની થાઈલેન્ડ સામે ટક્કર

દુબઈઃ ભારતીય મહિલા ક્રિકેટ ટીમ રવિવારે મહિલા એશિયા કપ ટી-૨૦માં થાઇલેન્ડ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. હરમનપ્રીત કૌરની ટીમને ખરાબ ફોર્મ અને સાતત્યના પડકારોનો સામનો કરવો પડશે. ભારત છેલ્લા એક દાયકાથી એશિયા કપમાં પ્રભુત્વ ધરાવે છે, પરંતુ આ વખતે ટીમનો સૌથી મોટો પડકાર તેનું ફોર્મ અને પ્રદર્શન પાછું મેળવવાનો રહેશે. ભારતે ૨૦૧૬-૧૭ થી રમાયેલી પાંચ સીઝનમાં ત્રણ વખત ટી-૨૦ એશિયા કપ જીત્યો છે. આઠ ટીમોના મહિલા ટી-૨૦ એશિયા કપ પછી જ્યાં ભારતને થાઇલેન્ડ, હોંગકોંગ અને પાકિસ્તાન સાથે ગ્રુપ-એમાં રાખવામાં આવ્યું છે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમ રવિવારે મહિલા એશિયા કપ ટી-૨૦માં થાઇલેન્ડ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. ભારત છેલ્લા એક દાયકાથી એશિયા કપમાં પ્રભુત્વ ધરાવે છે, પરંતુ આ વખતે ટીમનો સૌથી મોટો પડકાર તેનું ફોર્મ રહેશે. જોકે, વર્તમાન ફોર્મ ટીમ માટે ચિંતાનું કારણ છે. ભારત આ વર્ષે રમાયેલી ૧૬ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાંથી નવ હારી ગયું છે. આ ટૂર્નામેન્ટ કેપ્ટન હરમનપ્રીત કૌર માટે વ્યક્તિગત સ્તરે પણ મહત્ત્વપૂર્ણ છે. ટી-૨૦ ક્રિકેટમાં તેના ફોર્મ અને ભવિષ્ય અંગે સવાલો ઉભા થયા છે. ભારત એશિયા કપ પછી આવતા મહિને એશિયન ગેમ્સના પડકારનો પણ સામનો કરશે તેથી ટીમ મેનેજમેન્ટ ઇચ્છશે કે કેપ્ટન સહિત મુખ્ય ખેલાડીઓ ટૂર્નામેન્ટમાં તેમનું શ્રેષ્ઠ ફોર્મ પરત મેળવે. ભારતને એશિયા કપમાં સ્ટાર બેટ્સમેન જેમિમાહ રોડ્રિગ્સની ખોટ સાલશે. તે આ ટૂર્નામેન્ટ અને એશિયન ગેમ્સમાંથી બહાર થઈ ગઈ છે. પ્રતિભાશાળી બેટ્સમેન પ્રતિકા રાવલને તેના સ્થાને ટીમમાં સામેલ કરવામાં આવી છે. સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા ઓપનિંગમાં બેટિંગ કરશે.

ભારતીય ટીમની સ્પિન બોલિંગનું નેતૃત્વ અનુભવી ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા કરશે. તેમની સાથે શ્રી ચારણી, રાધા યાદવ અને પ્રેમા રાવત સ્પિન બોલિંગની જવાબદારી સંભાળશે. અનુભવી રેણુકા સિંહ ઠાકુર ઝડપી બોલિંગમાં ભારતની મુખ્ય બોલર હશે. ક્રાંતિ ગૌડ, અરુંધતી રેડ્ડી અને નંદિની શર્મા વિકલ્પો તરીકે ઉપલબ્ધ છે.

ભારતીય ટીમ માટે ફિલ્ડિંગ લાંબા સમયથી ચિંતાનો વિષય રહ્યો છે. ભારત થાઇલેન્ડ સામે મજબૂત કોમ્બિનેશન ઉતારી શકે છે. ■

# આજથી દુલીપ ટ્રોફીની સેમિફાઈનલ

## નોર્થ સામે સાઉથ ઝોન, સેન્ટ્રલ સામે ઈસ્ટ ઝોન ટકરાશે

બેંગલુરુ : ડિફેન્ડિંગ ચેમ્પિયન સેન્ટ્રલ ઝોન દુલીપ ટ્રોફી સેમિફાઇનલમાં શાનદાર ફોર્મમાં રહેલી ટીમ ઈસ્ટ ઝોનનો સામનો કરશે. ઈસ્ટ ઝોનની ટીમ કેપ્ટન ઈશાન કિશન અને વૈભવ સૂર્યવંશીની વિસ્ફોટક બેટિંગ પર આધાર રાખશે. ક્વાર્ટર ફાઇનલમાં નોર્થ ઝોનને એક ઇનિંગ્સ અને ૨૧૦ રનથી હરાવ્યા બાદ ઈસ્ટ ઝોન શાનદાર ફોર્મમાં છે. બીજી તરફ, રજત પાટીદારની કેપ્ટનશિપ હેઠળની સેન્ટ્રલ ઝોન તેના મજબૂત બોલિંગ આક્રમણના દમ પર ટાઇટલ રેસમાં આગળ વધવાના ઇરાદા સાથે મેદાનમાં ઉતરશે.

દરમિયાન નોર્થ ઝોન અને ગયા વર્ષની રનર્સ-અપ ટીમ સાઉથ ઝોન સામે ટકરાશે. રજત પાટીદાર ફરી એકવાર ઈસ્ટ ઝોનનો વિજયરથ રોકવાનો પ્રયાસ કરશે. સેન્ટ્રલ ઝોને સેમિફાઇનલમાં સીધો પ્રવેશ મેળવ્યો છે. ટીમમાં રિંકુ સિંહ જેવા મજબૂત મધ્યમ ક્રમના બેટ્સમેન છે, જ્યારે સારાંશ જૈન અને હર્ષ દુબેની સ્પિન જોડી વિરોધી બેટ્સમેન માટે પડકાર ઊભો કરી શકે છે. યશ ઠાકુર અને ઝીશાન અંસારી ઝડપી બોલિંગની જવાબદારી સંભાળશે.

બીજી સેમિફાઇનલમાં નોર્થ ઝોનનો સામનો તિલક વર્માની કેપ્ટનશિપ હેઠળના સાઉથ ઝોનનો સામનો કરશે. નોર્થ ઝોન તેની છેલ્લી મેચમાં વેસ્ટ ઝોનને બાવન રનથી હરાવીને અહીં પહોંચી છે. ડાબોડી સ્પિનર આબિદ મુશ્તાક તે રોમાંચક જીતનો હીરો હતો. બેટિંગમાં વાઈસ કેપ્ટન આયુષ બદોનીએ બંને ઇનિંગ્સમાં અડધી સદી ફટકારીને ટીમને મજબૂત બનાવી હતી.

જોકે, રણજી ટ્રોફી સીઝનમાં ૯૦૦ થી વધુ રન બનાવનાર સનત સાંગવાન યશ ઢુલનું સ્થાન લઈ શકે છે, જે ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહ્યો છે. બોલિંગમાં ગુરનૂર બરારને પણ સુનીલ કુમારની જગ્યાએ પ્લેઇંગ ઇલેવનમાં સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. ■

# શૂટઆઉટમાં બેલ્જિયમ સામે હાર્યું ભારત, હોકી વર્લ્ડકપમાં આઠમા સ્થાન પર રહ્યું

વોવરે (બેલ્જિયમ) : ભારતીય પુરુષ હોકી ટીમને એફઆઈએચ વર્લ્ડ કપના સહ-યજમાન બેલ્જિયમ સામે સાતમા/આઠમા સ્થાનની ક્વોલિફિકેશન મેચમાં શૂટઆઉટમાં ૩-૪થી હારનો સામનો કરવો પડ્યો હતો. નિર્ધારિત સમયમાં બંને ટીમો ૩-૩થી બરાબરી પર હતી, પરંતુ શૂટઆઉટમાં બેલ્જિયમનો વિજય થયો, જેના કારણે ભારત એફઆઈએચ હોકી વર્લ્ડ કપમાં આઠમા સ્થાને રહ્યું હતું. શૂટઆઉટમાં ભારત તરફથી શિલાનંદ લાકડા, દિલપ્રીત સિંહ અને અભિષેકે ગોલ કર્યા હતા, પરંતુ તે ટીમની જીત માટે પૂરતું ન હતું. બેલ્જિયમ તરફથી રોમેન ડુવેકોટ, હ્યુગો લાબૂશે અને નિકોલસ ડી કેરપેલે ગોલ કર્યા હતા.

ભારત તરફથી કેપ્ટન હરમનપ્રીત સિંહે અંતિમ વ્હિસલ વાગે તેના માત્ર ૨૬ સેકન્ડ પહેલા પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યો હતો જેનાથી મેચ શૂટઆઉટમાં પહોંચી ગઈ હતી. આ વર્લ્ડ કપમાં હરમનપ્રીતનો આઠમો ગોલ હતો. જોકે, બેલ્જિયમે શૂટઆઉટમાં દબાણને વધુ સારી રીતે સંભાળ્યું અને ૪-૩થી જીત મેળવી હતી.

ભારતે મેચની આક્રમક શરૂઆત કરી અને છઠ્ઠી મિનિટમાં અભિષેકના ગોલથી લીડ મેળવી હતી. અભિષેકનો શોટ બેલ્જિયન ગોલકીપરના પેડ પર ટકરાયો અને ડિફ્લેક્શન મારફતે ગોલ કર્યો હતો. ત્યારબાદ બેલ્જિયમે સતત દબાણ કર્યું. શરૂઆતના ક્વાર્ટરમાં તેમને ત્રણ પેનલ્ટી કોર્નર મળ્યા પરંતુ ભારતીય ગોલકીપર સૂરજ કરકેરાએ શાનદાર બચાવ કર્યો. જોકે, ૧૧મી મિનિટમાં ભારતને મોટો આંચકો લાગ્યો. કેપ્ટન હરમનપ્રીતને યલો કાર્ડ આપવામાં આવ્યું.

બીજા ક્વાર્ટરમાં મેચનું પરિણામ બદલાઈ ગયું. રોમન ડુવેકોટે ૨૨મી મિનિટે સ્કોર બરાબર કર્યો હતો. બીજી જ મિનિટે હ્યુગો લાબુશેરે પેનલ્ટી કોર્નરથી શાનદાર ડ્રેગ-ફ્લિક કરીને બેલ્જિયમને ૨-૧ની લીડ અપાવી હતી. ભારતે ત્રીજા ક્વાર્ટરની શાનદાર શરૂઆત કરી હતી. બ્રેક પછી પેનલ્ટી કોર્નરથી હરમનપ્રીતે ડ્રેગ-ફ્લિકથી ગોલ કરીને સ્કોર ૨-૨ કર્યો. ત્યારબાદ ભારતીય ટીમ લીડ લેવાની નજીક પહોંચી ગઈ હતી.

ચોથા ક્વાર્ટરમાં ભારતની સમસ્યાઓ વધુ ખરાબ થઈ હતી. મનપ્રીત સિંહને લાબૂશેરના એક શોટથી બોલ ચહેરા પર વાગ્યો અને તેને મેદાન છોડીને જવું પડ્યું. તેની ઈજાએ ભારતીય ટીમ માટે ચિંતા વધારી દીધી, જોકે તે પાછળથી શૂટઆઉટ દરમિયાન પાછો ફર્યો. તેના થોડા સમય પછી નિકોલસ ડી કાર્પેલે બેલ્જિયમનો ત્રીજો ગોલ કર્યો. વીડિયો અમ્પાયર સમીક્ષા પછી ગોલ માન્ય જાહેર કરવામાં આવ્યો, જેનાથી બેલ્જિયમ ૩-૨ થી આગળ થઈ ગયું. ભારત પાસે હવે રમવા માટે થોડી મિનિટો બાકી હતી. ભારતે છેલ્લી ત્રણ મિનિટ માટે પોતાના ગોલકીપરને હટાવીને એક વધારાના ફિલ્ડ ખેલાડીને મેદાનમાં ઉતાર્યો અને આક્રમક રમત રમી. ટીમને અંતિમ વ્હિસલ વાગે તેના ૨૬ સેકન્ડ પહેલા જ્યારે ભારતને પેનલ્ટી કોર્નર મળ્યો ત્યારે તેનું ફળ મળ્યું. કેપ્ટન હરમનપ્રીત સિંહે ફરી એકવાર બોલને નેટમાં નાખીને સ્કોર ૩-૩ કર્યો હતો. પરંતુ શૂટઆઉટમાં બેલ્જિયમનો વિજય થયો હતો. ■

## ૫. અંગત

**''મરણ નોંધ''- ''પ્રાર્થનાસભા'' - ''શ્રદ્ધાંજલી''**
''પબ્લીક નોટીસની'' જાહેરાતો ''Reasonable Rateથી'' ''ઘરબેઠા'' ''Whatsapp મોકલાવો'' - 9920694381. (૫૫૧/સી)

## ૬. પરચુરણ

'ગાય પાળો ગાય બચાવો'
પોતાની ગાય પાળવા માટે આદર્શ વ્યવસ્થા
COW HOSTEL
સંપર્ક: ગૌ વસુંધરા 9819186694
(બી-૧૭૯૮૫)

## ૯. લગ્ન સંબંધી

■ મુલુન્ડની માસ્ટર્સ કન્યા 1979 NRI આવકાર્ય રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૯૫૯)

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન **8879576963.** (દહેજ નહીં.). (૧૩૫૪-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કોસબાડ દહાણુ**
**કુદરતનાં ખોળે ડુંગરની ટોચે, શ્રી મલ્લીનાથ જૈન તીર્થમાં સેવા, પૂજા, દર્શન માટે પધારો. ચૈત્યપરિપાટી, ગ્રૂપો માટે ધર્મશાળા, ભોજનશાળાની સુંદર વ્યવસ્થા ઉપરાંત તીર્થમાં સિદ્ધચક્ર પૂજન 50 વ્યક્તિઓનાં બપોરનાં જમણવાર સાથે ફક્ત ₹ 28500/- નકરામાં ભણાવવાની ઉત્તમ તક. બુકિંગ - વિગત માટે: પૂનમબેન 9226297975/ સેજલબેન 9820119529. (એસડીબી-૩૫૦૨)**

## ૧૪. નોકરી ખાલી છે

**આવક વધારો**
(વય: 25 - 65), પાર્ટ/ ફુલટાઈમ, આકર્ષક આવકની સંધી, તાલીમ/ સંપૂર્ણ માર્ગદર્શન:- 9920062154. (૧૩૫૧-એ)

REQUIRED LADY FOR OFFice Clerical Work (Fresher). Person from Dombivali to Ghatkopar & Digha to Airoli / Pawne should apply. Meet Matangi Trading Corpn - 3 A/ B, Phalaj Kunj, Shivaji Path, Thane (W) - 400601. (B-18034)

## ૧૭. જગ્યા આપવી છે

■ ફ્લેટ વેચવાનો છે. વિલેપાર્લા (ઈ) મુંબઈ માલવીયા રોડ ઉપર એક હોલ, કિચન, બાથરૂમ, ટોયલેટ રૂમ, ૨૨૦ સ્કે.ફિટ કારપેટ. સંપર્ક: ૯૮૨૫૦૩૩૪૭૪. (બી-૧૮૦૩૯)

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Mobile: 9870155993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Mobile: 9820809477
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Mobile: 8369834661
Tel: 40032511
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

## ૧૭. જગ્યા આપવી છે

■ વેચવાનો છે. ફ્લેટ 3 BHK 280 સ્કે. યાર્ડનો જૈન દેરાસરની બાજુમાં જૈનનગર પાલડી, અમદાવાદ. 9825006468. (બી-૧૮૦૪૧)

**મલાડ(વેસ્ટ)**
2 બેડરૂમ ફ્લેટ્સ OC સાથે નરસીંગ લેન, ગોરસવાડી, G + 12 ટાવરમાં રેડી પઝેશન 621' કાર્પેટ, ભવ્ય એન્ટ્રન્સ લોબી, 10 ફૂટ સીલિંગ હાઈટ, જિમ, ચિલ્ડ્રન પ્લે એરિયા, સીસીટીવી, ડિજિટલ લોક. જૈન મંદિર, હવેલી સ્ટેશનથી નજીક. વાસ્તુશાસ્ત્ર મુજબ, રિઝર્વ પાર્કિંગ. માત્ર 2 ફ્લેટસ બાકી. સંપર્ક: 9920501051. (જેપી/૪૫૭૭-ડી)

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુ સ્કીમ**
**4 બેડરૂમ- 6500', ફુલ ફ્લોર, 4 પાર્કિંગ (48 Crore):- 8007342828. (૧૩૫૦-બી)**

**કિંગ્સ સર્કલ: કર્મક્ષેત્ર:**
ઉપરનો માળ: ફર્નિશ્ડ 2 BHK + સ્ટડી/ પૂજા રૂમ: ૩ બાથરૂમ ૮૫૦' કાર્પેટ: રિઝર્વ્ડ પાર્કિંગ. ભાડું 1.30 લાખ. 9773033507. (૧૩૩૭-ડી)

**અંધેરી (પૂર્વ)**
શેરે પંજાબ: ઓનરશીપ 2 BHK 600' કાર્પેટ, લિફ્ટ, પાઈપ ગેસ, 24 કલાક સિક્યોરિટી, રોકાણ માટે આદર્શ, NO OC, 1.40 કરોડ, નેગ. 9820094585. (૧૩૩૭-સી)

**ઘાટકોપર (ઈ) વન ગાર્ડન એવેન્યૂ (રાજેશ)**
સાઇટ: ગાર્ડન એવેન્યૂ લેન, ઓફ ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ)
2/3 BHK : 775 | 1077 | 1186 4/5 BHK : 1556 | 1584 | 2274
- ગ્રાઉંડ + ૩ પોડિયમ + ૧૬ રેસિડેન્શિયલ ફ્લોર
- પ્લોટ ફેસિંગ ૧-એકર ઓપન ગાર્ડન સ્પેસ
- ૩, ૪, ૫ BHK પ્રીમિયમ અપાર્ટમેંટ્સ
- દરેક ફ્લેટ ૩-સાઇડ ઓપન
- વાહન માટે ટુ-વે રેમ્પ
- એક્સક્લુસિવ લેન્ડસ્કેપ્ડ એમેનિટી પોડિયમ
- ફિટનેસ સેંટર, વોકિંગ અને જોગિંગ ટ્રેક
- ૧૦' ફ્લોર ટુ ફ્લોર હાઈટ
- દરેક લિવિંગ રૂમમાં બાલ્કની
- ૧૦૦% સરફેસ કાર પાર્કિંગ
- ૩ હાઇ-સ્પીડ મોડર્ન લિફ્ટ
- ડેડીકેટેડ યોગા અને મેડીટેશન ઝોન
- સ્વિમિંગ પૂલ અને પ્લે એરિયા
- સીનિયર સિટિઝન કોર્નર

**ઘાટકોપર (ઈ) "ધ મેન્શન" (રંભા) માર્ચ ૨૦૨૭ કબજો**
લીફ્ટ શરૂ થઈ ગઈ છે. સેમ્પલ ફ્લેટ રેડી
સાઇટ: ખોખાણી લેન, ઓફ ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ)
3 BHK : 939 | 1011 | 1141 4 BHK : 1343 | 1428 | 2399
DNK : 98212 38408 / 98198 48956
MahaRERA Registration No.: PR1180002600907 | MahaRERA Registration No.: P51800080426
(કેપી-૨૫૪૦-એ)

**દેવલાલી**
**ફક્ત 39 લાખમાં, ૨ બેડરૂમનાં ફ્લેટો, પઝેશન ટૂંક સમયમાં, મહારેરા રજીસ્ટર્ડ પ્રોજેક્ટ, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર, જુજ ફ્લેટો બાકી. સોલ એજન્ટ: પરેશ રાયચંદ ધરમસી - 9930803959, 9930106054. (૧૩૦૫-ઈ)**

**VIP માટે જ**
બોરીવલી વેસ્ટ, ઓફ એસવી રોડ, PRE-લોંચ ભાવથી, લકઝરીયા ટાવરમાં+: બાલ્કની સાથે+ 50 માળ+ 50 લકઝરીયસ એમિનીટીઝ 3 બેડરૂમ વેચાણથી 1500' કારપેટ 4 બેડરૂમ વેચાણથી 2500' કારપેટ MG Realtors 9867441569 - 8104289360 - 9820964062. (જેપી/ ૪૫૭૭-બી)

**જુહુસ્કીમ**
**૨ બેડરૂમનો વિશાળ ફર્નિશ્ડ ફ્લેટ, અલગ સર્વન્ટ બાથરૂમ. અંદાજે ૧૦૦૦ ફૂટ ૫મે માળે, લીફ્ટ. ૧ પાર્કિંગ. જમનાબાઈ સ્કૂલ અને દેરાસર પાસે વેચવાનો છે. સંપર્ક: 9892168687. (એસડીબી-૩૫૦૬)**

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૩૪૭-જી)

તમારા રિલેટિવ્સ અને ફ્રેન્ડ્સ કરતા પણ સારો ફ્લેટ લેવો છે?
બોરીવલીમાં કાંદિવલીમાં?
પ્રીમિયમ મોટા ફ્લેટ જોડી ફ્લેટ્સ
3 કરોડ થી 30 કરોડના બજેટમાં
ખાતરી પૂર્વક 30 દિવસમાં
ફ્લેટ ખરીદો / વેચો
ફક્ત અમારી પાસેજ બેસ્ટ ફ્લેટ છે
ચેક કરો ફોલો કરો ઈન્સ્ટાગ્રામ @RAJSONIREALTY
આજેજ રાજ સોની ને કોલ કરો 73040 62862
(૧૩૫૩-સી)

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 705 ચો. ફુટ અને 3 BHK, 951 ચો. ફૂટ ફ્લેટ સાથે 2 સરફેસ પાર્કિંગ 2-વે રેમ્પ પોડિયમ પર. વાલજી લધા રોડ. ફિટ-આઉટ રેડી પઝેશન. સંપર્ક- 9930333456 (P51800055546). (૧૩૫૭-એ)

**ખાર (વેસ્ટ)**
લક્ષ્મીનગર સોસાયટી - માત્ર ગુજરાતીઓ માટે - ૨ બેડરૂમ એરીયા ૮૬૫' કારપેટ, ૩ બાથરૂમ સાથે, ૩ બેડરૂમ એરીયા ૧૧૫૦' કારપેટ, તદ્દન નવા બિલ્ડિંગમાં, વ્યવસ્થિત પાર્કિંગ, જીમ, એરકન્ડીશન્ડ લોબી, તુરંત વેચવાના. ઓનર:- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૮૦૦૩)

**સાઉથ મુંબઈ**
૧ થી ૪ બેડરૂમના ફ્લેટ તથા ઓફિસ / લેવા / વેચવા / ભાડેથી, આપના બજેટ મુજબ કિરણ શાહ - 9820085979. (બી-૧૮૦૦૫)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી પ્રાઈમ લોકેશનમાં પ્રતિષ્ઠિત બિલ્ડર, ગુજરાતી એરીયામાં ટૂંક સમયમાં આવનાર, હાઈરાઈઝ ટાવરમાં, મેટ્રો/સ્ટેશન નજીક, ૧/૨ બેડરૂમ, હોલ, કિચન, ૨ બાથરૂમ, ૪૨૫ કારપેટથી શરૂ. ૧.૧૫ કરોડની રેન્જમાં, માર્કેટ, દેરાસર, ઉપાશ્રય નજીક, ઈઝી પેમેન્ટ સ્કીમ, પંખા, એસી, વૉશિંગ મશીન, એકઝોસ્ટ ફેન, ગીઝર, વિડીયોડોર લોક, એકવાગાર્ડ, જીમ, બેન્કવેટ હોલ. કૌશલ મહેતા: ૯૩૨૩૮૭૧૯૩૩. (૧૨૬૬-એફ)**

**પ્રીમીયમ કોમ્પલેક્ષ**
**રેડી / બંધાતામાં / ભાડેથી. ઘાટકોપર (ઈસ્ટ) 2/ 2.5/ 3/ 4 બેડરૂમનાં ફ્લેટો, Adani, Aaradhya One Earth / Park, Tanishka Vikrant, Silver, Savvy. ચિંતનભાઈ - 9321234567. (૧૨૮૮-ઈ)**

**સાયન: જૈન સોસાયટી**
રો હાઉસ ગ્રાઉન્ડ ૧ માળ. ગાર્ડન વ્યૂ: 2200: ૪ બેડરૂમ 1200'+ વરંડા 160'+ 600' ટેરેસ, પાર્કિંગ- દેરાસર પાસે- ફર્નિશ્ડ.: 4.11 કરોડ. ઓનર કમલેશ દોશી: 9820588840. (૧૩૩૭-એ)

■ **સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

LONAVALA
TUNGARLI, PRIME LOCATION
5 BHK
READY POSSESSION INDEPENDENT BUNGALOW
BEST GATED COMPLEX
Magnificent Hill View, Club House, Swimming pool, Land Scape Garden, Gym, Cafeteria, Tight Security.
4.50cr Negotiable
Cont: Shraddha 98335 33806
(B-18012)

**જુહુ**
**10મો રોડ, ઓ.સી. સાથે તૈયાર 1750 કાર્પેટ એપરોક્ષ, 4 બેડરૂમ, અનટચ, 3 પાર્કિંગ સાથે, વેસ્ટ ઓપન વ્યૂ, અમેનીટીઝ સાથેનું બિલ્ડીંગ, 11.25 કરોડ. જીમિત ગણાત્રા - 9820377358. (૧૩૨૬-એ)**

**જુહુ સ્કીમ**
**10મો રોડ, પ્રતિષ્ઠિત ડેવલપર, બંધાતામાં 1 માળ 1 ફ્લેટ, પ્રીમિયમ 4/5 બેડરૂમ 2800 કાર્પેટ, અથવા પેન્ટ હાઉસ, અપરોક્ષ 5500 કાર્પેટ. જીમિત ગણાત્રા - 9820377358. (૧૩૨૬-સી)**

**બાંદ્રા / ખાર / શાંતાક્રુઝ**
૩/૪ બેડરૂમના એપાર્ટમેન્ટ લકઝુરીયસ પ્રોજેક્ટમાં, ગ્રીનરીવ્યુ, ઓ. સી. સાથે ફોન:- ''બીગ ડીલ રિયાલિટી'' 'પ્રેમ બત્રા' ૯૮૨૦૦૬૫૭૫૭ / 'બીપીન' ૯૮૨૦૦૪૭૭૭૩. (બી-૧૭૯૦૪)

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન/ દેરાસર નજીક એમિનિટીઝવાળા ટાવરમાં ૪ બેડરૂમ ૧૫૬૭' રેરા કાર્પેટ રેડી પઝેશનથી ૫,૬૫,૦૦,૦૦૦/- ઓલ ઈન્કલુઝિવ વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૩૪૫૯)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન/ મેટ્રો નજીક અપકમિંગ પ્રોજેક્ટમાં ભૂમિપૂજન પહેલા ૨/૩ બેડરૂમના હાયરફ્લોરના ૧૧' ફુટની હાઈટવાળા, મોટા ફ્લેટો (ફક્ત ૫,૦૦,૦૦૦/- ટોકન આપીને) બુકિંગ કરાવો. ભરત પારેખ 9920675286. (એસડીબી-૩૪૫૮)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન / દેરાસર પાસે એમિનિટિઝવાળા ટાવરમાં ૨ /૨.૫/ ૩.૫ બેડરૂમનાં ફ્લેટો રેડી પઝેશનમાં વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૩૪૭૧)**

**RAHEJA BORIVALI**
ભાડેથી - 1 BHK, સેમી ફર્નિશ્ડ, રેડી પઝેશન, Raheja Estate, 32,000/ 100,000 Ram Raheja - 9821438220. (૫૫૨/બી)

**ANDHERI PARK ALTEZA**
**Upper Juhu D. N. Nagar 3 BHK 1100' sqft ready to move in spacious flat price (4,65,00,000/-). Parth: 98205 25127. (SDB-3475)**

**DADAR (WEST)**
**1 Bedroom - 1.90 Cr+ / 1.5 Bedroom - 2.25 Cr+ / 2 Bedroom - 3 Cr+; Podium Parking. Shops 300' to 3000' & Flats available. Skylight Builders: 8591154628. (1351-D)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

વસઈ
ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી
રૂષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૪૫૦)

**ભીવંડી**
વેચાણથી/ ભાડેથી, પ્રાઈમ લોકેશનમાં, હાયવે ટચ, કલીઅર ટાઈટલ પ્રોજેક્ટમાં પ્રી-લીઝ વેરહાઉસ. લેવા નિલેશ અરોરા- 9717198987. ( 7 થી 7.50% રીટર્ન). (૧૩૫૨-એ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલી (વેસ્ટ)**
''મોદી આરકેડ'' સ્ટેશન તથા એસ. વી. રોડથી ફક્ત એક મિનિટ, નવા બંધાતા કમર્શિયલ બિલ્ડિંગમાં 238 થી 744 Sqft ની ઓફિસો પાર્કિંગ સાથે જોવા તથા નોંધાવા આજે જ સંપર્ક કરો ''કલ્પેશભાઈ'' 9821307161. (જેપી/ ૪૫૭૩-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**આર્કિટેક્ટ ઓફિસ**
જોઈએ 500' - 700' ઓફિસ રેસીડેન્સી લોઅર પરેલ ઈસ્ટ, પરેલ, દાદર પારસી કોલોની 1,00,000 ભાડે. 9819569698. (૧૩૪૬-એફ)

**જુહુમાં ઓફિસ**
વેચાણથી 400' થી 900' મીઠીબાઈ કોલેજની સામે, પવન હંસ/ સીવ્યૂ, 2 કરોડ ઓનવર્ડ સાઇટ: 9820964062. (જેપી/૪૫૭૭-સી)

**વિલેપાર્લે (ઈસ્ટમાં)**
સ્ટેશનની નજીક પાર્લે ઈન્ટરનેશનલ હોટલની સામે શોપ-245', અગ્રવાલ માર્કેટ, શ્યામકમલ બિલ્ડિંગમાં આઉટરાઈટથી આપવાનો:- 9819445558. (૧૩૩૨-ઈ)

SANTACRUZ (W)
S.V. ROAD
PRE LEASED PROPERTY FOR SALE
ROI: 6 %
TENANT: A+ GARMENT RETAILER, BASEMENT OFFICE, COMMERCIAL PASS WITH OC.
CARPET AREA: 1900.
ASKING 6.25 CR NEGOTIABLE
SHRADDHA SINGH 98335 33806
(B-18011)

**DADAR (WEST)**
**Shops / Offices from 250' to 3000' available 14 Ft Height, Washroom Attached, Prime Location. Skylight:- 8591154628. (1351-F)**

**CHURCHGATE**
**One Office for Sale Carpet 230. Rate 60K Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-18029)**

## ૨૧. હોટલ

THE KINARA VILLAGE LONAVALA



DELICIOUS FOOD I HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
Call : 9859639639
www.thekinaravillage.com
(B-17972)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના - 4500/-**
ગણપતિ, નવરાત્રી દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલીયા:- 9820889938. (૧૩૧૮-ઈ)

## ૨૩. મનોરંજન

**ઓરગન (મ્યુઝીક)**
**અંધેરી વિસ્તારમાં પધ્ધતિસર ઓરગન શીખવા માટે સંપર્ક- મનન સોમપુરા 9821044214. (એસડીબી-૩૫૦૭)**

## ૨૭. ઔષધ ઉપચાર

■ **ઘૂંટણના 5,00,000/- ઓપરેશનના વનસ્પતીનાં ટેબલેટનાં/ કેપસુલનાં/ અર્કનાં ઈલાજના 15,000/-. 9137725086. (બી-૧૭૯૬૩)**

■ **સ્કીન ડીસીસ સોરાયસીસ/ એકઝીમા/ સફેદ દાગ/ ફંગલ- ઈન્ફેકશન જડમૂળથી ઈલાજ. 9137725086 (બી-૧૭૯૬૪)**

■ **''ઓપરેશન વગર'' ગૉલબ્લૅડર/ કીડની સ્ટોન વનસ્પતિનાં અર્કથી પેશાબથી આઉટ. 9137725086. (બી-૧૭૯૮૮)**

■ **''ડાયાબીટીસ'' ''પેનક્રિયાસ'' નેચરલી ઈન્સુલીન ઉત્પન્ન કરશે જ. વનસ્પતિનાં મસાજ અર્કથી ડૉકટર મોબહાની 9137725086. (બી-૧૭૯૫૪)**

■ **''વ્યસન મુક્ત ભારત'' વનસ્પતિનાં અર્કનાં સેવનથી કોઈપણ વ્યસન છોડાવો. 9137725086. (બી-૧૭૯૫૫)**

## ૩૧. નાણાંકીય

■ **''લોન ડિફોલ્ટર્સ'' બેંકથી સેટલમેન્ટ/ ઈન્સ્ટોલમેન્ટ (કોઈપણ મેટર) (વકીલ મારફત). 9137725086 (બી-૧૭૯૫૬)**

## ૩૨. જમીન - મિલકત

■ બોહરા બજાર - ફોર્ટ મકાન પાંચ માલા ૨જો માલો ખાલી. દુકાન ભોંયતળિયે - ટોઈલેટ સાથે ૪૫૦ ફૂટ - ઊંચાઈ ૨૦ ફૂટ મોબાઈલ 8425844327. (૩૫૯)

■ વેચવાનો છે સાણંદ નળસરોવર રોડ પર ગામ-લેખંબા અલટન ગ્રીન નામની પ્લોટિંગમાં 4000 વારના 2 પ્લોટ વેચવાના છે. મકાન સાથેનું આપવાનું છે. NA NOC Clear મળશે. 2 મકાન તૈયાર છે કોઈને ૧ પ્લોટ સાથે ૧ બંગલો જોઈએ તો પણ મળશે. અમદાવાદ. મો. 9825006468. (બી-૧૮૦૪૦)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**હોમ મેડ મીઠાઈઓ**
માવા, ડ્રાયફ્રુટ શુદ્ધ ઘીની મુંબઈમાં મંગાવો: 9274793095/9427577771. (૧૩૨૬-ઈ)

**પાણીની ટાંકીઓ**
મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝ. 9820776583/ 9892298963. (૧૨૪૦-ડી)

**સ્ટેમ્પ ડ્યુટી રજીસ્ટ્રેશન**
**એગ્રીમેન્ટ ફોર સેલ, વિલ, ગિફ્ટ, રિલીસ, સોસાયટી ટ્રાન્સફર, ૨૦૦૧ની સર્ટીફાઈડ વેલ્યુએશન, ટાઈટલ સર્ચ રિપોર્ટ અન્ય પ્રોપર્ટીને લગતા કામો માટે ''કાપડિયા એન્ડ કંપની'' 9833115909/ 28996187. (૧૩૫૫-એ)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

*** શ્રી ચામુંડા જ્યોતિષ ***
**લગ્નમાં રુકાવટ જૂની બીમારી, સંતાન ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન ફેમિલી પ્રોબ્લેમ - 9157999811. કાંદિવલી (વેસ્ટ). ( બી-૧૭૯૯૭)**

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૯૯૨)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# નવી દિલ્હીમાં સીએનજીના ભાવમાં દસ રૂપિયા વધ્યા

નવી દિલ્હી: દેશમાં ફરી એકવાર સીએનજીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા ચાર મહિનામાં સીએનજીના ભાવમાં લગભગ ૧૦ રૂપિયાનો વધારો થઈ ચૂક્યો છે. હવે ૨૯ ઓગસ્ટે ફરી એકવાર સીએનજી મોંઘો થયો છે. જોકે, હાલનો ભાવવધારો મુખ્યત્વે દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની વિસ્તાર સુધી મર્યાદિત છે. જોકે, આંતરરાષ્ટ્રીય બજારમાં કુદરતી ગેસના વધતા ભાવને કારણે મહારાષ્ટ્રમાં પણ આગામી દિવસોમાં ભાવવધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ દ્વારા સીએનજીના ભાવમાં પ્રતિ કિલો ૩.૮૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવા ભાવવધારા બાદ દિલ્હીમાં સીએનજીનો ભાવ વધીને ૮૬.૯૮ રૂપિયા પ્રતિ કિલો થયો છે. જ્યારે નોએડા અને ગાઝિયાબાદમાં સીએનજીનો ભાવ ૯૫.૫૯ રૂપિયા પ્રતિ કિલો, ગુરુગ્રામમાં ૯૨.૦૧ રૂપિયા પ્રતિ કિલો અને મેરઠમાં ૯૫.૪૭ રૂપિયા પ્રતિ કિલો થયો છે. અલગ-અલગ રાજ્યોમાં મૂલ્યવર્ધિત કરના દર અલગ હોવાથી શહેર પ્રમાણે સીએનજીના ભાવમાં તફાવત જોવા મળે છે. ■

# ખડગેની સભાના સ્થળના શુદ્ધિકરણનો વિવાદ: રાહુલની એફઆઈઆરની માગ

નવી દિલ્હી: ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ સહિત સાત રાજ્યોની ચૂંટણી પહેલા કોંગ્રેસે અસ્પૃશ્યતા મુદ્દે ભાજપ અને સંઘ પર નિશાન સાધ્યું છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ઉત્તરાખંડમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની જાહેર સભાવાળી જગ્યાએ કરવામાં આવેલા શુદ્ધિકરણ કાર્યક્રમનો ઉલ્લેખ કરતાં તેને અપરાધ ગણાવ્યો હતો. તેમણે આ કૃત્ય માટે ભાજપ અને આરએસએસની વિચારધારાને જવાબદાર ઠેરવી છે.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે આ એક અપરાધ છે અને વડા પ્રધાન મોદીએ આ મામલે એફઆઇઆર દાખલ કરવાનો આદેશ આપવો જોઇએ. વિપક્ષના નેતાએ કહ્યું કે આ ઘટના ભાજપ-આરએસએસની વિચારસરણી દર્શાવે છે. તેઓ દલિતો પ્રગતિ કરે, સમ્માન સાથે જીવે અને સફળ થાય તેવું ઇચ્છતા નથી.

તેમણે અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે અમે કોંગ્રેસ અધ્યક્ષ માટે ન્યાયની માંગ કરી રહ્યા છીએ. ઉત્તરાખંડમાં કોંગ્રેસ અધ્યક્ષને ન્યાય આપો. ખડગેને ન્યાય મળે તેની ખાતરી કરવાની જવાબદારી કેન્દ્ર અને રાજ્ય સરકારોની છે. ■

# લાલ કિલ્લા બ્લાસ્ટ કેસમાં ચાર્જશીટની નોંધ લીધી કોર્ટે: નવમી સપ્ટેમ્બરે સુનાવણી

નવી દિલ્હી: દિલ્હીની એક ખાસ એનઆઇએ કોર્ટે નવેમ્બર, ૨૦૨૫ના લાલ કિલ્લા વિસ્ફોટ કેસમાં ચાર્જશીટ પર ધ્યાન આપ્યું છે, અને આ કેસ નવમી સપ્ટેમ્બરે સુનાવણી માટે સૂચિબદ્ધ કર્યો છે.દિલ્હીના રાઉઝ અવેન્યુ ખાતેની એક ખાસ એનઆઈએ કોર્ટે શનિવારે નવેમ્બર, ૨૦૨૫ના લાલ કિલ્લા કાર વિસ્ફોટ કેસના સંદર્ભમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઇએ) દ્વારા દાખલ કરાયેલ ચાર્જશીટની નોંધ લીધી હતી.

ખાસ એનઆઇએ ન્યાયાધીશ પ્રશાંત શર્માએ આરોપીઓ સામેની ચાર્જશીટ પર ધ્યાન આપ્યું અને એજન્સીને ફરિયાદ પક્ષના દસ્તાવેજોની નકલો પ્રદાન કરવાનો નિર્દેશ આપ્યો છે. એનઆઇએ એ ૧૧ આરોપી વિરુદ્ધ ૭૫૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં ૫૮૮ સાક્ષીના નામ, ૩૯૫થી વધુ દસ્તાવેજ અને ૨૦૦થી વધુ સામગ્રી એક્ઝિબિટ્સ હતા. ચાર્જશીટમાં ૧૧ આરોપીના નામ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા આરોપીઓમાં આમિર રશીદ મીર, જસીર બિલાલ વાની, ડો. મુઝામિલ શકીલ, ડો. અદીલ અહેમદ રાથેર, ડો. શાહીન સઈદ, મુફ્તી ઇરફાન અહમદ વાગે, સોયાબ, ડો. બિલાલ નસીર મલ્લા અને યાસીર અહમદ ડારનો સમાવેશ થાય છે. ■

## ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો**

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૬ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૭ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ફેડરલના વ્યાજ સ્થિર રાખવાના નિર્ણય અને હોર્મુઝ સ્ટ્રેઇટ ખૂલવાના આશાવાદ વચ્ચે બજારમાં સાવચેતીનો માહોલ રહેશે

મુંબઈ: ભૂરાજકીય ચિંતાઓ, ક્રૂડ ઓઇલના ભાવમાં વધઘટ અને વિદેશી રોકાણકારોની અનિયમિત પ્રવૃત્તિ વચ્ચે સાવચેતીનું માનસ યથાવત રહ્યું હોવાથી ભારતીય શેરબજાર સતત ત્રીજા સપ્તાહે નીચા સ્તરે બંધ રહ્યું છે. ઈરાન અને કતાર વચ્ચેની વાટાઘાટો સંભવિત રીતે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા અને મધ્ય પૂર્વ સંઘર્ષથી ઉદ્‌ભવતા પુરવઠા વિક્ષેપોને હળવો કરવા તરફ દોરી શકે છે. સપ્તાહ દરમિયાન, નિફ્ટી ૭૬.૩૫ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા ઘટ્યો, જ્યારે સેન્સેક્સ ૩૩૦.૯૨ પોઈન્ટ અથવા ૦.૪ ટકા ઘટ્યો હતો.

પશ્ચિમ એશિયા સંઘર્ષના મિશ્ર સંકેતો વચ્ચે બ્રેન્ટ ક્રૂડના ભાવ અઠવાડિયા દરમિયાન લગભગ પાંચ ટકા ઘટીને ૮૮.૨૮ ડોલર પ્રતિ બેરલ પર સ્થિર થયા હતા. એકંદરે ઓગસ્ટના અંતિમ સપ્તાહ દરમિયાન ભારતીય શેરબજારોમાં અસ્થિર અને અનિશ્ચિત ચાલ જોવા મળી હતી. ક્રૂડ ઓઇલના ભાવ, યુએસ-ઈરાન તણાવ, વૈશ્વિક વ્યાજ દરની ચિંતાઓ અને નવા ક્લોઝિંગ ઓક્શન સત્ર (સીએઆર)ની આસપાસના તીવ્ર ફેરફારોએ સેન્ટિમેન્ટને પ્રભાવિત કર્યું હોવાથી સેન્સેક્સ અને નિફ્ટીએ સતત ત્રીજા સાપ્તાહિક ઘટાડા નોંધાવ્યો હતો. જોકે, અસ્થિર ટ્રેડિંગ સપ્તાહ દરમિયાન ભારતીય શેરબજારોએ નોંધપાત્ર સ્થિતિસ્થાપકતા દર્શાવી હતી, સ્થાનિક બોન્ડ યીલ્ડમાં માપેલા વધારા છતાં વ્યાપક બજાર સારી રીતે ટેકો ધરાવતું રહ્યું. ઈરાન પર યુએસ પ્રતિબંધો બજારની અપેક્ષાઓ કરતાં ઓછા રહ્યા, જેના કારણે ક્રૂડ ઓઇલમાં તીવ્ર ઘટાડો થયો અને આયાતી ફુગાવાની ચિંતાઓ હળવી થઈ. ઇંધણ મોરચે આ રાહત, મજબૂત રૂપિયા અને નરમ યુએસ યીલ્ડ સાથે, પશ્ચિમ એશિયાના તણાવ સામે સેન્ટિમેન્ટને રાહત મળી.

સ્થાનિક સ્તરે, આરબીઆઇની ઓગસ્ટ મીટિંગ મિનિટ્સના આક્રમક સ્વરે સ્થાનિક બોન્ડ યીલ્ડ પર ઉપર તરફ દબાણ લાવવાનું ચાલુ રાખ્યું, જ્યારે રોકાણકારો યુએસ વ્યાજ દરોની દિશા અંગે વધુ માર્ગદર્શન માટે ફેડરલ રિઝર્વ અધ્યક્ષ કેવિન વોર્શના જેક્સન હોલ સંબોધન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. લાર્જ કેપ સેગમેન્ટમાં પસંદગીયુક્ત વલણ જોવા મળ્યું, જ્યારે મિડ કેપ અને સ્મોલ કેપ શેરઆંક સારી કમાણી શંભાવના તથા તેમના મોટાભાગે સ્થાનિક ધોરણેના બેઝને કારણે લેવાલીનો સારો ટેકો મળી રહેતા, નબળાઈને પાછળ છોડી ઊંચા મથાળે બંધ રહ્યા હતા.

નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ક્વાર્ટરના પરિણામ મોટેભાગે સંતોષજનક રહ્યા હતા. હવે રોકાણકારોનું ધ્યાન ધીમે ધીમે પ્રવર્તમાન ગ્લોબલ મેક્રો પૃષ્ઠભૂમિને કન્દ્રમાં રાખીને કમાણી વૃદ્ધિની ટકાઉપણાં તરફ ખસેડાઇ રહ્યું છે. ક્ષેત્રીય રીતે, ધાતુઓ કોમોડિટીના ભાવમાં મજબૂતી અને રિયલાઇઝેશનની સંભાવનાઓમાં સુધારો થવાને કારણે આગળ વધી હતી, જ્યારે એનવીડીઆના મજબૂત પરિણામો અને ઉત્સાહી માર્ગદર્શન પછી આઇટીએ સારો દેખાવ કર્યો હતો, જેનાથી એઆઇ-સંબંધિત રોકાણોમાં આશાવાદ મજબૂત થયો હતો. તેનાથી વિપરીત એફએમસીજી શેરો ઇનપુટ-કોસ્ટ ચિંતાઓ વચ્ચે પાછળ રહી ગયા હતા. આગળ જોતાં, રોકાણકારો ફેડરલ ચેરમેનની ટિપ્પણી, યુએસ જોબ ડેટા, બિઝનેસ સેન્ટિમેન્ટ રીડિંગ્સ અને સ્થાનિક જીડીપી ડેટાને નજીકથી ટ્રેક કરશે જેથી વૃદ્ધિ અને ગ્લોબલ ઇન્ટરેસ્ટ રેટની દિશા અંગે વધુ સ્પષ્ટતા મળી શકે. દરમિયાન, જેક્સન હોલ ખાતે ફેડરલના અધ્યક્ષ કેવિન વોર્શે વ્યાજદરો પર કોઈ સંકેત આપ્યો નથી, તેઓ કહે છે કે ફુગાવો ચિંતાજનક છે. વોર્શે કહ્યું કે ફુગાવો ખૂબ ઊંચો રહ્યો છે અને નીતિ નિર્માતાઓએ કિંમતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ફેડ અધ્યક્ષ તરીકેના તેમના ૧૦૦મા દિવસ નિમિત્તે આપેલા ભાષણમાં, વોર્શે કહ્યું કે તેઓ નિર્ણય માટે નહીં, શિસ્ત માટે પ્રતિબદ્ધ છે. તેઓ દલીલ કરે છે કે કેન્દ્રીય બેંકોએ ભવિષ્યના વ્યાજ દરો પર અકાળે પ્રતિબદ્ધતાઓ કરવાનું ટાળવું જોઈએ. તેમણે કહ્યું કે ફુગાવો અમારા બે ટકાના લક્ષ્યથી ઉપર ચાલી રહ્યો છે. તેથી ફેડરલનું મુખ્ય ધ્યાન હાલમાં કિંમતો પર હોવું જોઈએ.

કોર્પોરેટ હલચલમાં દેબલોક ઇન્ડસ્ટ્રીઝ અને તેના મેનેજિંગ ડિરેક્ટર પર સાત વર્ષનો પ્રતિબંધ લાદવા સાથે પેનલ્ટી ફટકારી છે. સેબીએ મેક્સ ફાઇનાન્શિઅલ સર્વિસિસ, મેક્સ લાઇફ અને એક્સિસ ગ્રુપ એન્ટિટીઝ સામેનો રૂ. ૩૯૧૧ કરોડના રોકાણકારોના કથિત નુકસાનને લગતો ખટલો પડતો મૂક્યો છે. યુએસ ક્લાસ-એક્શન ખટલાના અહેવાલો અને સીઇઓ શશિધર જગદીશનના કાર્યકાળની આસપાસ સતત અનિશ્ચિતતાના અહેવાલોને કારણે ગુરુવારે એચડીએફસી બેંક ૨.૨૩ ટકાના કડાકા સાથે બાવન સપ્તાહની નીચી સપાટીએ પટકાયો હતો.

ટેમ્પસેન્સ ઇન્સ્ટ્રુમેન્ટ્સના શેર શુક્રવારે ૧૧૧ ટકાના જોરદાર પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

ગજા ઓલ્ટરનેટીવ એસેટ મેનેજમેન્ટના શેર બુધવારે તેના ઇશ્યૂભાવ સામે ૧૬ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. સનશાઇન પિક્ચર્સના શેર મંગળવારે તેના ઇશ્યૂ ભાવ સામે ૧૦ ટકાના પ્રીમિયમ સાથે અને શંકેશ્વર જ્વેલર્સના શેર ૧૧ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા. દીપા જ્વેલર્સનો ૪૫૯.૭૨ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ પહેલી સપ્ટેમ્બરે ખુલશે અને ત્રીજી સપ્ટેમ્બરે બંધ થશે. ફાર્મ પીસ લિમિટેડનું ભરણું પહેલી સપ્ટેમ્બરે ખુલશે અને ત્રીજી સપ્ટેમ્બરે બંધ થશે. ઈએસડીએસ સોફ્ટવેર સોલ્યુશન અને પલુક ટેક્નોલોજીસનો આઇપીઓ પહેલી સપ્ટેમ્બરના રોજ બંધ થશે. શાંતિ ઇનઓર્ગેનિક્સનો આઇપીઓ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે અને બીજી સપ્ટેમ્બરના રોજ બંધ થશે. પેરામોટર ડિજીટલ ટેકનોલોજી, એરાગન લાઇફ સાયન્સ, આવાડા ઇલેક્ટ્રો, એમપી સ્ટીલ લિમિટેડ, બોન્ફીગ્લીઓલી ટ્રાન્સમિશન, રેંટોમોજો લિમિટેડ સહિતની કંપનીઓએ આઈપીઓ લાવવા સેબી પાસે દસ્તાવેજ જમા કરાવ્યા છે.

# મોટા બિઝનેસ હાઉસ માટે જીએસટી પ્રક્રિયા સરળ બનાવાશે

નવી દિલ્હી: કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં જીએસટી કાઉન્સિલની બેઠક ૧૨ સપ્ટેમ્બરે યોજાવાની છે. જીએસટી કાઉન્સિલની આ બેઠકનો ચર્ચા વિચારણાંનો મુખ્ય વિષય મોટા ઉદ્યોગધંધા માટે નોંધણી સરળ બનાવવાનો રહેશે અને એ સાથે જીએસટી સ્લેબની નવરચના પર પણ ચર્ચા કરવામાં આવશે.

જીએસટી કાઉન્સિલની ૫૭મી બેઠકનું આયોજન નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું છે અને તે પહેલાં ૧૧ સપ્ટેમ્બરે અધિકારીઓની બેઠક યોજાશે, એમ કાઉન્સિલ સચિવાલય દ્વારા પ્રસારિત કરાયેલા ઓફિસ મેમોરેન્ડમમાં જણાવાયું છે.

સીતારમણની અધ્યક્ષતામાં અને રાજ્યોના નાણા પ્રધાનોનો સમાવેશ કરતી કાઉન્સિલ એક વર્ષથી વધુ સમય પછી બેઠક યોજી રહી છે. આ અગાઉ જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠક ત્રીજી અને ચોથી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાઈ હતી, જે દરમિયાન કેન્દ્ર અને રાજ્યોએ માલ અને સેવા કર (જીએસટી) દરો અને સ્લેબના મોટા પુનર્ગઠનનો નિર્ણય લીધો હતો.

# ફંડ ઉદ્યોગમાં ઇક્વિટી એક્સપોઝર ઘટાડી ગોલ્ડ, સિલ્વર ઇટીએફ તરફનો પ્રવાહ

મુંબઇ: લાઇફ સાયકલ ફંડ્સ નિર્ધારિત લક્ષ્ય વર્ષ તરફ આગળ વધવા સાથે ઇક્વિટી એક્સપોઝર ઘટાડી પરંપરાગત વ્યૂહરચનાથી આગળ વધી રહ્યા છે. વિવિધ એસેટ ક્લાસમાં રોકાણ દ્વારા ડાયવર્સિફિકેશન હવે આવા ફંડ્સની મહત્વપૂર્ણ વિશેષતા બની રહ્યું છે. આ વ્યાપક વ્યૂહરચનામાં લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવના માટે ઇક્વિટી, સાપેક્ષ સ્થિરતા માટે ડેટ, જ્યારે અનિશ્ચિત ડાયવર્સિફિકેશન માટે સોનું અને ચાંદીનો સમાવેશ થાય છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ પોર્ટફોલિયોમાં આવકનો વધારાનો સ્રોત અને ડાયવર્સિફિકેશન આપી શકે છે.

આ અભિગમ પાછળનું કારણ સમજવાતા મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર રાજેશ ધીરજલાલ દોશીએ જણાવ્યું કે વિવિધ બજાર અને આર્થિક ચક્રોમાં અલગ-અલગ એસેટ ક્લાસનું પ્રદર્શન બદલાતું રહે છે. ઇક્વિટી, ડેટ અને સોનું દર વર્ષે એકસરખું પ્રદર્શન કરતા નથી. તેથી વિવિધ એસેટ ક્લાસ ધરાવતો પોર્ટફોલિયો અલગ અલગ બજાર પરિસ્થિતિમાં તકોનો લાભ લેવા માટે વધુ સક્ષમ બની શકે છે. જોકે, ડાયવર્સિફિકેશન નુકસાનને સંપૂર્ણપણે દૂર કરતું નથી કે સરળ રિટર્નની ખાતરી આપતું નથી.

ઇક્વિટીમાં પણ ડાયવર્સિફિકેશન શક્ય છે. ૨૦૧૫માં ટોચના પચાસ શેરોનો કુલ માર્કેટ કેપિટલાઇઝેશનમાં હિસ્સો ૫૯.૮૦ ટકા હતો, જે જુલાઈ ૨૦૨૬માં ઘટીને ૪૪.૩૦ ટકા થયો હતો.

# ભરતી પ્રક્રિયામાં ૮૬ ટકા કંપનીઓ એઆઇનો આધાર લે છે

મુંબઈ: આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ભરતીમાં વધુને વધુ પગપેસારો કરી રહ્યું છે, ૮૬ ટકા નોકરી આપનારા કંપની કે બિઝનેસના માલિકો કૌશલ્ય પર વધતા ધ્યાન વચ્ચે ભરતી પ્રક્રિયામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને અપનાવી રહ્યા છે, એમ ગુરુવારે એક રિપોર્ટમાં જણાવાયું છે.ડેલોઇટ ઇન્ડિયાના કેમ્પસ વર્કફોર્સ ટ્રેન્ડ્સ ૨૦૨૬ અનુસાર, ભારતનો કેમ્પસ ભરતીનો લેન્ડસ્કેપ વધુ વ્યૂહાત્મક અને કૌશલ્ય કેન્દ્રિત બની રહ્યો છે, કારણ કે ૮૬ ટકા સંસ્થાઓએ જણાવ્યું હતું કે એઆઇ અથવા એજન્ટિક એઆઇ તેમની ભરતી પ્રક્રિયાઓમાં પરિવર્તન લાવી રહ્યું છે. ડેલોઇટ ઇન્ડિયાનો કેમ્પસ વર્કફોર્સ ટ્રેન્ડ્સ ૨૦૨૬ રિપોર્ટ ૨૫૭ સંસ્થાઓ અને ૫૦૫ કેમ્પસના ક્ષેત્રોના આંતરદૃષ્ટિ પર આધારિત છે. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે નોકરીદાતાઓ કેમ્પસ ભરતી બજેટમાં વધારો કરી રહ્યા છે, ભરતીમાં એઆઇ ને વધુ ઊંડાણપૂર્વક સમાવિષ્ટ કરી રહ્યા છે અને ઇન્ટર્નશિપ-ટુ-હાયર પ્રોગ્રામ્સને મજબૂત બનાવી રહ્યા છે, કારણ કે તેઓ આવશ્યક ડિજિટલ અને વિશ્લેષણાત્મક કુશળતા સાથે પ્રતિભા માટે સ્પર્ધા કરે છે.

# ભારતે ૬૬ ટકા વૃદ્ધિ સાથે આફ્રિકામાં પેટ્રોલિયમ પેદાશોની નિકાસ વધારી

નવી દિલ્હી: અત્યાર સુધી પેટ્રોલિયમ પેદાશોની આયાત માટે અખાતી દેશો પર નિર્ભર ગણાતું ભારત હવે રિફાઇન્ડ ફ્યુઅલના વૈશ્વિક બજારમાં પોતાની મોટી તાકાત બતાવી રહ્યું છે. મધ્ય પૂર્વમાં સપ્લાય રૂટ ખોરવાઈ જવાના કારણે યુએઈ (યુએઇ) અને સાઉદી અરેબિયાનો પુરવઠો ભારે પ્રભાવિત થયો છે. આ સ્થિતિ વચ્ચે પૂર્વ આફ્રિકાના દેશ કેન્યાએ પેટ્રોલ, ડીઝલ અને જેટ ફ્યુઅલ માટે ભારત તરફ વલણ અપનાવ્યું છે. અત્યાર સુધી સરકારી કરારો હેઠળ સાઉદી અરામકો અને એડનોક(અઉગઘઈ) જેવી ખાડી દેશોની કંપનીઓ પાસેથી બળતણ ખરીદતું કેન્યા હવે ભારત પાસેથી મોટા પાયે આયાત કરી રહ્યું છે.

બેલ્જિયમની કોમોડિટી ડેટા એજન્સીના આંકડાઓ અનુસાર, ભારતે કેન્યાને ગેસોલિન, ડીઝલ અને જેટ ફ્યુઅલ મોકલવામાં યુએઈ અને સાઉદી અરેબિયાને પાછળ છોડી દીધા છે. જુલાઈ મહિનામાં આફ્રિકા ખંડમાં ભારતની પેટ્રોલિયમ પેદાશોની નિકાસમાં વાર્ષિક ધોરણે ૬૬ ટકાનો મજબૂત વધારો નોંધાયો છે. યુરોપીયન યુનિયન(ઊઞ) દ્વારા રશિયન ક્રૂડમાંથી રિફાઇન કરાયેલી પ્રોડક્ટ્સ પર મૂકાયેલા પ્રતિબંધો બાદ ભારતીય રિફાઇનરો માટે આફ્રિકન બજારોમાં નવી મોટી તકો ઊભી થઈ છે, જેનો ભારતે પૂરતો લાભ લીધો છે. ભારતની રિફાઇનિંગ ક્ષમતા અને જામનગર કોમ્પ્લેક્સની બદોલત નિકાસ વધી રહી છે. ભારતની આ વૈશ્વિક સફળતા પાછળ દેશની મજબૂત રિફાઇનિંગ ક્ષમતા મુખ્ય કારણ છે. ભારત વિશ્વનો ચોથો સૌથી મોટો ઓઇલ રિફાઇનર અને એશિયાનો બીજો સૌથી મોટો રિફાઇનિંગ દેશ છે. દેશમાં કાર્યરત ૨૨ રિફાઇનરીઓની કુલ ક્ષમતા વાર્ષિક ૨૫૮.૧ મિલિયન ટન છે.

ગુજરાતના જામનગરમાં આવેલું રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું રિફાઇનિંગ કોમ્પ્લેક્સ વિશ્વનું સૌથી મોટું ઓઇલ રિફાઇનિંગ સેન્ટર છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતે ૬૧.૫ મિલિયન ટન પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ કરી હતી. ભારત પોતાની જરૂરિયાતનું નેવું ટકાથી વધુ ખનીજ તેલ આયાત કરીને તેને પ્રોસેસ કરે છે અને પ્રોડક્ટ્સ વિદેશોમાં નિકાસ કરે છે. કેન્યામાં યુએઈથી થતી તેલની આયાત જાન્યુઆરીમાં દરરોજ ૯૦,૦૦૦ બેરલ હતી, જે ઑગસ્ટમાં ઘટીને ૧૫,૦૦૦ બેરલ રહી ગઈ છે.

બીજી તરફ, ગુજરાતના સિક્કા બંદરથી મોટા પ્રમાણમાં પેટ્રોલિયમ સપ્લાય મોમ્બાસા બંદરે પહોંચી રહી છે. વાણિજ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા અનુસાર, જુલાઈ ૨૦૨૬માં કેન્યાને ભારતની કુલ નિકાસમાં ૧૫૧.૪૧ ટકાનો વધારો થયો છે.

# એમએસસીઆઈ ઇન્ડેક્સમાં ચાર ભારતીય કંપનીનો પ્રવેશ, ત્રણની એક્ઝિટ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મોર્ગન સ્ટેનલી કેપિટલ ઈન્ટરનેશનલ શેરઆંકમાં ફરી ફેરફાર થઈ રહ્યો છે અને તેની અસર શેરબજારમાં જોવા મળશે. એમએસસીઆઈ ઇન્ડેક્સમાં અદાણી સહિત ચાર કંપનીની એન્ટ્રીથી લાખો ડોલર ઠલવાશે. જોકે એ જ સાથે કેટલાક શેરોની એક્ઝિટ સાથે આઉટફલો પણ જોવા મળશે, પરંતુ તેનું પ્રમાણ ઈન્ફ્લો કરતા સરખામણીએ ઓછું રહેશે. ગ્લોબલ ઇન્ડેક્સ પ્રોવાઇડર એમએસસીઆઈએ જાહેર કર્યું છે કે તે તેના વ્યાપકપણે ટ્રેક કરાયેલા ગ્લોબલ સ્ટાન્ડર્ડ ઇન્ડેક્સમાં ચાર ભારતીય કંપનીઓનો ઉમેરો કરશે અને એ જ સમયે, ઓગસ્ટ મહિનાની સમીક્ષાના ભાગરૂપે ત્રણ કંપનીઓને દૂર કરશે.

એમએસસીઆઈએ જણાવ્યું હતું કે, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ટ્રેડિંગ બંધ થયા પછી આ ફેરફારો લાગુ કરવામાં આવશે અને પહેલી સપ્ટેમ્બરથી અમલમાં આવશે. ઈન્ડેક્સમાં પ્રવેશ મેળવનારી ભારતીય કંપનીઓમાં લૌરસ લેબ્સ, લેન્સકાર્ટ, અદાણી એનર્જી સોલ્યુશન્સ અને ગ્રોવનો સમાવેશ થાય છે. જ્યારે ઇન્ડેક્સમાંથી બહાર જનારી કંપનીઓમાં બાલકૃષ્ણ ઇન્ડસ્ટ્રીઝ, એસબીઆઇ કાર્ડ્સ અને એસ્ટ્રલનો સમાવેશ છે. આ ફેરફાર બાદ, મુખ્ય એમએસસીઆઈ ઇન્ડેક્સમાં ભારતીય ઘટકોની સંખ્યા ૧૬૫થી વધીને ૧૬૬ સુધી પહોચશે.

નુવામા અલ્ટરનેટિવ અને ક્વોન્ટિટેટિવ રિસર્ચ અનુસાર, ગ્લોબલ સ્ટાન્ડર્ડ ઇન્ડેક્સમાં ભારતનું વેઇટેજ પણ ૧૧.૮ ટકા થી વધીને ૧૧.૯ ટકા થશે. આ સમાવેશથી એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ અને એમએસસીઆઈ બેન્ચમાર્કને અનુસરનારા અન્ય પેસીવ ઇન્વેસ્ટર દ્વારા નોંધપાત્ર ખરીદી થવાની અપેક્ષા છે. નુવામા અલ્ટરનેટિવ અને ક્વોન્ટિટેટિવ રિસર્ચે લૌરસ લેબ્સ માટે લગભગ ૫૯૮ મિલિયન, લેન્સકાર્ટ માટે ૩૫૨ મિલિયન, અદાણી એનર્જી સોલ્યુશન્સ માટે ૩૧૦ મિલિયન અને ગ્રોવ માટે ૨૫૬ મિલિયન ડોલરના સંભવિત આંતર પ્રવાહનો અંદાજ લગાવ્યો છે. તેનાથી વિપરીત, બાલકૃષ્ણ ઇન્ડસ્ટ્રીઝ, એસબીઆઇ કાર્ડ્સ અને એસ્ટ્રલ અનુક્રમે ૧૬૯ મિલિયન ડોલર, ૧૪૩ મિલિયન ડોલર અને ૧૩૮ મિલિયન ડોલરના અંદાજિત પેસીવ આઉટફ્લોનો અંદાજ જાહેર કર્યો છે.

# જીઓ પ્લેટફોર્મને ૩.૮ અબજ ડૉલરના આઇપીઓ માટે સેબીની મંજૂરી

નવી દિલ્હી: રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની ડિજિટલ સર્વિસિસ શાખા જીઓ પ્લેટફોર્મ લિમિટેડને બજાર નિયમનકાર સેબી તરફથી પ્રારંભિક જાહેર ઓફર સાથે આગળ વધવાની મંજૂરી મળી છે જે લગભગ ૩.૮ બિલિયન ડોલર એકત્ર કરી શકે છે. નિયમનકારની વેબસાઇટ પરના અપડેટ અનુસાર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ ૨૮ ઓગસ્ટના રોજ તેના અંતિમ અવલોકનો જારી કર્યા હતા. કંપનીએ જૂનમાં તેના ડ્રાફ્ટ આઇપીઓ પેપર્સ ફાઇલ કર્યા હતા. કંપનીની પેટાકંપની જીઓ પ્લેટફોર્મને ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા તરફથી તેના પ્રસ્તાવિત પ્રારંભિક જાહેર ઓફર માટે ફાઇલ કરાયેલ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ પર અવલોકન પત્ર મળ્યો છે, એમ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડએ એક નિયમનકારી ફાઇલિંગમાં જણાવ્યું હતું.કંપનીના ડ્રાફ્ટ પ્રોસ્પેક્ટસ મુજબ, કંપની ૨૭ કરોડ નવા ઇક્વિટી શેર ઇશ્યૂ કરવાની યોજના ધરાવે છે, જે તેના પોસ્ટ-ઇશ્યૂ ઇક્વિટી બેઝના લગભગ ૨.૯ ટકા જેટલા છે.

# સરકારને યાર્નના વધતા ભાવ નિયંત્રિત કરવા નિકાસકારોની અપીલ

નવી દિલ્હી: એપેરલ નિકાસકારોએ શનિવારે વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલને યાર્નના વધતા ભાવને નિયંત્રિત કરવા માટે પગલાં લેવા વિનંતી કરી હતી, કારણ કે તે ઉદ્યોગની સ્પર્ધાત્મકતાને નુકસાન પહોંચાડી રહ્યું છે. પ્રધાનને લખેલા પત્રમાં એપેરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન એ શક્તિવેલે જણાવ્યું હતું કે પુરવઠા-બાજુના અવરોધોને કારણે કાચા કપાસ અને કપાસના યાર્નના ભાવમાં વધારો થઈ રહ્યો છે.

જિનર્સ સાથે મર્યાદિત સ્ટોક ઉપલબ્ધતા અને ઘટેલા આગમનને કારણે મિલો કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની હરાજી પર વધુને વધુ આધાર રાખી રહી છે. તેમણે કહ્યું કે કપાસનો નોંધપાત્ર જથ્થો ખેડૂતોથી વેપારીઓ તરફ ગયો છે, જે બજારમાં સંગ્રહખોરી અને સટ્ટાકીય પ્રથાઓમાં ફાળો આપે છે. યાર્નના ભાવમાં તીવ્ર વધારો અને ભારતના એપેરલ નિકાસ ઉદ્યોગની સ્પર્ધાત્મકતા પર વધતા દબાણને ધ્યાનમાં રાખીને, કાઉન્સિલે પ્રધાનને કપાસના યાર્ન, ખાસ કરીને ટવેન્ટિ અને તેથી વધુ કાઉન્ટના કપાસના યાર્નની નિકાસને નિયંત્રિત કરવા માટે યોગ્ય પગલાં લેવા વિનંતી કરી છે.

કોટન યાર્નના ભાવમાં લગભગ ૬૦ ટકાનો વધારો થયો છે, જે ૨૦૨૬ની શરૂઆતમાં લગભગ ૨૫૦ રૂપિયા પ્રતિ કિલો હતો તે હાલમાં ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે અને તે વસ્ત્ર ઉત્પાદન મૂલ્ય શૃંખલા પર દબાણ વધારી રહ્યો છે. તેમણે કહ્યું કે અન્ય કાચા માલ અને બળતણના વધતા ખર્ચ પણ પરિસ્થિતિને વધુ ખરાબ કરી રહ્યા છે.

આ પત્રમાં ફોર્સ્ડ લેબર પ્રિવેન્શન એક્ટ હેઠળ ચાઇનીઝ કપાસના ઉપયોગ પર અમેરિકા દ્વારા પ્રતિબંધો લાદવામાં આવ્યા બાદ, બાંગ્લાદેશ અને વિયેતનામ જેવા વસ્ત્ર ઉત્પાદક દેશોમાં ભારતીય કપાસ અને કપાસ યાર્નની નિકાસમાં થઇ રહેલા વધારા પર વધુ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

# ભારતીય ટાયર નિકાસ ૧૬ ટકા વધીને ₹ ૭,૭૦૦ કરોડ સુધી પહોંચી

મુંબઇ: વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ૨૦૨૬-૨૭ના પ્રથમ ક્વાર્ટર દરમિયાન ભારતીય ટાયર નિકાસ વાર્ષિક ધોરણે ૧૬ ટકા વધીને રૂ. ૭,૭૦૦ કરોડ થઈ છે. ઓટોમોટિવ ટાયર મેન્યુફેક્ચરર્સ એસોસિએશનએ જણાવ્યું હતું કે, ભૂ-રાજકીય અનિશ્ચિતતા, સપ્લાય-ચેઇન વિક્ષેપો અને વધેલા ઇનપુટ અને લોજિસ્ટિક્સ ખર્ચ છતાં નિકાસ વધી છે. યુરોપ વૃદ્ધિના મુખ્ય પ્રેરકબળ તરીકે ઉભરી આવ્યું છે, જેમાં પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન આ પ્રદેશમાં ટાયર નિકાસ ૨૫ ટકા વધીને રૂ. ૩,૦૦૩ કરોડ થઈ છે. ભારતની કુલ ટાયર નિકાસમાં આ પ્રદેશનો હિસ્સો લગભગ ૪૦ ટકા હતો. યુનાઇટેડ સ્ટેટ્સ એકમાત્ર સૌથી મોટું નિકાસ સ્થળ રહ્યું, જેમાં ત્રિમાસિક ગાળા દરમિયાન કુલ નિકાસ મૂલ્યમાં ૧૬ ટકા રહ્યું હતું.

નાણાકીય વર્ષ ૨૬ માં ભારતની ટાયર નિકાસમાં યુએસનો હિસ્સો ૧૫ ટકા (વોલ્યુમ) હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૧૭ ટકા હતો.

# સેબીએ ટ્રાફિકસોલ, તેના પ્રમોટરોને એક વર્ષ માટે પ્રતિબંધિત કર્યા: ૧.૦૫ કરોડનો દંડ ફટકાર્યો

નવી દિલ્હી: બજાર નિયમનકાર સેબીએ ટ્રાફિકસોલ આઈટીએસ ટેક્નોલોજીસ લિમિટેડ અને તેના પ્રમોટર-ડિરેક્ટરો જીતેન્દ્ર દાસ અને પૂનમ દાસને કંપનીના આઈપીઓ સંબંધિત ગેરરીતિઓ બદલ એક વર્ષ માટે સિક્યોરિટીઝ માર્કેટમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે અને કુલ ૧.૦૫ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સેબીના અંતિમ આદેશ મુજબ, ટ્રાફિકસોલને ૩૦ લાખ રૂપિયા, જીતેન્દ્ર દાસને ૫૦ લાખ રૂપિયા અને પૂનમ દાસને ૨૫ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે અને નિયમનકારે તેમને ૪૫ દિવસની અંદર દંડ ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં ટ્રાફિકસોલના એસએમઈ આઈપીઓ ૩૪૫.૬૫ વખત સબસ્ક્રાઇબ થયા બાદ સેબી અને બીએસઈ દ્વારા મળેલી ફરિયાદો બાદ કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઇશ્યૂમાં ૬૬-૭૦ રૂપિયાની પ્રાઇસ બેન્ડમાં ૬૪.૧૦ લાખ શેરની નવી ઓફર કરવામાં આવી હતી અને બેન્ડના ઉપરના ભાગમાં ૪૪.૮૭ કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવ્યા હતા.

આઈપીઓમાંથી ૧૭.૭૦ કરોડ રૂપિયાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**NOTICE**

Notice is hereby given that the **Annual General Body Meeting** of the Shareholders of **The Parsee Central Association Co-operative Housing Society Ltd., Mumbai** will be held on Saturday, 19th September, 2026 at 4 p.m. at D. P. Y. A. High School, 656/657, Firdausi Road, Parsi Colony, Dadar East, Mumbai - 400 014.

A. D. Vasaigara
Hon. Secretary


# ભારતીય કંપનીઓના એક્વિઝિશન બમણાં થયાં, પરંતુ તેમાંના ૩૩ ટકા નિષ્ફળ!

મુંબઈ: નાણાકીય વર્ષ ૨૦૧૭થી ભારતીય કંપનીઓ દ્વારા કુલ હસ્તાંતરણ, એક્વિઝિશનની સંખ્યા તો બમણી થઇ ગઇ છે, પરંતુ તેમાંથી ત્રીજા ભાગના ઇચ્છિત પરિણામો મળ્યા નથી, એમ સ્થાનિક રેટિંગ એજન્સી ક્રિસિલે બુધવારે પોતાના રિપોર્ટમાં ભારપૂર્વક જણાવ્યું હતું. રિપોર્ટમાં જણાવ્યું હતું કે કોર્પોરેટ્સ વિવિધ કારણોસર સંપાદનનો વિકલ્પ પસંદ કરે છે, જેમાં વૃદ્ધિને વેગ આપવો, બજારની પહોંચ વધારવી અને ક્ષમતાઓ પ્રાપ્ત કરવી જેવા કારણો સામેલ હોય શામેલ છે. રેટિંગ એજન્સી દ્વારા ગણતરી કરાયેલા સોદાના વોલ્યુમમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે નાણાં વર્ષ ૨૦૧૭થી કુલ વોલ્યુમ બમણાથી વધુ થયા છે. આ વિશ્લેષણમાં ૨૦ ક્ષેત્રોમાં ૫૦૦ કરોડ રૂપિયાથી વધુના ૬૦૦ સોદાઓનો સમાવેશ થાય છે. જોકે, તેમાં નાણાકીય સેવાઓ અને માળખાગત ક્ષેત્રોમાં થયેલા વ્યવહારો અને ખાનગી ઇક્વિટી ફંડ્સ દ્વારા સંચાલિત ઇનબાઉન્ડ સોદાઓનો સમાવેશ થતો નથી. રિપોર્ટમાં જણાવ્યું હતું કે ફાર્મા અને આરોગ્યસંભાળ, એન્ટરપ્રાઇઝ ટેકનોલોજી, એઆઇ અને ગ્રાહક વ્યવસાયો જેવા ક્ષેત્રો ટેકનોલોજી અને બૌદ્ધિક સંપત્તિના અંતરને દૂર કરવા માટે સંપાદનનો ઉપયોગ કરી રહ્યા છે. સિમેન્ટ અને ધાતુઓ જેવા અન્ય સેગમેન્ટમાં એકીકરણનો સમાવેશ થાય છે, જે બાંધકામનો સમય ચાર-છ વર્ષથી ઘટાડીને એક-ત્રણ વર્ષ કરે છે. એજન્સીએ પરિણામના દ્રષ્ટિકોણથી પણ સોદાઓનું મૂલ્યાંકન કર્યુ છે. ૧૦૦ મોટા દેવા-ભંડોળવાળા સોદાઓની સમીક્ષા દર્શાવે છે કે ત્રણમાંથી બે સોદા વ્યાપકપણે અપેક્ષાઓ પૂર્ણ કરે છે. સોદાઓને અસર કરતા મુદ્દાઓમાં એકીકરણ પડકારો ટોચ પર છે, અન્ય મુદ્દાઓમાં નિયમનકારી વિલંબ અને સરહદ પારના અમલીકરણના મુદ્દાઓનો સમાવેશ થાય છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ**

**ડબલિંગ કામ તથા નવી BG લાઈનના સંબંધમાં પરચુરણ સિગ્નલીંગ અને ટેલિકોમ કામો અને ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમના વિવિધ કામો**

ટેન્ડર નં. DY.CSTE/C-1/ADI/2026-27/123

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. **ચીફ સિગ્નલ અને ટેલીકોમ એન્જીનિયર, બાંધકામ, પશ્ચિમ રેલવે, ત્રીજો માળ, "A" વિંગ, નિર્માણ ભવન, DRM ઓફિસ પાસે, GCS હોસ્પિટલની સામે, અમદાવાદ-૩૮૨૩૪૫.** નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **(૧) કામનું નામ:** પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર નલિયા-વાયોર, નલિયા-જખૌ, દેશલપુર-હાજીપુર-લૂના પોર્ટ વચ્ચે નવી BG લાઈન અને ભુજ-આદિપુર સેક્શન વચ્ચે ડબલિંગ કામના સંબંધમાં ભૂજ ખાતે ટાવર વેગન સાઈડિંગ અને નલિયા તથા દેશલપુર સ્ટેશનો ખાતે ડબલિંગ કામ માટે પરચુરણ આઉટડોર સિગ્નલિંગ અને ટેલિકોમ કામ સહિત હાલની HIMA બનાવટની ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI) સિસ્ટમમાં ડિઝાઈન, ફેરફાર, રૂપાંતર, વર્ધન, ઉત્પાદન, સંસ્થાપન, પરીક્ષણ અને કમીશનીંગ કરવાનું કામ. **(૨) કામની અંદાજિત પડતર:** ₹ ૯,૮૬,૭૭,૫૨૩/- (રૂપિયા નવ કરોડ છ્યાસી લાખ સિત્યોતેર હજાર પાંચ સો ત્રેવીસ માત્ર) **(૩) બીડ સિક્યુરિટી :** ₹ ૧૯,૭૩,૬૦૦/- (રૂપિયા ઓગણીસ લાખ તોંત્તેર હજાર છસો માત્ર) **(૪) ટેન્ડર જમા કરાવવાની અને ખુલવાની તારીખ અને સમય:** તા.૧૭-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી ઈ-ટેન્ડર જમા કરાવી શકાશે અને તા.૧૭-૦૯-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ઈ-ટેન્ડર ખોલાશે, **બીડ ખુલવાની તારીખ અને સમય:** તા.૧૭-૦૯-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે **(૫) વેબસાઈટ વિગતો અને નોટીસ બોર્ડ જ્યાં થી ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામુ:** વેબસાઈટ www.ireps.gov.in ડેપ્યુ ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જીનિયર (બાંધકામ)-I, પશ્ચિમ રેલવે, અમદાવાદ (ગુજરાત-૩૮૨૩૪૫), **પૂર્ણ કરવાનો સમયગાળો:** સ્વીકૃતિ પત્ર પ્રાપ્ત થયાની તારીખ થી બાર (૧૨) મહિના.

CPM-063

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### અમિત શાહ અને એકનાથ શિંદે વચ્ચે ઍરપોર્ટ પર ૧૦ મિનિટ ચર્ચા

# શાહે શિંદેને કહ્યું, ‘તમે ચિંતા ન કરો’

મુંબઈઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ શનિવારે મુંબઈની મુલાકાતે આવ્યા હતા. વીર ભવન ખાતે પારિવારિક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ તેઓ દિલ્હી પરત ગયા હતા. અમિત શાહના સ્વાગત માટે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથકે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર સહિત અન્ય નેતાઓ પહોંચ્યા હતા. આ દરમિયાન નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અમિત શાહ વચ્ચે લગભગ ૧૦ મિનિટ સુધી ખાનગી ચર્ચા થઈ હતી.

સૂત્રોએ જણાવ્યા મુજબ, બંને નેતાઓ વચ્ચે રાજ્યની રાજકીય ઘટનાઓ અંગે વાતચીત થઈ હતી. રાજ્યમાં શિવસેનાના મંત્રીઓમાં ચાલી રહેલા અસંતોષના મુદ્દે પણ ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે. આ દરમિયાન અમિત શાહે એકનાથ શિંદેને

(જુઓ પાનું ૪) ▶▶

# સિપ્લાનું લાઈસન્સ રદ કરવાના મુદ્દે હાઈ કોર્ટની એફડીએને ફટકાર

### પગલાંને સરમુખત્યારશાહી ગણાવ્યા બાદ લાઈસન્સ રદ કરવાનો આદેશ પાછો ખેંચાયો

મુંબઈઃ સિપ્લા ફાર્મા એન્ડ લાઇફ સાયન્સ લિમિટેડના પુણે સ્થિત ‘કેરી એન્ડ ફોરવર્ડિંગ’ યુનિટનું ડ્રગ વેચાણ લાઈસન્સ રદ કરવાનો નિર્ણય ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ને બોમ્બે હાઈ કોર્ટની ફટકાર બાદ પાછો ખેંચવાની ફરજ પડી છે. શનિવારે સુનાવણી દરમિયાન હાઈ કોર્ટે એફડીએની કાર્યવાહી સામે સખત નારાજગી વ્યક્ત કરી અને વિભાગના વલણને ‘અતિશય ઉત્સાહી’ તથા ‘સરમુખત્યારશાહી’ ગણાવ્યું હતું. ત્યારબાદ એફડીએએ કોર્ટને જણાવ્યું કે લાઈસન્સ રદ કરવાનો આદેશ તાત્કાલિક પાછો ખેંચવામાં આવશે.

આ મામલો દવા ‘રેક્ટીન પ્લસ’ના પેકેજિંગ પર અનધિકૃત લખાણ અને દવાના સંગ્રહ, ખરીદી

(જુઓ પાનું ૪) ▶▶

# એફડીએની હાઈ કોર્ટે ઝાટકણી કાઢી

### બાંદ્રામાં પાંચ રેસ્ટોરાં ફરી ખોલવાની મંજૂરી આપી

મુંબઈઃ મુંબઈ ક્રિકેટ એસોસિએશનના પરિસરમાં કાર્યરત પાંચ રેસ્ટોરાંના લાઇસન્સ રદ કરવાના પોતાના આદેશને પાછો ખેંચી લેશે એવો ખુલાસો મહારાષ્ટ્ર એફડીએ દ્વારા શનિવારે કરવામાં આવ્યો હતો. બોમ્બે હાઈ કોર્ટે પરિસ્થિતિનો વ્યવહારિક દૃષ્ટિકોણને બદલે બુદ્ધિગમ્ય દેખાવ કરવા બદલ અધિકારીઓ સામે કડક આદેશોની ચેતવણી આપતા એફડીએ દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે.

બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ વિસ્તારમાં સ્થિત રેસ્ટોરાં ૮૮ ટકા ખાદ્ય સુરક્ષા નિયમોનું પાલન કરે છે તેની પુષ્ટિ એફડીએ દ્વારા રજૂ કરાયેલા નવા નિરીક્ષણ અહેવાલ પછી કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘુગે અને ન્યાયમૂર્તિ ગૌતમ અંકડની ખંડપીઠે

(જુઓ પાનું ૪) ▶▶

## નેપાળ મહાપ્રલય

# ભગવાને બચાવ્યા, પાછા આવવાનો આનંદ



નેપાળમાં ફસાયેલા પ્રવાસીઓ શનિવારે મુંબઈ પહોંચ્યા ત્યારે હર્ષ અને લાગણીમય વાતાવરણ સર્જાયું હતું. (અમય ખરાડે)

## નેપાળથી પાછા ફર્યા મહારાષ્ટ્રના પ્રવાસીઓ

મુંબઈઃ આ અઠવાડિયાની શરૂઆતમાં વિનાશક પૂરમાં ફસાયેલા નેપાળથી શનિવારે મુંબઈ પરત ફરેલા મહારાષ્ટ્રના પ્રવાસીઓએ રાહતનો શ્વાસ લીધો, ઘણાએ કહ્યું કે તેમને લાગ્યું કે તેઓ ‘‘ભગવાને બચાવ્યા‘‘ છે. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારનો પણ આભાર માન્યો કે તેઓ સુરક્ષિત રીતે ઘરે પાછા ફરવામાં મદદ કરી રહ્યા છે.

નેપાળ-તિબેટ સરહદ નજીક હિમપ્રપાત બાદ થયેલા હિમપ્રપાતથી પાણી, કાદવ અને કાટમાળના પ્રવાહે શહેરો અને ગામડાઓ ધોવાઈ ગયા, મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓને નુકસાન થયું અને બુધવારે મધ્ય નેપાળમાં હાઇડ્રોપાવર સ્ટેશન ધોવાઈ ગયા.

શનિવારે અચાનક પૂરમાં મૃત્યુઆંક વધીને ૬૬૯ થયો, જ્યારે આપત્તિ બાદ ૨,૦૦૦ થી વધુ લોકો હજુ પણ ગુમ છે.

હિમાલયના રાષ્ટ્રથી આજે સાંજે કુલ ૩૭ પ્રવાસીઓ મુંબઈ પરત ફર્યા. ‘‘અમે ખુશ છીએ કે અમે સુરક્ષિત રીતે પાછા ફર્યા. અમને લાગે છે કે ભગવાને અમને બચાવી

(જુઓ પાનું ૪) ▶▶

## વિદર્ભના ચાર યાત્રાળુ પાછા ફર્યા

નાગપુર : નેપાળમાં આવેલાં અચાનક પૂરનાં પગલે દિવસોની અનિશ્ચિતતા અને ચિંતા પછી ત્રણ મહિલા સહિત વિદર્ભના ચાર યાત્રાળુઓ શનિવારે સવારે નાગપુર હેમખેમ પાછા ફરતા તેમના ચિંતાગ્રસ્ત પરિવાર ટેન્શન મુક્ત થયા હતા.

ચારેય ટુરિસ્ટ ઇન્દિરા ચૌધરી (૬૫), વર્ધાની સુલોચના ખાપ્રે, અને હિંગણઘાટના દીપક પાંડે તેમ જ વર્ષા ઉપાધ્યાય પૂર્વ

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈના યાત્રાળુઓનો સંપર્ક કપાયો, પરિવારજનોની ચિંતા વધી

મુંબઈઃ નેપાળ-તિબેટ સરહદ વિસ્તારમાં આવેલા અચાનક પૂરના કારણે મુંબઈના કૈલાશ માનસરોવર યાત્રાળુઓનાં બે જૂથોનો સંપર્ક તૂટી જતા પરિવારજનોની ચિંતા વધી છે. ડોક્ટર-પર્વતારોહક મિલિંદ ચિતળે અને તેમની પત્ની જાન્હવીના નેતૃત્વમાં ૬૧ સભ્યોનું જૂથ ૨૩ ઓગસ્ટે મુંબઈથી કાઠમંડુ જવા રવાના થયું હતું. પરિવારજનોના જણાવ્યા મુજબ, ૨૫ ઓગસ્ટની સાંજ સુધી તેમની સાથે સંપર્કમાં હતા, પરંતુ ૨૬ ઓગસ્ટે મોકલવામાં આવેલા સંદેશા હજુ સુધી વાંચવામાં આવ્યા નથી. આ જૂથે ૨૬ ઓગસ્ટની વહેલી સવારે તિમુરેથી ચીનની સરહદ તરફ જવાનું હતું અને શનિવારે માનસરોવર પહોંચવાનું આયોજન હતું. જોકે, પૂર પહેલાં તેઓ ચીનમાં પ્રવેશી

(જુઓ પાનું ૪) ▶▶

## કલ્યાણનો ૨૮ વર્ષીય અભિષેક ગુમ

થાણે : નેપાળમાં આવેલાં અચાનક પૂરનાં પગલે મહારાષ્ટ્રના થાણે જિલ્લાના કલ્યાણના ૨૮ વર્ષીય અભિષેક ઘોને ગુમ થયા છે. ટ્રાવેલ બુકિંગ પોર્ટલમાં કામ કરતા અભિષેક ૨૪ ઓગસ્ટે કાઠમંડુ માટે રવાના થયા હતા. મંગળવારે મોડી રાત્રે તેમણે પરિવારને ફોન કરીને બીજા દિવસે વહેલી સવારે કૈલાશ માનસરોવર યાત્રા શરૂ કરવાની માહિતી આપી હતી. ત્યારબાદ નેપાળના રસુવા સહિત મધ્ય વિસ્તારોમાં બુધવારે અચાનક પૂર આવતાં અભિષેકનો પરિવાર સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. અભિષેકના

(જુઓ પાનું ૪) ▶▶

### ત્રણ મહિનાનું કરકસર અભિયાન પૂરું

# મહારાષ્ટ્રના બાબુઓની ફોરેન ટૂર ફરી શરૂ

મુંબઈઃ પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અપીલના પ્રતિભાવમાં રાજ્ય સરકાર દ્વારા અધિકારીઓને વિદેશ પ્રવાસ રદ કરવા અને જાહેર પરિવહનનો ઉપયોગ અને ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા સહિતના કરકસરનાં પગલાં જાહેર કર્યાના ત્રણ મહિના પછી સરકારી બાબુઓના વિદેશ પ્રવાસ ફરી એકવાર શરૂ થયા છે.

મહારાષ્ટ્ર મેરીટાઇમ બોર્ડના ત્રણ અધિકારીઓ જર્મનીના હેમ્બર્ગમાં આંતરરાષ્ટ્રીય દરિયાઇ વેપાર મેળામાં ભાગ લેવા જઈ રહ્યા છે જ્યારે રમત ગમત વિભાગના ચાર અધિકારીઓ યુસીઆઈ સાઇકલ રોડ વર્લ્ડ ચેમ્પિયનશિપ ૨૦૩૨ના

(જુઓ પાનું ૪) ▶▶

### મરાઠી ફરજિયાત

# હાઈ કોર્ટે કાનૂની મામલા પર પડદો પાડી દીધો

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે શનિવારે મહારાષ્ટ્ર સરકારના મરાઠી ભાષાના આદેશ પર રોક મૂકવાની માગણી કરતી ચાર કેબ ડ્રાઈવરોની અરજીનો નિકાલ કર્યો છે. એડિશનલ સરકારી વકીલ જ્યોતિ ચવ્હાણે કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘૂગે અને ન્યાયમૂર્તિ ગૌતમ અંખડની ખંડપીઠને જણાવ્યું હતું કે સરકારે ઑટો રિક્ષા અને ટૅક્સી ડ્રાઇવરોને ભાષા શીખવા માટે આપવામાં આવેલા સમયમાં એક વર્ષ વધારવાનો નિર્ણય કર્યો છે. હાઈ કોર્ટે આ નિવેદન સ્વીકારી અરજીનો નિકાલ કર્યો હતો.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે એક પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કર્યા બાદ સમયમર્યાદા વધારવાની જાહેરાત કરી હતી, જેમાં બિન-મરાઠી ડ્રાઇવરો વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી અટકાવવામાં આવી હતી અને તેમને ભાષા શીખવા માટે વધુ સમય આપવામાં આવ્યો હતો.

એડવોકેટ વિવેક શુક્લા દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (પીઆઈએલ)માં કહેવામાં આવ્યું હતું કે ૧૨ ઑગસ્ટનું સરકારી

(જુઓ પાનું ૪) ▶▶

# મરાઠા આંદોલનકર્તા જરાંગેના ઉપવાસ પર ઉપવાસ....



### ૫૮ લાખ રેકોર્ડના આધારે સર્ટિફિકેટ માટે સરકાર પર દબાણ કર્યું

જરાંગે મુંબઈ આવી શકે એવી શક્યતાઓને ધ્યાનમાં રાખીને શનિવારે મુંબઈના આઝાદ મેદાનને સંપૂર્ણ રીતે ખાલી કરી નાખવામાં આવ્યું હતું અને ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

છત્રપતિ સંભાજી નગરઃ મરાઠા અનામતના આંદોલનકર્તા કાર્યકર્તા મનોજ જરાંગેએ શનિવારે અનિશ્ચિત સમય માટે ફરી એક વાર ભૂખ હડતાળ શરૂ કરી હતી. મહારાષ્ટ્ર સરકાર અગાઉ ઓળખાયેલા ૫૮ લાખ કુણબી રેકોર્ડના આધારે તાત્કાલિક જાતિ સર્ટિફિકેટો જારી કરે એવી માગણી કરી ભારપૂર્વક જણાવ્યું હતું કે સમુદાય વધુ સમય આપશે નહીં.

જાલના જિલ્લાના અંતરવાલી સરાટી ગામમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જરાંગેએ ચેતવણી આપી હતી કે આ તેમનું છેલ્લું આંદોલન હશે અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પર મરાઠા સમુદાય પ્રત્યે દ્વેષ રાખવાનો અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પર મૂંગે મોઢે તેમનું સમર્થન કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે જાતિ

(જુઓ પાનું ૪) ▶▶

# આજે મુંબઈ લોકલમાં મેગા બ્લોક

### લોકલ સાથે મેલ-એક્સપ્રેસ ટ્રેનોને પણ અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાઓની લાઈફલાઇન ગણાતી લોકલ ટ્રેનોમાં મુસાફરી કરનારા પ્રવાસીઓ માટે મહત્ત્વના સમાચાર છે. રવિવારે, ૩૦ ઑગસ્ટે મધ્ય રેલવે અને ટ્રાન્સ-હાર્બર માર્ગ પર મેગાબ્લોક લેવામાં આવશે. રેલવેના ટેક્નિકલ અને જાળવણીની કામગીરી માટે આ મેગાબ્લોક હોવાથી લોકલ ટ્રેનની સેવાઓ ઉપરાંત કેટલીક મેલ-એક્સપ્રેસ ટ્રેનોના સંચાલન પર પણ અસર પડશે. તેથી રવિવારે રેલવે મુસાફરી કરનારા મુસાફરોએ સમયપત્રક તપાસીને પ્રવાસનું આયોજન કરવું પડશે.

મધ્ય રેલવેના વિદ્યાવિહાર-ઠાણે વચ્ચેની પાંચમી અને છઠ્ઠી લાઇન પર સવારે ૮ વાગ્યાથી બપોરે ૧.૩૦ વાગ્યા સુધી મેગાબ્લોક રહેશે. બ્લોક દરમિયાન ઠાણેથી ઉપડતી મેલ-એક્સપ્રેસ ટ્રેનોને અપ ફાસ્ટ લાઇન પર વાળવામાં આવશે. એલટીટી તરફ જતી ટ્રેનોને વિદ્યાવિહાર ખાતે છઠ્ઠી લાઇન પર ફરી વાળવામાં આવશે, જ્યારે ડાઉન માર્ગે જતી મેલ-

(જુઓ પાનું ૪) ▶▶

# નવી મુંબઈમાં હજારો એસઆઈઆર ફૉર્મ્સની ફોટોકૉપી મળતાં પાંચ બીએલઓ સસ્પેન્ડ

થાણેઃ નવી મુંબઈની દુકાનમાંથી મતદારોની વિગતોવાળાં ૩,૦૦૦થી વધુ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) ફૉર્મ્સની ફોટોકૉપી કરાવતી વખતે ભાજપનો પદાધિકારી પકડાયા બાદ પાંચ બૂથ-લેવલ ઑફિસર (બીએલઓ)ને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

ખારઘરની એક દુકાનમાં શિવસેના (યુબીટી)ના સ્થાનિક નેતાએ ભારતીય જનતા યુવા મોરચાના પદાધિકારી સૂરજ પાટીલને પનવેલ વિધાનસભા મતવિસ્તારના ૩,૪૦૪ એસઆઈઆર ફૉર્મ્સ સાથે પકડી પાડ્યા પછી આ મામલો સામે આવ્યો હતો.

આ અંગે પ્રશાસનને જાણ કરવામાં આવતાં મહેસૂલ અધિકારીઓએ જપ્ત દસ્તાવેજોની તપાસ કરી હતી. બાદમાં નાયબ તહેસીલદાર દ્વારા કરાયેલી ફરિયાદને આધારે પોલીસે પાટીલ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

જિલ્લા સ્તરના અધિકારીના જણાવ્યા અનુસાર જપ્ત દસ્તાવેજોમાં ૧૮૮ પનવેલ વિધાનસભા મતવિસ્તારનાં અધિકૃત એસઆઈઆર ફૉર્મ્સનો સમાવેશ થાય છે, જેમાં મતદારોના ફોટા, અંગત વિગતો અને બીએલઓની સહી હતી.

અમારા અધિકારીઓએ દસ્તાવેજોની ચકાસણી કરી છે અને એવું જણાયું છે કે દેખીતી રીતે જ તે ઑરિજિનલ છે અને તેને સાચવવાની જવાબદારી બીએલઓની છે. તેથી અમે તે

(જુઓ પાનું ૪) ▶▶

# એસઆઈઆરમાં પશ્ચિમ પરાંના ૧૫ લાખથી વધુ મતદારો મતદાર યાદીમાંથી બાકાત થવાની શક્યતા

### મલાડમાં સૌથી વધુ ૩૮ ટકા અને બોરીવલીમાં સૌથી ઓછા ૨૫ ટકા મતદારોની ચકાસણી થઈ ન હોવાનું આવ્યું સામે

મુંબઈઃ મુંબઈ ઉપનગર જિલ્લાના પશ્ચિમ ઉપનગરના ૧૫ વિધાનસભા મતવિસ્તારોમાં એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન ૧૫ લાખથી વધુ મતદારોની ચકાસણી પૂર્ણ થઈ નથી. કુલ ૪૫ લાખ ૭૨ હજાર ૩૭૮ મતદારોમાંથી ૩૦ લાખ ૩૭ હજાર ૫૦૭ મતદારોની ચકાસણી પૂર્ણ થઈ છે, જ્યારે ૧૫ લાખ ૬૮ હજાર જેટલા મતદારો હજુ ચકાસણી બહાર છે. આ મતદારોમાં ગુમ થયેલા, મૃત્યુ પામેલા અને સ્થળાંતરિત મતદારોનો સમાવેશ થાય છે. આ મતદારો ‘અન-કલેક્શન’ યાદીમાં જતા રહ્યા હોવાથી તેમની મતદાર યાદીમાંથી બહાર થવાની શક્યતા વધુ છે.

મલાડ પશ્ચિમમાં ચકાસણી બહાર રહેલા મતદારોનું પ્રમાણ સૌથી વધુ ૩૮.૬૦ ટકા છે. ત્યારબાદ વર્સોવામાં ૩૮.૫૧ ટકા, બાંદ્રા પશ્ચિમમાં ૩૭.૯૯ ટકા, ગોરેગાંવમાં ૩૬.૪૭ ટકા, અંધેરી પશ્ચિમમાં ૩૬.૪૬

(જુઓ પાનું ૪) ▶▶

# બિહારના લોકો અને કાશ્મીરી પંડિતો પર ટિપ્પણી કરવા બદલ સમય રૈના ફરી વિવાદમાં

મુંબઈઃ કમેડિયન સમય રૈનાએ શુક્રવારે ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટનો બીજો એપિસોડ રિલીઝ કર્યા બાદ તેનો કેટલોક હિસ્સો પાછળથી સોશ્યલ મીડિયા પર ફરતા થયા હતા. રૈના અને સ્ટેન્ડઅપ કમેડિયન શેરોન વર્મા સાથેની વાતચીત દરમિયાન બિહારના લોકો અને કાશ્મીરી પંડિતો વિશે કરવામાં આવેલી કથિત ટિપ્પણીને પગલે આ એપિસોડ ચર્ચામાં છે. ભાજપના વિધાનસભ્ય રામ કદમે કથિત ટિપ્પણીઓની ટીકા કરી અને કહ્યું કે તે પ્રચાર માટે કરવામાં આવી હતી.

વિધાનસભ્યએ એમ પણ જણાવ્યું હતું કે ‘સમાજમાં કેટલાક લોકો કેવળ પ્રસિદ્ધિ મેળવવા માટે જાણી જોઈને વિવાદાસ્પદ નિવેદનો કરે છે. તેમનો એકમાત્ર ઉદ્દેશ્ય ખ્યાતિ મેળવવાનો છે. સનાતન હિન્દુ ધર્મના દેવતાઓ અને

(જુઓ પાનું ૪) ▶▶

# નાલાસોપારામાં જુલૂસના માર્ગમાં બોગસ નંબર પ્લૅટવાળી કારે પોલીસનું ટેન્શન વધાર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાલાસોપારામાં ઈદ-એ-મિલાદમાં નીકળતા જુલૂસના માર્ગ પર પેટ્રોલિંગ દરમિયાન મળી આવેલી બોગસ નંબર પ્લૅટવાળી કારે પોલીસનું ટેન્શન વધારી દીધું હતું. અધિકારીના જણાવ્યા મુજબ બુધવારે ઈદનું જુલૂસ નીકળવાનું હતું. તે પહેલાં વિરાર ટ્રાફિક વિભાગના અધિકારીઓ જુલૂસના માર્ગ પર પેટ્રોલિંગ માટે નીકળ્યા હતા. વસઈ ફાટા, સોપારા ફાટા, ધાનીવ બાગ અને વાકણપાડા પરિસરમાં આડેધડ પાર્ક કરાયેલાં વાહનો પર કાર્યવાહી કરી માર્ગ મોકળો કરવાની કામગીરી ટ્રાફિક પોલીસ દ્વારા હાથ ધરાઈ હતી.

નાલાસોપારા પૂર્વમાં વાકણપાડા ખાતે પેટ્રોલિંગ ટીમ બપોરે ૧૨ વાગ્યે પહોંચી ત્યારે અધિકારીઓની નજર ત્યાં પાર્ક કરાયેલી ઑરેન્જ

(જુઓ પાનું ૪) ▶▶

# ફડણવીસના કાર્યક્રમમાં દેખાઈ ખાલી ખુરશીઓ, સંજય રાઉતનો કટાક્ષ

નાશિકઃ મહારાષ્ટ્રના નાશિકમાં આગામી કુંભમેળાને લઈને રાજ્ય સરકાર દ્વારા મોટા પાયે તૈયારીઓ કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે વિવિધ વિકાસકામો હાથ ધરવામાં આવ્યા છે. આ જ વિકાસકામોની સમીક્ષા માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આજે નાશિકની મુલાકાત લીધી હતી. આ દરમિયાન કુંભમેળા અંગે એક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ કાર્યક્રમનો વીડિયો શેર કરીને શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે મુખ્ય પ્રધાન ફડણવીસ પર આકરો કટાક્ષ કર્યો છે. સંજય રાઉતે સોશ્યલ મીડિયા પર ફડણવીસના કાર્યક્રમનો એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં કાર્યક્રમ દરમિયાન કેટલીક ખુરશીઓ ખાલી જોવા મળી રહી છે. આ વીડિયોને લઈને રાઉતે

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.